॥ श्री जिनेन्द्राय नमः

# શ્રી ઉપદેશ સાગર.

શ્રી મહાવીર વિદ્યાલય તરફથી

સંગ્રહ કરી–છપાવી પ્રસિદ્ધ કરનાર,

પા૦ બહેચરલાલ ભાઇલાલ

અને

ભગવાનદાસ લલ્લુભાઇ પટેલ.

ઠે. પરામાં–નવી ખડકી,

ખંભાત.

શ્રી ભાગ્યોદય પ્રિન્ટિંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું. ખાડીઆ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.

સંવત ૧૯૭૭.

કીંમત રૂ. ૨–૮–૦.

## મુળ—ગાથા.

જે ન કરંતી મણુસા—નીજીઆ અહારસન્નાં—સોઈંદી,
પુઢવીકાયરંભે ખંતી જુઆ તે મુણી વંદે ॥ ૧ ॥

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જેનકરંતી ૬૦૦૦ | જેના કરાવંતી ૬૦૦૦ | જેનાણું જાણુંતી ૬૦૦૦ | | | | | | | |
| મણુસા ૨૦૦૦ | વાયસા ૨૦૦ | કાયસા ૨૦૦ | | | | | | | |
| નીજ્યાહારસં ૫૦૦ | નીજીઆભયસં ૫૦૦ | નીજીઆમીહુણુંસં ૫૦૦ | નીજીઆ પરીગ્રહસં ૫૦૦ | | | | | | |
| સોઈંદી ૧૦૦ | ચખુઈંદી ૧૦૦ | ઘ્રાણુઈંદી ૧૦૦ | રસઇંદી ૧૦૦ | ફારસઈંદી ૧૦૦ | | | | | |
| પુઢવીકાય રંભે ૧૦ | આઊકાય-રંભે ૧૦ | તેઊ કાયરં-ભે ૧૦ | વાઊકાયરંભે ૧૦ | વણુસઈ કા-યરંભે ૧૦ | બેઈંદી કાય-રંભે ૧૦ | તે ઈંદી કાય-રંભે ૧૦ | ચૌરદી કાય-રંભે ૧૦ | પચંદી કાય રંભે ૧૦ | અજીવકા-યરંભે ૧૦ |
| ખંતી જુ-આ તે મુની વંદે—૧ | મુતી જુઆ-તે મુની વંદે ૨ | અજવે જુ આ તે મુની વંદે ૩ | મદવેજુઆ-તે મુનીવંદે ૪ | લાઘવે જુ-આ તે મુની વંદે ૫ | સચ્ચે જુ-આ તે મુની વંદે ૬ | સંજમે જુ-આ તે મુની વંદે ૭ | તવે જુઆ-તે મુની વંદે ૮ | ચેઇએ જુ-આ તે મુની વંદે ૯ | બંભેજુઆ તે મુની વંદે ૧૦ |

**સમજ**—ઊપરની એક ગાથા ગુરૂગમથી મોઢે કરવાથી ૧૮૦૦૦ ગાથા મોઢે થાય છે.

# પ્રસ્તાવના.

આત્માનું કલ્યાણ કરવામાં મનને વશ્ય રાખવાની પ્રથમ જરૂર છે, પરંતુ અનાદિ કાળથી ભટકતું મન ઠેકાણે લાવવા માટે અનેક ચીજની જરૂર પડે છે. જેમ રડતા બાળક પાસે જ્યારે ઘણી વસ્તુઓ મુકીએ છીએ ત્યારે એકાદ મનપસંદ વસ્તુ ઉપાડી લઇ રડતું બંધ થાય છે, તેમ આપણું અશાન્તિથી ભરેલું અને ભટકતું મન ઠેકાણે લાવવા માટે અનેક પુસ્તકો મોજુદ છે, પરંતુ તે દરેક પુસ્તકો પુરેપુરા આપણે વાંચી શકતા નથી, જેથી તેવાં પુસ્તકોમાંથી સારા સારા વિષયોનો સંગ્રહ કરી આ 'શ્રી ઉપદેશ સાગર' નામનું પુસ્તક તૈયાર કર્યું છે; જે આશા છે કે, દરેકને આનંદ સાથે અશાન્તિને દૂર કરનાર અને ભ્રમણાને ભાગી મિથ્યાત્વને ટાળનાર થઈ પડશે.

આ પુસ્તકનું થયેલ ખર્ચ બાદ કરતાં બાકીની વધારાની રકમ તેમજ પુસ્તકો પરોપકારી (ધાર્મિક) કાર્યમાં વાપરવાના છે. 'જેથી એક પંથ અને દો કાજ' મુજબ થશે. આશા છે કે, દરેક બન્ધુ તેનો સ્વિકાર કરી પોતાની ફરજ બજાવશે.

આ પુસ્તકનું રફ લખાણ ફરી લખી આપી, તુરત છપાવી આપવામાં તેમજ તેનાં પ્રુફ સુધારવામાં મી. વાડીલાલ કાકુભાઈ સંઘવીએ અમને ઘણી કીંમતી સહાય કરેલ છે.

પર્યુષણ પર્વ,
તા. ૩–૯–૨૧.

લી૦
પ્રગટકર્ત્તા.

## આ પુસ્તક મળવાના ઠેકાણાં.

ખંભાત—પ્રગટકર્તા પાસેથી

અને

શા. છોટાલાલ મોતીચંદ

ઠે. સુતારવાડો.

મુંબઇ—શાહ ત્રીભોવનદાસ ગુલાબચંદ

અને

ગાંધી રતનચંદ પાનાચંદ

ઠે. **જૈન સ્થાનકવાસી વિદ્યાલય.** સી. પી. ટેન્કરોડ, **નં.** ૫૩-૫૭.

**અમદાવાદ**—વાડીલાલ કાકુભાઇ સંઘવી

ઠે. સારંગપુર-તળીઆની પોળ.

અને

શાહ ત્રીભોવનદાસ રૂગનાથદાસ

ઠે. રાયપુર-આકાશેઠના કુવાની પોળ-

વાળા તરફથી હાલ પ્રકરણ સંગ્રહ [ થોકડા ] શાસ્ત્રી મોટા ટાઇપમાં પાનારૂપે છપાઈ તૈયાર થયેલ છે. કીંમત રૂ. ૨-૦-૦ પાકા પુંઠાથી બાંધેલાના રૂ. ૨-૪-૦. એ વીગેરે બીજા પુસ્તકો ઉપરના સીરનામે મળશે.

# વિષયાનુક્રમણીકા.


| નંબર. | વિષય. | પૃષ્ટાંક. |
|---|---|---|
| ૧. | શ્રી આણુંદ શ્રાવકનું ચરિત્ર ... ... ... | ૧ |
| ૨. | શ્રી હરિકેશી મુનિનું ચરિત્ર ... ... ... | ૨૪ |
| ૩. | શ્રી ઉપદેશ શતક ... ... ... ... | ૬૮ |
| ૪. | શ્રી સંજતિ ચરિત્ર ... ... ... ... | ૧૦૯ |
| ૫. | શ્રી જૈન પાઠમાળા (પુચ્છિસ્સુણં)... ... ... | ૧૩૩ |
| ૬. | શ્રી દશવૈકાલીક સૂત્ર મૂલપાઠ ... ... ... | ૧૩૬ |
| ૭. | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર મૂલપાઠ ... ... ... | ૧૭૨ |
| ૮. | શ્રી ભક્તામર સ્તોત્ર ... ... ... ... | ૧૯૧ |
| ૯. | શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ સ્તોત્ર ... ... ... | ૧૯૫ |
| ૧૦. | શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો ભાવાર્થ ... ... ... | ૧૯૬ |
| ૧૧. | શ્રી સુભિક્ષ યોગ લક્ષણ ... ... ... | ૨૩૫ |
| ૧૨. | શ્રી દુર્ભિક્ષ યોગ લક્ષણ ... ... ... | ૨૩૬ |
| ૧૩. | શ્રી મનુષ્યના શરીરપરથી જન્મપત્રિકામાં પડેલા ગ્રહ જોવાની રીત. ... ... ... | ૨૩૯ |
| ૧૪. | રથ યંત્ર ... ... પ્રથમનું પાનું | ૨ |
| ૧૫. | બારરાશી ... ... ... ,, | ૮ |
| ૧૬. | નવ ગ્રહનાં નામ અને સ્થિતિ... ... ... ,, | ૮ |
| ૧૭. | સત્તાવીસ નક્ષત્રનાં નામ ... ... ... | ૯ |

## શ્રી ધરમશી ટબાના પાકા પુંઠાથી બાંધેલાં સૂત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | કીંમત રૂ. | ૨–૦–૦ |
| ૨ | શ્રી દશવૈકાલીક સૂત્ર | ,, | ૧–૮–૦ |
| ૩ | શ્રી ગુજરાતી કલ્પસૂત્ર | ,, | ૨–૮–૦ |
| ૪ | શ્રી નરચંદ્ર જયોતિષ | ,, | ૧–૮–૦ |
| ૫ | શ્રી સજ્ઝાયમાળા ભાગ ૪ થો | ,, | ૧–૪–૦ |

એ સિવાય દરેક પુસ્તકો નીચેને ઠેકાણેથી મળશે.

લખો:—

શા. છોટાલાલ મોતીચંદ

ઠે. સુતારવાડો—ખંભાત.

# અગાઉથી આશ્રય આપનાર

# ગૃહસ્થોનાં નામ.

મુંબાઈ—૨૫) રા. રા. મગનલાલભાઇ મૂળચંદભાઇ જે. પી., ૧૫) શેઠ રતનશીભાઈ વીરપાળભાઈ. ૧૧) શેઠ નથુભાઈ મુળજીભાઈ. ૪) રા. નગીનદાસ અને માણેકલાલ, પ્રેમચંદભાઇ. ૧) શા. ત્રીભોવનદાસ ગુલાબચંદ. ૧) ગાંધી રતનશી પાનાચંદ. ૧) શા. વચ્છરાજ ગુલાબચંદ, ૧) શા. ધનજીભાઇ ડુંગરથી. ૧) શેઠ વંન્દ્રાવનદાસ ટોકરશી. ૧) શા. હીરાચંદ શામજી. ૧) દેસાઇ મણીલાલ જીવરાજ. ૧) શા. વનમાળીભાઇ માવજીભાઇ. ૧) શા. પોપટલાલભાઇ માવજીભાઈ.

અમદાવાદ—૨૫) શેઠ ચંદુલાલ પીતામ્બરદાસ. ૫) શેઠ રમણુલાલ જેઠાલાલ. ૧) પરીખ ખેમચંદ ઝવેરચંદ. ૧) શા. ચંદુલાલ જોઇતારામ. ૧) સંઘવી હરખચંદ દેવશી. ૨) ભાવસાર પુંજાલાલ જેઠાલાલ.

સુરત—૨) શા. પ્રેમચંદભાઇ વમલચંદ, ૧) શા. સુરચંદ હીરાચંદ. ૧) શા. નાગરદાસ લધુભાઈ. ૧) લુહાર રતીલાલ પ્રાણુજીવનદાસ. ૧) ઝવેરી મગનલાલ અમરચંદ. ૧) ભા૦ શીવલાલ નરસીદાસ. ૧) શા૦ પ્રાણુજીવનદાસ ઉત્તમચંદ.

ભાવનગર—૨) શેઠ ત્રીકમજીભાઈ કાળીદાસ.

ખેડા—૫] ભાવસાર ત્રીભોવનદાસ કીશોરદાસ. ૫) ભા૦ નાથાલાલ નરસીદાસ. ૨) ભા૦ નરોત્તમદાસ સોમચંદ. ૨) ભા૦ જેઠાલાલ બેહેચરદાસ. ૧) ભા૦ ચુનીલાલ કીશોરદાસ. ૧) ભા૦ લલ્લુભાઈ બાપુજી. ૧) ભા૦ સકરાભાઇ પાનાચંદ. ૧) ભા૦

ભોગીલાલ વરજીવનદાસ. ૧) ભા૦ ઇશ્વિરદાસ રણછોડદાસ. ૧) ભા૦ ઇશ્વિરદાસ છગનલાલ. ૧) શ્રી જૈનશાળા ખાતે.

**વસો**—૧) ભા૦ સાંકળચંદ જમનાદાસ. ૧) ભા૦ નરોત્તમ જમનાદાસ. ૧) શ્રી સ્થાનક ખાતે, હા૦ જમનાદાસ ઇશ્વર.

**સાણંદ**—૩) શા૦ રાઘવજી પ્રેમચંદ. ૧) શા૦ આશાલાલ ત્રીભોવન.

**સોજીત્રા**—૧) ભાવસાર ભીખાભાઇ સાંકળચંદ.

## બાર રાશીનાં નામ.

| મેશ | વરખ | મીથુન | કર્ક | સીંહ | કન્યા |
|---|---|---|---|---|---|
| અ. લ. ઇ. | બ. વ. ઉ. | ક. છ. ઘ. | ડ. હ. | મ. ટ. | પ. ઠ. ણ. |
| **તુલા** | **વૃશ્ચિક** | **ધન.** | **મકર** | **કુંભ** | **મીન** |
| ર. ત. | ન. ય. | ભ. ધ. ઢ. ફ. | ખ. જ. | ગ. શ. | દ. ચ. થ. ઝ. |

## નવગ્રહનાં નામ અને તેની સ્થિતિ.

રવી–એક માસ; સોમ [ ચંદ્ર ]–સવા બે દિવસ; મંગળ–દોઢ માસ; બુધ–એક માસ; ગુરૂ–તેર માસ; શુક્ર–એક માસ; શની–ત્રીસ માસ; રાહુ–કેતુ–અઢાર માસ.

### સત્તાવીશ નક્ષત્રનાં નામ.

| | | | |
|---|---|---|---|
| અશ્વિનિ. | પુષ્ય. | સ્વાતિ. | શ્રવણ. |
| ભરણી. | અશ્લેષા. | વીશાખા. | ધનિષ્ઠા. |
| કૃતિકા. | મઘા. | અનુરાધા. | શતતારા. |
| રોહિણી. | પૂ૦ ફાલ્ગુની. | જ્યેષ્ઠા. | પૂર્વાભાદ્રપદ. |
| મૃગશર. | ઉ૦ ફાલ્ગુની. | મૂળ. | ઉ૦ ભાદ્રપદ. |
| આર્દ્રા. | હસ્ત. | પૂર્વાષાઢા. | રેવતી. |
| પુનર્વસુ. | ચિત્રા. | ઉત્તરાષાઢા | |

# अथ श्री उपदेश सागर.

मंगलं भगवान वीरं, मंगलं गौतमः प्रभु ।
मंगलं स्थूलिभद्रश्च, जैन धर्मस्तु मंगलं ॥१॥

## ॥ अथ श्री आणंद श्रावकनुं चरित्र. ॥

તે કાળ તે સમયને વિષે—એટલે ચોથા આરામાં શ્રી મહાવીર ભગવાન્ વિચરતા હતા. તે વખતે શ્રી ચંપા નામે નગરી ઘણીજ વખાણવા અને જોવા લાયક રિદ્ધિ–સિદ્ધિથી ભરપુર હતી. તે નગરીને વધારે શોભા આપનાર પૂર્ણભદ્ર નામે વન હતું. તે વનમાં પૂર્ણભદ્ર નામે યક્ષનું દેવાલય હતું. તે ઘણુંજ પ્રસિદ્ધ અને ઇચ્છિત કાર્ય પૂર્ણ કરે એવું હોવાથી દેશ પરદેશથી ઘણાં માણસો ત્યાં આવતાં હતાં.

એક દિવસ તે પૂર્ણભદ્ર વનમાં શ્રી મહાવીર પ્રભુના પાંચમાં ગણધર શ્રી સુધર્મા સ્વામી પધાર્યા. તેમને જંબુ નામે શિષ્ય હતા. પ્રસંગે શ્રી જંબુ સ્વામીએ શ્રી સુધર્મા સ્વામીને પૂછ્યું કે, હે ગુરુદેવ! શ્રી ઉપાશક દશાંગ નામે સાતમા અંગમાં શ્રી પ્રભુએ પ્રથમ કોનો અધિકાર ફરમાવ્યો છે? તે કૃપા કરીને મને જણાવો તો સારૂં! એટલે શ્રી સુધર્મા સ્વામીએ શ્રી જંબુને કહ્યું કે, હે ચિરંજીવી જંબુ! શ્રી ઉપાશક દશાંગ સૂત્રમાં પ્રથમ આણુંદ શ્રાવકનો અધિકાર કહ્યો છે, તે સાંભળ:—

આ ભરતક્ષેત્રને વિષે વાણીયગામ નામે નગર છે. તે ઘણુંજ જોવા લાયક છે. તે ગામની બહાર ઈશાનખુણા તરફ દ્યુતીપલાસ નામે વન છે. તે નગરમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે. તે નગરમાં હાંમ, દામ અને ઠામથી પૂર્ણ, કોઈથી પરાભવ પામે નહિ તેવો આણંદ નામે ગૃહસ્થ રહે છે. તે આણંદ શ્રાવકને ત્યાં, ચાર કરોડ સોનામહોરો જમીનમાં દાટી મૂકી છે, ચાર કરોડ સોના મહોરો વ્યાપાર અર્થે વ્યાજે ફરે છે, અને ચાર કરોડ સોના મહોરોનો ઘરવાખરો મળી કૂલ બાર કરોડ સોના મહોરોની માલ–મીલકત છે. વળી દશહજાર ગાયે એક ગોકૂળ કહેવાય, એવાં ચાર ગોકૂળ તેમને ત્યાં છે. આટલી ગાયો ક્યાં ચરી–ખાતી હશે, તે બાબત કેટલાકને આશ્ચર્યતા ઉત્પન્ન થાય, પરંતુ ગાયો ચરે તેટલી પોતાને ઘેર જમીન હતી, પછી તત્વગમ્ય.

તે આણંદ ગૃહસ્થ ઘણો ચતુર, ડાહ્યો, વિદ્વાન અને ઠરેલ બુદ્ધિવાળો હોવાથી, દરેકને પુછવાનું ઠેકાણું હતું, અને તેથી દરેક કાર્યમાં સૌ તેની સલાહ લેતું. તેને શીવાનંદા નામે સર્વગુણસંપન્ન, ચોસઠ કળાની જાણ અને સ્વરૂપવંત ભાર્યા હતી. આ પ્રમાણે તે આણંદ ગૃહસ્થ સુખમાં દિવસ નિર્ગમનકરે છે.

તે કાળ, તે સમયને વિષે દ્યુતિપલાસ વનમાં શ્રી મહાવીર પ્રભુ પધાર્યા. આ ખબર વાયુવેગે તુરતજ ગામમાં પ્રસરી ગઈ. ગામના લોકો તેમજ જિતશત્રુ રાજા પણ, કુણિંક રાજાની માફક પ્રભુની વાણી સાંભળવા ગયા. આ ખબર આણંદ ગૃહસ્થના જાણુવામાં આવતાં તેના રૂંવાડે રૂંવાડે આનંદ પ્રાપ્ત થયો. જેમ સપરમા દિવસની સવારથીજ ખબર પડે છે, અને આનંદ થાય છે, તેમ ધર્મિ માણુસને મહાત્મા પુરુષના આગમનની વાત સાંભળી તેટલોજ આનંદ થાય છે, અને તેજ જીવ ધર્મ પામી શકે છે. તે આણુંદજીને પ્રભુની વાણી સાંભળવી એ આ ભવ અને પરભવ સુખનું તેમજ લાભનું કારણ છે, એમ જાણી, તેમના દર્શનાર્થે જવાની ઇચ્છા થઇ, જેથી સ્નાન મંજન કરી,

નાકને વાયરે ઉડે એવાં, મૂલ્ય ઘણું અને વજન થોડું એવાં વસ્ત્ર પહેર્યાં, ઉપર પુરુષને લાયક આભરણ—અલંકાર ધારણ કર્યાં. કપાળે કંકુનો ચાંલ્લો કર્યો, અને કંઠે ફૂલનો હાર, અને મસ્તકે ફૂલની માળાઓથી ગુંથેલ છત્ર ધરાવતો એક હજાર માણસો સાથે, ઘેર ગાડી–ઘોડા છતાં પગે ચાલીને મોટા આડંબર સહિત વાણીયગામની વચ્ચોવચ્ચ થઇને નીકળ્યાં, અને જ્યાં દુતિપલાસ વનમાં પ્રભુ બિરાજે છે, તે તરફ ચાલ્યાં. દૂરથી પ્રભુનાં અતિશય જોયાં, અને ઉત્સાહભાવથી નીચેના તે અષ્ટ પ્રતિહારનાંજ પ્રથમ દર્શન કર્યાં:—

गाथा—अशोक वृक्षं, सुर पुष्प वृष्टि,
दिव्य ध्वनि, चामर मासणंच;
भामंडळ, दुंदुभी रात पत्र,
अष्ट प्रतिहारि, जीनेश्वराणी ॥१॥

અર્થ:-૧. અરિહંત ભગવાન જ્યાં બિરાજે અથવા ઉભા રહે, ત્યાં ભગવાનના શરીરથી બાર ઘણું ઉંચું અશોક (આસોપાલવનું) વૃક્ષ તત્કાળ થઇ આવે. તે ઝાડ ઘણુંજ જોવાલાયક, મૂળ પાસે સ્વચ્છ ચોતરો, વચ્ચોવચ્ચ ઝાડ, ડાળ કે શાખા જરાપણ આઘી-પાછી નહિ, ગુલાબના ગોટા જેવું ખીલેલું, ફળફૂલ સહિત, મધુર પવનથી નીચે નમતી નાની લત્તાઓ જાણે આવનાર માણસને સમજાવતી ન હોય કે, તમે પ્રભુને શરણે પધારો; એવું અશોક વૃક્ષ પ્રથમ આણુંદજીએ જોયું.

૨. માણસો બેસે તે વચ્ચે રહેલી ખાલી જગ્યામાં પાંચ રંગના ફૂલના ઢગલા જોયાં. તે ફૂલ કેવાં હોય, કોણે, શા માટે કર્યાં ? તો કે, ફૂલ દેવતાની શક્તિથી વિક્રય બનાવેલાં, જળમાં ઉત્પન્ન થયેલાં કમળ પ્રમુખ તથા સ્થળમાં ઉત્પન્ન. થયેલાં ગુલાબ, કેતકી, કેવડાદિક જેવાં; અચેત (જીવ રહિત), સુગંધે કરી સહિત. એમ કરવાનું કારણ એજ કે, ગામ નાનું હોય ત્યાં સ્વાભાવિક

રીતે વસ્તી પણ થોડી હોય, અને તીર્થંકર ભગવાનનો સમોસરણ ચાર ગાઉમાં થાય. ત્યાં સુધી માણસો પહોંચી શકે નહિ, અને ફાલતુ જગ્યા ખાલી પડી રહે તે દેવોને ગમે નહિ જેથી ખાલી જગ્યામાં ઢીંચણ પ્રમાણે પાંચ રંગના ફૂલના ઢગલા કરે, અને તેથી દૂરથી, આવનાર માણુસ દેખાવ જોઇ પ્રસન્ન થાય.

૩. પ્રભુની વાણી, તે કેવી હોય તો કે, દિવ્ય એટલે અલૌકીક, સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકમાં પ્રભુ જેવું કોઈ બોલનાર નથી, તેવી ધ્વની એટલે અવાજ. તે અવાજ માલકોષ રાગ સહિત હોય, (માલકોષ રાગનો ગુણ એવો છે કે, કોઇ પુરુષ ખરેખરા માલકોષ રાગનો જાણ હોય, અને તે રાગ ગાતી વખતે પોતાની સામે સવામણ પત્થરની શલ્યા મુકી હોય તેમાંથી પાણીના ઝરણા ઝરે, અને તે રાગ પૂર્ણ થતા શલ્યા પાણી રૂપ થઇ જમીનમાં મળી જાય. તેમ પ્રભુ સન્મુખ કોઇ પત્થર જેવી કઠણ છાતી કરી બેઠો હોય તો તેનું હ્રદય પણ પ્રભુની વાણીથી નરમ પાણી જેવું થઇ જાય.) તે પણ અર્ધ માગધી ભાષામાં પ્રભુ પ્રકાશે કે જેથી આર્ય, અનાર્ય, દેવ, મનુષ્ય અને તિર્યંચ વગેરે સર્વે સાથે એકજ શબ્દમાં સમજી શકે.

દાખલા તરીકે, કોઇ વિદ્વાન માણુસ કામ પ્રસંગે બહાર ચાલ્યો જતો હતો. રસ્તામાં કેટલાક માણુસો એકઠાં મળી વાર્તાલાપ કરતાં હતાં તેમાંથી થોડા માણુસોએ રસ્તે જતા વિદ્વાન માણુસને બોલાવી કહ્યું કે, ભાઇ, કૃપા કરી જરા અમારા મનનું સમાધાન કરતા જાવ. તે વિદ્વાન માણુસે કહ્યું કે, આપ સર્વને જે પુછવું હોય તે પુછો. દરેકના પ્રશ્નનો હું એકજ શબ્દમાં જવાબ આપી દઇશ.

૧ પ્રશ્ન—જીવતરનું લક્ષણ શું ?; ૨ પ્રશ્ન—કામદેવની સ્ત્રીનું નામ શું ?; ૩. ફૂલની ઘણી જાત છે, તેમાં ઉત્તમ જાત કઇ ?; ૪ કુંવારી કન્યા પરણ્યા પછી ક્યાં જાય ?

આ ચારે પ્રશ્નનો તે પંડીતે એક સાથે જવાબ આપ્યો કે, 'શ્વાસ રે જાય.'

ઉપરના—‘ જીવતરનું લક્ષણ શું ? ’ એ પ્રથમ પ્રશ્નનો જવાબ સાસ એટલે શ્વાસ; બીજો પ્રશ્ન–કામદેવની સ્ત્રીનું નામ શું ? તેનો જવાબ રે એટલે રતિ રાણી; ત્રીજો પ્રશ્ન ઉત્તમ ફૂલ કયું ? તેનો જવાબ જાય એટલે જાઇનું ફૂલ, ચોથો પ્રશ્ન–કુંવારી કન્યા કયાં જાય ? તેનો જવાબ સાસરે એટલે કુંવારી કન્યા પરણ્યા પછી સાસરે જાય.

આ પ્રમાણે દરેકના ખુલાસા એકજ શબ્દમાં થવાથી સૌના મનનું સમાધાન થઇ ગયું. વળી બીજાઓએ પૂછયું કે,

૧ પ્રશ્ન—ખેડુત શાથી શોભે ?; ૨ પ્રશ્ન—ઘોડો શાથી શોભે ?; ૩ ખાટલો શાથી શોભે ?; ૪ પ્રશ્ન—નીશાળીઓ શાથી શોભે ? ૫ સરદાર શાથી શોભે ?

ઉપરના પાંચે પ્રશ્નનો તે પંડીતે એકજ દોહરામાં જવાબ આપ્યો કે,

ખેડુ ઘોડો ખાટલો, નિશાળીઓ સરદાર;
સારા શોભે હોય જો, પંડે પાટીદાર.

આમાં ખેડુત શાથી શોભે ? એ પ્રથમ પ્રશ્નનો જવાબ ખેડુતને જમીનની પાટી એટલે પસાયતુ હોય તો તે શોભે; બીજો પ્રશ્ન—ઘોડો શાથી શોભે ? તેનો જવાબ ઘોડો પાટીથી દોડતો હોય તો શોભે; ત્રીજો પ્રશ્ન—ખાટલો શાથી શોભે ? તેનો જવાબ ખાટલો પાટીથી ભરેલો હોય તો શોભે; ચોથો પ્રશ્ન—નીશાળીઓ શાથી શોભે ? તેનો જવાબ નીશાળીઆના હાથમાં લખવાની પાટી હોય તો શોભે; પાંચમો પ્રશ્ન–સરદાર શાથી શોભે ? તેનો જવાબ સરદારની સાથે માણસોની પાટી હોય તો શોભે.

આમ એક પાટી શબ્દમાં પાંચે જણા જૂદી જૂદી રીતે સમજી ગયા.

વળી એક ભીલ રાજા પોતાની રાણીઓ સહિત બહાર ફરવા જતો હતો. જંગલમાં ઘણે દૂર નીકળી ગયાં. મધ્યાન્હનો વખત, તાપ સખત જેથી તેઓ ભૂખ અને તૃષાથી આકુળ–

વ્યાકુળ થઇ ગયાં પાસે એક વડનું ઝાડ જોઈ, ત્યાં વિશ્રાંતી લેવા બેઠાં. ત્યાં એક રાણીના ગળામાંથી હાર તૂટી જવાથી મોતી નીચે પડી ગયાં. આથી તે રાણી રડવા લાગી, બીજી રાણી તૃષાથી, ત્રીજી રાણી ભૂખથી અને ચોથી રાણી સ્વાભાવિક મનની અશાન્તિને લઇ રડવા લાગી, આથી પહેલી રાણીએ રાજાને કહ્યું કે, મને હાર પરોવી આપો, બીજીએ કહ્યું કે, પાણી લાવી આપો, ત્રીજીએ કહ્યું કે, મને ભૂખ લાગી છે માટે મૃગનું માંસ લાવી આપો, અને ચોથીએ મનની અશાન્તિ ટાળવા મધુરૂં ગાયન ગાવા કહ્યું. આ બધાનો રાજાએ એકજ શબ્દમાં જવાબ આપ્યો કે, મારી પાસે શર નથી.

આથી પ્રથમ રાણી સમજી ગઇ કે, મેં હાર પરોવી આપવાનું, કહ્યું પરંતુ રાજા પાસે શર એટલે દોરો નથી.

બીજી રાણી સમજી ગઇ કે, મેં પાણી માગ્યું, પરંતુ રાજા પાસે શર એટલે સરોવર નથી, તો પાણી કયાંથી લાવી આપે.

ત્રીજી રાણી સમજી ગઇ કે, મેં મૃગ મારવાનું કહ્યું પરંતુ રાજા પાસે શર એટલે બાણ નથી, તો મૃગને કેવી રીતે મારી શકે.

ચોથી રાણી સમજી ગઇ કે, મેં ગાવાનું કહ્યું, પરંતુ રાજાને શર એટલે સ્વર નથી જેથી કેવી રીતે ગાઇ શકે.

આવી રીતે પ્રભુની વાણી એક જોજન સુધીમાં આર્ય, અનાર્ય, તિર્યંચ, મનુષ્ય અને દેવ સર્વ પોતપોતાની ભાષામાં એક સાથે સમજી જાય.

૪. ચોવીસ જોડ ચામર પ્રભુને આકાશગત્ આપોઆપ વિંઝાય. તે ચામર નીચેથી ઉપર જાય જેથી મનુષ્યને સમજાવે છે કે, હે ભવ્યજીવો ! પ્રભુની વાણીમાં વિશ્વાસ રાખશો તો નરકના અધિકારી મટી, ઉર્ધ્વ એટલે ઉંચી મોક્ષની અને દેવલોકની ગતિના અધિકારી થશો.

૫. સ્ફટક રત્નમય સિંહાસનનો દેખાવ થઇ આવે તે ઉપર પ્રભુ સિંહ આસને બિરાજે.

૬. પ્રભુને માથાના અંબોડાને ઠેકાણે ભામંડળ હોય એટલે સૂર્યના જેવું તેજસ્વી ચિન્હ હોય. આથી પ્રભુની ચોતરફ બેઠેલા માણસો પ્રભુના મુખારવિંદનું દર્શન કરી શકે.

૭. પ્રભુની દેશના વખતે આકાશમાં દેવતાઈ વાજિંત્રની ધ્વની થાય.

૮. પ્રભુના મસ્તક ઉપર, એક ઉપર બીજું એમ ત્રણ છત્ર થઈ આવે, અને તે આકાશગત એટલે અદ્ધર રહે, રહે સર્વને જણાવે છે કે, પ્રભુ ત્રણ લોકનું અધિપતિપણું ભોગવે છે.

આ પ્રમાણે પ્રભુના અષ્ટ પ્રતિહાર જોઇ આણુંદજીને ઘણોજ આનંદ પ્રાપ્ત થયો, અને નજીક આવતાં સચેત પુષ્પાદિકનો ત્યાગ કરી, પ્રભુ પાસે જઈ, ત્રણવાર પ્રદક્ષિણા કરી, વચનથી સ્તુતિ કરી, બેહાથ જોડી નીચે બેઠા. પ્રભુએ પ્રેમભાવ સહિત ધર્મકથાની શરૂઆત કરી તેમાં પ્રથમ કથા સાંભળનારના નીચે પ્રમાણે ચૌદ ગુણ જણાવ્યાઃ—

[ છપ્પય છંદ. ]

પ્રથમ શ્રોતા ગુણ એહ, નેહ ધરી નયણે નીરખે,
હસીત વદન હુંકાર, સાર પંડિત ગુણ પરખે;
શ્રવણ દિયે ગુણ વયણ, સયણતા રાખે સરખે,
ભાવભેદ રસ પ્રિછ, રીજ મનમાંહિ રાખે;
વેધક મનમાંહિ વિચાર, સાર ચતુરાઇ ગુણ આગલા,
કહે કૃપા એવી સભા, તબ કવિયણ ભાખે કળા.

ભાવાર્થઃ—પ્રથમ સાંભળનારનો ગુણ એ કે, બોલનારની નજર સામેજ પોતાની નજર રાખે; સાંભળનારનું મુખારવિંદ આનંદમય હોય; શબ્દ પૂર્ણ થતાં શબ્દ ઝીલે એટલે 'સત્ય વચન' ઇત્યાદિક શબ્દ બોલે; પંડિતના ગુણની પરીક્ષા કરે; પોતાના કાન બોલનારના વચનને તાબે કરે; દરેક બાબતની સર્વે સાથે સરખાઈ રાખે; કયો વિષય ચાલે છે, તેના ભેદાનભેદ સમજી, તેથી ઉત્પન્ન થયેલો રસ મનમાં રાખે; વચનના વેધક એટલે

શબ્દનાં પુદ્‌ગલ રૂંવાડે રૂંવાડે લાગી જાય; મન સાથે વિચાર કરે કે, આમાં મારે શું છાંડવું અને શું આદરવું ! એવી સમજણે કરી સહિત હોય ત્યાં કૃપા નામે કવિ કહે છે કે, બોલનારને બહુજ આનંદ થાય. આવા ગુણ આણંદજીમાં હોવાથી પ્રભુએ ધર્મકથા શરૂ કરીઃ—

ગાથા—( ગીતિમાં પણ ગવાય છે. )

लभन्ति विमला भोया· लभन्ती सुर संपया;
लभन्ति पुत्त मीतं च, एगो धम्मो न लभये,

હે ભવ્ય જીવો ! આ અસાર સંસાર અનન્તો સમય ચાલ્યો ગયો, પરંતુ હજુ જીવને જન્મ મરણનો ફેરો મટે એવું કાર્ય ન બન્યું. આ જીવે એકવાર નહિ પરંતુ અનન્તિવાર લક્ષ્મી અને સાંસારિક સુખ ભોગવ્યા, દેવલોકની સાહ્યબી–ઇંદ્રાદિકની પદ્‌વીઓ પણ અનન્તિવાર ભોગવી, કુટુંબ પરિવારની લીલા પણ અનન્તિવાર જોઇ, તેમ સર્વ ચીજો અનન્તિવાર મળી, પરંતુ ધર્મ–દુર્ગતિ પડતા ધરી રાખે અને મોક્ષમાં પહોંચાડે એવો દયામય, સમદ્દષ્ટિ સહિત–ધર્મ જીવને મળ્યો નથી, અને કોઈ વખત જીવે પ્રેમપૂર્વક ધર્મકથા શ્રવણ કરી નથી.

પ્રેમપૂર્વક કથા સાંભળવાપર દ્રષ્ટાંતઃ—

વસંતપુર નામે નગરમાં ધનવંત નામે વણિક વસતો હતો. તેને સુશિલા નામે પતિવ્રતા સ્ત્રી હતી. તેનામાં નામ પ્રમાણેજ ગુણ હતાં. પ્રસંગે શેઠને પરદેશ જવાનું બન્યું, જેથી સુશિલાને કહ્યું કે, હું પરદેશ જાઉં છું. ત્યાં મારે લગભગ છ માસ જેટલો સમય વ્યતિત કરવો પડશે. તમે સુખે રહી તમારો ધર્મ સાચવજો. સ્ત્રીએ દીલગીરી સાથે કહ્યું કે, સ્વામિનાથ ! આપનો વિયોગ હું સહન કરી શકીશ નહિં, પરંતુ ન છુટકે તેમ કરવું પડશે; આપ પાછા આવવાનો ચોકસ સમય જણાવતા જાવ. શેઠે કહ્યું કે, હું જરૂર છ માસ પૂર્ણ થયે અત્રે આવીશ.

એમ કહી શેઠ વિદાય થયા. પાછળ ઘરમાં સુશિલા એકલીજ હતી. નવરાશના વખતમાં ધર્મ પુસ્તક વાંચી દિવસ વ્યતિત કરતી. તે હંમેશા એક વખત જમતી, જમીનપર પથારી કરતી, અને સર્વ અલંકાર રહિત સાદા વસ્ત્ર પહેરતી. એ પ્રમાણે દિવસો પસાર કરતાં છ માસમાં એક દિવસ બાકી રહ્યો એટલે પોતાના હૃદયમાં આનંદ પ્રાપ્ત થયો કે આવતી કાલે જરૂર મારા પતિ પધારશે. ઘરની અંદર પ્રથમની માફક સ્વચ્છતા કરી અને પુરુષને બેસવાનું આસન વગેરે તૈયાર કરી બીજે દિવસે ન્હાઇ ધોઇ શણગાર સજી, રસોઈ તૈયાર કરી પતિની રાહ જોતી બારીએ બેઠી. તે આખો દિવસ ચાલ્યો ગયો, પરંતુ પતિ આવ્યા નહિ જેથી વિચાર કર્યો કે ટ્રેન ચૂકી ગયા હશે. આવતી કાલે જરૂર આવશે. બીજે દિવસે પણ તે પ્રમાણે તૈયારી કરી રાખી. તે દિવસે પણ આવ્યા નહિ. આમ હંમેશાં રાહ જોતા બીજા છ મહિના પસાર થઇ ગયા, અને બિલકૂલ કાગળપત્ર કે સમાચાર નહિ હોવાથી સુશિલા બહુજ ચિંતાતુર રહેવા લાગી. છેવટ બે વર્ષ, પાંચ વર્ષ અને બાર વર્ષ થઈ ગયાં, પરંતુ કાંઈપણ સમાચાર નહિ આવવાથી સુશિલા કલ્પાંત કરવા લાગી, અને વિચારવા લાગી કે, અરે! મારા પતિ કેમ ન આવ્યા? શું થયું હશે? છ માસને બદલે બાર વર્ષ પુરા થયાં, પણ આવ્યા નહિ તો હું ક્યાં જાઉં, અને કોને પુછું. આમ વિચારમાં ને વિચારમાં બીજા પણ બાર વર્ષ પૂર્ણ થયાં. જરૂર મારા પતિ સંકટમાં આવી પડયા હશે, અથવા નાદુરસ્ત તબિયતને લીધે પત્ર લખી શકયા નહિ હોય. જેમ પાંખ વિનાનું પક્ષી, સૈન્ય વિનાનો રાજા, ધન વિનાનો વાણીયો, પુત્ર વિનાનું કુટુંબ, ને આંખો વિનાનું શરીર શોભે નહિ, તેમ ધણિ વિનાની ધણિઆણી શોભાને પ્રાપ્ત નથી, માટે હવે હું અનસન વ્રત (સંથારો) કરી આત્માનું કલ્યાણ કરૂં. વળી વિચાર થયો કે, હું સંથારો કરૂં અને કદાચ મારા પતિ ઘેર આવે તો તેમને મારા વિયોગનું દુઃખ સહન કરવું પડે. એવામાં એક કાસદ કાગળ લઇને આવ્યો. કાસદનો

શબ્દ સાંભળતાંજ તેણી એકદમ હર્ષના આવેશમાં આવી ગઇ, કાગળને વધાવી લઈ માથે ચડાવ્યો અને કાસદને ખુશી કરી વિદાય કર્યો. પછી કાગળ વાંચવા લાગી, પણ ઉતાવળથી લખેલો હોવાથી બરાબર અક્ષર વાંચી શકાય તેમ નહોતા, જેથી કાગળ લઇ રસ્તાપર કોઈ આવતા જતા પાસે કાગળ વંચાવવા ઉભી રહી. રસ્તે જતા એક સારા માણુસને જોઇ કહ્યું કે, ભાઇ! કૃપા કરી આ કાગળ વાંચી આપો તો સારૂં. તે માણુસે કાગળ હાથમાં લીધો. એવામાં બીજા પાંચ–સાત માણુસો એકઠા થઈ ગયાં, અને શું છે, શું છે? કરી ગરબડ કરવા લાગ્યાં. તે બાઇ કાગળ સાંભળતાં ખલેલ પહોંચવાથી કહેવા લાગી કે, ભાઇઓ! જરા ધીમેથી બોલો અને આ કાગળ જરા સાંભળવા દ્યો તો સારૂં, તેમ કાગળ વાંચનારને પણ આજીજી કરે છે કે, ભાઇ! જરા ફરી બરાબર વાંચી સંભળાવો તો સારૂં. આમ આ બાઇને તે કાગળ અને વાંચનાર તરફ જેટલું લક્ષ છે, તેટલું બીજા પાસે ઉભા રહેનારને ન જ હોય એ સ્વાભાવિક છે. (આ દાખલો સિદ્ધાંતપર ઉતારી શકાય છે.) સુશિલા પતિવ્રતા બાઇ તે ભવ્ય જીવ સમાન અને પતિ તે પ્રભુ સમાન. કાગળ સમાન સિદ્ધાંત–શાસ્ત્ર, અને વાંચનાર સમાન સાધુ. તે બાઇને પોતાના પતિની ખબર જાણવી હતી જેથી સાધુરૂપ એક પરોપકારી, ઠરેલ માણુસ પાસે કાગળ વંચાવતી હતી, પરંતુ વચ્ચે બીજા નકામા માણુસો કોલાહલ કરી સાંભળવા દેતા નહોતા, તે પજુસણીયા શ્રાવક જેવા. તે બાઇ જેમ વચ્ચે બીજાને ગરબડ કરવા ના પાડતી તેમ ભવ્ય જીવ પ્રભુની વાણી સાંભળતા વચ્ચે બીજાઓને ગરબડ કરતા જોઈ હાથ જોડી સર્વને કહે કે, ભાઇઓ! સાંભળો અને સાંભળવા દ્યો, એમ કહી જેમ તે બાઇ ફરી કાગળ વંચાવે તેમ ભવ્ય જીવ સાધુને ફરી ફરી વાંચી સંભળાવવાનું કહે. આ પ્રમાણે પ્રભુએ આણંદાદિક ગૃહસ્થો સમક્ષ કથા શ્રવણ કરવાનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું. વળી પ્રભુ કહે છે કે,

હે ભવ્ય જીવો! હૃદય ભક્તિ અને વિનયવાળું થશે ત્યારેજ

આત્માને દેવ, ગુરૂ અને ધર્મની સમજણ પડશે, અને જ્યાં સુધી સાચા દેવ, ગુરુ અને ધર્મની ઓળખાણ થઇ નથી ત્યાંસુધી જીવને ધર્મ પામવો દુર્લભ છે. એ ત્રણ તત્વનું ખરેખરૂં જાણપણું થશે ત્યારેજ જીવને જન્મ-મરણના ફેરા મટશે; જીવ અનન્ત કાળથી વિષય-કષાએ કરી, અવ્રત અને અપચ્ચખાણે કરી, ચાર ગતિ અને ચોવીસ દંડકને વિષે, સ્ત્રી-પુરૂષપણે, દેવ-દેવીપણે, અનેક રૂપ લેઇ નાટકીઆની પેરે નાચો પણ તેથી જીવની ગરજ સરી નહિ. ઘણી વખત જીવ સમકિતવિનાની ધર્મકરણી કરી નવ ગ્રિવેક સુધી જઇ આવ્યો, પણ તેથી ચોરાશીનો ફેરો ઓછો થયો નહીં. આ મનુષ્યભવમાં આઠ બોલની જોગવાઇ પ્રાપ્ત થઇ છે. ફરી તે જોગવાઇ મળવી દુર્લભ છે. જે પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિ સહિત સાધુ ધર્મ સ્વિકારે તેના ભવોભવના દુઃખ દૂર થઇ જાય. સાધુપણાની શકિત ન હોય તેઓ ગૃહસ્થધર્મ સમકિત સહિત, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શીક્ષાવ્રત, એ બાર વ્રત શુદ્ધ પાળે તો જઘન્ય ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટા પંદર ભવે મોક્ષ જાય. ઇત્યાદિક ધર્મકથા શ્રી મહાવીર ભગવાને સર્વ પ્રષદા સમક્ષ કહી સંભળાવી.

આ ધર્મોપદેશ સાંભળી સર્વેએ પોતપોતાની શકિત પ્રમાણે વ્રત, પચ્ચખાણ અંગિકાર કર્યા, અને જે દિશા તરફથી આવ્યા હતાં તે દિશા તરફ પાછા રવાના થયાં.

ત્યારબાદ આણંદ શ્રાવકે ઉભા થઈ, વંદણા નમસ્કાર કરી, હાથ જોડી પ્રભુ પ્રત્યે કહ્યું કે,

## सद्दहामीणंभंते निगनथाणं पावयणं, पतियामिणं भंते निगनथाणं पावयणं वगेरे

હે ભગવાન ! આપે જે વાણી ફરમાવી તે સત્ય અને સંદેહ રહિત છે. આપની વાણી પ્રત્યે શ્રદ્ધા રાખું છું. આપના નિગ્રંથો-સાધુઓ ઉપર વિશ્વાસ બેઠો. આવો બીજો સારમાં સારો મોક્ષનો

માર્ગ બતાવનાર ધર્મ મને મળવો દુર્લભ છે; માટે હે દયાળુ! કૃપા કરી મને તારો, જો કે હું સર્વથા સંસારનો ત્યાગ કરવાને અશક્ત છું; પરંતુ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શીક્ષાવ્રતરૂપ ગૃહસ્થધર્મ સમકીતપૂર્વક મને અંગિકાર કરાવો. આણંદ ગૃહસ્થના આવા વચન સાંભળી પ્રભુએ કહ્યું કે, હે દેવાનુંપ્રિયા—દેવતાના વલ્લભ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો, ધર્મના કાર્યમાં વિઘ્ન ઘણાં હોય છે, અને વિચાર બદલાતાં વાર લાગતી નથી. કહ્યું છે કે,

[ દોહરો. ]

કાલ કરંતો આજ કર, આજ કરંતો અબ;
અવસર વિત્યો જાત હૈ, ફિર કરેગો કબ.

માટે ધર્મના કામમાં ઢીલ ન કરવી. આવાં પ્રભુનાં વચન સાંભળી આણંદજીએ સમકીતપૂર્વક નીચે મુજબ બાર વ્રત અંગિકાર કર્યાં.

હે ભગવાન! આજથી એટલે હું સમજ્યો ત્યારથી મારે પોતાને દેવ તરીકે--અઢાર દુષણો રહિત, બાર ગુણ સહિત, ચોત્રીશ અતિશય, કેવળજ્ઞાન, કેવળદર્શન સહિત હોય તેને દેવ કરીને માનવા અને દયા સહિત કેવળ જ્ઞાનીનો કહેલો તે ધર્મ કરી માનવો અને ગુરૂ તે શુદ્ધ સાધુ પંચ મહાવ્રત ધારી, આરંભ પરિગ્રહ રહિત, કંચન--કામનીના ત્યાગી એવા સત્તાવીસ ગુણ સહિત હોય તેમને ગુરુ કરીને માનવા. તે સિવાયના કુદેવ એટલે આઠ કર્મ સહિત, જીવોના ઘાતક, સત્ય શીયળ રહિત એવા; અને કુધર્મ એટલે હિંસા સહિત, દયા રહિત, મિથ્યાત્વ ભ્રમણાવાળા હોય તે; અને કુગુરુ તે આરંભ પરિગ્રહ સહિત, કંચન કામનીના ભોગી, વિષય કૃષાયથી ભરેલા એવા અન્ય તીર્થિઓને અથવા અન્ય તીર્થિના ધર્મ, દેવ, સાંખ્યાદિક સાધુઓ અથવા જૈન ધર્મના પડેલા અર્થાત્ આચારથી ભ્રષ્ટ થયેલા સાધુઓ કે જેઓને મિથ્યાદ્રષ્ટિ લોકો જ્યોતિષનિમિત્ત મંત્રાદિકની લાલચે માને છે, પુજે છે, તેને મારે વંદણા નમસ્કાર કરવો નહિ,

તેમજ તેની સાથે ધર્મનિમિત્તે તેના બોલાવ્યા વિના જરાપણ બોલવું નહિ, તેમને તરણ-તારણ માનીને ધર્મબુદ્ધિએ ચાર પ્રકારનો આહાર આપું નહિ, અપાવું નહિ અને આપતાને ભલું જાણું નહિ, પણ એટલો આગાર કે,

૧. રાજાના હુકમથી આપવાની ફરજ પડે તો આપું.

૨. ન્યાત જાતના કારણને લઇ આપવું પડે તો આપું.

૩. બળાત્કારથી-કોઈના જોર જુલમથી આપવું પડે તો આપું.

૪. દેવના કારણથી આપવું પડે તો આપું.

૫. માતાપિતા-વડિલની આજ્ઞાથી આપવું પડે તો આપું.

૬. દુષ્કાળને લઇ પીડાતા, અન્ન વિના ભૂખે મરતા હોય તેના પર દયાને લઇ આપવું પડે તો આપું.

પણ તરણ તારણ અને ધર્મબુદ્ધિએ કોઇને આપું નહિ, એ છ બાબતની છુટ.

વળી હે ભગવાન ! સુગુરુ-પંચમહાવ્રતધારી નિગ્રંથોને હું ધર્મબુદ્ધિએ અને તરણ-તારણ બુદ્ધિએ શુદ્ધ નિર્દોષ અન્ન, દ્રાક્ષાદિક ( દરાખનું ધોવણ )નું પાણી, સુખડી, સૂંઠ, લવિંગાદિક, વસ્ત્ર-પાત્ર, કાંબળ, રજોહરણ, પાટ-પાટલાં, સ્થાનક, પાથરવાનું, ઔષધ, ચૂર્ણ એમ ચૌદ પ્રકારનું દાન હું આપું, બીજાને આપવાનો ઉપદેશ કરૂં, અને આપતાને ભલું જાણું.

એ પ્રમાણે સમકિત ગ્રહણ કર્યું, ત્યારબાદ વ્રત અંગિકાર કર્યાં તે નીચે મુજબઃ—

પહેલું અણુવ્રત-એટલે સાધુથી નાનું, અને થુલાવો એટલે મોટા જીવ તે બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરેન્દ્રિ, અને પચેન્દ્રિ એમને જાણી જોઇને મારવાના પચ્ચખાણ, તે બે કરણ અને ત્રણયોગે એટલે મન, વચન અને કાયાએ કરી પાપ કરૂં નહિ; અને મન, વચન, અને કાયાએ કરી બીજા પાસે પાપ કરાવું નહિ.

બીજું વ્રત-તે મોટું જૂઠું-વર-કન્યા આશ્રી એટલે જ્ઞાતિ ફેરની કન્યા હોય અને જ્ઞાતિની કહેવી; ગાય-ભેંસ આશ્રી એટલે

ગાય અથવા ભેંસ પાશેર પણ દૂધ આપતી ન હોય, અને કહે કે, પાંચ શેર દૂધ આપે છે; જમીન આશ્રી—એટલે કોઈની જમીન હોય અને બીજાની છે એમ કહેવું; થાપણ આશ્રી—એટલે કોઇ થાપણ મુકી ગયું હોય અને પછી તે બદ-દાનતથી ઓળવવી અને સામાને કાંઇ આપવું નહિ તે; કૂડી શાખ, એટલે રાજ્ય સભામાં ખોટી શાક્ષી આપવી; એવું જૂઠું બોલવું નહિ. તે બે કરણ અને ત્રણ યોગે કરીને, પાપ કરવું-કરાવવું નહિ.

ત્રીજું વ્રત-મોટી ચોરી-તે ખાતર પાડી લેવું, ગાંસડી છોડીને લઇ લેવું, તાળુ પર કુંચી બેસતી કરી લેવું, કોઇની પડી ગયેલી વસ્તુ પોતાની માની લેવું, એવી ચોરી કરવી નહિં. તે બે કરણ અને ત્રણ યોગે કરીને, પાપ કરવું-કરાવવું નહિ.

ચોથું વ્રત-મૈથુનનો ત્યાગ કરવો તે, એટલે દેવ, મનુષ્ય તિર્યંચ સાથે-પોતાની શીવાનંદા સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે-મૈથુન સેવવાનો ત્યાગ તેમાં દેવાંગના સંબંધી બે કરણ અને ત્રણ યોગ કરી, અને મનુષ્ય-તિર્યંચ સંબંધી એક કરણ એક યોગે કરી-કાયાએ કરી પાપ કરવું નહિ.

પાંચમું વ્રત—પરિગ્રહની મર્યાદા કરવી તે એટલે ચાર ક્રોડ સોનામોહોરો વેપારમાં, ચાર ક્રોડ સોનામોહોરો જમીનમાં અને ચાર ક્રોડ સોના મોહોરોનો ઘર વાખરો એમ બાર ક્રોડ સોના મોહોરો ઉપરાંતના પચ્ચખાણ.

જનાવરની મર્યાદા—ચાલીસ હજાર ગાયો ઉપરાંત રાખ-વાના પચ્ચખાણ.

જમીનની મર્યાદા—પાંચસો હળ ખેડી શકાય તેટલી ઉઘાડી જમીન ઉપરાંતના પચ્ચખાણ.

વાહનની મર્યાદા—પાંચસો ગાડા દેશ પરદેશ માલ લઈ જવા, લાવવા રાખવાં, તે ઉપરાંત રાખવાના પચ્ચખાણ. તેમજ સમુદ્રનું વાહન વહાણ તે ચાર રાખવા. તે ઉપરાંત રાખવાના પચ્ચખાણ.

ટુવાલની મર્યાદા—નાહ્યા પછી શરીર લૂછવાને માટે ફક્ત એક રંગના ટુવાલ સિવાય રાખવાના પચ્ચખાણ.

દાતણની મર્યાદા—ફક્ત એક લીલું-જેઠીમધનું-દાતણ કરવું તે સિવાય દરેક જાતના દાતણના પચ્ચખાણ.

ફળની મર્યાદા—ખીર આંબળા (રાયણ)નાં ફળ સિવાય બીજા ફળના પચ્ચખાણ.

મર્દનની મર્યાદા—સો ઔષધીઓથી બનાવેલું તેલ તેમજ હજાર ઔષધીઓથી બનાવેલું તેલ વાપરવું. તે સિવાય બીજું તેલ વાપરવાના પચ્ચખાણ.

પીઠીની મર્યાદા—એક ઘઉંલાનો લોટ, સુગંધીદાર તે ઉપરાંત વિલેપન માટે વાપરવાના પચ્ચખાણ.

સ્નાનની મર્યાદા—આઠ ઘડા ઉપરાંત નહાવાને માટે વધારે પાણી વાપરવાના પચ્ચખાણ.

વસ્ત્રની મર્યાદા—ફક્ત એક કપાસના વસ્ત્ર સિવાય બીજી જાતના વસ્ત્ર વાપરવાના પચ્ચખાણ.

વિલેપનની મર્યાદા—ચંદન, અગર, કુમકુમ એ ત્રણ સિવાય બીજી જાતના વિલેપનના પચ્ચખાણ.

ફૂલની મર્યાદા—પુંડરીક કમળ તથા માલતીના ફૂલની માળા સિવાય બીજી જાતના ફૂલ વાપરવાના પચ્ચખાણ.

ઘરેણાંની મર્યાદા—કાનનાં કુંડળ અને નામાંકિત મુદ્રિકા (વીંટી) એ સિવાય બીજાં ઘરેણાં વાપરવાના પચ્ચખાણ.

ધૂપની મર્યાદા—અગર, કૃષ્ણાગાર, શીલારસ સિવાય બીજી જાતનો ધૂપ વાપરવાના પચ્ચખાણ.

ભોજનની મર્યાદા—ઘીએ તળેલાં ચોખા (બીરંજ), ફક્ત એક ઘીના ઘેબર, ખાંડ સહિત તથા મેંદાના ખાજા ઉપરાંતના પચ્ચખાણ. ચોખા (ભાત) પ્રમાણ—એક કમલસાળ ચોખા ઉપરાંત બીજી જાતના ચોખાના પચ્ચખાણ. દાળનું પ્રમાણ—ચણાની, મગની અને અડદની દાળ સિવાય બીજી દાળના પચ્ચખાણ; ઘીનું પ્રમાણ—ફક્ત શરદઋતુ એટલે આસો અને કારતક

માસમાં નિપજેલું ગાયનું ઘી વાપરવું, તે સિવાય બીજી જાતના ઘીનાં પચ્ચખાણ. શાકનું પ્રમાણ–ફકત એક મંદુકીની ભાજીનું શાક ખાવું, તે ઉપરાંત શાકના પચ્ચખાણ. પાણીનું પ્રમાણ–ફકત આકાશથી પડેલું વરસાદનું પાણી પીવું, તે સિવાય બીજા પાણીના પચ્ચખાણ.

મુખવાસની મર્યાદા—એલચી, લવીંગ, કપુર, કંકોલ અને જાયફળ એ પાંચ સુગંધી દ્રવ્ય સિવાય બીજી ચીજના મુખવાસના પચ્ચખાણ.

એ પ્રમાણે સર્વ ઉવભોગ, પરિભોગ પરિમાણ વ્રત કહ્યું.

હવે ચાર પ્રકારના અનર્થાદંડના નિયમ લીધા. ૧ આર્ત્ત ધ્યાન–રૌદ્રધ્યાન એટલે કાઇનું ભુંડુ ચિંતવવું તે; ૨ પ્રમાદને લઇ ઘી, તેલ, એઠવાડનાં વાસણ ઉઘાડાં મુકવાં તે; ૩ હીંસાકારી ઉપગરણ તે તલવાર, ચપ્પુ, ઝેર કોઈને આપવું; ૪ પાપકર્મને ઉપદેશ કરવો. એ ચાર પ્રકારનાં અનર્થાદંડના પચ્ચખાણ.

આ પ્રમાણે વ્રત, પચ્ચખાણ કર્યાં પછી શ્રી મહાવીર ભગવાન કહેવા લાગ્યા કે, હે આણંદ ! તેં ઘણો જ સારો નીયમ લીધો, અને તે વડેજ મોક્ષની પ્રાપ્તિ થાય છે. પરંતુ,

पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व-संजए।
अन्नाणी किं काहि, किंवा नाहिइ छेय पावगम् ?॥

ભાવાર્થઃ—પ્રથમ જ્ઞાન અને પછી દયા. અજ્ઞાની ( જ્ઞાન વગરનો ) પાપ–પુન્યને શું સમજે ? જેથી જ્ઞાનની ખાસ જરૂર છે.

આ પ્રમાણે ભગવાનનું કહેવું સાંભળી આણંદજીએ વિનયપૂર્વક જીવતત્ત્વ, અજીવતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ, આશ્રવ તત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, બંધતત્ત્વ અને મોક્ષતત્ત્વ એ નવ તત્ત્વ અને પચીસ ક્રિયા વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

હવે આણંદજીએ સમકીત ગ્રહણ કર્યું તે કહે છે–સમકીતી જીવને ધર્મથકી ચળાવવાને કોઇ દેવ શકિતવાન નહિ, અને ધર્મકાર્યમાં દેવની મદદ પણ ઇચ્છે નહિ. ૧ જિન વચનમાં શંકા

નહિ એટલે આ વચનો બધા જિનેશ્વરે કહ્યાં હશે કે બીજાએ? ૨. કંખા એટલે જૈનધર્મ સિવાય બીજા ધર્મની ઇચ્છા ન કરવી તે; ૩. વિતીગીચ્છા એટલે કરણીના ફળનો-તપશ્ચર્યાનું ફળ મળશે કે નહિ-એવો સંદેહ ન રાખે; ૪ પર પાસંડ પરસંસા એટલે બીજાનો મિથ્યા આડંબર જોઇ તેના વખાણ ન કરે; ૫. પરપાસંડ સંથવો એટલે પાખંડી તથા ભ્રષ્ટાચારીનો પરિત્યાગ કરે. આવી રીતે જ્ઞાનના ચૌદ અતિચાર, સમકીતના પાંચ અતિચાર અને પહેલા વ્રતના પાંચ, બીજાના પાંચ, ત્રીજાના પાંચ, ચોથાના પાંચ, પાંચમાંના પાંચ, છઠ્ઠાના પાંચ, સાતમાના વીસ, આઠમાનાં પાંચ, નવમાનાં પાંચ, દસમાનાં પાંચ, અગીયારમાંના પાંચ, બારમાના પાંચ અને સંથારાના પાંચ, એમ સર્વે મળી નવાણું અતિચારનો ત્યાગ કરી શુદ્ધ વ્રત પાળવું એ સમજણપૂર્વક સમજ્યા પછી પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શીક્ષાવ્રત એ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગિકાર કર્યો, અને કેટલાંક પ્રશ્નના ખુલાસા મહાવીર ભગવાન પાસેથી સમજી, હૃદયમાં ધારણ કર્યા, ત્યારબાદ શ્રી મહાવીર ભગવાનને વંદણા-નમસ્કાર કરી પ્રભુ પાસેથી રવાના થઇ આણુંદજી પોતાને ઘેર આવ્યા, અને પોતાની પતિવ્રતા સ્ત્રી શિવાનંદા પ્રત્યે બોલ્યા કે, હે દેવાનુપ્રિય! મને આજે અપૂર્વ લાભ થયો છે. મેં કદી પણ નહિ સાંભળેલો અને નહિ અંગિકાર કરેલો એવો કેવળજ્ઞાનીનો ભાંખેલો ધર્મ શ્રી મહાવીર ભગવાન પાસેથી સાંભળ્યો. તે ધર્મ સેવવાયોગ્ય અને ઇચ્છવાયોગ્ય છે. તે ધર્મ અંગિકાર કર્યાથી આત્માનું કલ્યાણ થાય છે, અને ભવોભવનાં દુઃખ દૂર થાય છે, એમ સમજી મેં શ્રી મહાવીર ભગવાન પાસે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શીક્ષાવ્રત મળી બાર વ્રત અંગિકાર કર્યા છે.

ઉપર પ્રમાણે આણુંદજીનું કહેવું સાંભળી શીવાનંદાના હૃદયમાં આનંદ પ્રાપ્ત થયો અને વિચાર્યું કે પુરુષ-સ્વામી-નો ધર્મ એ જ સ્ત્રીનો ધર્મ હોવો જોઇએ. જેથી તેઓ પણ પોતાના માણસોને બોલાવી, રથ તૈયાર કરાવી તેમાં બેસી શ્રી મહાવીર

ભગવાન પાસે ગયા, અને વંદણા નમસ્કાર કરી યથાસ્થાનકે બેઠા. શ્રી મહાવીર ભગવાને ધર્મકથા શરૂ કરી. શીવાનંદાના હૃદયમાં ધર્મકથાના શ્રવણથી ઘણોજ આનંદ પ્રાપ્ત થયો અને તેથી આણુંદજીની માફક બાર વ્રત અંગિકાર કર્યાં, અને શ્રાવિકા ધર્મ સ્વિકારી પ્રભુને વંદણા નમસ્કાર કરી પ્રભુ પાસેથી રવાના થઇ પોતાને ઘેર આવ્યા.

ત્યારબાદ ત્યાં પાસે બેઠેલા ભગવાનના મોટા શિષ્ય શ્રી ઇંદ્રભુતિ (ગૌતમ સ્વામિ)એ શ્રી મહાવીર ભગવાનને વંદણા નમસ્કારી કરી પૂછયું કે,

હે ભગવાન! આણુંદજી ગૃહસ્થાશ્રમ તજી આપની પાસે દીક્ષા અંગિકાર કરશે? જવાબમાં પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! આણુંદજીને ત્રીજી ચોકડીનો ક્ષયોપશમ થયો નથી જેથી દીક્ષા લઇ શકશે નહિં, પરંતુ ઘણાં વર્ષ સુધી ચોકખું શ્રાવકપણું પાળી, ચાર પલ્યોપમની આયુષ્યની સ્થિતીએ પહેલા સુધર્મા દેવલોકને વિષે ઉત્પન્ન થશે. આ પ્રમાણે ભગવાનનું કહેવું સાંભળી ગૌતમ સ્વામીને ઘણોજ આનંદ પ્રાપ્ત થયો. ત્યારબાદ શ્રી મહાવીર પ્રભુ અને ગૌતમ સ્વામી વગેરે ભવ્ય જીવના ઉપકારાર્થે અન્ય દેશ તરફ વિહાર કરો ગયાં.

હવે આણુંદ શ્રાવક જીવ–અજીવનું જાણપણું થવાથી સાધુ સાધ્વીને ચૌદ પ્રકારનું દાન દેતાં થકાં, અને શીવાનંદા શ્રાવીકાધર્મ પાળતાં થકાં દિવસ નિર્ગમન કરે છે, અને એ પ્રમાણે રહેવાની સાથે પોષા, ઉપવાસ, પરચુરણ વ્રત–પચ્ચખાણ કરતાં ચૌદ વર્ષ પુર્ણ થયાં.

એક દિવસ રાત્રિના વખતે ધર્મ જાગ્રિકા કરતાં આણુંદ શ્રાવકને એવો વિચાર ઉત્પન્ન થયો કે, “ આ વાણીયગામ નગરમાં હું એક ગૃહસ્થ તરીકે ગણાઉં છું. મારા ઉપર ઘણાનો આધાર છે, વળી મારા વચનપર ભરૂંસો રાખી રાજા, અન્ય શેઠ, સૈન્યાધિપતિ તેમજ મારા કુટુંબીજનો વગેરે સર્વે, દરેક શુભ કાર્યમાં મારી સલાહ લઇ તે પ્રમાણે વર્તે છે, અને મને આગેવાન તરિકે

ગણે છે; પરંતુ હવે મારે એ બધી મોટાઇ માથે લઈ ક્યાં સુધી ફરવું! હવે તો મારે મારા આત્માનું કેમ કલ્યાણ થાય એ રસ્તો લેવો જોઇએ! જો કે હું શ્રી પ્રભુની પાસે દીક્ષા લેવાને સામર્થ્યવાન થયો નથી, પરંતુ શ્રાવકની અગિયાર પડીમા અંગિકાર કરવા શક્તિમાન છું, માટે આવતી કાલેજ દિવસ ઉગ્યા પછી મારા કુટુંબી અને જ્ઞાતિલાઓને એકત્ર કરી, આહારપાણી તૈયાર કરાવરાવી, સર્વને જમાડી, યોગ્ય સિરપાવ આપું, અને મારા મોટા પુત્રને ઘરનો સર્વ ભાર સોંપી, તેની આજ્ઞા લઇ, કોલાગ સન્નિવેશ કે જ્યાં કેટલાક મારા કુટુંબીજનો રહે છે, અને જ્યાં મારી પોષધશાળા છે, ત્યાં જઇ હું સુખે દિવસ નિર્ગમન કરૂં."

આવો વિચાર કર્યા પછી પ્રભાતે તુરતજ જ્ઞાતિ અને કુટુંબીજનોને બોલાવ્યા અને ચાર પ્રકારનો આહાર તૈયાર કરાવરાવી સર્વને જમાડ્યાં અને દરેકને યોગ્ય સીરપાવ આપી, પોતાના મોટા પુત્રને બોલાવ્યો અને સર્વ સમક્ષ કહ્યું કે, હે પુત્ર! "હું આ વાણીયગામમાં આગેવાન ગૃહસ્થ તરીકે ગણાઉં છું, તે તમે જાણો છો. સર્વ કુટુંબીજનો મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે, અને હું દરેકને યથાશકિત મદદ કર્યા કરૂં છું. કોઇથી મેં જુદાઈ રાખી નથી. હવે મારી અવસ્થા થઇ, જેથી હવે એ કાર્ય મારાથી બની શકશે નહિ, માટે તમને ભલામણ કરૂં છું કે, જેમ હું સર્વને સાચવતો, તેમ તમે પણ સર્વને સાચવજો. હું હવે શ્રાવકની અગિયાર પડીમાં આદરૂંછું, જેથી કોઇ સંસારી કાર્યસંબંધી મને કાંઇ પૂછશો નહિ." આ પ્રમાણે પુત્રને ભલામણ કર્યા પછી પોતાના કુટુંબીઓને ભલામણ કરી કે, તમે હવેથી દરેક કાર્યમાં આ મારા મોટા પુત્રની સલાહ લેજો. જેમ હું સર્વને સાચવતો, તેમ તે તમને સર્વને સાચવશે. તમે તેનું કહેવું માન્ય કરજો, જેથી સૌ સુખી થશો. આણુંદજીના આવા આનંદ ભરેલા વચનો સાંભળી સર્વે કુટુંબીજનો ખુશી થયાં અને તેમનું કહેવું માન્ય રાખી સર્વે પોતપોતાને ઘેર ગયાં. પછી આણુંદજી મોટા પુત્રની આજ્ઞા લઇ વાણીયગામ નગરની

મધ્યોમધ્ય થઇ કોલાગ સન્નિવેશ કે જ્યાં પોતાની પોષધશાળા હતી ત્યાં આવ્યા, અને તે જગ્યાનું સ્વચ્છ પુંજી પડીલેહણ કર્યું. નજીકમાં જંગલ જવાની અને પેશાબ પરઠવવાની જગ્યા પણ સ્વચ્છ કરાવી. પછી ડાભના તરણા પથારી માટે તૈયાર કરી ત્યાં રહ્યા, અને પ્રભુની આજ્ઞા પ્રમાણે વ્રતનું પાલન કર્યા પછી નીચે મુજબ અગિયાર પડિમા આદરી.

૧ સમકીત પડિમા એક મહીનાની તે છ છીંડી અને પાંચ અતિચાર રહિત શુદ્ધ સમકીત એક મહીના સુધી પાળે.

૨ વ્રત પડિમા બે મહીનાની તે પાંચ અતિચાર રહિત શુદ્ધ સમકીત સહિત બે મહીના સુધી વ્રત પાળે.

૩ સામાયિક પડિમા તે સમકીત સહિત, બત્રીશ દોષ રહિત, ત્રણ મહિના સુધી દિવસમાં ત્રણ વખત સામાયિક કરે.

૪ પોષધ પડિમા તે અઢાર દોષરહિત, બે આઠમના, બે ચઉદશના અને બે પાખીના મળી દરમહિને છ પોષા ચાર મહિના સુધી કરે.

૫ નીયમ પડીમા તે સમકીતપૂર્વક દિવસે બ્રહ્મચર્ય પાળે, સ્નાન કરે નહિ, પગરખાં પહેરે નહિં, કાછડી વગર ધોતીયું પહેરે, અને પોષાને દિવસે પાંચ મહીના સુધી દિવસે અને રાત્રે ચાર પોહોરનો કાયોત્સર્ગ કરે.

૬ બ્રહ્મચર્ય પડીમા તે છ મહીના સુધી સર્વથા બ્રહ્મચર્ય પાળે.

૭ સચેત પડીમા તે સાત મહીના સુધી સચેત (જીવસહિત) આહાર કરે નહિ.

૮. આરંભ પડીમા તે આઠ મહીના સુધી કોઇ પણ જાતનો પોતે આરંભ ( પાપ ) કરે નહિ.

૯. નવમી પડીમા તે નવમહીના સુધી બીજા પાસે આરંભ કરાવે નહિ.

૧૦. દસમી પડીમા તે દશ મહીના સુધી બીજો કોઇ આરંભ કરીને પોતાને માટે વસ્તુ તૈયાર કરી આપે તો લે નહિ.

૧૧. અગીયારમી પડીમા–તે અગીયાર મહીના સુધી સાધુના જેવો ભેખ ધારણ કરે, પાંચ સુમતીએ કરી સહિત વિચરે, શીર (મસ્તક) મુંડાવે, ચોટલી રાખે, પોતાની જ્ઞાતિમાં ગોચરી અર્થે ફરે, કોઈ કોણ છો એમ પૂછે તો હું પડિમાધારી શ્રાવક છું એમ કહે.

એ પ્રમાણે દશાશ્રુતસ્કંધ વગેરે સૂત્રમાં પડિમાની જે વિધિ બતાવી છે તે પ્રમાણે શુદ્ધ પાળતાં થકાં આણંદ શ્રાવક ભગવાનની આજ્ઞાના આરાધિક થયા. અગીયાર પડીમા પૂર્ણ થયા પછી આણંદજીનું શરીર તપશ્ચર્યાને લઇ દુર્બળ થયું, લોહી માંસ સુકાઈ ગયાં, અને હાડપીંજર દેખાવા લાગ્યું. આવું શરીર થયા પછી એક દિવસે ધર્મ જાગ્રિકા જાગતાં આણંદજીને વિચાર થયો કે, "તપશ્ચર્યાથી મારૂં શરીર તદ્દન દુર્બળ થઇ ગયું છે. લોહી માંસ સુકાઇ ગયાં છે, પણ હજુ મારામાં બેસવા ઉઠવાની શક્તિ છે, અને મહાવીર પ્રભુ ગંધ હસ્તીની પેરે વિચરે છે ત્યાં સુધીમાં સંથારો કરી કાળ (મૃત્યુ)ને અણઇચ્છતો વિચરૂં તો સારૂં." એમ વિચાર કરી દિવસ ઉગ્યા પછી પૂર્વ દીશા તરફ મુખ રાખી બે હાથ જોડી, ત્રણ નમોથ્થુણું ભણી, છેલ્લું પ્રતિક્રમણ કર્યું, અને સર્વ જીવોને ખમાવી, સંથારો કરી, સમાધી સહિત વિચરવા લાગ્યા.

સારાં અધ્યવસાય અને પવિત્ર લેશ્યાને લઇ આણંદ શ્રાવકને અવધીજ્ઞાન ઉત્પન્ન થયું જેથી પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એ ત્રણે દીશામાં તેમજ લવણ સમુદ્રમાં પાંચસો જોજન સુધી; ઉત્તર દીશામાં ચુલહીમવંત પર્વત સુધી; ઉપર સુધર્મા દેવલોક સુધી અને નીચે પહેલી નરક સુધી અવધીજ્ઞાનને લઇ જોયું. આવી સ્થિતિમાં આણંદજી સંથારો કરી સુતા છે.

હવે તે કાળ અને તે સમયને વિષે શ્રી મહાવીર પ્રભુ તેજ ગામના ઉદ્યાનમાં પધાર્યા. સર્વ દર્શનાર્થે ગયાં. પ્રભુએ ધર્મકથા શરૂ કરી, તે સાંભળી સૌ સૌને ઘેર ગયા બાદ પ્રભુની ભક્તિના કરનાર, મહાન તપસ્વી, ક્ષમાવંત, અખંડ બ્રહ્મચર્યના પાલણ-

હાર, તેજુ લેશ્યાએ કરી સહિત, જીંદગી સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરવો એવા અભિગ્રહધારી, પ્રભુના મોટા શિષ્ય શ્રી ગૌતમ સ્વામિએ છઠ્ઠના પારણે પહેલા પહોરે સજ્ઝાય, બીજા પહોરે ધ્યાન, અને ત્રીજા પહોરે અધિરાઇ રહિત, પ્રભુ પાસે આવી, વંદણા નમસ્કાર કરી પૂછ્યું કે, હે પ્રભુ! મારે છઠ્ઠનું પારણું હોવાથી આપ આજ્ઞા આપો તો હું દ્યુતિપલાસ વનથી નીકળી વાણીયગામ નગરમાં ભીક્ષા અર્થે જાઉં. પ્રભુએ જેમ તમારા આત્માને સુખ ઉપજે તેમ કરો, એમ કહ્યું, જેથી ગૌતમ-સ્વામિ મુહપતિ, રજોહરણ, પાત્રા, અને ઝોળીનું પડિલેહણ કરી ઇર્યાસુમતિ જોતા, ગૌચરી અર્થે વાણીયગામ નગરમાં ફરવા લાગ્યા. ફરતા ફરતા તેઓએ સાંભળ્યું કે, આણંદ શ્રાવકે પોતાની પૌષધ શાળામાં સંથારો કર્યો છે. જેથી તેમને દર્શન કરાવવા તુરતજ ગૌતમ સ્વામિ આણંદ શ્રાવક પાસે આવ્યા. આણંદ શ્રાવક, શ્રીગૌતમ સ્વામિને પોતાની સમક્ષ પધારેલા જોઈ ઘણાંજ ખુશી થયા, અને કહ્યું કે "હે સ્વામિ! આપે અત્રે પધારી મારાપર મોટો ઉપકાર કર્યો છે. તપશ્ચર્યાને લઇ મારામાં ઉઠવા-બેસવાની શક્તિ રહી નથી, માટે કૃપા કરી આપ મારી પાસે પધારો તો હું આપના ચરણમાં ત્રણવાર મસ્તક નમાવી વંદણા કરૂં અને ચરણસ્પર્શ કરી રજ મસ્તકે ચડાવું." આથી ગૌતમ-સ્વામિ નજીક ગયા અને આણંદ શ્રાવકે તે પ્રમાણે ચર્ણસ્પર્શ કરી પૂછ્યું કે, હે સ્વામિ! ગૃહસ્થાશ્રમીને અવધીજ્ઞાન પ્રાપ્ત થાય?

ગૌતમ સ્વામિ—હા, અવધીજ્ઞાન ઉપજે.

આણંદજી—હે સ્વામિ! મને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે, ને તેથી હું પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તેમજ લવણ સમુદ્રમાં પાંચસો જોજન સુધી; ઉત્તર દિશામાં ચૂલહીમવંત પર્વત સુધી; ઉંચે પહેલા દેવલોક સુધી અને નીચે પહેલી નરક કે જ્યાં ચોરાશી હજાર વર્ષની સ્થીતિનાં આયુષ્યવાળાં દુઃખ ભોગવી રહ્યાં છે, ત્યાં સુધી જોઉં છું.

ગૌતમ સ્વામિ–આણંદજી! તમે કહો છો તે પ્રમાણે અવ-

ધીજ્ઞાન ગૃહસ્થાશ્રમીને ઉત્પન્ન થાય નહીં, માટે તે અસત્ય વચનને લઇ સંથારામાં તમને દોષ લાગ્યો, માટે પ્રાયશ્ચિત લ્યો.

આણંદજી—હે સ્વામિ! જૈનધર્મ પક્ષપાત, રાગ-દ્વેષ અને અજ્ઞાન રહિત છે, અને એ પ્રમાણે પ્રભુના વચન સાચાં માની સાધુ અગર ગૃહસ્થી વર્તે અને જેવું દેખે તેવું કહે તેનું પ્રાયશ્ચિત હોય ?

ગૌતમ સ્વામિ—આણંદજી ! જેવું જોવામાં આવે તેવુંજ કહેવું તેનું પ્રાયશ્ચિત તો ન હોય.

આણંદજી—હે સ્વામિ ! જો તેમજ હોય તો અસત્ય કહેવા બદલ આપજ પ્રાયશ્ચિત લ્યો.

આ પ્રમાણે આણંદજીનું કહેવું સાંભળી શ્રી ગૌતમ સ્વામિને શંકા ઉત્પન્ન થઇ, અને તે શંકાનો ખુલાસો શ્રી મહાવીર પ્રભુ પાસે કરવા માટે તુરતજ ત્યાંથી રવાના થઇ પ્રભુ પાસે આવ્યા, અને રસ્તામાં આવતા જતાં લાગેલ પાપની અને લાવેલ આહારની આલોયણા લઈ, પ્રભુને આહાર બતાવ્યો, અને ત્યારબાદ પ્રભુને વંદણા નમસ્કાર કરી પૂછયું કે, હે ભગવાન ! હું આપની આજ્ઞા લઈ વાણીયગામ નગરમાં ગૌચરી અર્થે ગયો હતો. ત્યાં આણંદજી શ્રાવકે સંથારો કર્યાની વાત સાંભળી તેમને દર્શન કરાવવા ગયો. તે વખતે આણંદજી નમસ્કાર કરી બોલ્યા કે, હે સ્વામિ ! મને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી હું પુર્વ, પશ્ચિમ, દક્ષિણે પાંચસો જોજન સુધી; ઉત્તરે ચુલહેમવંત પર્વત સુધી; ઉંચે પહેલા દેવલોક સુધી; અને નીચે પહેલી નરક સુધી દેખું છું. જેથી મેં કહ્યું કે, ગૃહસ્થીને એટલુંબધું અવધીજ્ઞાન ન હોય, માટે તમે જે અસત્ય બોલ્યા તેનું પ્રાયશ્ચિત લ્યો. આણંદજીએ કહ્યું કે, જો સત્યનું પ્રાયશ્ચિત લેવાતું હોય તો હું લઉં, નહિ તો આપજ લ્યો; માટે કોણ પ્રાયશ્ચિત લે ?

પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! આણંદ શ્રાવકે જે કહ્યું, તે સત્ય છે, માટે તમે પ્રાયશ્ચિત લ્યો, અને આણંદ શ્રાવક પાસે

જઇ ખમાવો. આ પ્રમાણે ભગવાનનું કહેવું સાંભળી ગૌતમ સ્વામિએ તુરતજ પ્રાયશ્ચિત લીધું, અને આણુંદ શ્રાવક પાસે જઇ ખમાવી આવ્યા, પછી પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

હવે આણુંદ શ્રાવક, બાર વ્રત, અને અગિયાર પડીમા સહિત શુદ્ધ શ્રાવકપણું પાળી, એક માસનો સમય સંથારામાં વ્યતિત થયે કાળને અવસરે કાળ કરી પહેલા સુધર્મા દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયા, ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી, ચ્યવી, મૃત્યુલોકમાં મહાવિદેહ ક્ષેત્રમાં એક ધનાઢ્ય ગૃહસ્થને ઘેર પુત્રપણે ઉત્પન્ન થશે, અને મનુષ્ય સંબંધી પૂર્ણ સુખ ભોગવશે. પ્રસંગે તેમને મહાત્મા પુરુષનો સમાગમ થયે પ્રતિબોધ પામશે, અને તેથી સાંસારિક સુખનો ત્યાગ કરી, સાધુપણું સ્વિકારી, પંચ મહાવ્રત શુદ્ધ પાળી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરશે.

## ॥ अथ श्री हरिकेशीमुनिनु चरित्र. ॥

અર્થ:—સો૦ ચંડાલના, કુ૦ કુલને વિષે, સં૦ ઉપન્યો, ગુ૦ ઉત્તમ જ્ઞાનાદિક ગુણ તેનો, ધ૦ ધરનાર, મુ૦ સાધુ, હ૦ હરિકેશીબલ એવે નામે, આ૦ હુતો, ભિ૦ ભાવ ભિક્ષુ, જિ૦ જિતેંદ્રિ. ૧

मूल—सोवाग कुल संभूओ, गुणुत्तर धरो मुणी;
हरिएसबलो नाम, आसि भिक्खू जिइन्दिओ ॥१॥

ભાવાર્થ:—હરિકેશી મુનિ ચાંડાલના કૂળમાં ઉત્પન્ન થયા જેથી જાતિ ચાંડાલ કહેવાયા, પરંતુ તેમનામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર ઉત્તમ ગુણ હોવાથી, અને ચારિત્રની જરા પણ વિરાધના કરી નહિ જેથી મહાત્મા પુરુષ કહેવાયા, અને જે કૂળમાં જનમ્યા તેજ કૂળમાં મોટા થયા.

આ અસાર સંસારમાં કોઈ વાત કાળાંતરે ભૂલી જવાય છે, લખેલું ફાટી જાય છે, પણ આશ્ચર્યની વાત છે કે, કર્મની રેખાઓ ભૂંસાતી નથી. ભલે કોટી જન્મ થઇ જાય, પરંતુ બાંધેલા કર્મ તો વખત આવે, ગમે તે સ્થીતિમાં અને ગમે તે સ્થળે હોઈએ તો પણ તુરત દેખાવ દે છે, અને મનુષ્યને પૂર્વ જન્માંતરે અજ્ઞાનતાને લઇ કરેલા કર્મનો અનુભવ કરાવે છે. કર્મની વિચિત્ર ગતિ જાણવાને માટે આ નીચેનો હરીકેશી મુનિનો દાખલો બસ છે. જો તેનું રહસ્ય બરાબર સમજવામાં આવે તો જરૂર જીવ કર્મ કરતાં વિચાર કરે. હરીકેશી મુનિએ પાછલા ભવે બ્રાહ્મણની જ્ઞાતિમાં જૈન ધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી, જો કે તેઓએ દીક્ષા ઘણી સારી રીતે પાળી, પરંતુ કહ્યું છે કે,

સંગતથી સુધરે કદી, જાતિ સ્વભાવ ન જાય;
નાગર સન્યાશી થયો, પણ ખટપટ ચિત્ત ચ્હાય.

તેમ, જાતિ અભિમાન ઘણો રાખતા ને તેથી બીજે ભવે હરીકેશી મુનિને ચાંડાલની જ્ઞાતિમાં ઉત્પન્ન થવું પડયું,

વળી,

ભગત બીજ પલટે નહિ, જો જુગ જાય અનન્ત;
ઉંચ નીચ ઘર અવતરે, આખર સંતકો સંત.

તેમ હરીકેશી મુનિએ સૌભાગ્ય નામે ચાંડાળના કુળમાં જન્મ લીધો, પરંતુ ચાંડાળના બે ભેદ. ૧ કર્મ ચાંડાળ, અને ૨. જાતિ ચાંડાળ.

કર્મ ચાંડાળના લક્ષણ કહે છેઃ—

सत्यम् नास्ति, तपो नास्ति ।
नास्ति इन्द्रि निग्रहं ॥
सर्वे भूतं दया नास्ति ।
ए चंडाले लक्षणम् ॥

અસત્ય બોલનાર, તપશ્ચર્યા નહિ કરનાર, ઇંદ્રિયોને કાબુમાં

નહિ રાખી શકનાર અને જેનામાં દયા ન હોય તેને કર્મ-ચાંડાલ; અને અધમ ધંધો કરનારના કૂળમાં ઉત્પન્ન થાય તેને જાતિ ચાંડાલ કહે છે.

નિર્વંધ ભીક્ષા ગ્રહણ કરી, જે મળે તેમાં આનંદ માની, કર્મનો ક્ષય કરે તેને ભીખુ કહે છે. હરીકેશી મુનિ પણ તેવા જ હતા. વળી તેમણે પાંચ ઈંદ્રિના ત્રેવીસ વિષય અને બસો બાવન વિકારો જીત્યા હતા. તે પાંચ ઈંદ્રી જીત્યા વિના સાધુ-પણાને યોગ્ય ન ગણાય, તે પરઃ—

## ધનસાર શેઠની કથા.

કુંચનપુર નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા, તે નગરમાં ધનસાર નામનો એક વણિક ગૃહસ્થ રહેતો હતો. એક દિવસ તે ધનસાર શેઠ કરીઆણાના માલના પાંચસો વહાણ ભરાવી, જળમાર્ગે શુભ મુહુર્ત જોવરાવી વેપારાર્થે પરદેશ ગયા. રસ્તામાં એક સારૂં શહેર જોઇ ત્યાં માલ ઉતાર્યો અને શહેરમાં જઇ લોકોને માલ બતાવતાં પ્રિય થઇ પડવાથી બમણા લાભે તે માલ ત્યાં ને ત્યાં વેચાઇ ગયો. 'જેમ લાભ થાય તેમ લોભ વધે' એ કહેવત પ્રમાણે શેઠને બમણો લાભ થયાં છતાં લોભ વધ્યો, અને તેથી વધારે મૂલ્યના કરી-આણાનો માલ ત્યાંથી ખરીદ કરી પોતાના દેશમાં જઇ વેચવાનો વિચાર કર્યો. માલ ખરીદ કર્યા પછી યાદ આવ્યું કે, આ સર્વ માલ લઇ દેશમાં જતાં રાજ્ય તરફથી પ્રથમ દસ હજાર રૂપીયા જેટલી રકમ જકાતની લેવામાં આવશે. અને તે રકમ આપ્યા વગર ગામમાં દાખલ થઇ શકાશે નહિં. છેવટે એક યુક્તિ સૂઝી આવી કે, રાજા લોકને રમત-ગમતવાળી ચીજો બહુજ પસંદ

હોય છે, જેથી તેવી ચીજો ખરીદ કરી લઇ જઇ, ભેટ કરીશ તો જરૂર રાજા મારૂં દાણુ માફ કરશે. આમ ધારી સો રૂપીયાનાં સારાં સારાં રમકડાં ખરીદ કર્યાં અને લાખો રૂપીયાનો વેપારનો માલ લઇ શેઠ પોતાના દેશમાં આવ્યા. વહાણોને બંદર પર નાંગરી શેઠ પ્રથમ રાજા પાસે આવ્યા અને લાવેલ ચીજો તેમની પાસે મુકી, સલામ કરી કહ્યું કે, હે રાજા સાહેબ! હું આપના ગામનો એક વેપારી છું. વેપાર અર્થે પરદેશ ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં આપના માટે કેટલીક ચીજો ભેટ તરીકે લાવ્યો છું. કૃપા કરીને સ્વિકારો. નવિન ચીજો જોઇ રાજાને ઘણોજ આનંદ પ્રાપ્ત થયો, અને તેથી રાજાએ દસ હજાર રૂપીઆની આવકવાળું એક ગામ શેઠને ઇનામ આપ્યું અને લાવેલા માલની જકાત માફ કરી. આથી શેઠે રાજાનો ઘણોજ ઉપકાર માન્યો, અને ઇનામમાં આપેલ ગામનું લખત આવતી કાલે કરાવી જવાનું કહી રજા લીધી. શેઠને ગામ ઇનામ મળ્યાનું જાણી જમાદારે પાછળ જઇ શેઠને કહ્યું કે, શેઠ સાહેબ! આપને રાજાજીએ ગામ બક્ષીસ આપ્યું તો પ્રભુ આપને સલામત રાખે, અને સુખી રહો, પરંતુ અમને જરા ખુશી કરતા જાવ, એટલે બે-પાંચ રૂપીયા ઈનામ આપતા જાવ. શેઠે કહ્યું કે, જમાદાર! તમારી અમને જરા પણ પરવા નથી. પાંચ રૂપીયા હરામના નથી આવતા. આવી રીતે કેટલાકને ધુતો છો? શું રાજા પગાર નથી આપતા, કે અમારી પાસે ભીખ માગો છો? આવા શેઠના શબ્દો સાંભળી જમાદાર બહુજ શરમાઇ ગયા અને કોઇ સાંભળશે તો ખોટું કહેવાશે એમ ધારી જમાદારે કહ્યું કે શેઠ! બૂમો ન પાડશો, હું તો સહેજ હસતો હતો. એમ કહી જમાદાર રવાના થઇ ગયા. જરા દૂર શેઠ ગયા કે તુરતજ હવાલદાર પાસે આવી ઉભા રહ્યા અને કહ્યું કે, શેઠ! આપને રાજાજીએ ગામ બક્ષીસ કર્યાનું જાણી હું ઘણોજ ખુશી થયો છું. અમે વખત આવે આપને કામના છીએ, માટે પાન-સોપારીનો એકાદ રૂપીયો આપી ખુશી કરતા જાવ. શેઠે એકદમ ગુસ્સે થઇ નાક ફૂલાવી જોરથી કહ્યું કે,

રાજાની પાસે આવા તમારા જેવા કેટલા ભીખારો ભરાયા છે. જાવ, તમારો વખત આવે ત્યારે મને દરબારમાં પણ પેસવા ન દેશો, એમ કહી શેઠ ચાલતા થયા. આ હકીકત પાસે ઉભેલા એક વૃદ્ધ સિપાઈના જાણવામાં આવતાં તેણે વિચાર્યું કે, આ મૂર્ખ કૃપણ વણિકના હાથમાં ગામ રહેવાનું નથી. તે કોઇને બે પૈસા ખુશાલી બદલ આપી પોતાને વશ કરી લેતો નથી, અને આપખુદી વાપરી ચાલ્યો જાય છે, જેથી પાછળથી ઘણોજ પસ્તાશે માટે તેને જરા સમજાવું, એમ ધારી તેણે પાસે આવી કહ્યું કે શેઠ! આપને ગામ બક્ષીસ મળ્યું, છતાં જમાદાર અને હવાલદારને ખુશી કર્યા વગર ચાલ્યા જાવ છો, એ ઠીક કરતા નથી. હજુ પણ તમારા સારા માટે કહું છું કે, આ રાજાના મહેલની નીચે એક ફકીરની દીકરીઓ નુરી અને ફતુરી નામની બે બ્હેનો રહે છે. તેઓ આખા દિવસમાં શહેરમાં બનેલી સારી-નરસી તમામ વાતો પોતાને ઓટલે બેસી કર્યા કરે છે, અને તે સઘળી વાતો રાજા ચૂપકીથી સાંભળી તે ઉપર વજન રાખે છે; તમને ગામ બક્ષીસ મળ્યાના સમાચાર એ બે બ્હેનાએ સાંભળ્યા છે, અને કાંઈક મળવાની આશાએ આગળ ઉભીઓ છે, માટે તેને ખુશી કરતા જજો, નહિ તો પસ્તાવું પડશે. શેઠે કહ્યું કે, એ નુરી અને ફતુરી કોઈની મારે દરકાર નથી. તમારે સર્વેને જેમ કરવુ ઘટે તેમ કરજો. એમ કહી શેઠ ઘર તરફ રવાના થઇ ગયા. શેઠ ખુશી કર્યા વગર રવાના થઇ ગયા જેથી નુરી અને ફતુરીએ વિચાર્યું કે, જોઇએ કે હવે શેઠને ગામ બક્ષીસ કેવી રીતે મળે છે. સાંજ પડતાં બંને બ્હેનો પોતાના ઓટલે આવી બેઠી, અને રાજા પણ તે બન્નેની વાતો સાંભળવા છુપી રીતે બેઠા છે, એટલે તેઓએ વાતની શરૂઆત કરી.

નુરી - કેમ બેન ફતુરી! આજે ગામમાં કાંઈ નવિન સાંભળવા જેવી બીના બની છે? જાણવામાં હોય તો કહે.

ફતુરી—(રાજાને ચૂપકીથી સાંભળતા જોઇ કહેવું ઠીક છે, એમ ધારી) બેન નુરી! આજની વાત તો ગામમાં રાજાને પ્રીટ-

કાર તુલ્ય બની છે, અને તેથી કહેવાય તેમ નથી.

નુરી—બેન ફતુરી ! તે વાત ગમે તેવી હોય, પણ મને જણાવ.

ફતુરી—બેન ! સાંભળ. આજે સવારમાં એક વણિક ગૃહસ્થે રાજાજી પાસે આવી કેટલાંક રમકડાં ભેટ કર્યાં. નવિન ચીજો જોઇ રાજાજી ખુશી થયા, અને તે ખુશાલીના બદલામાં રાજાએ એક ગામ શેઠને બક્ષીસ કર્યું. રાજાના ભંડારમાં સોના, રૂપા અને પૈસાની કાંઇ ન્યૂનતા નથી, જેથી તેમાંથી મરજી મુજબ આપ્યું હોત તો ઠીક હતું, પરંતુ પોતે પૃથ્વીપતિ એટલે જમીનના ધણી કહેવાય અને પોતાની ધણીઆણારૂપ ગામ વણિકને ઈનામ આપ્યું જેથી લોકોમાં આ વાત ઘણીજ નિંદાપાત્ર બની છે.

ઉપર પ્રમાણે નુરી-ફતુરી વચ્ચે થતી વાતચિત સાંભળી રાજાએ વિચાર્યું કે, લોકોમાં અપકીર્તિ થાય એવું મેં કર્યું, એ ખરેખર ભૂલને પાત્ર છે, પરંતુ હજુ મેં શેઠને ગામ બક્ષીસ કર્યાનું લખત કરાવી આપ્યું નથી, જેથી ફીકર જેવું નથી. આવતી કાલે તે વણિક લખત કરાવવા મારી પાસે આવશે, એટલે તુરતજ જમાદાર મારફત ધક્કા મરાવી બહાર કઢાવીશ. એમ ધારી રાજા પોતાને સ્થાનકે ગયા. બીજે દિવસે પેલા શેઠ ન્હાઇ-ધોઈ ચાંદલો કરી અને કંસાર જમી સારા શુકન જોઇ ગામનું લખત કરાવવા માટે રાજા પાસે ગયા. રાજાએ પ્રથમથીજ જમાદારને સૂચવ્યા પ્રમાણે, શેઠ દરબારમાં દાખલ થવા જાય છે કે તુરતજ જમાદારે હાથ ઝાલી ઉભા રાખ્યા, અને ત્રણ ધક્કા માર્યા. એટલામાં હવાલદાર પણ આવી પહોંચ્યા અને તેણે પણ શેઠને બે ધક્કા માર્યા. આથી નિરાશ થઈ શેઠ પેલા વૃદ્ધ સિપાઇ પાસે ગયા અને કહ્યું કે, મીઆં સાહેબ ! આપનું કહેવું મેં માન્યું નહિ, અને મોઢામાં આવેલો કોળીઓ ચાલ્યો ગયો, હવે મારે કેમ કરવું તે કહો. હું હવે આપના કહેવા પ્રમાણે વર્ત્તવા તૈયાર છું.

હવે શેઠ સીધા થયા એમ જાણી વૃદ્ધ સિપાઇએ કહ્યું કે, શેઠ ! રાજાએ તમને જે ગામ બક્ષીસ કર્યું છે, તેમાં અડધો ભાગ

તમારો, અને અડધો ભાગ જમાદાર, હવાલદાર, નુરી, ફતુરી અને મારા વચ્ચે આપવાનું કબુલ કરતા હો તો નુરી ફતુરીને સમજાવી યોગ્ય ગોઠવણ કરૂં. શેઠે બધું જાય છે તે કરતાં અડધું પણ મળે તો ઠીક એમ ધારી કબુલ કર્યું. એટલે સિપાઇએ તે પ્રમાણે ગોઠવણ કરી.

બીજે દિવસે નુરી અને ફતુરી હંમેશના રીવાજ મુજબ સાંજે પોતાના ઓટલે આવી બેઠી, અને રાજા પણ ચૂપકીથી બેઠા છે, એટલે વાતચિત શરૂ કરી.

નુરી—બેન ફતુરી! આજે પેલો શેઠ રાજા પાસે ગામનું લખત કરાવા આવ્યો હતો, પરંતુ ગામને બદલે શેઠને માર ખાવો પડયો, અને તેથી નિરાશ થઈ પાછો ગયો.

ફતુરી—ત્યારે તો બેન નુરી! હવે રાજાની નિંદા થતી બંધ થઇને?

નુરી—બેન ફતુરી! આથી તો રાજાની વધારે અપકીર્તિ થઇ. જેમ હાથીના બહાર નીકળેલા દંતુશળ અંદર પેસે નહિ, તેમ રાજાએ આપેલું વચન કદી ફરવું ન જોઇએ. રાજાએ ગઇ કાલે વણીકને ગામ બક્ષીસ કર્યું, અને આજે ફરી ગયા એ ક્ષત્રિયની રીત નહિ. કહ્યું છે કે,

જાકે બોલે બંધ નહિ, મરમ નહિ મન માંહ્ય;
વાકો સંગ ન કીજીએ, છોડ ચલે બન માંહ્ય.

આમ રાજાની વાતો ગામમાં ચાલી રહી છે. આવી વાત સાંભળી રાજાએ વિચાર્યું કે, બોલીને ફરી જવું એ મારા માટે યોગ્ય ન કહેવાય. ગમે તેમ વાતો થાય, પણ મારે તો વણિક ગૃહસ્થને બોલાવી ગામ બક્ષીસ આપ્યાનું લખત કરી આપવું જોઇએ. એમ ધારી બીજે દિવસ શેઠને બોલાવી રાજાએ ગામ બક્ષીસ કરી લખત કરાવી આપ્યું; અને શેઠે પણ કબુલાત મુજબ જમાદાર વગેરે પાંચ જણને અડધો ભાગ સોંપી દીધો. આ દૃષ્ટાંત સિદ્ધાંત પર ઉતરી શકે છે.

જીવરૂપી શેઠ, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ માલ, રાજા રૂપી મન, જમાદારરૂપી કાયા, હવાલદારરૂપ કાન, સીપાહીરૂપ નાસીકા, તુરીરૂપ બે આંખો, અને ફતુરીરૂપ જીભ. હવે સાધુ મહાત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર સંભળાવવાની ઇચ્છા રાખતા હોય તો પાંચે ઈંદ્રિઓ વશ રાખી બેસવું જોઈએ, તેમાં તુરીરૂપ બે આંખો અને ફતુરીરૂપી જીભને તો ખાસ કરીને કબજે રાખવી, નહિ તો ચારિત્રરૂપી માલ હાથમાં આવેલો જશે.

એમ હરીકેશી મુનિએ પણ પાંચ ઇન્દ્રિઓને વશ કરી હતી.

અર્થ—ઇ૦ ઈર્યા સુમતી, એ૦ એષણા સુમતી, ભા૦ ભાષા સુમતી, ઉ૦ ઉચ્ચારાદિક પરઠવવાની એ ચ્યાર સુમતીને વિષે, જ૦ જતનાવંત, આ૦ આયાણ નિખેવણા સુમતીને વિષે, સં૦ સંજતિ, સુ૦ ભલી સમાધીવંત. ॥ ૨ ॥

**मूल—इरि एसण भासाए, उच्चार समिती सुय;**
**जओ आयाण निस्केवे, संजओ सुसमाहिओ॥२॥**

ભાવાર્થઃ—૧ ઈર્યા એટલે જોઇને ચાલવું તે. ૨ ભાષા એટલે વિચારીને બોલવું તે ૩ એષણા એટલે શું લેવું અને શું ન લેવું તે. ૪ નીક્ષેપના એટલે ધર્મ ઉપગરણ કેવી રીતે લેવા, મુકવા અને સાચવવા તે. અને ૫ પારીથાવણીયા સુમતિ એટલે જીર્ણ ઉપગરણાદિક ક્યાં પરઠવવું તે.

એ પાંચ સુમતિએ કરી સહિત શ્રી હરિકેશીમુનિ પ્રવર્તતા હતા.

૧ પ્રથમ ઈર્યાસુમતિના ચાર ભેદ. ૧ દ્રવ્યથી જોઇને ચાલવું; ૨ ક્ષેત્રથી સાડાત્રણ હાથ પ્રમાણે જોવું; ૩ કાળ થકી દિવસે જોઇને ચાલવું, અને રાત્રીએ પુંજીને ચાલવું; ૪ ભાવ થકી પાંચ પ્રકારની સજઝાય અને પાંચ ઈંદ્રિઓના વિષય એ દસ બોલ વર્જવા.

૨ ભાષા સુમતિ તેના ચાર ભેદ. ૧ દ્રવ્ય થકી વિચારીને બોલવું; ૨ ક્ષેત્ર થકી રસ્તે ચાલતાં વાત કરવી નહિ; ૩ કાળ

થકી પહોર રાત્રિ ગયા પછી ઉંચે સ્વરે બોલવું નહિ, ૪ ભાવ થકી ભાષાનો લાભાલાભ વિચાર કરી ઉપયોગ સહિત નિર્વંદ્ય વચન બોલવું.

૩. એષણા સુમતિ તેના ચાર ભેદ. ૧. દ્રવ્ય થકી બેંતાલીસ દોષ રહિત આહાર, ઉપધિ, સેજ્યા વગેરે લેવું; ૨. ક્ષેત્ર થકી બે ગાઉ ઉપરાંત આહાર પાણી લઈ જવો નહિ, ૩. કાળ થકી પહેલા પહોરે આહાર લીધેલો હોય તે ચોથા પહોરે ભોગવવો નહિ, ૪ ભાવ થકી આધાકર્મી, સચેત અને ખાવાથી રોગ ઉત્પન્ન થાય કે જીવ જાય તેવો-કડવા તુંબડા જેવો-આહાર લેવો નહિ.

૪. નીક્ષેપણા સુમતિ તેના ચાર ભેદ. ૧ દ્રવ્ય થકી ધર્મ ઉપગરણ યત્નાએ લેવું-મુકવું; ૨ ક્ષેત્ર થકી ગૃહસ્થીને ઘેર મુકવું નહિ; ૩ કાળ થકી બે વખતની પડિલેહણા કરવી; ૪ ભાવ થકી મૂર્છા, મમત્વભાવ રહિત રહેવું.

૫. પારીઠાવણીયા સુમતી તેના ચાર ભેદ. ૧ દ્રવ્ય થકી દિવસે જોઈને પરઠવવું, ૨ ક્ષેત્ર થકી દ્વેષ અને દુર્ગંછા થાય ત્યાં પરઠવવું નહિ; ૩ કાળ થકી દિવસે જોઇ રાખેલી જમીન પર રાત્રીએ પરઠવવું; ૪ ભાવ થકી કોઇ આવતું નથી, અને કોઈ દેખતું નથી તેવે સ્થળે પરઠવવું.

એ પાંચ સુમતિરૂપ અપવાદ માર્ગ કહ્યો, હવે ઉત્સર્ગ માર્ગ કહે છે.

અર્થ—મ૦ મનગુપ્ત, વ૦ વચનગુપ્ત, કા૦ કાયગુપ્ત, જિ૦ જિતેંદ્રિય એવા હરિકેશિબળમુનિ, ભિ૦ ભિક્ષાને અર્થે, બં૦ બ્રાહ્મણના, જ૦ જજ્ઞના પાડાને વિષે આવ્યા. ૩

मूल--मणगुत्तो वयगुत्तो, कायगुत्तो जिइन्दिओ;
भिरकठा बम्भइज्जाम्मि, जन्नवाडमुवठिओ ॥३॥

ભાવાર્થ:—ઉત્સર્ગ માર્ગના ત્રણ ભેદ. ૧ મનગુપ્તિ, ૨ વચનગુપ્તિ, અને ૩ કાયગુપ્તિ. દરેકના ત્રણ ત્રણ ભેદ છે. તેમાં

મનગુપ્તિના ત્રણ ભેદ. ૧ મનમાં એમ ન ચિંતવવું કે એ મરે તો સારૂં, ૨ બીજો કોઇ તેને મારે તો સારૂં, ૩ હું તેને મારૂં. એમ વચન અને કાયગુપ્તિના ત્રણ ત્રણ ભેદ જાણવા. એ નવ ભેદે કરી વિશુદ્ધ રહેવું તે ઉત્સર્ગ માર્ગ. એમ જિતેંદ્રિય હરીકેશિમુનિ ભિક્ષાને માટે બ્રાહ્મણના યજ્ઞપાડાને વિષે આવ્યા.

હરીકેશિમુનિ તે યજ્ઞના મહા આરંભને વિષે કેવી રીતે આવી ચડયા, તે પર

## હરીકેશીમુનિના પૂર્વભવની હકીકત.

મથુરા નગરીના શંખ નામે રાજાએ ધર્મ સાંભળી ચારિત્ર અંગિકાર કર્યું હતું. એક દિવસ શંખમુનિ ગજપુર નગર તરફ વિહાર કરતા ચાલ્યા જતા હતા. રસ્તામાં ચાલી ન શકાય એવી ઉષ્ણ જમીન આવી જેથી કઇ તરફ થઈ જવું એમ વિચાર કરતા હતા એટલામાં સોમદેવ નામના પુરોહિત મળ્યા. સાધુએ તેમને ઉષ્ણતા વગરનો માર્ગ બતાવવા જણાવ્યું, પરંતુ દ્વેષબુદ્ધિએ તે પુરોહિતે સાધુને એજ માર્ગ સિવાય બીજો રસ્તો નથી એમ કહ્યું, જેથી સાધુ તેજ રસ્તે ચાલ્યા. સાધુના તપના પ્રભાવથી ઉષ્ણતા દૂર થઇ અને સાધુ ઉદ્યાનમાં પધાર્યા. પાછળથી પુરોહિતને સાધુની આસાતના કર્યા સંબંધી પસ્તાવો થયો, જેથી તે ઉદ્યાનમાં સાધુ પાસે આવી કહેવા લાગ્યો કે, હે સ્વામિ ! આપે મને માર્ગ સંબંધી પુછયું, પરંતુ મેં દ્વેષબુદ્ધિએ સરળ રસ્તો ન બતાવ્યો અને મેં આપની આસાતના કરી તો તે પાપકર્મથી હું કેવી રીતે મુક્ત થઈ શકું તે કૃપા કરી જણાવો.

જવાબમાં શંખમુનિએ તે પુરોહિતને દીક્ષા લેવા સૂચવ્યું. મુનિના ફરમાન મુજબ તુરતજ તેણે દીક્ષા લીધી, બરાબર સાધુપણું પાળ્યું, પરંતુ જાતિમદ કર્યો જેથી, કાળને અવસરે કાળ કરી દેવલોકમાં ગયા, અને ત્યાંથી ચ્યવી મૃતગંગા કિનારે બલકોટે હરીકેશી ચાંડાલના સ્વામી કે જેને ગોરી અને ગંધારી બે પત્ની છે, તેમાં ગોરીની કૂખે ઉપન્યા. ગોરીએ સ્વપ્નાવસ્થામાં વસંત માસ અને ફળ્યાફૂલ્યા આંબાનું વૃક્ષ જોયું. પ્રભાતે સ્વપ્ન

પાઠકને તેનું ફળ પૂછતા, એક મહાત્મા પુત્રનો જન્મ થવાનું તેણે જણાવ્યું. સમય પૂર્ણ થયે પુત્રનો જન્મ થયો, પરંતુ પૂર્વ ભવના જાતિમદને લઇ તે શરીરે કાળો, કદરૂપો, કોઇને દીઠે ગમે નહિ તેવો, ઘણા ખરાબ સ્વભાવવાળો અને કલેશકારી થયો. અને તેનું બલ નામ રાખ્યું.

એક દિવસ વસંતઋતુના મહોત્સવને લઇ સર્વ કુટુંબી મિત્રમંડળ વગેરે એકત્ર થઇ જમે છે અને આનંદ કરે છે. પરંતુ બલને કાળો, કદરૂપો અને કલેશકારી જાણી પાસે આવવા દેતા નથી, જેથી તે દૂર બેઠો બેઠો આ બધું જોયા કરે છે. એવામાં અકસ્માત એક ઝેરી અને બીજો ઝેર વગરનો એવા બે સર્પ જોવામાં આવ્યા. ઝેરી સર્પને તુરતજ તે લોકોએ એકઠા થઇ મારી નાખ્યો, અને ઝેર વગરના સર્પને જીવતો જવા દીધો. આ ઉપરથી બલને વિચાર થયો કે, ઝેરી સર્પની માફક હું કલેશ-કારી અને ખરાબ સ્વભાવવાળો છું જેથી મને આ લોકોએ દૂર કાઢી મુકયો, પરંતુ ઝેર વગરના સર્પને જેમ જીવતો જવા દીધો તેમ હું પણ જો સારા સ્વભાવવાળો અને સર્વને જોઇ આનંદ થાય એવો હોત તો મને દૂર કાઢી ન મુકત, પોતાના દોષે કરી-નેજ જીવ દુઃખી થાય છે. આવા વિચારમાં ને વિચારમાં તે પોતાની મેળે પ્રતિબોધ પામ્યો, અને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું, જેથી દીક્ષા લઇ લીધી. વિહાર કરતા વણારશી નગરીમાં તીંદુક નામના ઉદ્યાનમાં આવ્યા અને ત્યાં મંડીક નામના યક્ષના દેવળમાં છઠ્ઠ, અઠમ, માસખમણાદિક તપ કરવા લાગ્યા. તપના પ્રભાવથી તે યક્ષ મુનિનો અત્યંત રાગી થયો. એક વખત તે યક્ષની પાસે બીજો યક્ષ મળવા આવ્યો. અને હમણાં તમે મારા વનને વિષે કેમ આવતા નથી એમ પુછયું ત્યારે મંડીકે કહ્યું કે, હાલ હું અત્રે મારા દેવળમાં રહી તપશ્ચર્યા કરતા મુનિની સેવામાં છું, અને તેમના ગુણના આકર્ષણને લઈ કયાંઈ જઇ શકતો નથી. ત્યારે તેણે કહ્યું કે, એવા મુનિ તો મારા વનમાં ઘણાં આવીને ઉતર્યા છે. ચાલો ત્યાં જઈ પરીક્ષા કરીએ. એમ

કહી બન્ને ત્યાં ગયા, તો સર્વેને પ્રમાદને વશ થઇ વિકથા કરતા જોયા. આથી તે યક્ષ તુરતજ ત્યાંથી રવાના થઇ પોતાના દેવળમાં હરીકેશીબલ મુનિ પાસે આવી નમન કરી નિરંતર સેવા કરવા લાગ્યો.

એક દિવસ વણારશી નગરીના કૌશલિક રાજાની કુંમરી ભદ્રા પોતાની સખીઓ સહિત, પુજાની સામગ્રી લઇ ત્યાં આવી, અને તે યક્ષની પ્રતિમાને પુજી પ્રદક્ષિણા દેતાં, શરીર અને વસ્ત્ર જેનાં મલીન છે એવા કદરૂપા મુનિને જોયા, અને થુથુકાર કરી મુનિનો તિરસ્કાર કર્યો. આથી તેને શીક્ષા કરવા માટે યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો. તેથી તે કુંવરી જેમતેમ બોલવા અને બબડવા લાગી. તેને ચિત્તભ્રમ થયાનું જાણી રાજદરબારમાં લાવવામાં આવી. રાજાએ ઘણાં મંત્રવાદીઓને બોલાવ્યા, અને ઔષધોપચાર કર્યો, પરંતુ તેથી કાંઇ આરામ ન થયો. છેવટે તે કુંવરીના શરીરમાંથી યક્ષ બોલ્યો કે, આ કુંવરીએ મારા દહેરામાં રહેલા મુનિની આસાતના કરી છે, પણ જો તે સાધુની સાથે કુંવરીનું પાણીગ્રહણ કરાવવાનું રાજા કબુલ કરે તો હું તેના શરીરમાંથી બહાર નીકળું. રાજાએ, કુંવરી ઋષીપત્ની થઇને પણ જીવતી રહે તો સારૂં એમ ધારી તે વાત કબુલ કરી, એટલે યક્ષ બહાર નીકળી ગયો. પછી રાજા કુંવરીને લગ્ન પ્રસંગને યોગ્ય વસ્ત્રાલંકાર ધારણ કરાવી ધામધુમથી યક્ષને દહેરે લાવ્યા, અને ત્યાં આવી મુનિને પગે પડી વિનવવા લાગ્યા કે, હે મુનિ! આ મારી કન્યાનું પાણીગ્રહણ કરો. મુનિ બોલ્યા કે હે રાજા! એ કાર્ય સાધુનું નથી. સાધુએ સ્ત્રી સાથે એક સ્થાનકમાં રહેવાય નહી. વળી સિદ્ધિરૂપ મોક્ષ માર્ગની ઇચ્છાવાળા સાધુ, અશુચિમય શરીરવાળી એવી સ્ત્રીને કેમ ઇચ્છે?

યક્ષની ઇચ્છા તે કન્યા સાથે સાધુનું પાણિગ્રહણ કરાવવાની હોવાથી તેણે સાધુના શરીરમાં પ્રવેશ કર્યો, અને તેથી યક્ષરૂપ સાધુએ પરવશતાને લઇ તે કુંવરી સાથે પાણીગ્રહણ કર્યું. રાત્રિ પસાર થઇ એટલે પ્રભાતે યક્ષ સાધુના શરીરમાંથી

બહાર નીકળી ગયો. પાસે રાજકન્યાને બેઠેલી જોઈ મુનિ બોલ્યા કે, હે કુંવરી! હું પંચમહાવ્રતધારી સાધુ છું. મન, વચન અને કાયાએ કરી મારે જાવ જીવ સ્ત્રી સંગના પચ્ચખાણ છે. યક્ષના પ્રતાપે આમ બન્યું છે, પણ હવે તે યક્ષ આવ્યા પહેલાં તું અહિંથી રવાના થઇ તારા માતા પિતા પાસે ચાલી જા. કુંવરી પરણુવાની વાતને સ્વપ્નવત્ સમજી તુરતજ ત્યાંથી રવાના થઇ, અફસોસ કરતી ઘેર આવી, અને માતા–પીતાને સર્વ હકીકત સંભળાવી. આ આશ્ચર્યકારક વાત સાંભળી રાજાએ વિચાર્યું કે, હવે શું કરવું ? આ કન્યા ન કુંવારી કે ન પરણેલી કહેવાય. મુનિની આસાતનાનું આ ફળ મળ્યું, પણ હવે મારે એને ફરી પરણાવવી, એમ ધારી સર્વ રાજ્ય કર્ત્તાઓને તે વાત જાહેર કરાવી, પણ સૌએ, તે કન્યા ઋષિને પરણાવેલી જેથી ઋષિ પત્ની કહેવાય અને હવે તે ક્ષત્રીઓને ખપે નહિ, એમ ધારી ના કહેવરાવી, આથી રાજાને ઘણોજ ખેદ થયો. છેવટે પોતાના રૂદ્રદેવ નામના પુરોહિતને બોલાવ્યા, અને તેને કુંવરીનું પાણિગ્રહણ કરવા સૂચવ્યું. પુરોહીતે રાજાની આજ્ઞા માથે ચડાવી કહ્યું કે, હું તે વાત કબૂલ કરૂં છું, પરંતુ આ કન્યાને પાવન કરવા માટે યજ્ઞ–હોમ કરવો પડશે, અને તેનું સર્વ ખર્ચ આપે આપવું પડશે. રાજાએ તેમ કરવાનું કબૂલ કર્યું અને કન્યા પરણાવી. હવે ઘેર આવી પુરોહીતે આચાર્ય, ઉપાધ્યાય અને વિદ્યાર્થીઓને દૂર દેશથી બોલાવરાવી યજ્ઞની શરૂઆત કરી, અને સર્વને જમાડવા માટે ઘેબરાદિક સારાં સારાં મિષ્ટાન્ન તૈયાર કર્યા છે, આ વખતે મહાત્મા હરીકેશી મુનિને માસખમણનું પારણું હોવાથી બાર વાગ્યા પછી ગૌચરીએ નીકળ્યા છે. મુનિને સારો આહાર મેળવી આપવાની ઇચ્છાથી તેમના રાગી યક્ષે તેમના શરીરમાં પ્રવેશ કર્યો અને મુનિને બ્રાહ્મણના થતા યજ્ઞ પાડા તરફ લઇ ગયો. તે વખતે મુનિને પાંચમી પડીમાં ચાલતી હતી, તેથી જીર્ણ અને મલીન વસ્ત્ર ખભે નાખેલાં હતાં. શરીર દુર્બળ હતું. પૂર્વભવના જાતિમદને લઇ શરીર કદરૂપું

હોવાથી જોનારને ભયંકર લાગતું હતું. આવા હરીકેશી મુનિને બ્રાહ્મણોએ યજ્ઞ પાડા તરફ આવતા જોયા.

અર્થઃ—તં૦ તે સાધુને, પા૦ દેખીને, એ૦ આવતાથકા, ત૦ તપે કરી, પ૦ દુર્બળ કીધું છે શરીર જેણે, પં૦ જીર્ણ અસાર, ઉ૦ ઉપગરણ છે જેને, ઉ૦ હાસ્ય કરે છે, અ૦ અનાર્ય મ્લેછ સરીખા. ૪.

मूलः—तं पासिऊणं एज्जन्तं तवेण परिसोसियं;
पन्तो वहि उवगरणं उवहसन्ति अणारिया॥४॥

ભાવાર્થઃ—તે વખતે હરીકેશી મુનિ માસ માસ ખમણના પારણા કરતા હતા જેથી શરીરમાંથી લોહી અને માંસ શોષાઈ શરીર એવું દુર્બળ બની ગયું હતું કે, જાણે નસોથી ચામડી હાડકાં સાથે વીંટેલી નહોય, એમ દેખાતું હતું, તેમની પાસે જે વસ્ત્રાદિક વગેરે હતું તે સર્વ પાસે રાખતાં, અને તે વસ્ત્ર જીર્ણ અને મલીન હતાં. તે વખતે તેમને પાંચમી પડિમાં ચાલતી જેથી વધારે વસ્ત્ર નહિ રાખી શકવાને કારણે વસ્ત્ર ધોવાનુ કલ્પતું નહોતું. એવાં મલીન વસ્ત્રવાળી સ્થીતિમાં દૈવની પ્રેરણાથી તેઓ તે બ્રાહ્મણના યજ્ઞપાડા તરફ આહારની ઇચ્છાથી આવતા જોઇ બ્રાહ્મણો હસવા લાગ્યા, અને એક બીજા સામું જોઇ મશ્કરી કરવા લાગ્યા.

જેમ આર્ય એટલે દયાળુ માણસ અન્યને દુઃખી જોઇ પોતે દુઃખી થાય અને સામાના દુઃખમાં બને તેટલો ભાગ લે, અને અનાર્ય એટલે નિર્દય માણસ દુઃખીના દુઃખમાં ભાગ લેવાને બદલે તેની હાંસી મશ્કરી કરે, તેની માફક તે બ્રાહ્મણો પણ હરીકેશી મુનિને આવી સ્થીતિમાં જોઇ હસ્યા.

બ્રાહ્મણ અનાર્ય એટલા માટે કે, તેઓ નિઃશંકપણે બોકડાદિક જીવતા પ્રાણીનો અગ્નિમાં હોમ કરે છે.

અર્થઃ—જા૦ જાતિને મદે કરિ અહંકારી હિંસાના કરણહાર, અ૦ અજીતેંદ્રી, અ૦ અબ્રહ્મચારી, બા૦ અજ્ઞાની, ઇ૦ આગળ કહેશે તેવા વચન બોલવા લાગ્યા. ૫.

मूलः--जाई मय पडिबद्धा ।
हिंसगा अजिइन्दिया ॥
अबम्भ चारिणो बाला ।
इमं वयणमब्बवी ॥ ५ ॥

ભાવાર્થઃ—તે બ્રાહ્મણો પોતાની બ્રાહ્મણ જાતિના મદ અને અહંકારને લઈ મદોન્મત્ત હસ્તી સમાન બનેલા હોય છે, અને તેથી તેઓ પોતાની જ્ઞાતિ સિવાયનાને તૃણવત્ માને છે. વળી હીંસા કરવામાં તો જરાપણ પાછી પાની કરતા નથી. તેઓ ઇંદ્રિઓને કબજે રાખી શકતા નથી. વળી અબ્રહ્મચારી અર્થાત્ ધર્મની બુદ્ધિએ મૈથુન સેવે છે. કોઇ પૂછે કે, તમે બ્રહ્મચર્ય પાળ્યા સિવાય બ્રાહ્મણ કેમ કહેવાણા, ત્યારે અજ્ઞાનીને ખોટી રીતે ઉપદેશ આપી એવી રીતે બોલતા બંધ કરે છે કે,

પુરુષે મૈથુન સેવવું એટલે સ્રી ભોગવવી એ ધર્મ છે. તેમ કરવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે, અને પુત્ર ઋષીશ્વર થયે સન્યસ્ત લઇ શકાય છે. अपुत्रस्य गतिर्नास्ति એ ન્યાયે જેને પુત્ર ન હોય તેનાથી યોગાશ્રમ ધારણ કરી શકાય નહિ. જેને પુત્ર હોય તે તેનો પીંડ કરી તેને સ્વર્ગે પહોંચાડે, નહિતો નરકમાં જવું પડે. પુ એટલે નરક, અને ત્ર એટલે નરકમાંથી તારનાર એટલે નરકે જતા અટકાવે એવા પુત્રને માટે મૈથુન સેવવું જોઇએ. આમ અજ્ઞાની લોકોને સમજાવી બોલતા બંધ કરે પરંતુ જ્ઞાની તો તે વચનો બાળકના સમાન ગણી હસી કાઢે છે. જ્ઞાની માણસો બ્રાહ્મણોને અબ્રહ્મચારી અને બાળ ગણે છે. બાળ એટલા માટે કે, જેમ બાળક રમત ક્રીડા કરે છે, તેમ બ્રાહ્મણો યજ્ઞ હોમાદિક કરે છે, અને તે યજ્ઞ હોમાદિકનેજ આત્મસિદ્ધિ રૂપ ધર્મ માને છે. એવા બ્રાહ્મણો શ્રી હરીકેશીબલ મુનિને કહેવા લાગ્યા કે,

અર્થઃ—ક૦ કોણુરે આવે છે, દિ૦ અત્યંત કુરૂપ, કા૦ વર્ણે કાળો વિ૦ બિહામણો, ફો૦ બેઠી ચીપડી છે નાસીકા જેની, ઉ૦ અસાર છે, વસ્ત્ર જેના, પ૦ રજે કરી પિશાચ સરીખો, સ૦ ઊકરડાને વિષે નાખ્યું હોય એવું જે વસ્ત્ર તેને ધરીને તે કંઠના એક દેશને વિષે. ૬.

मूल--कयरे आगच्छइ दित्तरूवे
काले विगराले फोक्कनासे ।
ओमचेलए पंसुपिसायभूए
संकरदूसं परिहरिय कण्ठे ॥ ६॥

ભાવાર્થઃ—હરીકેશી મુનિને જોઇ બ્રાહ્મણો તિરસ્કારથી બોલ્યા કે, અરે ! આ ભૂતપ્રેત જેવો યજ્ઞપાડામાં કોણ ચાલ્યો આવે છે? અરે! આનું સ્વરૂપ કેવું દીપતું છે તે જુઓ ! ( જેમ માણસને બળીઆના ફોલ્લા શરીરપર ભયંકારી નીકળવાથી કહેવાય છે કે, આને બળીયા સારા નીકળ્યા છે, તેમ આ હરીકેશી મુનિનું શરીર ઘણુંજ વિકાળ અને બીહામણું હોવાથી તેને દીપતું કહ્યું છે. ) જૂઓ ! તેની નાસિકા આગળથી ઉંચી અને વચ્ચેથી બેસી ગયેલી છે, જેથી મોઢું ભયંકર લાગે છે. વળી. અધુરામાં પુરૂં અસાર વસ્ત્ર ધારણ કર્યા છે. ( જે ગચ્છમાંથી નીકળી પડીમાધારી અગર અભિગ્રહધારી અને તેમની પાસે એક હાથ પહોળી અને અઢી હાથ લાંબી એવી એક જાડી પછેડી હોય, અને તે પણ મલીન હોવાથી બ્રાહ્મણોએ તે વસ્ત્રને અસાર કહ્યું. ) વળી રસ્તે ચાલતાં તે વસ્ત્રપર રજ ચોંટવાથી બ્રાહ્મણોએ તે મુનિનું પીશાચ જેવું રૂપ કહ્યું. ( પીશાચને જેમ દાંત, નખ, અને કેશ વધ્યા હોય, અને શરીર મોટું, વળી રજે ખરડેલું હોવાથી ભયંકર લાગે તેમ હરિકેશી મુનિનું શરીર પણ તેવુંજ હતું, વળી તેમણે શરીરપરની મમતા તજી દીધી હતી, આથી બ્રાહ્મણોએ તેમને પીશાચ જેવા કહ્યા. ) વળી ઉકરડો હોય ત્યાં

કચરો, રાખ, છાંણુ અને કોલસા વગેરે જેમ પડયું હોય, તેમ હરીકેશી મુનિના શરીરપર જીર્ણ, મેલાં, રજે ખરડાયલાં વસ્ત્ર હોવાથી બ્રાહ્મણોએ તેમને ઉકરડા જેવા કહ્યા.

હરીકેશી મુનિએ પહેરવા જોગ એક વસ્ત્ર પહેર્યું છે, અને બીજું પાથરવા જોગ વસ્ત્ર ખભાપર નાખ્યું છે, કેમકે તે તેમને કયાંઈ મુકીને જવાય નહિ, એવો પડીમાધારીનો નિયમ છે. પરંતુ બ્રાહ્મણો તો તેમના ગુણની પરીક્ષા કર્યા વિના ફકત દેખાવપરથી તેમનો હલકા શબ્દોથી તિરસ્કાર કરવા લાગ્યા. મુનિ નજીક આવ્યા એટલે બ્રાહ્મણો બોલ્યા કે,

અર્થઃ—ક૦ કોણ રે, તું, ઇ૦ આવો, અ૦ દર્શન કરવા અયોગ્ય વળી, કા૦ કોણ આશાએ, ઇ૦ આ યજ્ઞના પાડાને વિષે આવ્યો છું વળી, ઉ૦ અસાર છે વસ્ત્ર જેના એવા વળી તેમજ, પં૦ રજે કરી પિશાચ સરીખો, ગ૦ યજ્ઞના પાડાથી તું પાછો જા, કિં૦ કેમ અહિંયા ઉભો છું. ૭.

मूल--कयरे तुमं एत्थ अदंसणिज्जे,
काए व आसा इहमागओसि ।
ओमचेलगा पंसुपिसायभूया,
गच्छ कखलाहि किमिहं ठिओसि ॥७॥

ભાવાર્થઃ—અરે! તું ભુત જેવો, નજરે નહિ જોવા લાયક, અદર્શનીક કોણ છું? અને અહિં કેમ, શું આશાએ આવીને ઉભો રહ્યો? આ પવિત્ર યજ્ઞપાડો તારા જેવા મલીન, પિશાચ જેવાના આવવાથી અપવિત્ર થશે, માટે તું તરત અહિંથી ચાલ્યો જા, અને અમારી દૃષ્ટિથી વેગળો થા. તુ કાંઇક આશાએ આવ્યો હોઇશ, પરંતુ અહિંથી તને કાંઈ પણ નહિ મળે. ૭

અર્થઃ—જ૦ જક્ષ તે અવસરે, તિં૦ તિંદુક, રૂ૦ વૃક્ષનો વાસી, અ૦ શાતાનો ઉપજાવણહાર છે, ત૦ તે હરિકેશી, મ૦ મહામુનિને, પ૦ સાધુને શરીરે આછાદન કરીને, નિ૦ પોતે આ પ્રમાણે બોલવા લાગ્યો. ૮

मूल--जकखो तहिं तिन्दुगरुकखवासी,
अणुकम्पओ तस्स महामुणिस्स ।
पच्छाइत्ता नियगं सरीरं इमाइं,
वयणाइ मुदा हरित्था ॥ ८ ॥

ભાવાર્થ:—બ્રાહ્મણોના આવા તિરસ્કારયુક્ત શબ્દો તીંદુક યક્ષે સાંભળ્યા. તે સાધુની સેવા કરનાર હતો, વળી સાધુને માસખમણનું પારણું હોવાથી સારો આહાર મળે એવી ઇચ્છાએ તે અહીં લાવ્યો હતો. જેથી બ્રાહ્મણોને સમજાવવા માટે તે યક્ષે સાધુના શરીરમાં પ્રવેશ કર્યો, અને બીજા એમ જાણે કે, સાધુ બોલે છે, પરંતુ તે યક્ષ કહેવા લાગ્યો કે, ૮

અર્થ:—સ૦ હું સાધુ છું, સં૦ સંજતિ છું, બં૦ બ્રહ્મચારી છું, વિ૦ નિવર્ત્યો છું, ધ૦ ધનથી, પ૦ પરિગ્રહથી, પ૦ વળી પરને અર્થે નિપનો ભિ૦ ભિક્ષાના અવસરને વિષે, અ૦ આહારને અર્થે, ઇ૦ ઇહાં આવ્યો છું. ૯

मूल—समणो अहं संजओ बम्भयारी,
विरओ धणपयण परिग्गहाओ ।
परप्प वित्तस्स उ भिकखकाले,
अन्नस्स अट्ठा इहमागओमि ॥ ९ ॥

ભાવાર્થ:—યક્ષની પ્રેરણાથી તે હરિકેશી મુનિ બોલ્યા કે, હે બ્રાહ્મણો ! હું સાધુ છું, તે નામનો સાધુ નહિ પણ બ્રહ્મચારી, પરિગ્રહ રહિત અને આરંભ સમારંભથી નિવર્તેલો સાધુના ગુણે કરી સહિત છું. હું મારા શરીર અને સંજમના નિર્વાહ અર્થે પારકાને માટે તૈયાર થયેલું ભોજન લેવા માટે આવ્યો છું. તમે મને પૂછ્યું કે, તું કોણ અને શી ઇચ્છાએ આવ્યો છે, તો હું બ્રહ્મચારી સાધુ છું, અને ભિક્ષાર્થે આવ્યો છું, માટે મને ભિક્ષા આપો. ૯

**અર્થ**:—વિ૦ તમે બીજાને દાન આપો છો વળી, ખ૦ તમે ખાવ છો, ભુ૦ તેમજ વળી ભોગવો છો, અ૦ વળી અન્ન ઘણું છે, એ૦ એ પ્રત્યક્ષ, જા૦ વળી જાણુ મુજને, જા૦ યાચવે કરીને જીવવું છે જેને માટે, સે૦ એ શેષ રહેલા આહારને, ત૦ મને તપસ્વીને આપો. ૧૦

मूल—वियरिज्जइ खज्जइ भुज्जई य,
अन्नं पभूयं भवयाणमेव ।
जाणाहि मे जायणजीविणोत्ति,
सेसावसेसं लभओ तवस्सी ॥ १० ॥

**ભાવાર્થ**:—વળી મુનિ બોલ્યા કે, હે બ્રાહ્મણો! તમારી પાસે ઘેવર, ખાજાદિક ભોજન પ્રત્યક્ષ પડેલું છે, તે તમે જમો છો, બીજાને પણ આપો છો, જેથી અમારી પાસે વધારે નથી એમ તમારાથી કહી શકાય તેવું નથી. વળી સર્વ પકવાન તમારી પાસેજ પડેલું છે, જેથી તમારાથી એમ પણ કહી શકાય તેમ નથી કે, ભોજન ઘણું દૂર પડ્યું છે, અને કોઈ આપી શકે તેમ નથી. હું હંમેશાં ગૃહસ્થો પાસેજ અન્નની યાચના કરૂં, અને મારો સંયમ પાળું છું. તમારા મનમાં એમ થાય કે, આ સાધુ સારો માલ ખાવાને આવ્યો છે, પરંતુ તેમ નથી. અમે તો ઉગર્યાનો ઉગર્યો એટલે એક વખત તમે સર્વે જમ્યા, બીજાઓને પણ આપ્યું, છતાં ઘણું વધ્યું છે, વળી વધેલું ભોજન તમે બીજી વખત ભોગવ્યું અને બીજાને આપ્યું, એવું વધેલું ભોજન તેને ઉગર્યાનું ઉગર્યું કહે છે, તે મને આપો. ૧૦

**અર્થ**:—ઉ૦ લવણાદિકે કરીને સંસ્કાર્યું એવું જે ભોજન, મા૦ એકલા બ્રાહ્મણના અ૦ આત્માને અર્થેજ નિપનું છે માટે મ૦ અમે એ પૂર્વોક્ત અન્ન ઓદનાદિક પા૦ પાણી દ્રાક્ષાદિક ન૦ દા૦ તુજને દેશું નહિ કિં૦ શા માટે ઈહાં તું ઉભો રહ્યો છું. ૧૧

मूल--उक्खडं भोयण माहणाणं,
अत्तट्ठियं सिद्धमिहेगपक्खं ।
न उवयं एरिसमन्नपाणं दाहामि,
तुज्झं किमिहं ठिओसि ॥ ११ ॥

ભાવાર્થ:—આ પ્રમાણે સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, હે સાધુ ! અમે આ યજ્ઞ પાડાને વિષે હીંગાદિક મશાલાથી સંસ્કારેલું ઘણુંજ સારૂં ભોજન નીપજાવેલું છે, તે ફકત અમારા માટેજ છે. બીજાને આપવા માટે નથી. આ ભોજન ક્ષત્રી અને વૈશ્યને અર્થે નથી, પણ યજ્ઞ કરનાર બ્રાહ્મણને માટેજ છે. તો પછી ક્ષુદ્રને માટે તો કયાંથીજ હોય ! ક્ષુદ્ર જાતિને માટે અમારા શાસ્ત્રમાં કહ્યું છે કે, ક્ષુદ્રને વાંચણી આપી ભણાવવો નહિ, ધર્મ ઉપદેશ આપવો નહિ, જમતાં થાળીમાં એંઠું ભોજન વધેલું હોય તે આપવું નહિ, અને વ્રત પણ અદરાવવા નહિ, કેમકે તે જાતિ અત્યંત નીચ છે. માટે અમે તેને કાંઇ પણ નહિ આપીએ. તું નકામી આશા રાખી શા માટે ઉભો રહ્યો છું ? ૧૧

અર્થ:—થ૦ ઉંચી ભૂમિને વિષે, બી૦ બીજને વ૦ વાવે છે, કરસણી લોક, ત૦ તેમજ નીચી ભૂમિને વિષે ઘણું નિપજવાની, આ૦ આશાએ કરી, એ૦ એ શ્રદ્ધાએ, દ૦ આપે મને, આ૦ વળી આરાધો, પુ૦ પવિત્ર, ઈ૦ એ મુજરૂપિ ક્ષેત્રને ૧૨.

मूल--थलेसु बीयाइ ववन्ति कासगा,
तहेव निन्नेसु य आससाए ।
एयाए सद्धाए दलाहिं मज्झं,
आराहए पुण्णमिणं खुखित्तं ॥ १२॥

ભાવાર્થ:—સાધુએ કહ્યું કે, હે બ્રાહ્મણો ! જેમ કૃષણી લોકો વધારે વરસાદ થશે તો ટેકરા ઉપર અને થોડો વરસાદ થશે તો

નીચી ખાડાવાળી જમીનમાં પણ પાકશે, એમ ધારી ઉંચી ટેકરાવાળી અને ખાડાવાળી જમીનમાં બી વાવે છે, તેમ તમે પણ ઉંચ, નીચ સરખા ગણી મને આપો. આપ્યાનુંજ ફળ છે. મારા જેવું પુન્યક્ષેત્ર બીજું મળવું દુર્લભ છે, માટે લાભ લ્યો, અને તેનું ફળ જરૂર મળશે. ૧૨

અર્થઃ—એ૦ નિશ્ચેક્ષેત્ર અ૦ અમારાં વિ૦ જાણ્યા પ્રવર્તે છે, લો૦ લોકને વિષે જે૦ જે ક્ષેત્રને વિષે દિધા થકાં અનાદિક ઊપજે, પુ૦ સમસ્ત પુન્ય, જે૦ જે બ્રાહ્મણ જાતે કરી, જે૦ વિદ્યાએ કરી સહિત હોય, તા૦ નિશ્ચે તે ક્ષેત્ર શોભનિક છે. ૧૩.

मूल--खेत्ताणि अम्हं विदियाणि लोए,
जहिं पकिण्णा विरुहन्ति पुण्णा ।
जे माहणा जाइविज्जोववेया,
ताइं तु खेत्ताइ सुपेसलाइं ॥ १३ ॥

ભાવાર્થઃ—બ્રાહ્મણોએ કહ્યું કે, હે સાધુ ! તું પુન્ય ક્ષેત્ર કયું તે સમજતોજ નથી. તે ક્ષેત્ર અમારા જાણવા બહાર નથી. દાન્ય દેવાથી પુન્ય થાય ખરૂં, પરંતુ લેનાર અને દેનાર બન્ને શુદ્ધ જોઇએ. અમે દ્વિજ એટલે શુદ્ધ છીએ, અને તું ક્ષુદ્ર એટલે અશુદ્ધ છે. જેને બ્રાહ્મણની ક્રીયાના સંસ્કાર કરે એટલે જનોઇ પહેરાવે તેનો બીજીવાર જન્મ થયો કહેવાય તે દ્વિજ, વળી જે ન્યાય, તર્ક, શાસ્ત્ર, વેદ, પુરાણ ઇત્યાદિક ચૌદ વિદ્યાના જાણ હોય તે બ્રાહ્મણજ ખરૂં પુન્ય ક્ષેત્ર છે. અમારા શાસ્ત્રમાં બ્રાહ્મણને જમાડવાથી બમણું ફળ, આચાર્યને જમાડવાથી હજારગણું ફળ અને વેદના પારંગામીને જમાડવાથી અનન્તગણું પુન્ય કહ્યું છે. જેથી ક્ષુદ્ર જાતિ નહિ પણ બ્રાહ્મણજ પુન્યક્ષેત્ર છે. તું વિદ્યા રહિત અને અપાત્ર હોવાથી અમે તને દાન આપીશું નહિ. ૧૩

અર્થઃ—ક્રો૦ ક્રોધ, મા૦ માન, વ૦ માયા લોભ અને

જીવની હિંસા, જે૦ જે તમારા વિષે છે વળી, મો૦ જુઠ, અ૦ અદત્ત, ચ૦ ચ શબ્દથી અબ્રમનું સેવવું, પ૦ પરિગ્રહનું રાખવું તેમજ રાગ દ્વેષનું કરવું એટલાંવાનાં જે બ્રાહ્મણને વિષે છે, તે૦ બ્રાહ્મણ જા૦ જાતિએ કરી વિ૦ વિદ્યાએ કરી રહિત છે તા૦ તે ક્ષેત્ર પાપરૂપ છે. ૧૪.

मूल--कोहोय माणोय बहोय जेसिं,
मोसं अदत्तं च परिग्गहं च ।
ते माहणा जाइविज्जा विहूणा,
ताइं तु खेत्ताइ सुपावयाइं ॥ १४ ॥

ભાવાર્થ:—બ્રાહ્મણોનાં આવા વચન સાંભળી દેવ પ્રેરણાથી સાધુ બોલ્યા કે, હે બ્રાહ્મણો ! તમે પુન્યક્ષેત્ર બ્રાહ્મણજ છે એમ કહ્યું તે ઠીક છે, પરંતુ પરમાર્થથી તમે અજાણ છો. બ્રાહ્મણો તો ક્રોધ, માન, માયા અને લોભ તેમજ જીવહીંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહના સેવનાર છે. તમે બ્રાહ્મણપણાને લાયક નથી. પ્રથમ એક વર્ણ ( જાતિ ) હતી, પછી કરણી પ્રમાણે ચાર જ્ઞાતિ થઇ, તે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને ક્ષુદ્ર. બ્રહ્મચર્યનું પાલણ કરે તે બ્રાહ્મણ; શરણે આવેલાને પાળે, અનીતિથી દૂર રહે અને તલવાર ગ્રહણ કરે તે ક્ષત્રી; લેવડ-દેવડ કરે તે વૈશ્ય, અને સેવા કરે તે ક્ષુદ્ર કહેવાય. તમારામાં બ્રહ્મચર્યનો ગુણ જોવામાં આવતો નથી, તેથી તમે બ્રાહ્મણપણાને યોગ્ય નથી. વળી તમે બ્રાહ્મણ થઇને જીવહીંસા કરો છો તેથી તમે ધર્મશાસ્ત્રથી અજાણ એટલે વિદ્યા રહિત છો, અને વિદ્યા રહિત બ્રાહ્મણ 'પુન્યક્ષેત્ર કહેવાય નહિ, જેથી તમે પાપના ક્ષેત્રરૂપ છો. ૧૪

અર્થ:—તુ૦ તમે, આ લોકને વિષે, ભો૦ અહો બ્રાહ્મણ ભા૦ ભારના ધરણહાર છો, ગિ. વેદ વાણીના અ૦ અર્થ પરમાર્થને જાણતા નથી અ૦ ભણીને પણ વેદને ઉ૦ મોટા કુળને

વિષે, નાના કુળને વિષે સાધુ ભિક્ષાને અર્થે પ્રવર્તે છે, તા૦ નિશ્ચે તે ક્ષેત્ર, સુ૦ અતિશે શોભનિક છે. ૧૫.

मूल--तुब्भेत्थभो भारधरा गिराणं,
अट्ठं न जाणाह अहिज्जवेए ।
उच्चावयाइं मुणिणो चरन्ति,
ताइं तु खेत्ताइ सुपेसलाइं ॥ १५ ॥

ભાવાર્થ:—વળી સાધુએ કહ્યું કે, હે બ્રાહ્મણો ! મેં તમને વિદ્યા રહિત કહ્યા, જેથી તમને એમ લાગતું હશે કે, અમે વેદની વાણીનો ઉચ્ચાર કરનારા અને વિદ્યા રહિત કેમ ? પરંતુ જેમ ભાર ઉપાડી લઈ જનાર તેનો માલીક નહિ પરંતુ ભારવહીયો કહેવાય તેમ તમે પણ શાસ્ત્રના પાઠ મોઢે કર્યા છે, પરંતુ તેમાંનું ખરૂં રહસ્ય સમજતા નથી જેથી તમે વેદવાણીના ભારવહીયાજ કહેવાવ. જ્ઞાન અને જાતિના અભિમાનથી બ્રાહ્મણપણું ન કહેવાય. ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે, હે સાધુ ! અમે બ્રાહ્મણ નહિ ત્યારે તમે બ્રાહ્મણ કોને કહો છો ? મુનિએ કહ્યું કે, જે ઉંચ નીચ ઘેર ભીક્ષાને માટે ભમે અને જીવહીંસા રહિત આહાર-પાણી અયાચનાએ કરી લાવીને જીવે, પણ પોતાને માટેજ આરંભ સમારંભ કરાવેલું અન્ન લાવી જીવે નહિ. તેને વેદના જાણ કહે છે. મોટા બૃહસ્પતિ જેવા હોય તે પણ મધુકરની માફક ભીક્ષા ગ્રહણ કરે, અને છઠ્ઠ, અઠમાદિક તપશ્ચર્યા કરે અને પંચ મહાવ્રત પાળે તે મુનિ કહેવાય. તમારી માફક તે અશીયળવંત અને અજીતેન્દ્રિય ન હોય, અને તેથીજ સાધુ એજ સાચું પુન્યક્ષેત્ર છે, પણ બ્રાહ્મણ પુન્યક્ષેત્ર ન કહેવાય. આવા મુનિના વચનો સાંભળી બ્રાહ્મણોના આચાર્ય ઉપાધ્યાય અકળાયા અને જવાબ આપવાને અશક્ત થયા જાણી હવે તેમના શિષ્ય કહે છે. ૧૫

અર્થ:—અ૦ ઉપાધ્યાયના, ૫૦ અવરણવાદના બોલણહાર,

૫૦ બોલે છે, કિં૦ કેમ અમારી સમિપે અ૦ સંભાવનાએ એ૦ એ પ્રત્યક્ષ વિ૦ વિણુસી જાય, અ૦ અન્નપાણી તોપણ, ન૦ નહિ દા૦ આપિએ, તુ૦ તુજને, નિ૦ અહોનિગ્રંથ. ૧૬.

मूल--अज्झावयाणं पडिकूल भासि,
पभाससे किं तु सगासि अम्हं ।
अविएतं विणस्सओ अन्नपाणं,
नयणं दाहामु तुमं नियण्ठा ॥ १६ ॥

ભાવાર્થ:—આ યજ્ઞપાડામાં આચાર્ય, ઉપાધ્યાય સાથે આવેલા વિદ્યાર્થીઓ, સાધુના ઉપરના તિરસ્કાર ભરેલા વચનો સાંભળી ગુસ્સાના આવેશમાં સર્વ એકઠા થઈ, હાથ લાંબા કરી બોલ્યા કે, અરે ઓ દરિદ્રિ ! અમારા ગુરુના અવર્ણવાદ બોલનાર ! તું અમારા સાંભળતા અમારા ગુરુનું આવા વચનોથી અપમાન કરે તે અમારાથી સહન થઇ શકે નહિં. ધિઃક્કાર છે, તારી ભાષાને અને તારા જીવતરને. આ યજ્ઞપાડામાં અન્નાદિક ઘણું આપવા જેવું છે, પરંતુ હવે અમે તને નહિ આપીએ. અમારા ગુરુના અવર્ણવાદ બોલનારને જમાડવાથી અમે દુર્ગતિના અધિકારી થઇએ. જો તું આમ ન બોલ્યો હોત તો છેવટે અનુકંપા ( દયા ) ને લઈ અમે તને થોડું ઘણું આપત, પણ હવે તો બીલકુલ આપીશું નહિ. ભલે તે આહાર સડી જાય, કૂતરાને નાખી દઇએ અગર ફેંકી દેવો પડે, પરંતુ હે મુનિ ! તને તો નહિજ આપીએ. ૧૬

અર્થ:—સ૦ પાંચ સુમતીએ કરી અતિ હે સમાધિવંત મુજને વળી, ગુ૦ ત્રગુપ્તીએ ગુપ્ત, જિ૦ જીતેંદ્રિ એવા, જ૦ જો મુજને, ન૦ નહિદ્યા, અ૦ ઇહાં એષણિક આહાર તો કિં૦ શુ આજ, જ૦ જજ્ઞનો, લ૦ લાભ પામશો ? ૧૭.

मूल—समितीहि मज्झं सुसमाहियस्स,

गुत्तीहि गुत्तस्स जितिन्दियस्स ।
जइ मे न दाहित्थ अहेसणिज्जं,
किमित्थ जन्नाण लहित्थ लाहं ॥ १७ ॥

ભાવાર્થઃ—મુનિ બોલ્યા કે, હે વિદ્યાર્થીઓ ! હું પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિ અને સમાધિએ કરી સહિત સાધુ છું, જો તમે આ નિર્દોષ આહાર મને નહિ આપો તો આ યજ્ઞનું ફળ તમને કેવી રીતે મળી શકશે ? જેમ દહીં, દુધ, અને ઘૃતાદિક ખરાબ વાસણમાં નાખવાથી વિણસી ( બગડી ) જાય છે અને સારા વાસણમાં નાખવાથી બગડતું નથી, તેમ સુપાત્રને દાન દેવાથી લાભ થાય છે, અને અન્ય પાત્રને દાન દેવાથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી, માટે મને સુપાત્રને આપો. ૧૭.

અર્થઃ—કે૦ કોઇ ઇહાં, ખ૦ ક્ષત્રિ, ઉ૦ અગ્નિના સમીપના રહેનાર વિપ્ર અથવા અ૦ ભણાવનાર વિપ્ર સ૦ વિદ્યાર્થિએ કરી સહિત તે ઈહાં આવો આવીને એ૦ આ સાધુને દં૦ ડાંડે કરી, ફ૦ બીલાદિક ફળે કરી હણીને કં૦ ગળાને વિષે ગ્રહીને ખ૦ કાઢો, જો૦ જે કોઇ બળવંત હોય તે. ૧૮.

मूल--के इत्थखत्ता उवजोइया वा,
अज्झावया वा सह खण्डिएहिं ।
एयं तु दण्डेण फलेण हन्ता,
कण्ठम्मि घेत्तूण खलेज्ज जो णं ॥ १८ ॥

ભાવાર્થઃ—મુનિનાં એવાં વચનો સાંભળી આચાર્ય બોલ્યા કે, અરે ! આ યજ્ઞપાડાને વિષે જે ક્ષત્રિય પુત્ર હોય તે, અગ્નિહોત્રિ બ્રાહ્મણ હોય તે, અને રસોઇ કરનાર રસોઇયાઓ તુરત અહિં આવો, અને આ નીંદક સાધુને વાંસની લાકડી, નેતરની સોટી, બીલાનું ફળ, લાત, કોણી, મુઠી વગેરેથી મારો, અને તેનું ગળું પકડી બહાર કાઢો. ૧૮

અર્થ:—અ૦ અધ્યાપકનાં એવાં, વ૦ વચન, સુ૦ સાંભળીને ઉ૦ ધ્યાયા ત૦ તિહાં ઘણા કુંવર દં૦ ડાંડે કરી વિ૦ નેત્રે કરી ક૦ ચાબખે કરી નિશ્ચે સ૦ એકઠા મળ્યા, તં૦ તે રૂષીને, તા૦ હણે છે. ૧૯

मूल--अज्झावयाणं वयणं सुणेत्ता,
उद्धाइया तत्थ बहु कुमारा ।
दण्डेहि वित्तेहिं कसेहि चेव,
समागया तं इसि तालयन्ति ॥ १९ ॥

ભાવાર્થ:—આચાર્યના કહેવા મુજબ સોળ સોળ વર્ષના કુંવરો વગેરે ક્રોધના આવેશમાં આવી જઈ, પૂર્વોક્ત વસ્તુઓ લઈ સાધુને મારવા દોડયા, અને નજીક આવી સાધુ પર હાથ ઉપાડયા, પરંતુ દૈવની પ્રેરણાથી સાધુ નિઃશંકપણે ઉભા રહ્યા છે. ૧૯

અર્થ—૨૦ રાજાની ત૦ તે યજ્ઞના પાડાને વિષે કો૦ કોસળીકની ધુ૦ બેટી ભ૦ ભદ્રાએવે ના૦ નામે અ૦ નથી નિંદનીક અંગ જેનું તં૦ તે ભદ્રા પા૦ દેખીને સં૦ સંજતીને હ૦ હણતા થકા કુ૦ કોપવંત કુ૦ કુમારને ૫૦ નિવારે છે શાંત કરે છે. ૨૦

मूल--रन्नो तहिं कोसलियस्स धूया,
भद्द त्ति नामेण अणिन्दियङ्गी ।
तं पासिया संजय हम्ममाणं,
कुद्धे कुमारे परिनिव्ववेइ ॥ २० ॥

ભાવાર્થ:—સાધુને મારતા જોઈ, તે વખતે ઉંચા મકાનના ગોખની અંદર બેઠેલી સ્ત્રી અને કોશલ દેશના રાજાની કુંવરી જે યૌવન અને રૂપગુણે કરી સહિત છે અને જે રાજાએ બ્રાહ્મણને આપેલી છે તે ભદ્રાએ કુંવરોની દયા જાણી કહ્યું કે, અરે! શાન્ત થાવ અને આવું સાહસિક કાર્ય ન કરો. નહિ તો પાછ-

ળથી પસ્તાવું પડશે. ભદ્રાનું કહેવું સાંભળી કુંવરો તરતજ અટક્યા અને ભદ્રા સામું જોયું એટલે ભદ્રા કહેવા લાગી કે, ૨૦

અર્થઃ—દે૦ દેવતાને બળાત્કારે કરી, નિ૦ પ્રેરણાએ કરી, દિ૦ દીધી મુ૦ મુજને ર૦ રાજાએ પણ એણે મ૦ મને, કરીને ન૦ ધ્યાઇ નહિ–વાંછી નહિ. વળી એ રૂષિ કેવા છે ન૦ રાજાના દે૦ ઈંદ્રના પુજનીક એ રૂષિ છે. વળી જે૦ જે સાધુએ મને વં૦ વમી, ઇ૦ તે રૂષીશ્વર, સ૦ તે, એ૦ એજ. ૨૧

मूल–देवाभिओगेणं निओइएण दिन्ना,
मु रन्ना मणसा न झाया ।
नरिन्ददेविन्दभिवन्दिएणं जेणामि,
वन्ता इसिणा स एसो ॥ २१ ॥

ભાવાર્થઃ—હે કુંવરો ! તમે હજુ એ સાધુ કોણ છે એ બીલકુલ જાણતા નથી, માટે હું કહું તે સાંભળો. એક વખત તીંદુક નામના ઉદ્યાનમાં મંડીક નામના યક્ષની હું પુજા કરવા ગઈ હતી. ત્યાં આ તપશ્ચર્યા કરતા સાધુને કદરૂપા જોઇ હું તેના પર થુંકી હતી. ત્યારે તે સાધુની ભકિત કરનાર યક્ષે મને શિક્ષા કરવા માટે મારા શરીરમાં પ્રવેશ કરી આ સાધુ સાથે પરણાવવા મારા પીતાને સૂચવ્યું. જેથી મારા પીતાએ તે સાધુ સાથે મને પરણાવવાનું નક્કી કરી ત્યાં લઇ ગયા. સાધુ યક્ષ પ્રેરણાને લઇ મને પરણ્યા. સવારમાં સાધુના શરીરમાંથી યક્ષ બહાર ચાલ્યો ગયો એટલે મને પાસે બેઠેલી જોઇ સાધુ આશ્ચર્ય પામ્યા, અને જેમ ચંપાનું ફૂલ જોઇ ભમરો એકદમ ખસી જાય તેમ તે સાધુ મારી પાસેથી દૂર જઈ ઉભા રહ્યા, અને બોલ્યા કે, હે કુંવરી ! હું પંચ મહાવ્રતધારી સાધુ છું. મન, વચન અને કાયાએ કરી મારે જાવજીવ સ્રીસંગના પચ્ચખાણ છે. યક્ષના પ્રતાપે આમ બન્યું છે, પણ હવે તે યક્ષ આવ્યા પહેલાં તું તારા માતા–પિતા પાસે ચાલી જા. આમ તે મુનિએ, જેમ કોઇ ઉલ્ટી કરે

અને પછી તે સામું દૃષ્ટિ પણ કરે નહિ તેમ મને વમેલી છે, અને તેજ હું અહિં બ્રાહ્મણને ત્યાં આવેલી છું. આ સાધુ, નરેન્દ્ર એટલે ચક્રવર્તી અને સુરેન્દ્ર એટલે દેવોના ઈંદ્ર એ સર્વના વંદનીક અને પુજનીક છે. ૨૧

અર્થઃ—એ૦ તે ઉગ્ર તપનો કરણહાર મ૦ મહાત્મા જિ૦ જિતેંદ્રિ સં૦ સંજતિ બં૦ બ્રહ્મચારી જો૦ જે સાધુએ મે૦ મને ત૦ અવસરે ને૦ ન વાંછી દિ૦ દેતાથકા પિ૦ પિતાએ પોતે કો૦ કોસળ દેશના રાજાએ. ૨૨

मूल--एसो उसो उग्गतवो महप्पा,
जितिन्दिओ संजओ बम्भयारी ।
जो मे तया नेच्छइ दिज्जमाणिं,
पिउणा सयं कोसालिएण रन्ना ॥ २२ ॥

ભાવાર્થઃ—હે કુંવરો ! તે હરીકેશી નામના મહાન તપસ્વી પુરૂષ છે. તેઓ અનન્ત કાળના સંચીત કરેલા મહાન્ દારૂણ કર્મનો નાશ કરવા ઉગ્ર તપશ્ચર્યા કરે છે, આ કાર્ય તેઓ ઘણુંજ ઉત્સાહપૂર્વક કરે છે, તેથી તેઓ મહાત્મા કહેવાય છે. આ બ્રહ્મચારી પુરૂષ સાથે મારા પિતાએ મને પરણાવી, પરંતુ તેમણે મને સ્વિકારી નહિં, છેવટે રાજ્ય આપવાની લાલચ બતાવી, પણ કોઇ બાબતમાં મુચ્છીભાવ રાખ્યો નહિ, એવા એ તપસ્વી છે. ૨૨

અર્થઃ—મ૦ મહા જસવંત એ૦ એ મ૦ અત્યંત શકિતવંત-ઘો૦ દુક્કર વૃતનો ધરનાર ઘો૦ આકરા પ્રાક્રમનો ધણી છે, માટે મા૦ રખે એ સાધુને હી૦ હીલતા, અ૦ એ હીલવા યોગ્ય નથી મા૦ રખે એ તમને સર્વને તે૦ તપ તેજે કરીને નિ૦ બાળીને ભસ્મ કરે. ૨૩

मूल–महाजसो एसो महाणुभावो,
घोरव्वओ घोरपरक्कमो य ।

मा एय हीलेह अहीलणिज्जं,
मा सव्वे ते एण मे निद्दहेज्जा ॥ २३ ॥

ભાવાર્થ:—વળી ભદ્રા કહે છે, હે કુંવરો! આ મહાન્ તપસ્વી પુરૂષ છે. તે પોતાના તપના પ્રભાવે શ્રાપ આપે તો ધાર્યું કરી શકે તેમ છે, માટે આવા મહાન્ ઋષીશ્વર કે જેણે કષાયાદિક શત્રુઓને જીત્યા છે, તેમનું અપમાન કરશો નહિં, નિંદા કરશો નહિ, અને મારશો નહિ, તેઓ તેમ કરવા લાયક નથી, અને જો તેમ કરશો તો તે તપના પ્રભાવે બાળીને ભષ્મ કરી દેશે. ૨૩.

અર્થ:—એ૦ એવાં તી૦ તે ભદ્રાનાં વ૦ વચન સો૦ સાંભળીને પ૦ તે બ્રાહ્મણની સ્ત્રી ભ૦ ભદ્રાનાં વચન કેવાં છે સુ૦ ભલાં ભાંખ્યાં છે, ઇ૦ રૂષીની વે૦ વૈયાવચને અ૦ અર્થે જ૦ જક્ષ ઘણાં પરીવાર સહિત રહે છે માટે બહુ વચન વાપર્યું છે. કુ૦ ઘણા કુમારને, વિ૦ હણતાં વારે છે. ૨૪

मूल–एयाइ तीसे वयणाइ सोच्चा,
पत्तीइ भद्दाइ सुहासियाइं।
इसिस्स वेयावडियट्ठयाए,
जक्खा कुमारे विणिवारयन्ति ॥ २४ ॥

ભાવાર્થ:—એ પ્રમાણે કહી ભદ્રાએ તેમને ઘણું સમજાવ્યા પરંતુ તેઓ શાન્ત થયા નહિ અને મુનિને મારવા લાગ્યા. આથી મુનિની સેવામાં રહેલા ગંડિત અને વયંડીત બે યક્ષ કોપાયમાન થયા. વળી તે યક્ષના તાબાના દેવો પણ એકત્રિત થઇ બ્રાહ્મણોને અદ્રશ્ય રહી શિક્ષા કરવા લાગ્યા. ૨૪

અર્થ:—તે૦ તે યક્ષ કેવો છે, ઘો૦ બીહામણું છે રૂપ જેનું એવો અં૦ આકાશને વિષે રહ્યો થકો અ૦ અસુર ત૦ તે યજ્ઞના પાડાને વિષે તં૦ તે વિદ્યાર્થિઓ પ્રત્યે, તા૦ હણે છે તે કુમાર

કેવા છે ભિ૦ વિદાર્યા છે દેહ જેના રૂ૦ રૂધિર વમતાને પા૦ દેખીને ભ૦ ભદ્રા આગળ કહેશે તેવાં વચન બોલવા લાગી. ૨૫.

मूल-ते घोररुवा ठिय अन्तलिक्खे,
असुरा तहिं तं जण तालयन्ति ।
ते भिन्नदेहे रुहिरं वमन्ते,
पासित्तु भद्दा इणमाहु भुज्जो ॥ २५ ॥

ભાવાર્થ:—તે બંને યક્ષો ભયંકર રૂદ્રપરિણામી અને અસુરી ભાવનાવાળા એટલે જેના હૃદયમાં દયા ભાવરૂપ સૂર્યનો અસ્ત થયો છે, એવા ક્રોધરૂપી અંધકારથી અંજાયલા દેવોએ અદૃશ્ય રહી યજ્ઞના પાડામાં ઉભેલા બ્રાહ્મણો અને વિદ્યાર્થીઓને જેમ તલવારનો ઘા પડવાથી ધડથી માથું જૂદું થાય અને શરીર લોહીલોહાણુ થઈ જાય તેમ માર્યા, અને સર્વ જમીનપર તૂટી પડ્યા. આવો ભયંકર દેખાવ જોઈ ફરી ભદ્રાએ કહ્યું કે, ૨૫

અર્થ:—ગિ૦ પર્વતને નખે કરીને હણો છો અ૦ લોહને દાંતે કરી ખાવ છો, જા૦ અગ્નિ પગે કરી હણો છો, જે૦ જે, સાધુને તમે અપમાન કરો છો. ૨૬

मूल-गिरिं नहेहिं खणह अयं दन्तेहिं खायह ।
जायतेय पाएहि हणहजे भिकखु अवमन्नह ॥२६॥

ભાવાર્થ:—હણાયલા અને જમીનપર તુટી પડેલા બ્રાહ્મણો તરફ હાથ લાંબો કરી ભદ્રાએ કહ્યું કે, અરે મૂર્ખ બ્રાહ્મણો! મેં તમને પ્રથમથીજ સમજાવ્યા હતા કે એ મુનિનું અપમાન કરશો નહિં. તેમ કરવું એ નખવડે પર્વતને ખોદવો, દાંતવડે ચણા ચાવવા અને પગવડે અગ્નિ ભૂંસવા જેવું છે. અને તેમને દુઃખી કરવાથી મહા અનર્થ થશે, છતાં તમે મારૂં કહેવું માન્યું નહિ તો હવે આ પ્રમાણે દુઃખરૂપી ઝાડ ઉગવાનો વખત આવ્યો.

અર્થ:—આ૦ સર્પ સરીખો, ઊ૦ ઉગ્ર તપનો ધણી, મ૦

મોટો રૂષીશ્વર ઘો૦ આકરા વ્રતનો ધણી છે ઘો૦ આકરા પરાક્રમનો ધરણહાર છે વળી અ૦ અગ્નિમાં જેમ પડે ૫૦ પતંગીઆની શ્રેણી તે મરે તેમ તમે જે૦ જે સાધુને ભ૦ ભોજનના કાળને વિષે હણો છો તે તમનેજ દુઃખકારી થશે. ૨૭

मूल-आसीविसो उग्गतवो महेसी,
घोरव्वओ घोरपरक्कमो य ।
अगणिं व पक्खन्द पयङ्गसेणा,
जे भिक्खुयं भत्तकाले वहेह ॥ २७ ॥

ભાવાર્થઃ—વળી ભદ્રા કલ્પાંત કરી કહે છે કે, હે બ્રાહ્મણો ! તમે આપખુદીથી આ મુનિને મારવા તૈયાર થયા, પરંતુ જેની દાઢમાં ઝેર હોય તે આસીવીષ સર્પ કરતાં પણ આ મુનિ જેની દૃષ્ટિમાં ઝેર એવા દૃષ્ટિવિષ છે, કે જેને કોપાવ્યાથી સર્પ તો કરડે ત્યારે માણસ મરણ પામે પણ આ સાધુ તો સામું જોવાની સાથે બાળીને ભષ્મ કરે તેમ છે, અને તેમની સેવા કરવાથી રીઝે-ખુશી થાય-તો અનન્તા જન્મ-મરણના દુઃખ ઓછા કરાવે તેવા છે. આવી રીતે આ મુનિ ભારે પરાક્રમી પુરૂષ છે. તમે સર્વે પતંગીયારૂપ બની મુનિની આસાતનારૂપ અગ્નિમાં પડયા તો હવે તેનું ફળ ભોગવો. આ મુનિની સેવા કરવાની જરૂર હતી. આ મુનિને માસખમણનું પારણું હોવાથી અહિં પધાર્યા હતા, તેમને અન્ન આપી લાભ લેવાને બદલે, અપમાન કરી મારવા તૈયાર થયા, એ નખવડે પર્વતને ખોદી કાઢવા જેવું, અને બળતી અગ્નિમાં પડવા જેવું તમે કર્યું છે. ૨૭

અર્થઃ—સી૦ મસ્તકે કરી, એ૦ એ મુનિના શરણને પડિવરજો સ૦ એકઠા મળ્યા થકા સર્વ જનસહિત તમે જ૦ જો જીવવા વાંચતા હો તો અથવા ધનની ઈચ્છા રાખતા હો તો કેમકે લો૦ સર્વ લોકને પણ એ સાધુ, કુ૦ કોપ્યો થકો બાળે. ૨૮

मूल–सीसेण एयं सरणं उवेह,
समागया सव्वजणेण तुम्हे ।
जइ इच्छह जीवियं वा धणं वा,
लोगं पि एसो कुविओ डहेज्जा ॥ २८ ॥

ભાવાર્થ:—વળી ભદ્રા કહે છે, હે બ્રાહ્મણો ! તમારે જો હજુ જીવવાની આશા હોય તો એ હાથ જોડી, મસ્તક નમાવી આ મુનિ પાસે આવી કહો કે, હે મહંત ! આપ પ્રભુરૂપ છો, દયાળુ છો, અમે સર્વે આપના શરણે આવ્યા છીએ તો શરણાંગતનું રક્ષણ કરો. અને આ પ્રમાણે જો વર્તશો તો જરૂર મારા ધારવા પ્રમાણે તમારો બચાવ થશે. આ પ્રમાણે ભદ્રાનું કહેવું સાંભળી સર્વે કુંવરો અને બ્રાહ્મણો ઉઠી ઉભા થઇ મુનિને શરણે જવા તૈયાર થયા, અને તેમને કેમ શાન્ત કરવા એ વિચાર કરી આચાર્ય, ઉપાધ્યાય ઘાયલ થઈ પડેલા કુંવરો પાસે આવ્યા. ૨૮

અર્થ:—અ૦ નમાડયાં છે પિ૦ વાંસા લગી ઉ૦ મસ્તક જેના, પ૦ લાંબા કીધા છે હાથ જેના, અ૦ નથી અંગ ઉપાંગ હલાવવારૂપ ચેષ્ટા જેને નિ૦ ફાટી રહી છે આંખો જેની, રૂ૦ મોઢામાંથી રૂધિરને વમતા એવા વળી ઊંચા છે મૂખ જેના નિ૦ બહાર નીકળ્યાં છે જીભ અને નેત્ર જેનાં. ૨૯

मूल–अवहेडियं पिट्ठिस उत्तमङ्गे,
पसारिया बाहु अकम्मचेट्ठे ।
निब्भेरियच्छेरुहिरं वमन्ते,
उद्धंमुहे निग्गयजीहनेत्ते ॥ २९ ॥

ભાવાર્થ;—સોમદેવ બ્રાહ્મણ અને આચાર્ય, ઉપાધ્યાય સર્વે ઘાયલ થઇ પડેલાં કુંવરો પાસે આવ્યા અને જોયું તો કેટલાકનો બરડો બેવડ વળી ગયો છે, માથું પુંઠ સુધી પહોંચી ગયું છે,

ને જખમોથી લોહી ચાલ્યું જાય છે; કેટલાક હાથ લાંબા કરી હાલ્યા ચાલ્યા વગર પડયાં છે; કેટલાકની આંખો અને જીભ બહાર નીકળી પડી છે; આવી ભયંકર સ્થિતિમાં સર્વને જોઇને

અર્થ:—તે૦ તેવા ખં૦ તે વિદ્યાર્થીઓને કં૦ કાષ્ટ સરીખાં દેખીને વિ૦ આકુળવ્યાકુળ થયો અ૦ હવે બ્રાહ્મણ સો૦ તે ઈ૦ સાધુને પ૦ શાંત કરવા લાગ્યા કેવી રીતે સ૦ સ્ત્રી સહિત હી૦ જે તમને હેલ્યાં નિંદા તે, ખ૦ ખમો હે પૂજ્ય. ૩૦

मूल-ते पासिया खण्डिय कट्ठभूए,
विमणो विसण्णो अह माहणो सो ।
इसिं पसाएइ समारियाओ,
हीलं च निन्दं च खमेह भन्ते ॥ ३० ॥

ભાવાર્થ:—આચાર્ય, ઉપાધ્યાય બહુજ ગભરાયા અને વિચાર્યું કે અરે ! આ શો બનાવ બન્યો ! આ કુંવરો હવે જીવશે કે કેમ ? એના માબાપોને શું જવાબ દઇશું ! આ નાની વયના બાળકોને ઉશ્કેરી મોતના પંજામાં મોકલ્યા એવો લોકોનો આપણા પરનો અપવાદ કેવી રીતે દૂર થશે ? દુનિયામાં ઉંચુ મોઢું રાખી ફરવાનો વખત રહ્યો નહિ, અને હવે આ કુંવરો પાછળ આપણે જીવવું કે મરવું ? આપણને આવી બુદ્ધિ કયાંથી સુઝી ! હવે આ મુનિને કેવી રીતે શાન્ત કરવા ? એવું કોણ છે કે, ઋષિને શાન્ત કરી આપણો બચાવ કરાવી આપે ! આમ સોમદેવ બ્રાહ્મણ, આચાર્ય અને ઉપાધ્યાય અરસપરસ વિચાર કરવા લાગ્યા એવામાં એક જણને યાદ આવ્યું કે, કોશલ દેશના રાજાની દીકરી અને સોમદેવ બ્રાહ્મણની સ્ત્રી ભદ્રા બહુજ ડહાપણવાળી છે, તેને જો બોલાવીએ તો મુનિને સમજાવે. એમ ધારી સોમદેવે ભદ્રા વગેરેને બોલાવી, તેને આગળ કરી અને પાછળ આચાર્ય, ઉપાધ્યાય વગેરેએ ઉભા રહી મુનિને કહ્યું કે, હે પ્રભુ ! દયાળુ દેવ ! અનાથના નાથ ! અમે અજ્ઞાનીઓએ આપનું ઘણુંજ

અપમાન કર્યું છે, પરંતુ આપ મોટા પુરુષ છો તો અમારા દોષ સામું નહિ જોતાં દયા લાવી અમારા અપરાધની ક્ષમા કરો. ૩૦

અર્થઃ—બા૦ બાળકે, મૂ૦ મૂર્ખે, અ૦ અજાણે જં૦ જે હીલ્યાં નિંદ્યા ત૦ તે અપરાધને ખમો હે પૂજ્ય મ૦ મોટા ઊપકારી, ઈ૦ રૂખીશ્વર હોય, ન૦ નિશ્ચે સાધુ ક્રોધને વિષે તત્પર હોય નહિ. ૩૧

मूल—बालेहि मुढेहि अयाणएहिं,
जं हीलिया तस्स खमाह भन्ते ।
महप्पसाया इसिणो हवन्ति,
न हुं मुणी कोवपरा हवन्ति ॥ ३१ ॥

ભાવાર્થઃ—વળી કહ્યું કે, હે પ્રભુ! અમે સમજણ વિનાના મૂઢ, અજ્ઞાની, સારાસારનો વિચાર વગરના બાળક જેવા છીએ, અને આપ મોટા પુરૂષ છો. આપની નિંદા કરી અપમાન કર્યું તે સર્વ અપરાધની આપ દયાળુ દયા લાવી ક્ષમા કરો. હે અનાથના નાથ! અમને મૃત્યુથી બચાવો. શાસ્ત્રમાં બાળ, મુઢ, આત્મદ્રોહી, મર્યાદા રહિત અને અજાણ એ પાંચેને નરકના અધિકારી કહ્યા છે, તો અમે પણ તેવા છીએ માટે અમને અમારા આવા કાર્યથી ઘણોજ પસ્તાવો થાય છે અને હવે આપનું શરણ ઇચ્છીએ છીએ એમ કહી સર્વે બ્રાહ્મણો હરીકેશી મુનિના પગમાં પડયા. ૩૧

અર્થઃ—હવે સાધુ બોલ્યા પુ૦ પૂર્વકાળે વર્તમાનકાળે અને અનાગતકાળે, મ૦ મુજને દ્વેષ નથી, કો૦ કોઇ અલ્પમાત્ર પણ જક્ષ જે ભણી, વે૦ વૈયાવચ કરે છે, ત૦ તે માટે એણેજ, નિ૦ હણ્યા કુમાર. ૩૨

मूल--पुव्विं च इण्हिं अणागयं च,
मणप्प दोसो न मे अत्थि कोइ ।

जक्खा हु वेयावडियं करेन्ति,
तम्हा हु एणहि हया कुमारा ॥ ३२ ॥

ભાવાર્થ:—આ પ્રમાણે બ્રાહ્મણો પગમાં પડી સ્તુતિ કરવાથી બન્ને દેવો શાન્ત થઇ મુનિના શરીરમાંથી બહાર નીકળી ગયા. પછી મુનિ બોલ્યા કે, હે બ્રાહ્મણો ! હું સાધુ છું, જેથી ત્રિકાળ ક્રોધથી નિવર્ત્યો છું. કુંવરોને હણતા પહેલાં કુંવરો પ્રત્યે મારે જરાપણ દ્વેષભાવ નહોતો અને હજુ પણ નથી. આ કાર્ય હું તનથી પણ ભલુ જાણતો નથી. આ કાર્ય મારી સેવામાં રહેલા એ દેવોએ મારી આસાતના થતી જોઈ કર્યું છે, પણ હું આ કામ સારૂં થયું એમ ઇચ્છતો નથી. ૩૨

અર્થ:—હવે બ્રાહ્મણ બોલ્યા. અ૦ શાસ્ત્રના અર્થને જાણનાર તેવા તમો કોપો નહિ, ભૂ૦ વૃદ્ધવંતિ પ્રજ્ઞા છે જેની એવા તમારા પગનું શરણ ગ્રહણ કરીએ છીએ હમે, સ૦ એકઠા સર્વ જને કરી સહિત અમે. ૩૩

मूल--अत्थं च धम्मं च वियाणमाणा,
तुब्भे न वि कुप्पह भूइपन्ना ।
तुब्भं तु पाए सरणं उवेमो,
समागया सव्वजणेण अम्हे ॥ ३३ ॥

ભાવાર્થ:—હરીકેશી મુનિના આવા શાન્તિદાયક વચનો સાંભળી અભયદાન મળ્યું હોય તેમ ખુશી થઇ બ્રાહ્મણો બોલ્યા કે, હે મહાત્મા ! આપ કહો છો તે સત્ય છે, આપ સાધુ ધર્મના, શાસ્ત્રના, પરમાર્થના, કર્મના વિપાક (ઉદય)ના, અને ક્રોધના માઠા પરિણામના જાણકાર હોવાથી આપ કદી ક્રોધ ન કરો એ ખરેખર સત્ય છે. આપે સર્વ જીવોના રક્ષણને માટેજ સંયમ ધારણ કર્યો છે, એવા આપ બુદ્ધિવાન મહાત્માના ચરણ કમળનો સ્પર્શ કરીએ છીએ. આપના શરણથી અમે અમારા સર્વ પરિ-

વારનું કલ્યાણ ઇચ્છીએ છીએ. આમ સ્તુતિ કરવાથી દેવોએ કુંવરો પ્રત્યે બતાવેલી માયા પાછી ખેંચી લીધી, એટલે સર્વ સ્વસ્થ થઈ બેઠા થયા અને ફરી તે મહાત્માની સ્તુતિ કરવા લાગ્યા.૩૩

અર્થઃ—અ૦ પુજીએ છીએ અમે, તે૦ તુજ સંબધી સર્વ અંગ, મ૦ હે માનુભાગ, ન૦ નહિ તારૂ, કિ૦ કાંઈ કિંચીતમાત્ર અપૂજનિક નથી માટે, ભૂ૦ ભોગવો, સા૦ શાલના કુરાદિક, ના૦ અનેક પ્રકારના વ્યંજન સહિત. ૩૪

**मूल--अच्चेमु ते महाभाग न ते किंचि न अच्चिमो ।**
**भुञ्जाहि सालिमं कूरं नाणावञ्जणसंजुयं ॥ ३४ ॥**

ભાવાર્થઃ—હે પ્રભુ! આપ દરેક રીતે પૂજવા લાયક છો. અમે દ્રવ્યથી આપનું શરીર અને ધર્મ ઉપગરણને પુજીએ છીએ; ક્ષેત્રથી આપ જે જમીન પર ઉભા છો તે જમીનને નમસ્કાર કરીએ છીએ, કાળથી જે દિવસે આપે દીક્ષા લીધી તે દિવસને નમસ્કાર કરીએ છીએ; અને ભાવથી આપે લીધેલ અભિગ્રહને તથા આપના જ્ઞાન, દર્શન, ચારિત્રને નમસ્કાર કરીએ છીએ. આપ કોઇ રીત અપુજનીક નથી; માટે હે કૃપાળુ! આપ દયા લાવી અમારા યજ્ઞ પાડામાં પધારો, અને જે શુદ્ધ નિર્દોષ આહાર તૈયાર પડયો છે, તે આપ અમારી દયાને માટે સ્વીકારો, અને ત્યારેજ આપ અમારા પર પ્રસન્ન થયા માનીશું,

અર્થઃ—ઇ૦ એ પ્રત્યક્ષ અમારે છે, ૫૦ ઘણું અન્ન, તં૦ તે અન્ન ભોગવો, અ૦ હમારા ઉપકારના અર્થે. હવે સાધુ બોલ્યા, બા૦ ઠરૂં તમારૂં કહેણુ એમ કરીને લીએ છે, ભ૦ ભાતપાણી, મા૦ માસખમણના પારણાને વિષે મહાત્મા. ૩૫

**मूल—इमं च मे अत्थि पभूयमन्नं,**
**भुञ्जसू अम्ह अणुग्गहट्ठा ।**
**बाढं ति पडिच्छइ भत्तपाणं,**
**मासस्स ओ पारणए महप्पा ॥ ३५ ॥**

ભાવાર્થઃ—વળી બ્રાહ્મણોએ કહ્યું કે, હે મહારાજ! આપ ભીક્ષા માટે પધારો અને અમારી પાસે ઘણુંજ અન્ન છે, માટે ભીક્ષા લેવામાં જરા પણ સંકોચ ન રાખશો. બ્રાહ્મણોના અતિ આગ્રહથી મુનિ ભીક્ષાર્થે યજ્ઞપાડા તરફ ચાલ્યા, બ્રાહ્મણોએ ઘણાજ આગ્રહથી ખાજાદિક મીઠાઇ, અને દ્રાક્ષાદિક પાણી વહોરાવ્યું, અને તેથીં મુનિની સેવામાં રહેલા એ યક્ષો માસખમણને પારણે મુનિને સારૂં અન્ન-પાણી મળવાથી ઘણાંજ ખુશી થયા, અને હર્ષના આવેશમાં આવી ગયા. ૩૫

અર્થઃ—ત૦ તે યજ્ઞના પાડાના વિષે, ગં૦ સુગંધ પાણીનો પુલનો વરસાદ થયો, દિ૦ પ્રધાન તિહાંજ દ્રવ્યની ધારા થઇ, પ૦ વગાડી દેવ દુંદુભી દેવતાએ, આ૦ આકાશને વિષે આશ્ચર્ય દાન દીધું એવો નિરઘોશ કીધો દેવતાએ. ૩૬

मूल—तहियं गन्धोदय पुप्फवासं,
दिव्वा तहिं वसुहारा य वुट्ठा।
पहयाओ दुन्दुहीओ सुरेहिं,
आगासे अहो दाणंच घुटुं ॥ ३६ ॥

ભાવાર્થઃ—તે મહાત્માએ પારણું કરવાથી, અને દેવોને ઘણોજ આનંદ થવાથી, યજ્ઞપાડામાં પંચ દ્રવ્ય પ્રાપ્ત થયાઃ- ૧. સુગંધી પાણીનો વરસાદ વરસ્યો; ૨. પચરંગી ફૂલનો વરસાદ વરસ્યો, ૩. સાડાબાર ક્રોડ સોનૈયાનો વરસાદ વરસ્યો; ૪. આકાશમાં દેવ વાજિંત્ર વાગવા લાગ્યા; અને ૫. અહો ! ભલું દાન દીધું, દાન દેનાર સદા જીવો, આવો આકાશ ધ્વની થયો. વળી દેવે કહ્યું કે! હે સોમદેવ બ્રાહ્મણ! તેં ભલુ દાન દીધું, તને ધન્ય છે! આવા દેવના અંતરિક્ષ શબ્દો અને દેખાવ જોઇ બ્રાહ્મણો ઘણાજ ખુશી થયા અને હરીકેશી મુનિને પ્રભુ તુલ્ય માનવા લાગ્યા.

અર્થઃ—સ૦ પ્રત્યક્ષ નિશ્ચે દિસે છે તપનો વિશેષ, ન૦

ન દિસે જાતીનો વિશેષ કોઇ, સો૦ ચંડાળનો પુત્ર હરિકેશી બળ સાધુ જ૦ જે સાધુની, ઇ૦ રૂધિ અતિશય સહિત મહાત્મવંત.

मूल--सक्खं खु दीसइ तवोविसेसो,
न दीसई जाइ विसेस कोई ।
सोवागपुत्तं हरिएससाहूं,
जस्सेरिसा इड्ढि महाणुभागा ॥ ३७ ॥

ભાવાર્થ:—આ પ્રત્યક્ષ દેખાવ જોઇ બ્રાહ્મણો પરસ્પર વિચારવા લાગ્યા કે, જૂઓ! હરીકેશી મુનિ ચાંડાલ કુળમાં ઉત્પન્ન થયા, પરંતુ સાધુપણું અંગિકાર કરી ભારે તપશ્ચર્યા કરવાથી તેમની સેવામાં દેવ હાજર રહે છે, અને પોતે પ્રભુ તરીકે પૂજાય છે, માટે જાતિ અભિમાન રાખવું એ નકામું છે. જો જાતિનુંજ માન હોત તો દેવ આપણી બ્રાહ્મણનીજ સેવા કરત, પરંતુ તેવું નથી. જાતિ ગમે તે હોય પરંતુ તપશ્ચર્યાનોજ પ્રભાવ મોટો છે. આથી બ્રાહ્મણો મુનિ પ્રત્યે પ્રેમની નજરથી જોવા લાગ્યા અને હવે મુનિ કાંઇક ઉપદેશ રૂપ ફરમાવે તો સારૂં એમ ઇચ્છવા લાગ્યાં. ૩૭

અર્થ:—હવે સાધુ ઉપદેશ કહે છે, કિં૦ પ્રશ્ને, મા૦ બ્રાહ્મણ જો૦ અગ્નિને આરંભતા થકા, ઉ૦ પાણીએ કરી બાહ્ય નિર્મળપણાને વિ૦ વિમાર્ગને જેમ ગવેખો છો, બાહિર વિ૦ નિર્મળપણાને, ન૦ નહિ તે ભલો બાહિર નિર્મળપણાને કુ૦ તીર્થંકરે કહ્યો. ૩૮

मूल--किं माहणा जोइ समारभन्ता,
उदएण सोहिं बहिया विमग्गह ।
जं मग्गहा वाहिरियं विसोहिं,
न तं सुदिट्ठं कुसला वयन्ति ॥ ३८ ॥

ભાવાર્થ:—હવે બ્રાહ્મણોને સમકીત અંગિકાર કરાવવાનો સમય જાણી હરીકેશી મુનિ બોલ્યા કે, હે બ્રાહ્મણો! તમે જીંદગી પર્યંત અગ્નિનો આરંભ કરી યજ્ઞ કરો છો, અગ્નિને પુજો છો, અને તેને પવિત્ર માનો છો, વળી પાણીથી સ્નાન કરી હૃદય શુદ્ધ થયું માનો છો, તેથી બ્રાહ્મણપણું ન કહેવાય. અગ્નિ અને પાણીના આરંભથી છકાય જીવની હીંસા થાય છે, અને તેથી કર્મનો ક્ષય નહિ થાય. તત્ત્વજ્ઞાની અને સમદ્રષ્ટિ જીવો પણ આ કાર્યને ભલુ કરી જાણતા નથી. કેમકે જળના સ્નાનથી શરીરનો ઉપરનો મળ (મેલ) દૂર થાય છે, પરંતુ હૃદયના કામ-ક્રોધનો ત્યાગ થઇ શકતો નથી. ૩૮

અર્થ:—કુ૦ વળી ડાભને યજ્ઞના થંભને તૃણ કાષ્ટ ને અગ્નિ તે એટલા વાના ધર્મને અર્થે ગ્રહતા થકા, સા૦ સાંજે પુનઃ, ઊ૦ ઊદકને ફરસતા થકા, પા૦ પ્રાણ ભૂતને પિડતા થકા વળી નિશ્ચે, મં૦ મૂર્ખ થકા કરો છો પાપને. ૩૯

मूल--कुसं च जूवं तणकट्ठमग्गिं,
सायं च पायं उदगं फुसन्ता ।
पाणाइ भूयाइ विहेडयन्ता,
भूज्जो वि मन्दा पगरेह पावं ॥ ३९ ॥

ભાવાર્થ:—વળી હરીકેશી મુનિ યજ્ઞને વિશેષ આરંભનું કારણ સમજાવવા કહે છે કે, હે બ્રાહ્મણો! તમે ડાભના તરણા એકઠા કરો છો, યજ્ઞ સ્થંભ ઉભો કરો છો, બીજડાદિક કાષ્ટ ધર્મને-અર્થે અગ્નિ સાથે સળગાવો છો, સવાર સાંઝ પાણીમાં ઉભા રહી પ્રાણાયામ, આચમન કરો છો, તેથી તમારા યજ્ઞમાં છએ કાયનો આરંભ થાય છે, અને તેથી કર્મ વિશુદ્ધિ થતી નથી. જ્યારે તમે છ કાય જીવની હીંસાનો ત્યાગ કરશો ત્યારેજ તમે અશુભ કર્મના બંધનથી દૂર થશો, અને એવી અભ્યન્તર દયા રૂપ પવિત્ર

કરણીથી તમારો આત્મા પવિત્ર થશે. નહિ તો સંસારનો પાર પામશો નહિ. ૩૯

અર્થ:—ક૦ હે સાધુ અમે કેમ ચાલીએ, વ૦ અમે કેમ યજ્ઞ કરીએ, પા૦ અમે પાપકર્મને કેમ ટાળીએ, અ૦ તે અમને કહો, સં૦ હે સંજતિ, જ૦ યક્ષના પૂજનિક, ક૦ કેવી રીતે ભલો યજ્ઞ તીર્થંકરે કહ્યો છે. ૪૦

मूल--कहंचरे भिक्खु वयं जयामो,
पावाइ कम्माइ पुणोल्लयामों ।
अक्खाहि नो संजय जक्खपूइया,
कहं सुजट्ठं कुसला वयन्ति ॥ ४० ॥

ભાવાર્થ:—બ્રાહ્મણોએ કહ્યું કે, હે પ્રભુ ! અમે કેવી રીતે વર્તિએ, અને કેવી રીતે યજ્ઞ કરીએ કે જેથી પરભવે, અમે કીધેલા કર્મથી દૂર થઈએ તે સમજાવો, અને હે દેવોના પુજનીક ! આપના ઈષ્ટદેવ ખરેખરો યજ્ઞ કોને કહે છે, તે યથાર્થ રીતે કહો. ૪૦

અર્થ:—છ૦ છકાય જીવની દયા પાળવાથી, મો૦ મૃષા અદત્તને અણુસેવતા થકાં, પ૦ પરિગ્રહ સ્ત્રી, મા૦ માન માયાને એ૦ એ પૂર્વે કહ્યાં તેને, પ૦ માઠાં જાણી પચ્ચખીને પ્રવર્તે, ચ૦ ઈંદ્રિ દમતો થકો. ૪૧

मूल--छज्जीवकाए असमारभन्ता,
मोसं अदत्तं च असेवमाणा ।
परिग्गहं इत्थिओ माण मायं,
एवं परिन्नाय चरन्ति दन्ता ॥ ४१ ॥

ભાવાર્થ:—હવે હરીકેશી મુનિ કર્મક્ષય સંબંધી કહે છે કે, હે બ્રાહ્મણો ! છકાય જીવનું રક્ષણ કરવું, અને જીવહિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ અણુકરતા થકા, ક્રોધ, માન, માયા અને

લોભ સર્વમાં પાપ સમજીને તેના પચ્ચખાણ કરવા, અને ત્યારેજ જીતેન્દ્રિય અને સાચા યજ્ઞ કરવાવાળા કહેવાશો. ૪૧

અર્થઃ—સુ૦ ભલી પેરે સંધયો છે આશ્રવ જેણે, પં૦ પાંચ સંવરે કરી ઈ૦ આ મનુષ્ય લોકને વિષે, જી૦ અસંજમ જીવીતવ્યને, અ૦ અણુવાંછતાં થકા, વો૦ મમતાભાવને અણુકરવે કરી વોસરાવી છે કાયા જેણે, સુ૦ મન જોગે કરી પવિત્ર શુશ્રૂષા અણુકરવે કરી તજ્યો છે દેહ જેણે એવા સાધુ તે, મ૦ મોટા યજ્ઞના કરવાવાળા જાણવા. ૪૨

मूल--सुसंवुडो पञ्चहि संवेरहि,
इह जीवियं अणवकङ्खमाणो ।
वोसट्ठकाओ सुइचत्तदेहो,
महाजयं जयति जन्नसिट्ठं ॥ ४२ ॥

ભાવાર્થઃ—હે બ્રાહ્મણો! પાંચ આશ્રવને રૂંધનાર એટલે સંવરે કરી સહિત, કર્મને આવવાના દ્વાર બંધ કરે, તેજ કર્મનો ક્ષય કરી શકે છે. આ લોકમાં દસ પ્રકારના જીવતર કહ્યાં છેઃ— ૧. જ્ઞાન જીવતર, ૨. સંયમ જીવતર, ૩. જશ જીવતર, ૪. કીર્તિ જીવતર, વગેરે જીવતરમાંથી અસંજમ જીવતર એટલે દુષ્ટ પ્રણામ રૂપ જીવતરની અણુવાંચ્છના કરતા થકા, સર્વથા પ્રકારે શરીરની શોભા ત્યજે, અને મમત્વ ભાવ છોડી દે ત્યારે કર્મ શત્રુનો નાશ થાય છે, એમ તત્ત્વજ્ઞાનીઓનું કહેવું છે. ૪૨

અર્થઃ—કે૦ તમારે અગ્નિ કોણ, કે૦ તમારે અગ્નિનું સ્થાનક કયું, કે૦ તમારે ચાટવા કોણ, કિં૦ વળી તમારે ગોર સંધુકણુ કોણ, એ૦ ઈંધણ તે તમારે કોણ, સં૦ તમારે શાંતી પાઠ કોણ, ક૦ તમારે હોમમાં હોમવાનું શું. ૪૩

मूल--के ते जोइ केय ते जोइठाणे,
काते सुया कं च ते कारिसङ्ग ।

पहाय ते कयरा सन्ति भिक्खू,
कयरेण होमेण हुणासि जोइं ॥ ४३ ॥

ભાવાર્થઃ—આ પ્રમાણે મુનિનું કહેવું સાંભળી બ્રાહ્મણો બોલ્યા કે, હે સ્વામી ! આપે યજ્ઞ આરંભનું સ્થાન અને કર્મ બંધનનું કારણ બતાવ્યું, પણ હવે આપના શાસ્ત્રમાં અગ્નિ કોને કહે છે, જેમાં અગ્નિ રહે છે તે અગ્નિકુંડ કયો સમજવો, અગ્નિ પ્રદિપ્ત કરવા માટે ચાટવાએ ઘૃત હોમાય છે, તો તે ચાટવા અને અગ્નિને સંધુકણવડે આઘીપાછી કરે છે, તો તે સંધુકણ કોને કહે છે, અગ્નિમાં કાષ્ટ નાખે છે તે કયા, યજ્ઞ વખતે શાન્તિપાઠ ભણે છે ને તેથી ઉપદ્રવ મટી જાય છે, તો તે શાન્તિપાઠ કયો, અગ્નિમાં યજ્ઞ હોમ વખતે આહુતી શેની આપવી કે જેથી અગ્નિ તૃપ્ત થાય, એ વગેરે ભાવ યજ્ઞની રીત કૃપા કરી અમને સમજાવો. ૪૩

અથઃ—હવે સાધુ બોલ્યા ત૦ તપરૂપ અગ્નિ જી૦ જીવ તે અગ્નિનું સ્થાનક, જો૦ જોગરૂપ ચાટવા, સ૦ શરીરરૂપ ગોર સંધુકણ. ક૦ કર્મરૂપ ઇંધણ. સં૦ સંજમને વિષે આત્માને જોડવો તે શાંતિપાઠ. હુ૦ એવો હોમ હું કરૂં છું. ઈ૦ રૂખીશ્વરને ભલું એ કર્ત્તવ્ય છે. ૪૪

मूल--तवो जोइ जीवो जोइ ठाणं,
जोगा सुया सरीरं कारिसङ्ग ।
कम्मेहा संजम जोगसन्ती होमं,
हुणामि इसिणं पसत्थं ॥ ४४ ॥

ભાવાર્થઃ—એમ બ્રાહ્મણોનું કહેવું સાંભળી હરીકેશી મુનિ બોલ્યા કે, હે બ્રાહ્મણો ! બાર પ્રકારના તપરૂપી અગ્નિને પ્રદિપ્ત કરી તેમાં કર્મરૂપી કાષ્ટને બાળો, એ તપરૂપ અગ્નિ અને તપરૂપ અગ્નિનું સ્થાનક તે જીવરૂપ સ્થાનક જાણવું, કેમકે તપ

આત્માથી થાય છે. મન વચન અને કાયાના જોગરૂપ ચાટવા અને શરીર એ તપરૂપ અગ્નિનું સંધુકણુ એટલે આધુપાછુ કરનાર જાણુવું. આઠ પ્રકારના કર્મરૂપી ઇંધણુ ( લાકડા ) તપરૂપ અગ્નિએ કરી ભષ્મ થાય, અને સત્તરે ભેદે સંજમરૂપ વેપાર એ શાંતીપાઠ જાણુવો. સંજમ સર્વ જીવને શાન્તિનો કરણુહાર છે. આવી રીતના હોમથી હું કર્મને દૂર કરૂં છું. તત્ત્વજ્ઞાનીઓ આને ભાવ યજ્ઞ કહે છે. કર્મ ક્ષય કરવા માટે હરેકે આ પ્રમાણે ભાવયજ્ઞ કરવો જરૂરનો છે. ૪૪

અર્થ:—હવે બ્રાહ્મણુ બોલ્યા. કે૦ કોણુ તમારો દ્રહ, કે૦ પણુ તમારે કયું છે તીર્થ. ક૦ શેને વિષે નાહ્યાથી પવિત્ર થાવ છો. આ૦ અમને હે સંજતિ હે યક્ષના પૂજનિક અમારે ઈચ્છા છે તે ના૦ કહો. ભ૦ તમારી સમિપે. ૪૫

मूलः-के ते हरए केय ते सन्तितित्थे,
कहिं सिणाओ वरयं जहासि ।
आइक्खनो संजय जक्खपूइया,
इच्छामो नाउं भवओ सगासे ॥ ४५ ॥

ભાવાર્થ:—વળી બ્રાહ્મણો પુછે છે કે, હે હરીકેશી મુનિ! આપના ધર્મમાં એવું કયું પુન્યક્ષેત્ર છે ? અને એવો કયો પવિત્ર નાહવાનો દ્રહ ( કુંડ ) છે, કે જેમાં નાહવાથી કર્મરૂપ મળ દૂર થાય ? લોક પ્રસિદ્ધ દ્રહ અને તીર્થનો તમે નિષેધ કરો છો તો કયા દ્રહમાં નાહવાથી અને કયું તીર્થ કરવાથી કર્મરૂપી રજ દૂર થાય તે કહો. કૃપા કરી અમને સમજાવો. અમારે તે બાબત જાણુવાની સંપૂર્ણ ઇચ્છા છે. ૪૫

અર્થ:—હવે સાધુ બોલ્યા. ધ૦ દયા ધર્મરૂપ દ્રહ છે. બં૦ બ્રહ્મચર્યરૂપ પવિત્ર તીર્થ નિર્મળ છે. અ૦ આત્માઓ ભલી લેષામાં નહાવું જેથી કર્મ રહિત થાય, સુ૦ શિતળીભૂત થકો કર્મને રાખે છે. ૪૬

मूलः--धम्मे हरए बम्भे सन्तितित्थे,
अणाविले अत्तपसन्नलेसे ।
जहिं सिणाओ विमलो विसुद्धो,
सुसीइ भूओ पजहामि दोसं ॥ ४६ ॥

ભાવાર્થ:—હરીકેશી મુનિએ કહ્યું કે, હે બ્રાહ્મણો ! દયારૂપ ધર્મ એ અમારે નહાવાનો દ્રહ અને બ્રહ્મચર્યરૂપ અમારે પવિત્ર તીર્થ છે. સર્વ કર્મનું મૂળ રાગ અને દ્વેષ છે. દયા અને બ્રહ્મચર્યના પાલનહાર, સત્ય બોલનાર, તપશ્ચર્યા કરનાર અને સંજમ પાળનાર એવા જે સાધુ મહાત્મા પુરુષ તેજ અમારે પવિત્ર તીર્થરૂપ છે. તેમની પાસે જે જાય તે પાવન થાય. એટલે દયા, બ્રહ્મચર્ય, સત્ય, તપ વગેરે પાવન થવાનું અર્થાત્ સિદ્ધ થવાનું ઠેકાણું જાણવું. એવા પવિત્ર તીર્થના કરનારને મિથ્યાત્વરૂપી મેલ લાગતો નથી. અને અહિંસા, બ્રહ્મચર્યાદિક તીર્થમાં સ્નાન કરવાથી તેજુ, પદ્મ અને શુકલ એવી ત્રણ લેશ્યાઓ (વિચારો) ઉત્પન્ન થાય છે, અને તેથી આત્મા ભાવમેલ રહિત, કલંક રહિત, નિર્મળ અને શીતળીભૂત બની રાગદ્વેષરૂપ અગ્નિને ઓલવી, ભાવ સમાધિ ગ્રહણ કરી કર્મને દૂર કરે છે. માટે હે બ્રાહ્મણો ! તમે પણ તેવો ભાવ યજ્ઞ કરી તમારા કર્મને દૂર કરો. ૪૬

અર્થ:—એ૦ એ, પૂર્વોક્ત સિ૦ સ્નાન, કુ૦ તીર્થંકરે દિઠો. મ૦ એ મોટું સ્નાન, ઇ૦ રૂખિસરને ભલું, જ૦ જિહા ન્હાયાથકા વિ૦ કર્મમલ રહિત વિ૦ રોગાદિક કલંક રહિત થકો મ૦ મોટા રૂખિસર ઉ૦ પ્રધાન સ્થાનક પામે એમ હું કહું છું.

मूलः—एयं सिणाणं कुसलेहि दिट्ठं,
महासिणाणं इसिणं पसत्थं ।

जहिं सिणाया विमला विसुद्धा
महारिसी उत्तमं ठाणं पत्त ॥४७॥ त्तिबेमिः

ભાવાર્થઃ—વળી હરીકેશી મુનિએ કહ્યું કે, હે બ્રાહ્મણો ! મેં જે તમને કહ્યું તે મારી પોતાની કલ્પનાથી નથી કહ્યું પરંતુ કેવળજ્ઞાન, કેવળ દર્શનના ધરણહાર એવા તીર્થંકર ભગવાન કે જેને તત્ત્વજ્ઞાની કહે છે તેવા પુરુષોએ કહેલાં ભાવ મેં તમને કહ્યાં છે. આવી ભાવ સંધ્યા અને આવા સ્નાન કરવાવાળાનેજ રાગદ્વેષાદિક કલંક રહિત મોટા વખાણવા લાયક મુનિ ઋષિશ્વર કહી શકાય અને તેજ મોક્ષપદ પ્રાપ્ત કરી શકે.

આ પ્રમાણે હરીકેશી મુનિનો ઉપદેશ સાંભળી બ્રાહ્મણોએ આ પવિત્ર ધર્મ પ્રેમથી સ્વિકાર્યો.

## अथ श्री उपदेश शतक.

### ઝેરનો કીડો ઝેરમાં જ જીવે.

विप्राऽस्मिन्नगरे महान्व सतिक स्तालद्रुमाणागणः ।
को दाता रजको ददाति वसनं प्रातर्गृहित्वां निशि ॥
कोदक्षः परदार वित्तहरणे सर्वेपि दक्षा जनाः ।
कस्माज्जीवसि हे सखे विषकृमिन्याये न जीवाम्यहम् ॥१॥

ભાવાર્થઃ—એક પંડિત પરદેશ ધન કમાવા અર્થે જતાં રસ્તામાં એક મોટું શહેર જોઈ ગામના દરવાજા નજીક આવી સામેથી ચાલ્યા આવતા એક બ્રાહ્મણને પૂછ્યું કે, હે ભાઈ ! આ શહેરમાં મોટું કોણ છે ?

બ્રાહ્મણે કહ્યું કે, આ શહેરમાં તાડના વૃક્ષ મોટાં છે.

પંડીતે પૂછયું-મોટા ન હોય તો ઠીક, પરંતુ કોઇ દાતાર છે કે નહી ?

બ્રાહ્મણે કહ્યું—આ શેહેરમાં દાતાર તરીકે ધોબી ગણાય છે, કેમકે સવારના પહોરમાં લોકો તેને ઘેર લાંબા હાથ કરી કપડા લેવા માટે ઉભા રહે છે, ને તે તેમને આપે છે. ધોબી સિવાય કોઇ દાતાર નથી.

પંડીતે પૂછયું--દાતાર નથી તો ખેર, પરંતુ શેહેરમાં કોઇ ડાહ્યો માણસ છે ?

બ્રાહ્મણે કહ્યું—પારકું ધન હરી લેવામાં, અને પરસ્ત્રી સંગ કરવામાં આખું ગામ ડાહ્યું છે. સિવાય કોઇ ડાહ્યું જોવામાં આવતું નથી.

પંડીતે કહ્યું કે, ત્યારે હે ભાઇ ! આવા શેહેરમાં તું કેવી રીતે જીવી શકે છે, અર્થાત્ રહી શકે છે ?

બ્રાહ્મણે જવાબ આપ્યો કે, જેમ વિષનો કીડો વિષ ખાઇને જ જીવે છે, તેમ હું આ શહેરમાં જીવું છું અર્થાત્ રહું છું.

### વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

શ્લોકઃ-નभूत पूर्वो नचकेन दृष्टो।
हेम्नः कुरंगो न कदापि वार्ता॥
तथापि तृष्णा रघुनंदनस्य।
विनाशकाळे विपरीत बुद्धि॥ २॥

ભાવાર્થ;—સોનાનો મૃગ (હરણ) પૂર્વે કોઈ વખત થયો નથી તેમ કોઇએ જોયો નથી, વળી સોનાના મૃગ સંબંધી કોઈના મોઢે વાર્તા પણ સાંભળી નથી તેમ છતાં રામચંદ્રજીને તેવો મૃગ પકડવાની તૃષ્ણા થઈ, અને તે પછી તુરતજ સીતાનું હરણ થયું, માટે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

પુન્યનો ઉદય હોય તે વખતે જે કરે તે સારૂં થાય.

શ્લોકઃ–ઓષધં શકુનો મંત્ર, નક્ષેત્ર ગૃહદેવતા ।
भाग्यकाळे प्रसीदंति, अभाग्ये याति विक्रिया।।३।।
कर्मणोहि प्रधानत्वं, किंम कुर्वन्ति शुभ ग्रहा ।
वशिष्ट दत्त लग्नोपि, रामं प्रवर्जितो वने ।।४।।

ભાવાર્થઃ—ઓષધ, શુકન, મંત્ર, નક્ષત્ર, ગૃહ અને દેવ એ સર્વે જ્યારે પુન્યનો ઉદય હોય ત્યારે જ સારૂં કામ કરે છે. અને પાપનો ઉદય હોય ત્યારે એ સર્વે દુઃખદાયક થઇ પડે છે.

નશીબ ચઢીઆતું હોય ત્યાં સુધી મંત્ર, ગૃહ, નક્ષત્ર, ઔષધ, અને દેવ કાંઇ અસર કરી શકતાં નથી. વશિષ્ટઋષીએ રામચંદ્રજીને ગાદીએ બેસવાનું મહુર્ત્ત જોઇ આપ્યું, તે જ દિવસે રામચંદ્રજીને વનવાસ જવું પડયું. માટે કર્મનુંજ પ્રધાનપણું છે.

ડોશી અને છોકરો.

એક છોકરો રસ્તે ચાલ્યો જતો હતો એવામાં સામેથી એક કેડેથી વાંકી વળી ગયેલી ડોશીને આવતી જોઇ પૂછયું કે, હે ડોશિમા ! વાંકા વળી નીચે શું શોધો છો ?

ડોશીમાએ જવાબ આપ્યો કે,

શ્લોકઃ–जरा दंड प्रहारेण, भग्नकटि मया कृतम् ।।
गतमे यौवनं रत्नं, पश्यामि च पदेपदे ।।५।।

ભાવાર્થઃ—હે પુત્ર ! જરા રૂપી રાક્ષસણીએ મારી કેડમાં લાકડીનો પ્રહાર કર્યો છે, તેથી કેડેથી વળી ગઇ છું, તેમજ મારૂં યૌવન રૂપી રત્ન ખોવાઇ ગયું છે, તેને હું પગલે પગલે ખોળું છું, પરંતુ હાથ લાગતું નથી.

મનુષ્ય પશુ જેવો.

શ્લોકઃ–येषान विद्या न तपो न दानं,
न चापि शिलो निर्गुणोपि धर्मः ।

ते मृत्युलोके भूमि भार भूता,
मनुष्य स्वरुपेण मृगाश्चरंति ॥ ६ ॥

ભાવાર્થ:—જે મનુષ્યમાં વિદ્યા, તપ, દાન, શીયળ અને ધર્મ વગેરે ગુણ ન હોય તે મનુષ્ય આ પૃથ્વીપર ભારભુત છે, એટલે તેનું શરીર મનુષ્યનું, બાકી પશુ સમાન જાણવો.

દાન વિષે રાજા અને પ્રધાન વચ્ચે સંવાદ.

श्लोकः—आपदार्थं धनं रक्षेत् भाग्यवानं क्वचापदः ।
कदापि कुपितो दैवः संचितो पि विनस्यते ।७।

ભાવાર્થ:—એક રાજા દાન દેવામાં શૂરો હતો. દરેકને મોં માગ્યું દાન આપતો, આ પ્રમાણે હંમેશા ચાલશે તો રાજા રાજ્યગાદી પણ કદાચ ગુમાવી બેસશે એમ ધારી પ્રધાને રાજાના બેસવાના ઠેકાણે લખ્યું કે,

आपदार्थं धनं रक्षेत् ।

હે રાજન ! ધન જેને તેને મોં માગ્યું નહિ આપતાં સાચવી રાખવાની જરૂર છે, કારણકે અણધારી આફત વખતે ધન ઘણુંજ ઉપયોગી થઈ પડે છે.

આ પ્રમાણે વાંચી નીચે રાજાએ લખ્યું કે,

भाग्यवानं क्वचापदः ॥

ભાગ્યવાન માણસને કોઇ પણ જાતની આફત આવેજ નહિ, એ ચોક્કસ માનવું.

ત્યારે નીચે પ્રધાને લખ્યું કે,

कदापि कुपितो दैवः ।

કદાચ દૈવ કોપાયમાન થાય ત્યારે શું થાય ?

ત્યારે રાજાએ જણાવ્યું કે,

संचितो पि विनस्यते ॥

દૈવ કોપાયમાન થશે ત્યારે સાચવી રાખેલું હશે તે પણ જતું રહેશે, માટે દાન દેવામાં જરાપણ ઢીલ કરવી નહિ.

ઝાડના પાંદડાના પતરાળામાં નહિ જમવા વિષે.

श्लोकः-गधो द्वादश जन्मानि ।दश जन्मानि शुकरः ॥
कुरकट शत जन्मानि । श्रीमते भाजने भवेत्।८।

ભાવાર્થઃ—પતરાળામાં જમનારને બાર અવતાર ગધેડાના, દશ અવતાર ભૂંડના અને સો અવતાર કુકડાના લેવા પડે છે, માટે પતરાળામાં જમવાનું બંધ કરવું.

કંદમૂળ નહિ ખાવા વિષે.

श्लोकः-रक्तमूलानि भवेत् पापम् तुल्य गोमांस भक्षणं,
भक्षणात् नर्कं यान्ति वर्जनात् स्वर्गमाप्नुयात्।९।

ભાવાર્થઃ—લાલ કંદમૂળની જાત ગાજર, સુરણ, રતાળુ, શકરીયા વગેરે ગાયના માંસ બરાબર છે. જે માણસ તેનું ભક્ષણ કરે છે તે નરકના અધિકારી બને છે, અને જે કંદમૂળનો ત્યાગ કરે છે, તે સ્વર્ગ લોકમાં જાય છે, માટે કંદમૂળ ખાવાનું બંધ કરવું.

ભોજન એકાંતમાં કરવું, અન્ય માણુસોના દેખતાં જમવું નહિ તે ઉપર,

સિંહ અને બકરાની વાર્તા.

જંગલમાં એક રબારી બકરાનું ધણ ચરાવતો હતો. તેમાંથી એક બકરો જૂદો પડી ગયો, અને જંગલમાં રખડવા લાગ્યો. તે જંગલમાં સિંહની વસ્તી વધારે હોવાથી બીજા જાનવરો આવી શકતા નહિ અને તેથી જંગલમાં દરેક જાતની વનસ્પતિ ચરી ખાવાનું ઘણુંજ સારૂ હતું. બકરો હર હંમેશ આવો સારો ચારો મળવાથી શરીરે ઘણોજ પુષ્ટ થયો. શરીરપર વાળ વધી ગયા, શીંગડા લાંબા અને વાંકા વળી ગયા, આંખો હળદરના રંગ જેવી પીળી થઇ ગઇ, અને એવું વિકાળ રૂપ બન્યું કે બકરો છે એમ જાણી શકાય નહિ. આવી સ્થિતિમાં તે ફરે

છે એવામાં એ જંગલમાં એક સિંહ આવ્યો. દૂરથી બકરાને જોઇ સિંહ ગભરાયો પણ હિંમત રાખી સામો ચાલ્યો. બકરો સિંહને સામો ચાલ્યો આવતો જોઈ નરમ થઇ ગયો અને વિચાર્યું કે, મોતના પંજામાં આવ્યા છતાં હિંમત હારી નહિ જતાં ધીરજ રાખી રહેવું. કહ્યું છે કે;

उद्यमः साहसं धैर्यं, बुद्धि शक्ति पराक्रमः ॥
षडे ते यत्र वर्तंते, तत्र देवो साह्य कृतः ॥१०॥

ભાવાર્થઃ—ઉદ્યમ, સાહસીકતા, ધીરજ, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ એ છ વાનાં જેનામાં હોય તેને દેવ મદદકર્તા થઇ પડે છે.

આમ ધારી બકરો હિંમત રાખી સામો ઉભો રહ્યો. સિંહે નજીક આવી બકરાને નિડર ઉભેલો જોઇ પૂછયું કે,—

श्लोक--किमर्थं बुदबुदाकारं, किमर्थं नेत्र पिंगलम् ।
किमर्थं केश धारिण्यं, किमर्थं वन शेवितम् ॥११॥

ભાવાર્થઃ—હે વિલક્ષણ દેહધારી! તમે કોણ છો? તમારા જેવું સ્વરૂપ મેં કદી જોયું નથી, અને આવો તમારા જેવો બડબડાટ શબ્દ પણ મેં સાંભળ્યો નથી. તમારા જેવી પીળી આંખો અને આવા લાંબા વાળ મેં કયાંય કોઈના શરીરપર જોયા નથી. તમે અહિં કોની શોધમાં અને કેમ ફરો છો તે કૃપા કરી જણાવો. જવાબમાં બકરાએ કહ્યું કે,

श्लोक--शतं व्याघ्रं मया हत्वा, हस्तिनां च शतत्रयं ।
एक सिंहो न पश्यति, तत्कारण वन सेवितम् ॥१२॥

ભાવાર્થઃ—હે વનવાસી પ્રાણી! તું સાંભળ. હું ખરેખરો વનચર પ્રાણી છું. આ જંગલમાં આવ્યા પછી મેં સો વાઘના જીવ લીધા, અને ત્રણસો હાથીઓને પરલોક પહોંચાડયાં છે. પછી કોઇએ મને કહ્યું કે, આ જંગલમાં એક સિંહ રહે છે, તેને તમે ઠેકાણે કરો તો સારૂં. આથી હું આ જંગલમાં આવ્યો

છું, અને સિંહની શોધખોળ કરૂં છું; પણ હજુ તે મારા જોવામાં આવતો નથી. કદાચ તમારા જોવામાં આવે તો મને ખબર આપજો. બકરાનાં આવાં વચન સાંભળી સિંહ ઘણોજ ગભરાયો અને વિચાર્યું કે, જેને તે ખોળે છે તે હુંજ છું. પણ સારૂં થયું કે હજુ તેણે મને ઓળખ્યો નથી, માટે પલાયન કરી જાઉં. એમ ધારી બકરાને કહ્યું કે, ભલે, ભાઇ! સિંહ મળશે તો તમને ખબર આપીશ. હવે રજા લઉં છું. એમ કહી સિંહ ચાલતો થયો, અને મોતના પંજામાંથી બચ્યાનું જાણી ખુશી થયો, અને રખેને પાછળ આવે એમ ધારી પાછું વાળી જોતો જાય છે.

હવે પેલો બકરો પોતાની કુયુક્તિથી બચ્યો તો ખરો, પણ રખેને સિંહ ઓળખી જાય એવી ધાસ્તિથી તે પણ પાછું વાળી જોતો જાય છે. સિંહ પોતાની ગુફા આવતાં ઉભો રહ્યો, અને બકરા સામું જોયા કરવા લાગ્યો. બકરો આગળ જઇ આકડાનું ઝાડ ફુલ્યું ફાલ્યું જોઇ તેના પાંદડાં ખાવા લાગ્યો. આ જોઇ સિંહને વિચાર થયો કે, બકરા સિવાય કોઇ વનચર જીવ આકડાનાં પાન ખાય નહિ, માટે તે ખરેખર બકરોજ હોવો જોઇએ. આથી તે ત્યાંથી તુરતજ દોડયો અને બકરાને મારી નાખ્યો. માટે કહ્યું છે કે;

श्लोक--भोजनं गुप्त कर्तव्यं, दुर्बलेन विशेषितः ।
अर्क पत्र प्रसादेन, अजा पुत्रो विनस्यते ॥१३॥

ભાવાર્થ:—ભોજન કરવું તે ભલે ગમે તેવું હોય પણ ગુપ્ત રીતે કરવું. જમવાપરથી માણસની કીંમત થાય છે. જેમ સિંહના દેખતાં બકરાએ આકડાનાં પાંદડાં ખાધાં તો બકરો છે એમ સિંહના જાણવામાં આવતાં તેનો પ્રાણ ગયો. માટે જમતાં સંભાળ રાખવી.

જ્ઞાનના દાતાર ગુરૂનો ગુણ નહિ ભૂલવા વિશે.

श्लोक--एकाक्षरं प्रदातारं, यो गुरु नैव मन्यते ।
स्वानयोनी शतंगत्वा, चंडालेष्वपि जायते ॥१४॥

ભાવાર્થ:—કોઇ જ્ઞાનિ પુરૂષે દયા લાવી એક અક્ષર કે એક પદ શીખવાડયું હોય, તો તેનો જીંદગી સુધી ઉપકાર ભુલી જવો ન જોઇએ. અને ભુલી જવાય તો સો ભવ કુતરાના અને તે પછી ચાંડાલના ઘણાં ભવ કરવા પડે છે, માટે ગુણીજને ઉપકારી પુરુષનો ગુણ ભુલી જવો નહિ.

દાન અને ધર્મની લાગણી વિનાનો મનુષ્યભવ મૃત્યુ પછી પણ નકામો છે, તે પર:—

## બ્રાહ્મણ અને શીયાળની વાર્તા.

જંગલમાં એક શિયાળને ત્રણ દિવસથી ખોરાક નહિ મળવાથી આમતેમ દોડાદોડ કરતું એક નદીના કીનારાપર તે આવી પહોંચ્યું. તે વખતે નદીમાં એક મડદું તણાતું જોઇ શિયાળ ખુશી થયું, અને થોડા પાણીમાં જઈ મડદાને કીનારે ખેંચી લાવી ખાવાની તૈયારી કરે છે, એવામાં તે નદીના કાંઠા પર ઉભેલા એક બ્રાહ્મણે મડદાને ઓળખી લીધું અને કહ્યું કે, હે શિયાળ ! આ મડદાનો કોઇ પણ ભાગ તારે ખાવા લાયક નથી અને ખાઈશ તો દુઃખી થઈશ. આ માણસ કેવો હતો તે તું સાંભળઃ-

श्लोक—हस्तौ दान विवर्जितौ,
श्रुतिपटौ सारस्वंत द्रोहिणौ ।
नेत्रे साधु विलोकनेन रहिते, पादौ न तिर्थं गतौ ।
अन्यायार्जित वित्त पूर्ण, मुदरं गर्वेण तुंगं शिरो ।
रे रे जंबुक मुंच मुचं सहसा,
नीचस्य निंद्यं वपुः ॥ १५ ॥

ભાવાર્થ:—હે શીયાળ ! આ મડદાનો હાથ તારે ખાવા લાયક નથી. કેમકે તેણે જીવતાં કદીપણ હાથવડે કોઇને દાન દીધું નથી. કાન વડે તેણે કોઈ દિવસ શાસ્ત્રનું શ્રવણ કર્યું નથી, અને સાંભળ્યું હશે તો સાંભળ્યા પછી દ્વેષ રાખ્યો છે, માટે

કાન ખાવા લાયક નથી. આંખ વડે તેણે કોઇપણ મહાત્મા પુરુષના દર્શન કર્યાં નથી, તેથી આંખો ખાવા લાયક નથી. પગવડે તેણે કોઈ દિવસ તીર્થ-યાત્રા કરી નથી, તેથી પગ પણ ખાવા લાયક નથી. પેટ તેણે અન્યાય અને અનીતિથી પૈસા પેદા કરી ભર્યું છે, જેથી પેટ પણ ખાવા લાયક નથી. મસ્તકમાંથી તે જીવ્યો ત્યાંસુધી અહંકાર દૂર થયો નથી, જેથી મસ્તક પણ ખાવા લાયક નથી. આમ તેનું આખું શરીર નિંદાને પાત્ર છે, જેથી તારે ખાવા લાયક નથી, માટે તું ખાવાનું મુકી દઇ ચાલ્યો જા, નહિ તો તારા આત્માનું પણ ખરાબ થશે. આ સાંભળી શીયાળ તુરતજ ત્યાંથી જરા પણ ખાધા વગર ચાલ્યું ગયું.

સારાંશ એજ કે, હરેક માણુસે પોતાના આત્માનું સુધારવા માટે હરેક અવયવને સારા કામ કરવામાં જોડી રાખવા.

ડાહ્યો દુશ્મન પણ સારો તે પરઃ—

## રાજા અને બ્રાહ્મણની વાર્તા.

એક ગામમાં રાજાને પોતાના દેહનું રક્ષણ કરવા-માટે ભરોંસાપાત્ર માણુસ મળતો નહોતો. એક દિવસ મદારી માંકડાને લઈ રાજાના ગોખ નીચે રમત કરાવતો હતો. તે વાંદરાની ચાલાકી જોઈ રાજા ઘણોજ ખુશી થયો, અને વિચાર્યું કે, આ વાંદરાને કેળવીને પાસે રાખ્યો હોય તો બહુજ ઉપયોગી થઇ પડે જેથી મદારીને મરજી મુજબ ખુશી કરી વાંદરો લીધો અને તેને કેળવાવી અહોરાત્રિ પલંગની આસપાસ ખુલ્લી તરવારે ચોકી કરવાનું રાજાએ સોંપ્યું. એક દિવસ એક પંડિત બ્રાહ્મણુ જુગારમાં ઘણુંજ ધન ગુમાવી બેસવાથી રાજાના મહેલમાં ચોરી કરવા આવ્યો. રાજા પલંગ પર સુતેલા છે, અને વાંદરો ચોતરફ ફરે છે. એવામાં રાજાના શરીર પર ચંદ્રનું અજવાળું પડેલું છે, અને બ્રાહ્મણુ ચોરે લટકતી સાંકળ પકડી નીચે ઉતરી જવાનો ઉપાય શોધ્યો. પરંતુ સાંકળ પકડવા જતાં જરા હલી અને તેનો પડછાયો રાજાના શરીર પર પડયો. આ જોઇ વાંદરાએ વિચાર્યું

કે, રાજાના શરીર પર થઇ સરપ જાય છે, માટે તલવારથી સરપના બે ટુકડા કરી નાખું. આમ ધારી જેવો તે તલવાર ઉપાડવા જાય છે, એવામાં આ મૂર્ખ વાંદરો સાંકળને સરપ માની તલવારથી રાજાના બે ટુકડા કરી નાંખશે, આથી આખું ગામ રંડાશે, અને મારૂં તો જે થવાનું હશે તે થાશે એવું જાણી તે બ્રાહ્મણ ચોર ઉપરથી નીચે કુદી વાંદરાને બાઝી પડયો. આ ધમાલમાં રાજા જાગી ઉઠયો, અને વાંદરાએ ચોરને પકડયો જાણી રાજા ખુશી થયો, અને વાંદરાને શાબાશી આપી. સવાર થતાં સુધી બ્રાહ્મણને કેદમાં રાખ્યો. સવારમાં ન્યાયાસન આગળ બ્રાહ્મણને બોલાવ્યો અને સર્વ વાત જાણવામાં આવતાં રાજાને જણાયું કે, જો આ ચોર તે વખતે હાજર ન હોત તો જરૂર મારા પ્રાણ જાત. માટે કહ્યું છે કે,

श्लोक–पंडितोपि वरं शत्रु, न मूर्खो हितकारकः ।
वानरेण हतो राजा, विप्र चोरेण रक्षते ॥१६॥

ભાવાર્થઃ—શત્રુ હોય પરંતુ પંડિત હોય તો સારૂં, હીતકારક પણ મૂર્ખ હોય તે નહિ સારૂ. કેમકે શત્રુરૂપ પંડિત બ્રાહ્મણ ચોરે રાજાને બચાવ્યો, અને હીતકારકરૂપ મૂર્ખ વાંદરો રાજાનો જીવ લેત, અને રક્ષણને બદલે ભક્ષણ કરત. માટે દુશ્મન હોય, પરંતુ દાનસ્તો હોય તો સારો.

### પ્રભુ ભક્તિ કરવાને યોગ્ય કોણ ?

( છપ્પો અથવા કવીત. )

સહસ્ત્ર વણિક બુદ્ધિ મીલે, તબે હોય એક સોનારા,
સહસ્ત્ર સોનારા મીલે, તબે હોય એક ઠગારા,
સહસ્ત્ર ઠગારા મીલે, તબે હોય એક બિચીક્ષણ,
સહસ્ત્ર બિચીક્ષણ મીલે, તબે હોય એક બીરગન (કવી);
વણિક બિચીક્ષણ બીરગન, ઠગ ઓર સોનારકી,
ઇતની બેશ જબહી મીલે, તબ ભક્તિ હોય કીરતારકી ! ॥૧૭॥

ભાવાર્થઃ—એક હજાર વણિકની બુદ્ધિ એકઠી કરીએ ત્યારે એક સોનારની બુદ્ધિ થાય, એવા હજાર સોનીની બુદ્ધિ એકઠી કરીએ ત્યારે એક ઠગારાની બુદ્ધિ થાય. એવા હજાર ઠગારાની બુદ્ધિ એકઠી કરીએ ત્યારે એક વિચિક્ષણ પુરુષની બુદ્ધિ થાય. એવા હજાર વિચિક્ષણ ( ડાહ્યા ) પુરુષની બુદ્ધિ એકઠી કરીએ ત્યારે એક બીરગન ( કવી ) થાય, એટલે શીઘ્રકવી કહેવાય. એમ વણિક, વિચિક્ષણ, કવિ, ઠગ અને સોની એ સર્વની બુદ્ધિ એકઠી કરી હોય અને તેટલી બુદ્ધિ જે પુરુષમાં હોય તે પ્રભુ ભકિત કરવાને યોગ્ય ગણાય.

### વીર ભગવાનનું જન્મ સમયનું બળ.

( ભુજંગી છંદ. )

સુણો વીર્ય બોલું વિશાળો વિબુદ્ધો,<br>
નરે બાર યોદ્ધે મળી એક ગોધો;<br>
દશે ગોધલે લેખવો એક ઘોડો,<br>
તુરંગેણ બારે મળી એક પાડો;<br>
દશે પાંચ મહિષે મહોન્મત્ત નાગો,<br>
ગજ પાંચશેં કેસરી વીર્ય ત્યાગો;<br>
હરિ વીસસેં વીર્ય અષ્ટાપદે કો,<br>
દશ લક્ષ અષ્ટાપદે રામ એકો;<br>
ભલા રામ યુગ્મેં સમો વાસુદેવો,<br>
દ્વિતીય વાસુદેવે ગણી ચક્રિ લેવો;<br>
ભલા લક્ષ ચક્રિ સમો નાગ શૂરો,<br>
વલી કોડી નાગાધિપેં ઈંદ્ર પૂરો;<br>
અનંતેષુ ઈંદ્રે મળી વીર્ય જેતું,<br>
ટચી અંગુલી વીર પ્રભુ વીર્ય તેતું. ॥ ૧૮ ॥

ભાવાર્થ—મહાવીર ભગવાન જનમ્યા તે વખતે તેમને મેરૂ પર્વતે નહવરાવવા માટે ઈંદ્ર મહારાજ લઇ ગયા હતા. તે પ્રભુને ખોળામાં લીધા પછી ઇંદ્રને શંકા થઇ કે, સર્વે ઈંદ્રો જ્યારે પાણીની ધારા કરશે ત્યારે આ બાળક કયાંઇ તણાઇ જશે. ઈંદ્રની

શંકાનું સમાધાન કરવા માટે પ્રભુએ તે વખતે ટચલી આંગળી વડે મેરૂ પર્વતને હલાવ્યો. તે વખતે તેમનું બળ કેટલું હતું તો કે,

બાર યોદ્ધા પુરુષનું બળ એકઠું કરીએ ત્યારે એક બળદનું બળ થાય, દસ બળદનું બળ એકઠું કરીએ ત્યારે એક ઘોડાનું બળ થાય, બાર ઘોડાનું બળ એકઠું કરીએ ત્યારે એક પાડાનું બળ થાય, પંદર પાડાનું બળ એકઠું કરીએ ત્યારે એક મહોન્મત્ત હાથીનું બળ થાય, પાંચસે હાથીનું બળ એકઠું કરીએ ત્યારે એક કેસરી સિંહનું બળ થાય. એવા બે હજાર કેસરીસિંહનું બળ એકઠું કરીએ ત્યારે એક અષ્ટાપદનું બળ થાય, એવા દસ લાખ અષ્ટાપદનું બળ એકઠું કરીએ ત્યારે એક બળદેવનું બળ થાય. બે બળદેવનું બળ એકઠું કરીએ ત્યારે એક વાસુદેવનું બળ થાય. બે વાસુદેવના બળે એક ચક્રવર્તિનું બળ થાય, લાખ ચક્રવર્તિના બળે એક નાગ કુમારનું બળ થાય, એવા ક્રોડ નાગ કુમારના દેવનું બળ એકઠું કરીએ ત્યારે એક ધરણેંદ્રનું બળ થાય. તેનાથી અનન્તુ બળ સુધર્મ ઈંદ્રનું અને સર્વેના બળ એકઠાં કરીએ તેટલું બળ પ્રભુની ટચલી આંગળીના ટેરવામાં છે.

## વાણીયાની ઉદારતા વિષે.

( કવીત. )

દેશપતિ જબ રીઝત હે, તબ દેતહે ગામ કરતહે નિહાલી,
ગામપતિ જબ રીઝત હે, તબ દેતહે ખેત કાં દેતહે વાડી;
ખેતપતિ જબ રીઝત હે, તબ દેતહે ધાન પાલી દો પાલી,
વાણીયા ભાઇ રીઝત હે, તબ કાઢત દાંત, બજાવત તાલી. ॥૧૯॥

ભાવાર્થ:—કોઈ દેશપતિને જ્યારે કોઇ કવીજન કે અર્થિજન કવીતા પ્રમુખથી રાજી કરે તો તે રાજી કરનારને એકાદ ગામ આપી ન્યાલ કરે; ગામપતિને જ્યારે ખુશી કર્યો હોય ત્યારે ખેતર કે વાડી આપી દે; ખેતરપતિ–ખેડુતને જ્યારે ખુશી કર્યો હોય ત્યારે એક બે પાલી ધાન આપી દે; અને વાણીયા-

ભાઈને જ્યારે ખુશી કર્યો હોય ત્યારે દાંત કાઢી-હસીને એક બીજાના હાથમાં તાલી આપે. આવી વણીકની ઉદારતા!

## વાણીયાના ગુણ વિષે.

[ શાર્દૂલવિક્રિડીત. ]

स्थाने सिंह समारणे मृग समा देशांतरे जंबुका।
आहारे खलु भीमसेन सद्रशा श्वांनोपमा मैथूने ॥
द्रष्टिर्मर्कटवत् पीशाच प्रकृति कूटाक्षरा लिखने।
स्वकार्ये कुशला परकार्ये बधिरा एते गुणा वाणीयाः॥

ભાવાર્થઃ—વાણીયો પોતાને ઘેર, ચોટે, કે દુકાને હોય ત્યારે શાર્દૂલસિંહ જેટલું બળ બતાવે; ગામથી ચાર ગાઉ જંગલમાં જઈ ચડયો હોય તો જેમ જુદું પડેલું હરણ આમ તેમ દોડે તેમ તે બીકને લીધે દોડાદોડ કરે; પરદેશમાં જો ગયો હોય તો શિયાળની માફક અહિંથી અહિં અને અહિંથી અહિં સંતાતો ફરે; પારકે ઘેર જમવા બેઠો હોય ત્યારે પાંડવોના ભાઈ ભીમસેન જેવો; મૈથુન સેવવામાં કાતક માસના (× × ×) જેવો; તેની ચપળતા વાંદરાની દૃષ્ટિ જેવી; પ્રકૃતિ રીસાળ, દ્વેષી અને પીશાચ જેવો; ખોટા લેખ લખવામાં કુશળ; પોતાના કામમાં હુંશીયાર; પારકું પરોપકારનું કામ હોય ત્યારે કાને બહેરો. વાણીયાભાઈના ગુણ આવા!

કન્યાવિક્રય વગેરે મહા પાપનું કાર્ય કરનાર પરઃ—

## ચંડાળ અને તેની સ્ત્રીનું દ્રષ્ટાંત.

સ્મશાન ભૂમિમાં આવતાં દરેક મુડદા પરના કપડાં ત્યાં રહેનાર ભંગી અર્થાત્ ચંડાળને મળે છે, જેથી તે ભૂમિમાં રહેતો એક ચંડાળ મુડદાની રાહ જોતો હતો. એવામાં ત્યાં એક મુડદું આવ્યું. તે સાથે એક ભાનુ નામનો પંડિત આવ્યો હતો. મડદાનો અગ્નિસંસ્કાર થયા પછી સર્વ ત્યાં બેઠા હતા એવામાં

ચંડાળની સ્ત્રી ત્યાં આવી અને તેના પતિને પોતે રજસ્વળા હોવાથી રસોઈ કરી નથી માટે કેમ કરવું તે પૂછ્યું. ચંડાળે જવાબ આપ્યો કે, હાલ મારાથી ઘેર આવી શકાય તેમ નથી માટે તારે ખાવાનું મરજી મુજબ કરી લે. સ્ત્રીએ આસપાસ જોયું તો એક મરેલું કુતરૂં પડેલું જોયું. જેથી કૂતરાના શરીરમાંથી થોડું માંસ કાઢયું અને તે સ્મશાનભૂમિમાં બળતા મુડદાની ચિતામાં તે માંસને રાંધ્યું. તૈયાર થયું એટલે તે સ્ત્રી રસ્તામાં જમીન પર પાણી છાંટતી છાંટતી ઘેર ગઇ. આમ પાણી છાંટતી છાંટતી ચંડાળની સ્ત્રીને જતી જોઇ ભાનુ પંડિતે પૂછ્યું કે,

**श्वान मांसं चिता पक्वं, चंडाला च रजस्वला ।**
**भानु पृच्छति हे सखे, कस्मात् छिन्नंति छिनमाहि २१**

ભાવાર્થઃ—હે બાઇ! તું ચંડાલની સ્ત્રી, રજસ્વળા, અને હાથમાં મરેલા કૂતરાનું મડદાની ચિત્તામાં રાંધેલું માંસ લઈ જાય છે, જેથી દરેક રીતે તું અપવિત્ર તો છે જ છતાં રસ્તામાં પાણી છાંટતી છાંટતી જાય છે તેનું શું કારણ?

ચંડાળની સ્ત્રીએ જવાબ આપ્યો કે,

**श्लोक--गौचरा भूमि हरताच, कन्या विक्रयकारकाः ।**
**दत्त दानं प्रदातव्यं, तस्मात् छिन्नंति छिनमाहि ॥२२॥**

ભાવાર્થઃ—હે ભાનુ પંડિત! ગાયોને ચરવાની છુટી જમીન ઉખેડી નખાવનાર, દીકરીનો પૈસો લેનાર, અને ધર્માદા આપેલા ધનને પાછું લેવા હાથ લાંબો કરનાર એ ત્રણ જાતના પુરૂષો આ જમીન પર ચાલતા હોવાથી જમીન અપવિત્ર થઇ છે, અને તે ત્રણે આ મારા કાર્ય કરતાં પણ વધારે પાપી છે, અને તેથીજ હું આ અપવિત્ર જમીન પર પાણી છાંટી પવિત્ર કરી ચાલું છું.

મહાત્મા પુરુષના ગુણ જોવા પણ જાતિ નહિ જોવા વિષે.

**कैवर्ता गर्भ संभूतो, व्यासो नामा महामुनिः ।**
**तपस्या ब्राह्मणो जाया, तस्मात् जाति न कारणं २३**

ભાવાર્થ:—મહાત્મા વ્યાસ મુનિ તપશ્ચર્યાવડે બ્રાહ્મણ ગણાયા, પણ જાતિ વડે નહિ. કેમકે જાતિ જોવા જઇએ તો માછણના પેટે અવતાર લીધેલો છે. માટે જાતિ સામું નહિ જોતાં ગુણ જોવાની જરૂર છે. વળી,

श्लोक--चंडालि गर्भ संभूतो, विश्वामित्र महारिषि ।
तपस्या ब्राह्मणो जाया, तस्मात् जाति न कारणं ॥२४॥

ભાવાર્થ:—વિશ્વામિત્ર ઋષિ પણ તપશ્ચર્યાથીજ બ્રાહ્મણ ગણાયા છે. જાતિ જોવા જઇએ તો તેઓ ચંડાળણની કૂંખે ઉત્પન્ન થયેલા છે. માટે તપનો પ્રભાવજ મોટો છે, જાતિનો નહિ. વળી,

श्लोक--उर्वाशि गर्भ संभूतो, वशिष्टोपि महारिषि ।
तपस्या ब्राह्मणो जाया, तस्मात् जाति न कारणं ॥२५॥

ભાવાર્થ:—વશિષ્ટ નામના મહાત્મા પણ તપશ્ચર્યા વડેજ બ્રાહ્મણ ગણાયા છે. અને જાતિ જોવા જઇએ તો ઉર્વશીને પેટે અવતાર લીધેલો છે, માટે જાતિનું કાંઇ જોવાનું નથી. જૈન શાસ્ત્રમાં પણ હરીકેશી મુનિ ચાંડાળ કૂળમાં ઉત્પન્ન થયા હતા. પરંતુ તપશ્ચર્યાએ કરી કેવળજ્ઞાન મેળવ્યું અને સર્વજ્ઞ થયા. માટે કોઈએ જાતિનો અહંકાર કરવા જેવું નથી.

સર્વ ધનમાં વિદ્યારૂપી ધન મોટું છે.

श्लोक—न चोर हार्य न च राज हार्य,
न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृते वर्धते एव नित्यं,
विद्या धनं सर्व धन प्रधानम् ॥२६॥

ભાવાર્થ:—જેની પાસે વિદ્યારૂપી ધન છે, તેને ચોર ચોરી શકતા નથી, રાજા હરી લેતા નથી, અને ભાઇઓ ભાગ માગી

શકતા નથી, તેમજ તેનો બોજો પણ જણાતો નથી. વળી આશ્ચર્યની વાત એ કે, તે વિદ્યારૂપી ધન વાપરવાથી ઘટતું નથી, પણ વધતુંજ જાય છે, માટે હરેકે વિદ્યારૂપી ધનનો સંગ્રહ કરવો.

विद्या नाम नरस्य रुप मधिकं प्रच्छन्न गुप्तं धनं ।
विद्या भोग करी यशः सुख करी विद्या गुरुणां गुरुः ।।
विद्या बंधुजनो विदेश गमने विद्या परं दैवतं ।
विद्या राजसु पुज्यते नहि धनं विद्या विहीनः पशुः २७

ભાવાર્થઃ—માણુસનું નૂર વિદ્યા છે. વિદ્યા એ કોઇ જોઇ શકે નહિં તેવું ગુપ્ત ધન છે. વિદ્યા એ ભોગ, યશ અને સુખને આપનારી છે. વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે. વિદ્યા એ પરદેશમાં સ્હાય કરનાર છે. વિદ્યા બંધુ સમાન છે. વિદ્યા એ માણુસમાં મોટામાં મોટું દૈવત છે. વિદ્યાથીજ રાજ્ય સભામાં આદરસત્કાર મળે છે, પણ ધનથી મળતો નથી. માટે વિદ્યા વિનાનો માણુસ એ શીંગડાં અને પુંછડા વિનાનો પશુ સમાન માણુસ જાણવો.

### સંત સમાગમ મહાત્મય.

गंगा पापं शशी तापं, दैन्यं कल्प तरुस्तथा ।
पापं तापं च दैन्यं च, हंति संतो महाशयाः ।।२८।।

ભાવાર્થઃ—પુરાણમાં કહ્યું છે કે, ગંગામાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે, ચંદ્રમાની શીતળતાથી તાપનો નાશ થાય છે, અને કલ્પવૃક્ષથી દારિદ્રતા દૂર થાય છે, એ ત્રણેમાં એકેકો ગુણ છે, પણ પાપ, તાપ અને દારિદ્રતા એ ત્રણેનો એકી સાથે નાશ કરનાર સંત સમાગમ છે. માટે સદ્દગુરુની સેવા કરવામાં ઉત્તમ લાભ સમજવો.

### મોટા પુરુષનો મહિમા.

શ્લોક—वनेपि सिंहा मृग मांस भक्षिणो,
बुभुक्षिता नैव तृणं चरांति ।

एवं कुलीना व्यसना भिभूता,
न नीच कर्माणि समाचरंति ॥ २९ ॥

ભાવાર્થ:—જંગલમાં રહેનાર સિંહ ફક્ત મૃગનોજ માંસ ખાય છે. કદાપિ તે સો દિવસનો ભૂખ્યો હોય પણ તૃણ ખાવાની ઇચ્છા કરેજ નહિ, તેમ ઉત્તમ પુરુષને માથે ગમે તેટલું દુઃખ આવી પડયું હોય તોપણ તેનાથી લોક વિરૂદ્ધ નીચું કામ થઈ શકે નહિં, વળી કહ્યું છે કે,

श्लोक—पीबंति नद्यः स्वयमेव नांभः ।
स्वयं न खादंति फलानि वृक्षाः ॥
नादंति सस्यं खलु वारि वाहाः ।
परोपकाराय सतां विभूतयः ॥ ३० ॥

ભાવાર્થ:—નદી પોતાનું પાણી કાંઈ પોતે પીતી નથી, વૃક્ષો પોતાના ફળ પોતે ખાતાં નથી, વરસાદ ધાન્ય નીપજાવે છે, પણ તે પોતે ધાન ખાતો નથી, મતલબ કે એ ત્રણેનું કાર્ય પરોપકાર અર્થેજ છે, વળી કહ્યું છે કે,

श्लोक--क्षारं जलं वारि मुचः पिबंति,
तदेव कृत्वा मधुरं वमंति ।
संतस्तथा दुर्जन दुर्वचांसि,
पीत्वाच्च सूक्तानि समुद्गिरंति ॥ ३१ ॥

ભાવાર્થ:—જેમ સમુદ્રનું ખારૂં જળ પીને આકાશમાં ઉંચે ગયેલી વાદળીઓ વરસાદ રૂપે જગતને મીઠું પાણી આપે છે, તેમ સંત પુરુષો જગતમાં ફરે છે તે દુર્જન માણસોનાં દુર્વચનો કાન દ્વારાએ પીને પછી પોતાના મુખારવિંદમાંથી નીકળતી અમૃત રૂપ વાણી પ્રગટ કરે છે. માટે સજ્જન પુરુષની બલીહારી છે, વળી કહ્યું છે કે,

શ્લોક--कर्णे जपानां वचन प्रपंचात् ।
महात्मनः क्वापिन दुषयंति ॥
भुजंगमानां गरल प्रसंगात् ।
नापेयतां यांति महासरांसिः ॥ ३२ ॥

ભાવાર્થ:—દુષ્ટ માણસોનું દુર્વચન રૂપી પ્રપંચથી બાળનું ઝેર મહાત્મા પુરૂષને કાંઇ પણ અસર કરી શકતું નથી. જેમકે, મોટા સરોવરમાં ઘણાં સર્પો પોતાનું મોઢાનું ગરલ (ઝેર) નાંખે છે, પણ સરોવરને ઝેર ચડતું નથી.

દુર્જનનો ત્યાગ કરવા વિષે.

दुर्जनः परिहर्तव्यो, विद्यवालंकृतोपिसन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥३३॥

ભાવાર્થ:--દુર્જન માણસ ભલે વિદ્વાન હોય પણ તેનો ત્યાગ કરવો. જેમ મણીધર નાગને માથે મણી હોય છે છતાં પણ તેને કોઇ ઘરમાં પેસવા દેતું નથી, તેમ દુર્જન માણસ વિદ્વાન હોય છે, પણ પરોપકારનું કાર્ય તે કરી શકતો નથી.

खलानां कंटका नांच द्विविधैव प्रतिक्रिया ।
ऊपानन मुख भंगोवा दूरतो नापि वर्जनम् ॥३४॥

ભાવાર્થ:—જગતમાં ખળ પુરુષ અને કાંટા એ બન્ને સરખાજ છે, તેની બે પ્રકારની ક્રિયા સંભાળી લેવી. રસ્તામાં જો કાંટા પડયા હોય તો પગના પગરખા વડે તેનું મોઢું ભાંગી ચાલવું, અને ખળ પુરુષને વેગળેથી આવતો જોઇ તેનાથી દૂર ચાલ્યા જવું.

उपकारोपि नीचाना, मपकारोहि जायते ।
पयः पानं भुजंगानां, केवलं विष वर्धनम् ॥३५॥

ભાવાર્થ:—નીચ માણુસને ગમે તેટલો ઉપકાર કરવામાં આવે, પરંતુ તે ઉલટો દ્વેષરૂપ બને છે. જેમ સર્પને ગમે તેટલું દૂધ પાવામાં આવે, પરંતુ તે ઝેર રૂપ બને છે, તેમ દુર્જનને ગુણ કર્યો હોય પણ અવગુણ રૂપ બને છે.

सर्प दुर्जनयोर्मध्ये, वरं सर्पो न दुर्जनः ।
सर्पो दशति कालेन, दुर्जनस्तु पदे पदे ॥३६॥

ભાવાર્થ:—દુર્જન અને સર્પ એ બેમાં કોણ ભલું એમ કોઇ પુછે તો સર્પ ભલો એમ કહેવું. કેમકે સર્પ ફક્ત ચંપાયોજ કરડે, પણ દુર્જન માણુસ તો વગર ચંપાયો પગલે પગલે કરડે ( દુઃખ દે છે ) માટે દુર્જન માણુસ કરતાં સર્પ સારો. વળી કહ્યું છે કે,

सर्पः क्रुरः खलः क्रुरः सर्पात क्रुरतः खलः
मंत्रेण शाम्यते सर्पो, न खलः शाम्यते कदा ॥३७॥

ભાવાર્થ:—ખળ પુરુષ અને સર્પ એ બન્ને પણ સરખા છે. સર્પ કરડે તે મંત્ર પ્રયોગથી પણ ઉતરે, અને ખળ પુરુષ જો હૃદયમાં દ્વેષ બુદ્ધિ રાખે તો મંત્રથી પણ મટે નહિ, માટે ખળ કરતાં સર્પ સારો. વળી કહ્યું છે કે,

तक्ष कस्य विषं दंते, मक्षिकाया विषं शिरः ।
वृश्चिकस्य विषं पुछ्छं, सर्वांगे दुर्जनो विषं ॥३८॥

ભાવાર્થ:—સર્પને દાઢમાં ઝેર હોય છે, મધમાંખને માથામાં ઝેર હોય છે, વીંછીને આંકડામાં ઝેર હોય છે, અને દુર્જન માણુસને રૂંવાટે રૂંવાટે ઝેર હોય છે, માટે તેનાથી દૂર રહેવું.

છ જણનો વિશ્વાસ ન કરવા વિષે.

नदीनाच नाखिनाच, शृंगिणा शस्त्रपाणिनाम् ।
विश्वासो नैव कर्तव्यः स्त्रीषु राज कुलेषु च ॥३९॥

ભાવાર્થ:—વહેતી નદી; નહોરવાળા જીવ જેવા કે,-વાઘ, કુતરા, બીલાડા વગેરે; શીંગડાવાળા જીવ જેવા કે,-સાંઢ, ભેંસ વગેરે; હંમેશા હાથમાં શસ્ત્ર રાખનાર; સ્ત્રી, અને રાજા એ છ-નો વિશ્વાસ રાખવો નહિ. કેમકે કોઈક વખત પણ નુકશાન થાય.

છ જણનો ત્યાગ કરવા વિષે.

खरं श्वानं गजं मत्तं, रंडा च बहु भाषिणिम् ।
राजपुत्रं कुमित्रं च, दूरतः परिवर्जयेत् ॥ ४० ॥

ભાવાર્થ:—ગધેડા; કૂતરો; મસ્તીએ ચઢેલો હાથી; બહુ બોલનારી રાંડ-સ્ત્રી; રાજકુંવર અને દુષ્ટ મિત્ર એ છએને દૂર-થીજ નમસ્કાર કરી વેગળા રહેવું.

ત્રણે મેળવેલું ધન પોતાને હાથે બીજાને આપી શકતા નથી તે વિષે.

पिपीलीकार्जितं धान्यं, मक्षिका सांचितं मधुः ।
लुब्धेन संचितं द्रव्यं, समुलं च विनश्यति ॥४१॥

ભાવાર્થ:—કીડીઓએ એકઠું કરેલું કણ-અનાજ, તેમજ માંખીઓએ મેળવેલું મધ અને લોભી માણસે ઉપાર્જન કરેલું ધન એ ત્રણે પોતાને હાથે બીજાને આપી શકતા નથી, પણ કોઇ જોર જુલમથી લઇ લે છે ત્યારેજ હાથ ઘસી રહે છે.

પાંચનું પુરૂં થઈ શકતું નથી તે વિષે.

जामाता जठरं जाया, जातवेदा जलाशयः ।
पूरिता नैव पूर्यंते, जकाराः पंचदुर्भरा ॥४२॥

ભાવાર્થ:—જમાઇ, જઠરાગ્નિ, સ્ત્રી, અગ્નિ અને સમુદ્ર એ પાંચનું કોઇથી પુરૂં થયું નથી, થવાનું નથી અને થશે પણ નહિ. એ પાંચે ખાડા અપૂર્ણ છે. કોઇથી પુરા થવાના નથી, માટે મહેનત કરવી નહિ.

ચાર વાનાં સર્વ ઠેકાણે હોતા નથી તે વિષે.

शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र, चंदनं न वने वने ॥ ४३ ॥

ભાવાર્થઃ—દરેક પર્વતમાં કાંઈ માણેકની ખાણુ હોતી નથી, દરેક હાથીના કુંભસ્થળમાં મોતી હોતાં નથી; ઠેકાણે ઠેકાણે સાધુઓ હોતા નથી તેમજ દરેક જંગલમાં બાવના ચંદનનાં ઝાડ હોતાં નથી. એ તો કોઇક ઠેકાણેજ હોય છે.

દસ વસ્તુ ચંચળ–ચપળ છે તે વિષે.

मनो मधुकरो मेघो, मानीनी मदनो मरुत ।
मा मदो मर्कटो मत्स्यो, मकारा दश चंचलाः ॥४४॥

ભાવાર્થઃ—મન, ભમરો, મેઘની વાદળી, સ્ત્રી, વિકારી પુરુષ, મોઢામાં નકારવાળો પુરૂષ, અહંકારી અને વાંદરો એ સર્વે સ્વાભાવિકજ ચંચળ અને અસ્થિર સ્વભાવવાળા છે.

નવ બાબત ક્યાંય પ્રગટ નહિ કરવા વિષે.

आयुर्वित्तं गृहछिद्रं, मंत्र भेषज मैथुनं ।
दान मानं च अपमानं, नव गोप्यानि कारयेत् ॥४५॥

ભાવાર્થઃ—પોતાનું આયુષ્ય, ઘરમાં ધન કેટલું છે તે, ઘરની ગુહ્ય બાબત, કોઇએ મંત્ર શીખ્યો હોય તે, ઔષધની જાત, મૈથુનની બાબત, અને કોઇને દાન દીધું હોય તે, કોઇએ માન આપ્યું હોય તો તે, અને કોઈએ અપમાન કર્યું હોય તો તે, એ નવ બાબત ક્યાંય પ્રગટ કરવી નહિ.

ના કહેવાના છ ભેદ.

मौन्यं काल विलंबश्च, प्रयाणं भूमिदर्शनम् ।
सक्रोधान्य मुखे वार्ता, नकारः षडविधः स्मृतः ४६

ભાવાર્થઃ—૧ કોઇ કાંઇ વસ્તુ માગવા માટે આવેલ હોય અને તેને ના કહેવી હોય ત્યારે કાંઈ પણ જવાબ આપ્યા વિના મૌન–બોલ્યા ચાલ્યા વિના–બેસી રહે. ૨. હાલ નાણુંભીડ ઘણી

છે, હું વિચાર કરીને તમને કહીશ. ૩ નીચું ઘાલીને બેસી રહે. ૪ આવનારના સામું જુએ નહિ. ૫ આંખ લાલચોળ કરી નાખે; અને ૬ બીજાની સાથે વાત કરવા મંડી પડે, પણ જવાબ આપે નહિં. એ ૭ ભેદ કામ નહિ કરવાના જાણવા.

ધર્મ અને કીર્તિ સિવાય જગતમાં સર્વ અસ્થિર છે.

अस्थिरं जीवितं लोके, अस्थिरे धन योवनेः

अस्थिराः पुत्र दाराश्च, धर्मः कीर्ति द्वयं स्थिरम् ।४७।

ભાવાર્થ:—આ લોકમાં જીવતર, ધન, યૌવન, પુત્ર અને સ્ત્રી સર્વ અસ્થિર છે. જોતજોતામાં બદલાઈ જાય છે પણ ધર્મ અને કીર્તિ એ બેજ આત્માની સાથે રહે છે.

ભાગ્યવાન પુરુષનાં લક્ષણ.

पदे पदे च रत्नानि, योजने रस कुपिका;

भाग्यहीना न पश्यंति, बहु रत्ना वसुंधरा ॥ ४८ ॥

ભાવાર્થ:—પગલે પગલે નીધાન હોય, અને જોજને જોજને રસ કૂપિકા હોય, એ ભાગ્યવાન પુરૂષના લક્ષણ છે, અને તે સુકૃત્ય અને દાન, પુણ્યનું ફળ છે. ભાગ્યહીન પુરુષને તેવું જોવામાં આવતું નથી. પૃથ્વીપર ભાગ્યવાન અને ભાગ્યહીન બન્ને છે અને તેથી બહુરત્ના વસુંધરા કહેવાય છે.

આઠ જણ પારકું દુઃખ જાણનારા નથી.

राजा रामा यमो वन्हिः, प्राहूणो बाळ याचकौ;

पर दुःखं न जानाति, अष्टमो ग्राम कंटकः ॥ ४९ ॥

ભાવાર્થ:—રાજા, સ્ત્રી, જળ, અગ્નિ, પ્રાહુણો, બાળક, યાચક અને ગામનો કોટવાળ એ આઠને પારકાના દુઃખની પોતાના સ્વાર્થ આગળ ખબર પડતી નથી.

નવવસ્તુ પોતે દુઃખ સહન કરી બીજાને સુખ આપે છે.

इक्षु दंडा स्तिलाः शुद्राः कांता कांचन मेदिनी;

चंदनं दधि तांबूलं, मर्दनात् गुण वर्धनम् ॥ ५० ॥

ભાવાર્થઃ—શેરડીનો સાંઠો પોતે પીલાઈ બીજાને મીઠો રસ આપે છે; તલ પોતે પીલાઇ બીજાને તેલ આપે છે; શુદ્ર માણુસને માર પડે છે એટલે તુરત સામાનું કામ કરે છે; સ્ત્રી પણ માર પડે છે એટલે તુરત કામ કરે છે; સોનાને અગ્નિમાં બાળી ટીપે છે ત્યારે વધારે કીંમતી થાય છે, પૃથ્વી ખોદી ખાતર નાંખે છે ત્યારે વધારે પાક થાય છે; ચંદનનું લાકડું જેમ જેમ ઘસે છે, તેમ તેમ વધારે સુગંધ આપે છે; દહીં જ્યારે વલોવે છે ત્યારે માખણ આપે છે; અને પાન જેમ ચાવે છે તેમ રંગ આપે છે. આટલા વાના મર્દન કરવાથીજ ફાયદો કરે છે.

ચાર જણને લજ્યા, ક્ષમા, વગેરે હોતું નથી.

तस्करस्य कुतो धर्मो, दुर्जनस्य कुतः क्षमाः;
वैश्याना च्र कुतः स्नेहः, कुतः सत्यं च कामिनाम् ॥

ભાવાર્થઃ—ચોરના હૃદયમાં ધર્મબુદ્ધિ, દુર્જન માણુસના હૃદયમાં ક્ષમા, વેશ્યાના હૃદયમાં સ્નેહભાવ અને કામી પુરુષના હૃદયમાં સત્ય હોતું નથી. ૫૧

જ્યાં જેનો ખપ નથી ત્યાં તે નકામો.

किं करिष्यांति वक्तारः श्रोता यत्र न विद्यते;
नग्न क्षपण के देशे, रजकः किं करिष्यति ॥५२॥

ભાવાર્થઃ—ગમે તેવો પંડિત કે વિદ્વાન હોય પણ જ્યાં કોઇ સાંભળનાર નથી ત્યાં તે શું કામનો ? જેમ લંગોટીઆના ગામમાં ધોબી ગયો હોય તો તે નકામો. કેમકે ત્યાં લંગોટી સિવાય બીજું શું હોય તે ધુવે.

અન્યાયથી મેળવેલો પૈસો લાંબો વખત ટકતો નથી.

अन्यायोपार्जितं द्रव्यं, दश वर्षाणि तिष्टति;
प्राप्ते चैका दशे वर्षे, समूलं च विनश्यति ॥ ५३ ॥

ભાવાર્થ:—અન્યાયથી મેળવેલું ધન વધારેમાં વધારે દશ વર્ષ સુધી રહી શકે છે, અને જ્યાં અગીઆરમું વર્ષ બેસે છે એટલે સર્વથા નાશ પામે છે.

દયા ઉપરાંત બીજો કોઈ ધર્મ નથી.

क्षमा तुल्यं तपो नास्ति, न संतोषात्परं सुखम् ।
न च तृष्णा परो व्याधि र्न च धर्मोदया परः।५४।

ભાવાર્થ:—ક્ષમા જેવો બીજો કોઇ તપ નથી, સંતોષ જેવું બીજું કોઈ સુખ નથી, તૃષ્ણા જેવો બીજો કોઇ રોગ નથી, અને દયા જેવો બીજો કોઇ ધર્મ નથી.

ઉંચને ઉંચ અને નીચને નીચ ઇચ્છા.

मक्षिका व्रण मिच्छंति, धन मिच्छंति पार्थिवाः,
नीचाः कलह मिच्छंति, शांति मिच्छंति साधवः।५५।

ભાવાર્થ:—માંખ અશુચિ કે ચાંદુ ખોળતી ફરે, રાજા ધન અને રાજ્ય ખોળતો ફરે, નીચ માણસ ક્લેશ કજીઓ ખોળતો ફરે, અને મહાત્મા પુરૂષો શાન્તિને ખોળતા ફરે છે.

સુપાત્ર દાન વિષે.

श्लोक—सुपात्र दानाश्च भवेद्धनाढयो,
धन प्रभावेण करोति पुण्यम्;
पुण्य प्रभावात् सुरलोक वासी,
पुनर्धनाढयः पुनरेव भोगी ॥ ५६ ॥

ભાવાર્થ:—સુપાત્ર દાન દેવાથી ધનની પ્રાપ્તિ થાય છે, અને તેજ સુપાત્ર ધનના પ્રભાવથી પુન્ય કરવાનું મન થાય છે, અને તે પુન્યના પ્રભાવથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે, અને ત્યાંથી મરણ પામી ફરીને મનુષ્યલોકમાં ધનાઢયને ઘેર અવતાર થાય છે, અને ત્યાં પૂર્ણ સુખ મળે છે; માટે સુપાત્ર દાન દેવું.

### કુપાત્ર દાન વિષે.

श्लोक—कुपात्र दानाश्च भवे दरिद्रो,
दारिद्रय दोषेण करोति पापम् ;
पाप प्रभावान्नरकं प्रयाति;
पुनर्दरिद्रिः पुनरेव पापी ॥ ५७ ॥

ભાવાર્થ:—કુપાત્રને દાન દેવાથી દારિદ્રયની પ્રાપ્તિ થાય છે, અને તેજ દારિદ્રયના પ્રભાવથી પાપ કરે છે, અને પાપના પ્રભાવે નરક ગતિ મળે છે, અને ત્યાંથી નીકળીને પાછો ફરી દારિદ્રી થઇ મહાપાપી બને છે. માટે કુપાત્ર દાન દેવું નહિ.

### જીવતાં સુધી પોતાની ચીજ પારકે હાથ ન જવા વિષે.

श्लोक--सर्पस्य रत्ने कृपणस्य वित्ते,
सत्याः कुचे केसरिणश्च केशे;
मनोन्नतानां शरणा गते च,
मृतौ भवे दन्य करः प्रचारः ॥ ५८ ॥

ભાવાર્થ:—જીવતા મણીધરની મણી બીજાના હાથ આવે નહિ. કૃપણ માણસનું ધન તેના જીવતા સુધી બીજાના હાથમાં આવે નહિ. સતી સ્ત્રીના સ્તનપર જીવતા સુધી ધણી સિવાય બીજાનો હાથ અડકે નહિ, માની પુરુષે શરણે રાખેલો માણસ જીવતા સુધી બીજાને હાથ જાય નહિ, આ સર્વે મૃત્યુ પછી ભલે બીજાના હાથ જાય પણ જીવતાં સુધી પારકે હાથ જાય નહિ.

### ચતુરાઈ વધેવાના પાંચ કારણ.

श्लोक—देशाटनं पंडित मित्रता च,
वारांगना राज सभा प्रवेशः

अनेक शास्त्रार्थ विलोकनं च,
चातुर्थ मूलानि भवंति पंच ॥ ५९ ॥

ભાવાર્થઃ—દેશાટન કરવાથી, પંડીતોની મીત્રતાઇ કરવાથી, ગુણિકાઓના નાચ મુજરા જોવાથી, રાજ્યસભામાં પ્રવેશ કરવાથી, અને ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી ડહાપણ, ચતુરાઇ અને હોંશીયારી વધે છે.

ગયેલું યૌવન પાછું આવવા વિષે.

श्लोक–अर्थो नराणां पाति रंग नानां,
वर्षा नदीना मृतुराट् तरुणाम्;
स्वधर्मचारी नृपतिः प्रजानां,
गतं गतं यौवन मानयंति ॥ ६० ॥

ભાવાર્થઃ—જેમ ગમે તેવો બુઢ્ઢો માણસ થઈ ગયો હોય પરંતુ અચાનક પૈસાની પ્રાપ્તિ થવાથી જુવાન જેવો બની જાય છે; સ્ત્રી પોતાના પતિના પરદેશ જવાના વિયોગથી વૃદ્ધ જેવી બની ગઈ હોય પણ પતિ સમાગમ થતાંજ યૌવનાવસ્થા પ્રાપ્ત થાય છે; નદીમાં પાણી સુકાઈ જવાથી ધૂળ ઉડતી હોય છે, અને જોવી ગમતી નથી, પરંતુ વરસાદ વરસવાથી ચોમાસામાં જોવા લાયક બની જાય છે, પાનખર ઋતુમાં વૃક્ષો પરથી પાંદડા ખરી પડવાથી ઝાડ ઠુંઠા જેવું દેખાય છે, પણ વસંતઋતુ આવતાં નવપલ્લવ બની જોવા લાયક થાય છે. તેમ ધર્મિષ્ટ રાજા પરદેશથી પોતાના દેશમાં આવતાં રૈયત નવયૌવનરૂપ દેખાય છે એ ચાર ગયેલું રૂપ પાછું લાવનાર છે.

ભરેલા છલકાતા નથી તે વિષે.

श्लोक--संपूर्ण कुंभं न करोति शब्द-
मर्धो घटो घोष मुपैति नूनम्;

विद्वान कुलीनो न करोति गर्वं,
गुणैर्विहीना बहु जल्पयंति ॥ ६१ ॥

ભાવાર્થઃ—જેમ ભરેલો ઘડો છલકાતો નથી તેમ અવાજ પણ કરતો નથી, પરંતુ અધુરો ઘડોજ છલકાય છે, ને અવાજ કરે છે, તેમ કુલીન માણુસ વિદ્વાન થયો હોય પણ ગર્વ કરતો નથી, પરંતુ ગુણુ રહિત અકુલીન માણુસજ ગર્વ—અહંકાર કરે છે, કેમકે તે અધુરા છે, માટે.

જે જેનો નાશ કરે છે તે વિષે.

श्लोक--रुपं जरा सर्व सुखानि तृष्णा,
खलेषु सेवा पुरुषाभि मानम् ;
यांचा गुरुत्वं गुणमात्म पुजा,
चिंता बलं हंत्य दयाच लक्ष्मीम् ॥ ६२ ॥

ભાવાર્થઃ—જરાવસ્થા (ઘડપણુ) રૂપનો નાશ કરે છે, તૃષ્ણા સુખ માત્રનો નાશ કરે છે, ખલ (દુષ્ટ) માણુસની સેવા કરવાથી માણુસનું અભિમાન નાશ પામે છે, યાચના કરવાથી મોટાઈનો નાશ થાય છે, પોતાના ગુણુની પ્રશંસા કરવાથી ગુણુનો નાશ થાય છે, ચિંતાથી બળનો થાય છે, અને લક્ષ્મીથી દયાનો નાશ થાય છે.

પાછળથી પસ્તાવો નહિ કરવા વિષે.

श्लोकः--निर्वाण दीपे किमु तैल दानं,
चोरे गते वा किमु सावधानम् ;
वयोगते किं वनिता विलास,
पयोग ते किं खलु सेतु बंधः ॥ ६३ ॥

ભાવાર્થઃ—દીવો બુઝાઈ ગયા પછી દીવેલ પુરવાની ચિન્તા

કરવી તે નકામી; ચોર ખાતર પાડી ગયા પછી સાવધાન થઈ જાગ્રિકા કરવી તે નકામી; વૃદ્ધાવસ્થા આવી ગયા પછી સ્ત્રી સાથે વિલાસ કરવાની ઇચ્છા રાખવી તે નકામી; અને વરસાદ વરસી રહ્યા પછી પુલ બાંધવો કે છાપરૂં સંચરાવવું તે નકામું છે, એ સર્વે બાબતની પ્રથમથીજ તૈયારી કરવી જોઇએ.

વગર અગ્નિએ શરીર બાળનાર વિષે.

श्लोकः--कुग्राम वासः कुजनस्य सेवा,
कु भोजनं क्रोध मुखी च भार्या;
मुर्खश्च पुत्रो विधवा च कन्या,
विनाग्निना संदहते शरीरम् ॥ ६४ ॥

ભાવાર્થઃ—ખરાબ ગામમાં વાસ કરવાથી, નીચ માણસની સેવા કરવાથી, ખરાબ ભોજન જમવાથી, ક્રોધવાળી સ્ત્રી મળવાથી, મુર્ખ પુત્ર હોવાથી અને રાંડેલી પુત્રી હોવાથી પુરુષ વગર અગ્નિએ બળી મરે છે.

ભર્તૃહરી રાજા જે વખતે ભેખ લઈ પોતાના રાજ્યમાંથી નીકળી જવા તૈયાર થયા તે વખતે પ્રધાને કહ્યું કે, હે મહારાજા ! તમે એકાએક જાવ છો તે ઠીક કરતા નથી. આપ આપના કુટુંબને ઉપદેશ આપી સાથે લઇ જશો તો આપને એકીલા મુંઝવણુ નહિ પડે, અને બોલવા ચાલવાનું ઠીક પડશે.

ભર્તૃહરી રાજાએ કહ્યું કે, હે પ્રધાન ! મારૂં જે કુટુંબ છે તે મારી સાથે જ આવે છે.

પ્રધાને કહ્યું કે, મહારાજા ! આપ કુટુંબ સાથે આવવાનું કહો છો તો કયું કુટુંબ સાથે આવે છે, તે કૃપા કરી જણાવો.

રાજાએ કહ્યું કે, હે પ્રધાન ! સાંભળ.

धैर्यं यस्य पिता क्षमा च जननी, शांतिश्चिरं गेहिनी ।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनः संयमः ॥

शय्या भूमितलं दिशोपि वसनं ज्ञानामृतं भोजनं ।
मे ते यस्य कुटुंबीनो वद सखे कस्माद् भयं योगिनः

ભાવાર્થઃ—હે પ્રધાન! ધીરજ રૂપી મારો પીતા છે, ક્ષમા રૂપી માતા છે, શાંન્તિ રૂપી ભાઈ છે, મારે સુવા માટે પૃથ્વીના તળ રૂપી પથારી છે, દશ દીશાઓ રૂપી મારે વસ્ત્ર છે, જ્ઞાનરૂપી અમૃત ભોજન છે, આવું જોગી લોકોનું જે કુટુંબ પોતાની પાસે છે, તેને બીજા કુટુંબનું શું પ્રયોજન ? હે મિત્ર ! આવા યોગીઓને કોનો ભય છે ? !

જેના વિના જે શોભતું નથી તે વિષે.

राज्यं निःसचिवं गतः प्रहरणं सैन्यं विनेत्रं मुखं,
वर्षा निर्जलदा धनीच कृपणो भोज्यं तथाज्यं विना;
दुशीला गृहिणा सुहृन्न कृतिमान् राजा प्रतापोज्जित,
शिष्यो भक्तिविवर्ज्जितो बत तथा देहीच धर्मविना॥६६॥

ભાવાર્થઃ—પ્રધાન વિનાનો રાજા, હથીઆર વિનાની સેના, આંખો વિનાનું મુખ, વરસાદ વિનાની વર્ષાઋતુ, કૃપણતાને લઇ ધનવાન, ઘી વિનાનું ભોજન, સદાચાર વિનાની સ્ત્રી, ગુણ ઓળવનાર મિત્ર, પ્રતાપ વિનાનો રાજા; ભક્તિ ( નમ્રતા ) વિનાનો શિષ્ય અને ધર્મ વિનાનો દેહ એ સર્વ શોભા પામતા નથી. વળી કહ્યું છે કે,

निर्द्दंत करटी हयोगत जवश्चंद्रं विनाशर्वरी,
निर्गंध कुसुमं सरोगत जलं छाया विहिनस्तरु-
र्भोज्यं निर्लवणं सुतोगत गुणश्चारित्रहिनोयति,
निर्देवं भवनंनराजित युतं धर्मं विना मानवा॥६७॥

ભાવાર્થઃ—દાંત વિનાનો હાથી, ચાલ વિનાનો ઘોડો, ચંદ્રવિનાની રાત્રિ, સુગંધ વિનાનું ફૂલ, પાણી વિનાનું સરોવર, છાયા-

વિનાનું ઝાડ, મીઠાવિનાનું ભોજન, ગુણવિનાનો પુત્ર, ચારિત્ર-વિનાનો સાધુ, દેવવિનાનું મંદિર, અને ધર્મવિનાનો માણસ એ સર્વે શોભા પામતા નથી. વળી કહ્યું છે કે,

प्रितिर्द्रष्टिविना सुखं धनविना गेहंच्च भार्याविना,
विप्रा वेद विना यति गुण विना राजाच सैन्यंविना;
शूरः शस्त्रविना स्त्रीयः पतिविना पूजाविना देवता,
एतत् सर्व न शोभते किमपरं देहंच जीवं विना॥६८॥

ભાવાર્થઃ—આંખ મેળાપ વિનાની પ્રીતિ, ધન વિનાનું સુખ, સ્ત્રીવિનાનું ઘર, વેદ વિનાનો બ્રાહ્મણ, ગુણ વિનાનો સાધુ, સૈન્ય વિનાનો રાજા, હથીયાર વિનાનો શૂરો, ધણી વિનાની સ્ત્રી, પુજા વિનાનો દેવ અને જીવ વિનાનું શરીર એ સર્વે શોભાને પાત્ર નથી.

ઘડપણ વિષે.

गात्रं संकुचितं गति विंगलिता दंताश्च नाशं गता,
दृष्टिर्भश्याति रुपमेव हसते वक्रं चलालायते;
वाक्यं नैव करोति बाधव जनः पत्नी न शुश्रुषते,
धिक् कष्टं जरयाभिभूत पुरुषं पुत्रोऽप्यवज्ञायते ॥६९॥

ભાવાર્થઃ—જ્યારે ઘડપણ આવે છે, ત્યારે શરીર સંકોચાય છે, ગતિ વિકળ થાય છે એટલે ધારેલી જગ્યાએ પગ મુકી શકાતો નથી, દાંત પડી જાય છે, આંખે દેખી શકાતું નથી; આંખ અને શરીરનું સ્વરૂપ નાશ પામે છે, મોંઢામાંથી લાળ પડે છે, ભાઇઓ કહેલા વચનને સાંભળતા નથી, સ્ત્રી સેવા કરતી નથી, અને અનેક મુશ્કેલીએ ઉછેરી મોટા કરેલા પુત્રો પણ અવજ્ઞા કરે છે, માટે ઘડપણને ધિક્કાર છે.

## દૈવ કોપે ત્યારે જે કામ કરવાં સુઝે તે વિષે.

श्लोक—धातुर्वादे तथा द्युते, यक्षिणे मंत्र साधने ।
परदारे तथा चौरे, दैवेरुष्टे मतिर्भवेत् ॥७०॥

ભાવાર્થ:—જે માણસપર જ્યારે દૈવ કોપાયમાન થાય ત્યારે તેને કીમીઓ શોધવાનું મન થાય, જુગાર રમવાનું મન થાય, ભૂત કે મંત્રનું આરાધન કરવાનું મન થાય, પરસ્ત્રી સાથે ગમન કરવાનું મન થાય, ચોરી કરવાનું મન થાય, એટલાં વાનાં દૈવ કોપે અગર તગદીર પુટે ત્યારે કરવાનું મન થાય.

## કયારે પાણી પીવું ઉપયોગી છે તે વિષે.

श्लोकः--अजीर्णे भेषजं वारि, जीर्णे वारि बलप्रदम् ।
भोजने चामृतं वारि, भोजना ते विषप्रदम् ॥७१॥

ભાવાર્થ:—અજીર્ણપર ઉનું કરેલું પાણી ઔષધ સમાન છે, નયણે કોઠે પાણી પીવું તે બળને વધારનારૂં છે, ભોજન જમતાં જમતાં અધવચ પાણી પીએ તો તે અમૃત સમાન ગુણકારી છે, અને જમી રહ્યા પછી પીએ તો તે ઝેર સમાન અવગુણ-કર્ત્તા છે. આ પાણી ઉનું કરી ઠારેલું સમજવું.

## વધારે સારૂં શું ?

वरं मौन्यं कार्यं न च वयन मुक्तं यदी नृतं,
वरं क्लिबं पुंसा न च पर कलत्राभि गमनम्;
वरं प्राणः त्यागो न च पिशुन वाक्येष्वभिरुचि,
वरं भिक्षाशित्वं न च परधना स्वादन सुखम् ॥७२॥

ભાવાર્થ:—અસત્ય બોલવા કરતાં મૌન રહેવું એ વધારે સારૂં છે, પરસ્ત્રીગમન કરવા કરતાં નપુંસકપણું ભોગવવું વધારે સારૂં છે, ચાડી ચુગલી કરી પેટ ભરવા કરતાં મોત વધારે સારૂં છે, અને પારકા ધનની આશા રાખવા કરતાં ભીખ માગવી એ વધારે સારૂં છે.

### ધર્મના કાર્યમાં વિલંબ ન કરવા વિષે.

यावत् स्वस्थमिदं कलेवर गृहं यावज्जरा दूरतो,
यावच्चेंद्रिय शक्तिर प्रतिहता यावत् क्षयोनायुषः;
आत्मश्रेय सितावदेव विदुषा कार्यः प्रयत्नो महान्,
संदीप्ते भवनेहि कूप खननं प्रत्युद्यमः कीद्रशः ॥७३॥

ભાવાર્થઃ—જ્યાંસુધી શરીરરૂપી ઘર સાજું હોય; ઘડપણ આવ્યું ન હોય, ઇંદ્રિઓની શક્તિ નાશ પામી ન હોય, અને આયુષ્ય પૂર્ણ થયું ન હોય ત્યાંસુધી દરેક સુજ્ઞ પુરુષે ધર્મના કાર્યમાં વિલંબ ન કરવો, કેમકે કેટલાએક એમ માને છે કે, આગળ ઉપર ધર્મ કરીશું, પરંતુ જેમ ઘર સળગી ઉઠયા પછી કુવો ખોદવો નકામો છે, તેમ પાછળથી ધર્મ કરવાની ઇચ્છા રાખવી તે પણ નકામી છે.

### દેશને દૂરથી નમસ્કાર કરવા વિષે.

छेदश्चंदन चूत चंपक वने रक्षापिशा खोटके,
रिंसा हंस मयुर कोकिल कुले काकेषु नित्यादरः;
मातंगेन खर क्रयः समतुला कर्पूर कापासयो,
रेषा मत्र विचारणा गुणिगणे देशाय तस्मैनमः ७४

ભાવાર્થઃ—જે દેશમાં ચંદન, આંબા અને ચંપા જેવાં ઉત્તમ ઝાડનો નાશ થતો હોય, અને બાવળ, કંથાર જેવા નીચ ઝાડનું પોષણ ( રક્ષણ ) થતું હોય; જ્યાં હંસ, મોર, કોયલ એવા ઉત્તમ જનાવરનો નાશ થતો હોય અને કાગડા વગેરેનું રક્ષણ થતું હોય; જ્યાં ગધેડો અને હાથી સરખા ગણાતા હોય; અથવા સરખે ભાવે વેચાતા હોય; જ્યાં કપુર અને કપાસીઆના સરખા ભાવ હોય, એ પ્રમાણે થતું હોય તે દેશનો પંડીત પુરુષોએ દૂરથી જ નમસ્કાર કરી ત્યાગ કરવો, પણ ગામમાં પ્રવેશ કરવો નહિ.

જેના વડે જે શોભે તે વિષે.

શ્લોક—मणिना वलयं वलयेन,
मणिर्मणिना वलयेन विभातिकरः;
कविना च विभुर्विभुना च कविः,
कविना विभुनाच विभाति सभा;
शशिना च निशा निशया च शशी,
शशीना निशया च विभातिनभः;
पयसा कमलं कमलेन पयः,
पयसा कमलेन विभातिसरः ॥ ७५ ॥

ભાવાર્થઃ—મણીવડે કરીને કંકણુ શોભે છે, અને કંકણુવડે કરીને મણી શોભે છે. મણી અને કંકણુ એ બન્ને વડે કરી હાથ શોભે છે; કવી વડે રાજા શોભે છે, અને રાજા વડે કવી શોભે છે, કવી અને રાજા એ બન્ને વડે સભા શોભે છે; ચંદ્રમા વડે રાત્રી શોભે છે, અને રાત્રીવડે કરીને ચંદ્રમા શોભે છે, અને રાત્રિ અને ચંદ્ર એ બન્ને વડે કરીને આકાશ શોભે છે; પાણીવડે કમળ શોભે છે, અને કમળવડે પાણી શોભે છે, અને પાણી અને કમળ એ બન્ને વડે કરીને સરોવર શોભે છે.

સાર વિષે.

શ્લોક-बुद्धेः फलं तत्त्व विचारणंच,
देहस्य सारो व्रत धारणंच;
अर्थस्य सारः किल पात्र दानं,
वाचः फलं प्रीतिकरो नराणाम् ॥ ७६ ॥

ભાવાર્થઃ—બુદ્ધિનો સાર તત્ત્વ વિચારણા કરવી તે; નીરોગી

શરીરનો સાર વ્રત ધારણ કરવાં તે; ધનનો સાર સુપાત્ર દાન દેવું તે; અને વાણીનો સાર સૌને પ્રેમભાવથી બોલાવવા તે.

### જ્ઞાનીના દસ લક્ષણ વિષે.

श्लोक--अक्रोध वैराग्य जितेंद्रियत्वं,
क्षमा दया सर्व जनः प्रियत्वम्;
निर्लोभ दाता भय शोक हर्ता,
ज्ञानं प्रतिलाभंच दश लक्षणानी ॥ ७७ ॥

ભાવાર્થ:—ક્રોધરહિત હોય, વૈરાગ્યવાન હોય, જિતેંદ્રિય હોય, ક્ષમાવાન હોય, દયાળુ હોય, સર્વને પ્રીયકારી હોય, નિર્લોભી હોય, દાતાર હોય, ભય અને શોકરહિત હોય એ દસ લક્ષણ જ્ઞાન પ્રાપ્ત કરવાના સમજવા.

### જ્ઞાનદાન વિષે.

श्लोक--गज रथ तुरंगं, गौ शतं भूमि दानं;
कनक रुचिर्पात्रं, मेदनी सागरांतम्;
उभय कुल विशुद्धं, कोटि कन्या प्रदानं;
न भवाति भव तुल्यं, ज्ञान दानं समानम् ।७८।

ભાવાર્થ:—સેંકડો હાથી, ઘોડા, રથ, ગાયો, તેમજ પૃથ્વીનું દાન આપે, સોનાના પાત્રનું દાન આપે. સમુદ્ર પર્યંત પૃથ્વીનું દાન આપે, બન્ને કૂળ જેના નિર્મળ છે એવી કરોડો કન્યાનું દાન આપે, આ પ્રમાણે જીંદગી સુધી દાન આપે, તે કરતાં એક માણસને જ્ઞાન દાન આપે તો તે બધા દાન કરતાં શ્રેષ્ટ છે. માટે જ્ઞાન દાન આપવામાં કસર રાખવી નહિ.

### દારિદ્રય વિષે.

दीसांति जोग सिद्धा, अंजन सिद्धाय केइ दीसंति;
दारिद्र जोग सिद्धा, पासे विठिया न दीसंति ।।७९।।

भो दारिद्रय नमस्तुभ्यं, सिद्धोहंतच दर्शनात्;
अहंसर्वं प्रपश्यामि, नमां पश्यति कश्चन ॥ ८० ॥

ભાવાર્થ:—દારિદ્રિ માણસ કહે છે કે, જે યોગ સાધીને સિદ્ધ થયા તે પણ નજરે દેખાય છે, જે આંખોમાં અંજન કરી અદ્રશ્ય થયા એવા સિદ્ધ તે પણ કોઈ પ્રયોગથી પ્રગટ નજરે દેખાય છે, પરંતુ જેને રૂંવાડે રૂંવાડે દારિદ્રય પ્રગટ થયું છે, એવા દરિદ્ર પુરૂષને કોઇ દાતાર પાસે બેઠો હોય પણ દેખી શકતો નથી. તે માટે દારિદ્રિ કહે છે કે, હે દારિદ્રય! તને નમસ્કાર છે. કેમકે હું તારા દર્શનથી સિદ્ધ પુરુષ થયો છું તેથી હું તો સર્વને દેખું છું પણ મને દારિદ્રિને કોઈ પણ દેખતું નથી. વળી કહ્યું છે કે,

श्लोक--पुत्ताय सीसाय समं विभत्ता,
रीसाय देवाय समं विभत्ता;
मुखा तिरिक्खाय समं विभत्ता,
मुया दारिद्राय समं विभत्ता ॥ ८१ ॥

ભાવાર્થ:—પુત્ર અને શિષ્ય એ બન્ને બરોબર જાણવા, ઋષિ અને દેવ એ બન્ને બરાબર જાણવા, મૂર્ખ અને તિર્યંચ એ બન્ને બરાબર જાણવા. તેમજ મુએલો અને દારિદ્રિ એ બન્ને પણ બરાબર જાણવા, કેમકે તેમની પાસે કોઇ બેસી શકતું નથી.

લઘુતા વિષે.

गाथा—तणलहुयं तूसलहुयं,
तिण तुसलहुयं च पथ्थणालहुयं;
तत्तोपि सो लहुओ,
पथ्थण भंगो कओजेण ॥ ८२ ॥

ભાવાર્થઃ—સર્વથી તરણું ( ઘાસ ) હલકાં તેથી તુશ એટલે અનાજનાં ફોતરાં હલકાં છે અને એ બન્ને કરતાં પણ આજીજી કરી ભીખ માગનાર હલકો છે, અને તે માગનાર કરતાં પણ પ્રાર્થનાનો ભંગ કરનાર એટલે ના કહેનારો હલકો જાણવો. વળી કહ્યું છે કે, ગાથાઃ-

पर पथ्थणा पवत्ति, मा जणणी जणओ एरि संपुत्तं;
उयरो विमा धरिज्जओ, पथ्थण भंगो कओजेण ॥८३॥

ભાવાર્થઃ—હે માતા ! પારકા પાસે માગવાવાળા પુત્રનો જન્મ આપીશ નહિ. છતાં કદી જન્મ આપે તો તારી મરજી, પરંતુ પ્રાર્થનાનો ભંગ કરનાર એટલે માગનારને નકારો કરનાર એટલે ના કહેનાર એવા પુત્રને તો પેટ વિષે પણ ધારણ કરીશ નહિ.

વિધાતાને ઠપકા વિષે.

श्लोक--शशीनी खलु कलंकं कंटकं पद्मनाले,
जलधी जलमपेयं पंडिते निर्धनत्वम्;
दयित जन वियोगो दुर्भगत्वं स्वरुपे,
धनपाति कृपणत्वं रत्नदोषि विधात्रा ॥ ८४ ॥

ભાવાર્થઃ—ચંદ્રમામાં જે હરણનું લંછન છે તે કલંકરૂપ છે, વળી કમળની નીચે કાંટા છે તે પણ કલંકરૂપ છે, વિદ્વાન પંડીત પુરૂષ નિર્ધન હોય છે તે પણ કલંકરૂપ છે, દુર્ભાગ્ય માણુસ રૂપ અને કાન્તિવાળા છતાં પણ કલંકરૂપ છે, પૈસાવાળા કૃપણુતાને લઇ કલંકરૂપ છે, માટે હે વિધાતા ! તેં સૃષ્ટિ ઉત્પન્ન કરી પણ કલંકરૂપ કરી છે, તને શું કહેવું ?

સાત કુવ્યસન વિષે.

श्लोक--द्युतं च मासं च सुरा च वेश्या,
पापार्द्धि चोरी परदार सेवा;

एतानि सप्तानि व्यसनानि लोके,
घोराति घोरं नरके पतंति ॥ ८५ ॥

ભાવાર્થ:—જુગાર રમનાર, માંસ ખાનાર, દારૂ પીનાર, વેશ્યા સાથે ગમન કરનાર, શીકાર રમનાર, ચોરી કરનાર અને પરસ્ત્રી સેવનાર, તે સાત વ્યસનનો સેવનાર માણુસ આ દુનીયામાંથી કાળધર્મને પામીને ઘોરાન ઘોર નરકને વિષે ઉત્પન્ન થાય છે માટે આ સાત કુવ્યસન સમજીને તેનો ત્યાગ કરવો.

રાત્રિ ભોજનના દોષ વિષે.

श्लोक--मेधापिपीलीका हंति, युकाकुर्याज्जलोदरम्;
मक्षिका कुरुते वांति, कुष्ट रोगं च कोलिकः ॥८६॥

ભાવાર્થ:—રાત્રિએ ભોજન કરવાથી ખોરાકમાં જો કીડી આવી જાય તો બુદ્ધિનો નાશ થાય, જો પેટમાં જૂં જાય તો જળોદરનો રોગ થાય, જો માંખ પેટમાં જાય તો ઉલટી થાય, અને જો કરોળીઓ પેટમાં જાય તો કોડનો રોગ થાય. માટે દિવસે જોઇને જમવું, પણ રાત્રિએ સર્વથા ભોજનનો ત્યાગ કરવો.

વૃથા કામ વિષે.

वृथा वृष्टि समुद्रेषु, वृथा तृप्तेषु भोजनम्;
वृथा दानं धनाढयेषु, वृथा दिपो दिवापिच ॥८७॥

ભાવાર્થ:—સમુદ્રમાં વરસાદ વરસે તે વૃથા એટલે નકામું છે, ધરાએલાને ભોજન આપવું તે વૃથા છે, પૈસાવાળાને દાન આપવું તે વૃથા છે, અને દિવસે દીવો કરવો તે પણ વૃથા છે, માટે ખોટી મહેનત કરવી નહિ.

બ્રાહ્મણના લક્ષણ વિષે.

सत्यं ब्रह्मं तपो ब्रह्मं, ब्रह्मं चेंद्रि नीग्रहं;
सर्व भूते दया ब्रह्मं, एतद ब्राह्मण लक्षणं ॥८८॥

ભાવાર્થઃ—સત્ય બોલે, તપશ્ચર્યા કરે, ઇંદ્રિયો નિયમમાં રાખે, સર્વ પ્રાણીમાત્રને વિષે દયાભાવ રાખે એ સર્વ બ્રાહ્મણના લક્ષણ જાણવા.

### સત્તાવીશ વવા વિષે.

वापी वप्र विहार वर्ण वनिता, वाग्मी वनं वाटिका;
वैद्या ब्राह्मण वारी वादी विबुद्धा, वेश्या वणिक वाहिनी;
विद्या वीर विवेक वित्त विनयो, वाच्यंयमा वल्लिका;
वस्त्र वारण वाजि वेशर वरं, राज्यं ववैः शोभते ८९

ભાવાર્થઃ—૧ વાવ, ૨ ગઢ, ૩ બગીચો, ૪ અઢાર વર્ણ, ૫ સ્ત્રી, ૬ વાચાળ, ૭ વન, ૮ વાડી, ૯ વૈદ્ય, ૧૦ બ્રાહ્મણ, ૧૧ પાણી, ૧૨ ચર્ચાવાદી, ૧૩ પંડિત, ૧૪ વેશ્યાઓ, ૧૫ વાણિયા, ૧૬ પાલખી, ૧૭ વિદ્યા, ૧૮ વીરપુરૂષ, ૧૯ વિવેકી, ૨૦ પૈસાદાર, ૨૧ વિનયવાન, ૨૨ સાધુ, ૨૩ વેલડીઓ, ૨૪ વસ્ત્ર, ૨૫ હાથી, ૨૬ ઘોડા, ૨૭ ખચ્ચર; એ સત્તાવીસ વવા વડે નગર શોભે.

### હદમાં રહી કામ કરવા વિષે.

नक्र स्वस्थान मासाद्य, गजेन्द्रमपि कर्षति;
स एव प्रच्युतः स्थाना, छुनापि परि भूयते ॥९०॥

ભાવાર્થઃ—મગર પોતાના સ્થાનમાં એટલે પાણીમાં રહીને મોટા હાથી જેવા જનાવરનો પણ નાશ કરી શકે છે, પરંતુ તેજ મગર પોતાના સ્થાનથી બહાર નીકળે તો કુતરા જેવું જનાવર પણ તે મગરને મારી નાંખે છે; માટે દરેક પોતાની હદમાં રહી કામ કરે તો ફાવી શકે અને બહાર નીકળી કામ કરે તો વિનાશ પામે. વળી કહ્યું છે કે;

पदास्थितस्य पद्मस्य, मित्रे वरुण भास्करौ;
पदच्युतस्य तस्यैव, क्लेशदाह करावुभौ ॥ ९१ ॥

ભાવાર્થ:—કમળ પોતાના સ્થાનમાં એટલે સરોવરમાં હોય તે વખતે તેના મિત્ર વરુણ અને સૂર્ય તેને સુખ આપે છે, અને તેજ કમળ પોતાનું સ્થાન મુકી પૃથ્વી પર જઇ પડે છે, ત્યારે તેજ વરુણ અને સૂર્ય નામના પોતાના મિત્ર તેને તાપથી સુકવી નાખે છે. માટે પોતાનું સ્થાન ન છોડવું. વળી કહ્યું છે કે;

राजा कुळवधूर्विप्रा, मंत्रिणश्च पयोधराः;
स्थान भ्रष्टा न शोभंते, दंताः केशा नरा नखाः ९२

ભાવાર્થ:—રાજા, કુલીન સ્ત્રી, બ્રાહ્મણ, પ્રધાન, વરસાદ, દાંત, કેશ, માણસ, અને નખ એટલા વાનાં પોતાના સ્થાનમાં રહેવાથી શોભે છે, પણ જો સ્થાનભ્રષ્ટ થયાં તો શોભા પામતાં નથી.

સાર ગ્રહણ કરી, થોડામાં ઘણું કરવા વિષે.

श्लोकः—अनेक शास्त्रं बहु वेदितव्य-
मल्पश्च कालो बहवश्च विघ्नाः ।
यत्सार भूतं तदुपासितव्यं,
हंसो यथा क्षीरमिवांबुमध्यात् ॥ ९३ ॥

ભાવાર્થ:—શાસ્ત્ર ઘણાં છે, ભણવાનું ઘણું છે, પણ વખત થોડો છે, તેમાં પણ વિઘ્ન ઘણાં છે. માટે જે સાર પદાર્થ હોય તેને ગ્રહણ કરી લો કે જેથી આત્માનું કલ્યાણ થાય. જેમ હંસ પાણી અને દુધ ભેગું હોય તેમાંથી દુધ ગ્રહણ કરી લે છે, તેમ સાર ગ્રહણ કરો.

ક્રોધ કાયાનું દહન કરે છે તે વિષે.

श्लोक-क्रोधोहि शत्रुः प्रथमो नराणा,
देहस्थितो दह विनाशनाय ।
यथा स्थिते काष्टगतोहि वह्निः,
स एव वह्निर्दहते शरीरं ॥ ९४ ॥

ભાવાર્થઃ—જેમ વાંસને વિષે રહેલો અગ્નિ વાંસનો જ નાશ કરે છે, તેમ ક્રોધરૂપી શત્રુ માણુસના શરીર વિષે રહ્યો થકો માણુસનોજ નાશ કરે છે. માટે ક્રોધ એ માણુસનો પ્રથમ શત્રુ છે.

સુસંગત વિષે.

श्लोक--यती व्रतीचापि पतिव्रताश्च,
वीराश्च शूराश्च दया पराश्च ।
त्यागी च भोगी च बहुश्रुता च,
सुसंग मात्रेण दहंति पापम् ॥ ९५ ॥

ભાવાર્થઃ—જીતેન્દ્રિ, વ્રતધારી, પતિવ્રતા સ્ત્રી, વીર પુરૂષ, શૂરવીર, ત્યાગી પુરૂષ, અને બહુ શાસ્ત્રના પારગામી એટલાનો જે પ્રેમથી સંગ કરે છે, તે તેના જેવાજ થાય છે.

એક વડે બીજું શોભે તે વિષે.

श्लोक--श्रुतेन बुद्धि र्व्यसनेन मुर्खता,
मदेन नारी सलिलेन निम्नगा ।
निशा शशाकेन धृतिः समाधिना,
नयेन चालंक्रियते नरेन्द्रता ॥ ९६ ॥

ભાવાર્થઃ—શાસ્ત્ર વડે બુદ્ધિ, વ્યસન વડે મુર્ખતા, મદ વડે સ્ત્રી, પાણી વડે નદી, ચંદ્રમા વડે રાત્રિ, સમાધિ વડે ધૈર્યતા અને ન્યાય વડે રાજા શોભે છે.

એક બીજાની અધીકાઈ-અંતર વિષે.

वाजिवारण लोहानां, काष्ट पाषाण वाससाम् ।
नारी पुरुष तोयाना, मंतरं महदंतरम् ॥ ९७ ॥

ભાવાર્થઃ—ઘોડા ઘોડામાં, હાથી હાથીમાં, લોઢા લોઢામાં, લાકડા લાકડામાં, પથ્થર પથ્થરમાં, વસ્ત્ર વસ્ત્રમાં, સ્ત્રી સ્ત્રીમાં,

પુરુષ પુરુષમાં અને પાણી પાણીમાં જેમ મોટો અંતર છે, તેમ ધર્મ ધર્મમાં અને ગુરૂ ગુરૂમાં પણ ઘણોજ અંતર છે.

### કોઈના ઉંડા મર્મ ન જોવા વિષે.

नदीनां च कुलानां च, मुनीनां च महात्मनाम् ।
परीक्षा न प्रकर्तव्या, स्त्रीणा दुश्चरितस्य च ॥ ९८ ॥

ભાવાર્થઃ—નદીના મૂળની, સાધુના કૂળની, મહાત્માની જાતિની અને સ્ત્રીના દુશ્ચરિત્રની પરીક્ષા કરવી નહિ.

### પાંચ મોટા અધમિ વિષે.

धर्मनिंदि पंक्तीभेदी, निद्रा छेदी निरर्थकः ।
कथा भंगी गुण द्वेषी, पंचे ते परमाधमाः ॥ ९९ ॥

ભાવાર્થઃ—ધર્મની નિંદા કરનાર, પંક્તિ ભેદ કરનાર, નાહક ઉંઘનો નાશ કરનાર, ચાલતી કથામાં ભંગાણ પાડનાર, અને ગુણિજનો પર દ્વેષ કરનાર એ પાંચ પરમ અધમિ જાણવા.

### અંતે હાથ ઘસતા ચાલ્યા જવા વિષે.

देयं भोज घनं धनं सुकृतिभिर्न संचितव्यं कदा,
श्रीकर्णस्य बलेश्च विक्रमपतेरद्यापि किर्तिस्थिता;
अस्माकं मधु दान भोग रहीतं नष्टं चिरात्संचीतं,
निर्वाणादपि पाणि पाद युगलं घर्षत्य हो मक्षीका ॥

ભાવાર્થઃ—એક વખતે ભોજરાજા સભા ભરી બેઠા છે, તેવામાં રાજાના હાથપર એક માંખ આવી બેઠી, અને હાથ ઘસવા લાગી. આથી રાજાએ પંડીતને પૂછયું કે, આ માંખને આમ કરવાનું શું કારણ? પંડીતે કહ્યું કે, હે ભોજરાજા! એ માંખ એમ સૂચવે છે કે, આપની પાસે પુન્યના ઉદયે દ્રવ્ય ઘણું છે, માટે તેનો સદ્‌વ્યય કરો, પણ સાચવી રાખશો નહિં; દાન દેવાથી આજપર્યંત કરણ, બળ અને વિક્રમ વગેરે રાજાની કીર્તિ તાજી

છે. માટે જો આપ પણ દાન નહિ આપો તો અમારા જેવી સ્થીતિ થશે. માંખો ઘણાં ઝાડપરથી થોડો થોડો રસ ચૂસી લાવી મધપુડો બનાવે છે, પરંતુ નથી તેમાંથી મધ ખવાતું કે નથી દાન દેવાતું. છેવટે અનાર્ય માણસ આવી તે મધપુડો ઉપાડી જાય છે. ત્યાંથી માંખ ઉઠી અહિં આવી હાથ ઘસી કહે છે કે, હે રાજા! અમારી પાસે સંચય કરેલું કાંઈ ન રહ્યું, અને હાથ ઘસતી રહી; માટે મારો દાખલો લઇ દરેક માણસે સમજવું જોઇએ કે, જો દાન આપવામાં નહિં આવે તો મારી માફક હાથ ઘસતાં ચાલ્યા જવું પડશે, અને પરભવે દુ:ખી થવું પડશે.

# अथ श्री संजती चरित्र.+

શ્રી પંચાળ દેશમાં કંપીલપુર નગરને વિષે જીતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. તેમને ચોસઠ કળાની જાણ, રૂપ, ગુણે કરી સહિત ધારણી નામે રાણી હતી. એક દિવસ મધ્ય-રાત્રિએ સારાં સ્વપ્ન સહિત પાંચમા દેવલોક-થી પુન્યવંત જીવ તેની કુખે આવી ઉત્પન્ન થયો. આ ખબર રાજાના જાણવામાં આવતાં બન્નેને ઘણો જ આનંદ પ્રાપ્ત થયો. સવા નવ માસ પૂર્ણ થતાં પુત્રનો જન્મ થયો. બાર દિવસે અશુચિ દૂર થયે કુટુંબ વગેરેને જમાડી જણાવ્યું કે, પુત્ર જીવતા રહેતા નહિ હોવાથી ઘણાં જણ પુત્રના ઉલામણા નામ-પુંજીઓ, ધુળીઓ વગેરે પાડે છે, તેવી રીતે અમે પણ આ પુત્રનું નામ સંજતી રાખીએ છીએ, માટે સૌ તેને સંજતી કહી બોલાવજો. આ પ્રમાણે નામ પાડ્યા પછી તે પુત્ર

---

+ આ ચરીત્ર ૧૮ મા અધ્યયનને આધારે ઉપદેશ તરીકે લખ્યું છે, પણ સૂત્રના શબ્દાર્થે નથી લખ્યું, માટે વાંચનારે ધીરજથી વાંચવું. ટીકા તથા બીજા ગ્રંથોનો આધાર પણ છે.

પાંચ ધાવે કરી વૃદ્ધિ પામવા લાગ્યો, સાતમે વર્ષે તેને કળા આચાર્યને સોંપવામાં આવ્યો. થોડા વખતમાં ગુરુની કૃપા અને પોતાના ઉદ્યમને લઇ તે કુંવર બહોંતેર કળામાં પ્રવિણ થયો. ધનુષ્ય વિદ્યા એ ક્ષત્રિયનો ધર્મ છે, તેમાં તે ખાસ નિપુણ થયો. આવા કળાકુશળ કુંવરને માતાપિતાએ કુળવાન કૂળની પાંચસો કન્યા પરણાવી. યૌવન વય પ્રાપ્ત થતાં જીતશત્રુ રાજા કાળધર્મને પામ્યા, એટલે સંજતિ ગાદીએ બેઠો. તેના મિત્રો તે રાજાને હરેક રીતે ખુશી રાખતા અને જરા પણ દૂર ખસતા નહિ. એક વખત મીત્રોએ કહ્યું કે, મહારાજા ! આપ ધનુષ્ય વિદ્યામાં બહુજ કુશળ છો, તો તે વિદ્યા અને પરાક્રમની ખુબી નગરજનો, અંતઃઉર અને આપની સેના વગેરે કયારે જોવા ભાગ્યશાળી થશે ? આથી રાજાનું મન પણ સર્વને પોતાનું પરાક્રમ બતાવવા આતુર થઈ ગયું.

એક દિવસ સંધ્યા સમયે એક હરણનું ટોળું પોતાના ઉદ્યાનમાં વચ્ચોવચ આવી બેઠેલું જોઇ વનપાલક તુરતજ રાજા પાસે આવી કહેવા લાગ્યો કે, હે મહારાજા ! આજે આપણા ઉદ્યાનમાં સો હરણનું ટોળું આવી બેઠું છે, અને આપ જે શીકાર કરવાની હોંશ ધરાવો છો, તે આજે પૂર્ણ થાય તેમ છે, પછી જેવી આપની મરજી ! રાજા આ શબ્દો સાંભળી ઘણો જ ખુશી થયો, પોતે કુસોબતને લઇ હરહંમેશ માંસ ભક્ષણ કરી, તેમાંજ મુર્ચ્છિત થઇ પડયો રહેતો અને તેમાં વળી આ ખબર આવવાથી પોતાનું પરાક્રમ બતાવવાનો વખત આવ્યો જાણી વધારે ખુશી થયો, અને તેથી વનપાલકને કહ્યું કે, જો, તું હમણાં જ ત્યાં જઇ હરણ આઘાપાછા ન થાય તેનો બંદોબસ્ત કરી રાખ. હું દિવસ ઉગતા ત્યાં આવી પહોંચીશ.

રાત્રિએ મારે કોને કોને મારૂં પરાક્રમ બતાવવું એવી વિચારરૂપી માળા તૈયાર કરી પ્રભાત થતાં જ સેનાધિપતિને બોલાવી હુકમ કર્યો કે, ચાર પ્રકારની સેના તૈયાર કરાવો, અને અંતઃપુરમાં પણ ખબર આપો કે, રાજા પહેલ વહેલા આજે

શીકારે જાય છે, માટે તેમનું પરાક્રમ જોવા તૈયાર થાવ, હુકમ થતાંજ સર્વે રાણીઓ પોતપોતાના રથમાં બેસી રાજા સાથે ઉદ્યાનમાં આવી. સેનાને હરણના ટોળાની ચારે બાજુ ઉભી રાખી એટલે ચોતરફ હાથી, ઘોડા, રથ અને પાયદળે ફરી વળી મૃગના ટોળાને ઘેરી લીધું, એવામાં સંજતિ રાજા પોતાના હથીયાર સહિત ઘોડાપર બેસી તે હરણના ટોળા પાસે આવ્યા, અને બંદુકનો ભડાકો કર્યો. આમ અચાનક અવાજ સાંભળતાજ હરણ ચોતરફ નાસવા લાગ્યાં, કહ્યું છે કે,

गाथाः--सव्वे जीवा वि इच्छन्ति, जीवीउं न मरीजीउं;
तमहा पाण वहं घोरं, नीगंथा वजीयं तीणं

ભાવાર્થઃ—સર્વ પ્રાણીમાત્રને આ દુનિયામાં વહાલામાં વહાલું જો કાંઈ હોય તો તે માત્ર એક જીવતર છે. એટલે ગમે તેમ કરી જીવવાની ઇચ્છા કરે છે, પણ કોઈ મરવાનું ઇચ્છતું નથી, અને તેથીજ જ્ઞાનિ પુરુષો કોઈ પણ જીવને નુકસાન થાય એવું કરતા નથી, અને સર્વને પોતાના આત્મા તુલ્ય ગણે છે. જે અજ્ઞાની હોય છે તેજ ઇન્દ્રિઓને વશ થઈ અન્ય જીવને હણે છે.

આમ તે મૃગનું ટોળું આનંદથી બેઠું હતું, તેમાં અચાનક તેમના પર દુઃખ આવી પડયું, અને આમતેમ દોડાદોડ કરવા લાગ્યું. રાજા પણ જેમ હરણ નાસે તેમ તેની પાછળ, પોતાની સ્ત્રી વગેરેને પોતાનું પરાક્રમ બતાવવા પોતાનો ઘોડો દોડાવે છે, હરણ ભયથી બાર બાર હાથ ઉંચા કૂદે છે, તેમ રાજાનો ઘોડો પણ તેવીજ રીતે તે હરણની પાછળ કૂદે છે, અને વચ્ચે નાના મોટા મૃગો જે આડા આવે છે, તેને તલવારથી દૂર કરે છે, એટલે હણે છે. રાણીઓ વગેરે રાજાનું આવું પરાક્રમ જોઈ ખુશી થાય છે. એવામાં હરણના જૂથ (ટોળા)નો અધિપતિ મોટો મૃગ જે કાલીયાર કહેવાય છે, તેને બહાર નીકળવાનો રસ્તો મળી જવાથી એકદમ સેના બહાર કૂદી પડયો. આ જોઈ રાણીઓ

કહેવા લાગી કે, હે રાજા ! ખરો શીકાર હાથમાંથી ગયો ! માટે બીજા નાના હરણને મુકી દઇ ખરો શીકાર હાથ કરો ! આથી રાજાએ ક્રોધ અને અભીમાનને લઇ પ્રતિજ્ઞાપૂર્વક પોતાનો ઘોડો તે મોટા મૃગની પાછળ મારી મુકયો. સેના પાછળ રહી. આગળ કાલીઆર અને પાછળ ફક્ત રાજા. આમ દોડયા જતાં પોતાના ઉદ્યાનની હદ છોડી ઘણાં જોજન દૂર જયાં માણુસનો પગરવ નહિ પરંતુ સીંહ, વાઘની વસ્તીવાળા ભયંકર જંગલમાં આવી પહોંચ્યો. છેવટે મૃગનો વેગ જરા નરમ પડવાની સાથે રાજાએ ઘોડાપરથી બાણુ માર્યુ જેથી મૃગ વિંધાઈ ગયું, અને બાણુ શરીરમાંથી બહાર નીકળી પાસેના એક ઝાડ નીચે એક મહાત્મા પુરુષ પદ્માસનવાળી ધ્યાનસ્થ બેઠા હતા તેમના જમણા પગના ઢીંચણુમાં વાગ્યું, જેથી લોહી ચાલ્યું જવા લાગ્યું, પરંતુ તે મહાત્મા તો ધ્યાનમાંજ તલ્લીન છે.

મૃગને જમીનપર તુટી પડયું જોઇ રાજાએ ખુશી થઇ ઘોડો ઉભો રાખ્યો, પરંતુ આસપાસ નજર કરતાં ભયંકર જંગલ જોયું, અને દીલગીર થયો, પણ મૃગને લઈ જઇ મારી રાણીઓ અને સેના આગળ રજુ કરીશ તો જરૂર તેઓ આ મારૂં પરાક્રમ જોઇ ખુશી થશે એમ વિચારી ઘોડાપરથી નીચે ઉતરી બાણુથી વિંધાઇ ગયેલા મૃગ પાસે આવ્યો, કે તુરતજ તે મૃગે છેવટની મરણુની વેદના ભોગવતાં પગ ઉંચા નીચા કરી પ્રાણુ છોડયા. એવામાં પાસેજ પદ્માસનવાળી ધ્યાનમાં મગ્ન થયેલા મુનિ તરફ રાજાની દ્રષ્ટિ ગઇ અને જોયું તો મુનિના પગમાંથી લોહી ચાલ્યું જાય છે, અને પાસે બાણુ પડયું છે. આ દેખાવ જોઇ રાજા આકુળવ્યાકુળ બની ભયભ્રાંત થઇ વિચારવા લાગ્યો કે, “આ મૃગ જરૂર આ મુનિનોજ હશે. મારા બાણુથી આ મહાત્માના પગને ઇજા થઇ જેથી જરૂર તેઓ કોપાયમાન થઈ એક ફૂંક સાથે મને બાળીને ભષ્મ કરી નાંખશે. મેં મોટામાં મોટો અપરાધ કર્યો, અને આ મુનિ હવે મને જીવતો જવા નહિ દે ! હવે મારી પુન્યદશા પરવારી ! હવે તો આ મુ-

નિના પગમાં પડી, નમન કરી, માફી માગું અને તેઓ કૃપા કરી ક્ષમા આપે તો જ હું જીવતો રહું અને કંપીલપુરની રાજ્યઆદી ભોગવી શકું! નહિ તો હવે બચવાનો બીજો ઉપાય નથી.” આમ ધારી મુનિ પાસે આવી ત્રણુવાર ઉઠબેસ સાથે દંડવતપ્રણામ કરી, રાજા મુનિને કહેવા લાગ્યો કે, “ હે દયાળુ દેવ! અનાથના નાથ! હું આપનો અપરાધી, આપને શરણે આવ્યો છું, તો શરણાંગતનું રક્ષણ કરો! મેં આપનો મોટો અપરાધ કર્યો છે, ધારો તો એક સાથે કરોડો માણસને બાળી ભષ્મ કરી નાંખો તેમ છો, પરંતુ હે પ્રભુ! તેવો કોપ મારા પર ન કરશો. હું ફરીથી આવો અપરાધ કદી પણ નહિ કરૂં.” મુનિ હજુ ધ્યાનમાં તલ્લિન હતા, જેથી રાજાને કાંઇ પણ જવાબ આપી શકયા નહિ, અને મુનિ તરફથી કાંઈ જવાબ ન મળ્યો, જેથી હજુ ગુસ્સામાં હશે, એમ ધારી રાજા વધારે ભયભ્રાંત થયો અને ફરી નમ્રતાપૂર્વક બોલ્યો કે, હે પ્રભુ! હું કંપીલપુર નગરનો રાજા સંજતિ છું, હું હજારોનો પાલણહાર છું, માટે મારા પર ન કોપશો, અને મને ન મારશો, ન મારશો, ન મારશો! મારી પાછળ હજારો માણસ મરશે, માટે હે દયાળુ! તેમની દયા ખાતર મને જીવતો રાખશો. ફરી હું આવો અપરાધ કદી નહિ કરૂં. માટે મારા તરફ અમીદ્રષ્ટિથી જૂઓ! આવા રાજાના વચન સાંભળી સાધુ મહાત્માએ વિચાર્યું કે, જો આ રાજાને હવે હું જવાબ નહિં આપું તો તે ભયથી આપોઆપ મરણ પામશે. એમ ધારી મુનિએ કાયોત્સર્ગ પાળી રાજા તરફ અમીદ્રષ્ટિથી જોયું અને બોલ્યા કે, હે રાજા! મારા તરફથી તને અભય છે! આટલા શબ્દ સાંભળતાંજ જાણે નવો અવતાર આવ્યો એમ હર્ષપૂર્વક રાજા બોલ્યો કે, હે પ્રભુ! આપે મારાપર મોટી દયા કરી જીવીત દાન દીધું તેનો બદલો હું કેવી રીતે અને કયારે વાળી શકીશ? તે કૃપા કરી સમજાવો! કહ્યું છે કે,

હલદી જલદી નહિ તજે, ખટરસ તજે ન આમ;
ગુણીજન ગુણકુ નહિ તજે, ગુણકુ તજે ગુલામ.

આ પ્રમાણે રાજાએ નમ્રતાપૂર્વક બોધવચનોની ઇચ્છા જણાવી એટલે મુનિ બોલ્યા કે, હે રાજા! જીવતર વ્હાલું અને મોત અળખામણું છે, તેનો તને જાતિ અનુભવ થયો, તો હવે વિચાર કર કે, આ નિરપરાધી મૃગનો તેં જીવ લીધો તો તેને મરતાં કેમ થયું હશે! અલ્પ જીંદગીમાં આવા નીરપરાધીના જીવ લેવાથી દુર્ગતિમાં જવું પડશે, માટે સર્વ જીવને અભય-દાનનો દાતાર હવે થા. કહ્યું છે કે,

श्लोकः--सुवर्ण दानं गौदानं, भूमिदानमनेकसः
न उत्तमं प्राणदानानां, × × × ×

ભાવાર્થ:—સોનાનું, ગાયોનું; અને ભૂમિનું વગેરે અનેક પ્રકારનાં દાન કહ્યાં છે, પણ તે ઉત્તમ ગણાતાં નથી, પરંતુ જીવને બચાવવો એવું જે અભયદાન એ સર્વથી શ્રેષ્ટ કહ્યું છે.

આ ઉપર એક દ્રષ્ટાંત હું કહું છું તે તું ચિત્ત દઇને સાંભળ.

વસંતપુર નામના નગરમાં જીતશત્રુ નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાને પાંચસો રાણીઓ છે. આ નગરમાં એક દિવસે એક ધનના લોભી માણસે એક જણનું ખૂન કર્યું અને તે પકડા-વાથી ન્યાયાસન આગળ રજુ કરવામાં આવ્યો, અને ગુન્હો સાબીત થવાથી રાજાએ તે ચોરને ફાંસીનો હુકમ કર્યો. મ્હોત નજીક આવ્યું જાણી ચોર આક્રંદ કરવા લાગ્યો અને આજીજી કરી સર્વને કહેવા લાગ્યો કે, મને કોઇ બચાવો! ફરી હું આવું કાર્ય નહિ કરૂં, અને બચાવનારનો ઉપકાર નહિ ભૂલું. આટલું કહ્યા છતાં તે ચોરને બચાવવા કોઈ સમર્થ ન થયું અને સીપા-ઇઓ પગમાં બેડી નાખી ફાંસીના લાકડા તરફ તેને લઇ ચાલ્યા. રાજાની પાંચસો રાણીઓમાંથી એક રાણીને ચોરને ફાંસીએ ચડાવવા લઇ જતો જોઇ દયા આવી અને વિચાર્યું કે, હવે આ ચોરને મનુષ્યભવ મળે ત્યારે ખરો! રાજાની આજ્ઞા મેળવી એક દિવસ તેને ફાંસીએ ચડાવવાનું બંધ રખાવી મારે ત્યાં રસોઈ કરી જમાડવાનો લાભ લઉં તો સારૂં. એમ ધારી રાજા પાસે જઇ,

એ પ્રમાણે કહી એક દિવસની રજા મેળવી, ચોરને પોતાને બંગલે બોલાવ્યો, અને સ્નાન કરાવી જમવા બેસાડયો. જમતી વખતે ચોરને રાણીએ કહ્યું કે, હે ભાઈ! તને ફાંસીએ લટકાવવા લઇ જતો જોઈ મને દયા આવવાથી એક દિવસને માટે તને અહિં સુખેથી રહેવાની રાજા પાસેથી મેં આજ્ઞા લીધી છે, માટે તું નિરાંતે જમ! રાણીનાં આવાં વચન સાંભળી ચોર ઘણોજ ખુશી થયો. પરંતુ હજુ મરણનો ભય માથે હોવાથી ગળે કોળીયો ઉતરતો નથી. આમ એક દિવસ તો ગયો. બીજે દિવસે બીજી રાણીને, ચોરને અભયદાન આપી જમાડવાનો લાભ લેવાની ઇચ્છા થઇ, અને તે પ્રમાણે રાજાની આજ્ઞા મેળવી જમવા બોલાવ્યો, પરંતુ હજુ માથેથી મરણનો ભય દૂર થયો નથી, જેથી આનંદથી જમી શકયો નહિ. આમ અનુક્રમે બાકીની ચારસો અઠાણું રાણીઓએ ચોરને એક એક દિવસ જમાડવાની આજ્ઞા માગી લીધી, પરંતુ હજુ તેટલા દિવસ બાદ મરવાનું છે, જેથી નવનવાં ભોજન જમવાનું છતાં તે ચોરનું શરીર સુકાવા લાગ્યું, કેમકે સર્વથા મોતનો ભય માથેથી દૂર થયો નથી. છેવટે પાંચસો દિવસ પુરા થતાં મરવાનો દિવસ આવી પહોંચ્યો, ત્યારે મોટી રાણીને સર્વથી વધારે લાભ લેવાની ઇચ્છા થઇ, જેથી મોટી રાણી ચોરને સાથે લઇ રાજા પાસે ગઇ અને કહ્યું કે, હું સર્વથી મોટી તો મ્હારૂં મ્હોટાઇપણું શું? રાજાએ કહ્યું કે, તમારી મરજી મુજબ માગી લ્યો. ત્યારે રાણીએ કહ્યું કે, હે રાજાજી! આ ચોરને અભયદાન આપવા કૃપા કરો. રાજાએ મોટી રાણીના માનની ખાતર તેમ કબૂલ કરી ચોરને અભયદાન આપવાનો હુકમ કર્યો, આ ખબર સાંભળતાંજ ચોરની નસેનસમાં લોહી ભરાઇ આવ્યું, શરીર પ્રફુલ્લીત થયું, અને નવુંજ જીવન મળ્યું જાણી, રાણીને પગે પડી ચોર કહેવા લાગ્યો કે, હે માતા! તમે મને મોતથી બચાવ્યો, એ ઉપકાર હું કદી નહી ભૂલું. તમારૂં કલ્યાણ થજો! આમ આશિષ આપી તે ચોર ચાલતો થયો.

મહાત્મા ગર્દભાલી કહે છે કે, હે સંજતી રાજા! તું પણ

આ પ્રમાણે અભયદાનનો દાતાર થા, સૌનો આત્મા પોતાના આત્મા સમાન જાણી, કોઇ જીવની ઘાત કરીશ નહિ.

રાજાએ કહ્યું કે, હે મહારાજ! આપે કહ્યું તે સત્ય છે. પરંતુ હું કેવી રીતે સર્વને અભયદાનનો દાતાર થઇ શકું? મ્હારૂં રાજ, મ્હારૂં કુટુંબ, મ્હારો ભંડાર એ સર્વનું હું રક્ષણ કરનાર છું, અને એ સર્વ મ્હારાવડેજ નભે છે. આ સર્વ જંજાળમાંથી હું કેવી રીતે અભયદાનનો દાતાર થઇ શકું તે કૃપા કરી મને સમજાવો.

મહાત્મા ગર્દભાલીએ કહ્યું કે, હે રાજા! સાંભળ:—

**गाथाः–जयासव्वं परिव्विज्ज, गंतव्व मव्वसस्सते;**
**अणिच्चे जीव लोयंमि, किंरज्जंमि पसज्जसि॥**

ભાવાર્થ:—હે રાજન! તું સર્વ મ્હારૂં મ્હારૂં કરે છે, પણ તે સર્વ મિથ્યા છે, એ રાજપરીવાર સર્વને મૂકી એક દિવસ મરવાનું ચોક્કસ છે. વળી તે આપણી પોતાની સત્તાથી નહિ, પરંતુ પૂર્વના સંચીત કર્મની આધીનતાને લઇ પરાધીન થવું પડશે. આ અનિત્ય સંસાર સંધ્યાના રંગ અને આકાશમાં થતાં ઈંદ્ર ધનુષ્ય જેવો છે. એ રંગ ક્ષણમાત્રમાં બદલાઇ જતાં વાર લાગવાની નથી. એમાં તું શું મુર્છાભાવ રાખે છે! રાજાઓ મ્હારૂં મ્હારૂં કરી માંહોમાંહે યુદ્ધ કરે છે, ત્યારે “हसंति पृथ्वी नृपति नराणां” પૃથ્વી હસીને કહે છે કે, હે રાજાઓ! શામાટે અમારા કારણે માંહોમાંહે યુદ્ધ કરો છો! અમારા પર અગણિત રાજા થઇ ગયા, પણ પૃથ્વી કોઈની થઈ નથી, અને થવાની પણ નથી. પરંતુ પૃથ્વીપર રહી જે કર્મ બાંધ્યા તેજ સાથે ગયાં, માટે હે રાજા! તું આ રાજમાં મુર્છાભાવ પામી રહ્યો છું, પણ અંતે રાજ્ય તારૂં નથી!

રાજાએ કહ્યું કે, હે મહારાજ! આપ કહો છો તે સત્ય છે, પણ રાજ્યમાં હજુ મહારે ઘણાં સુધારા કરવાના છે, વળી હજુ વખત ઘણો છે, માટે પછાથી આપ જેમ કહેશો તેમ કરીશ.

સાધુએ કહ્યું,

**ગાથાઃ–जीवीयंचेव रूवंच, विद्युसंमाय चंचलं;**
**जथ्थतं मुझसी रायं, पिचथ्थं नाव बुसासि. ॥**

ભાવાર્થઃ–હે રાજન ! લાંબી આશા અને વિચાર કરવાથી અંતે નીરાશ થવું પડે છે. પલ્યોપમ અને સાગરોપમની અપેક્ષાએ અત્યારે સો વર્ષનું આયુષ્ય તો વીજળીના ઝબકારા જેવું છે, તો જીંદગી થોડી અને વિચાર કરોડો વર્ષના તે શું પુરા થવાના છે ? મૃત્યુ આવે કામ અને વિચાર છોડી દઈ જવું પડશે, અને કાર્ય અધુરાં રહેશે. માટે ટુંકા આયુષ્યમાં પરભવમાં કલ્યાણ થાય એવું કાર્ય કરી લેવું એજ ડાહ્યા પુરુષનું કર્ત્તવ્ય છે.

રાજાએ કહ્યું હે મુનિ ! આપ કહો છો તે સત્ય છે, પરંતુ અત્યારથી હું આપના કહેવા પ્રમાણે વર્તું, અને આત્મસિદ્ધિ કરવા બેસું તો મ્હારી સ્ત્રીઓ, મ્હારા પુત્ર, મ્હારા બંધુઓ, મ્હારા મીત્રો તેમજ મ્હારો સર્વ પરીવાર, મ્હારો ક્ષણમાત્રનો વિયોગ સહન કરી શકે તેમ નથી. અત્યારે હું તેમાંથી વિરક્ત થઇ કેવી રીતે ધર્મ કરી શકું ?

મુનિએ કહ્યું, હે રાજા ! સાંભળ,

**ગાથાઃ–दाराणिय सुयाचेव, मित्ताय तह बंधवा;**
**जीवंत मणुजीवंति, मयनाणु वयंतिय. ॥**

ભાવાર્થઃ–હે રાજા ! સ્રીપર જે તું મોહ ધરાવે છે, તે તો ફક્ત મોહજાળ છે, અને તેમાં તું ફસાયો છે. સ્રીઓ કોણ છે અને તું કોણ છે તેનો તેં હજુ જ્ઞાન બુદ્ધિએ વિચાર કર્યોજ જણાતો નથી. મોહની કર્મથી મુંઝાયલા માણસોને માટે હું એક વણીકની ધનવંતી નામની પુત્રિની વાતો કહું છું તે તું એક ચિત્તે સાંભળ. તે ખરેખર હૃદયમાં ધારણ કરવા લાયક છે.

## ધનવંતીની વાર્તા.

કુંચનપુર નગરમાં હરીદમન રાજા રાજ્ય કરતો હતો. તેને ચોસઠ કળામાં પ્રવીણ, રૂપ અને ગુણે કરી સહિત એવી ધારણી નામની રાણી હતી. તેઓ અરસપરસ પ્રેમમાં એવા મુગ્ધ બની ગયા હતા, કે બહાર શું વાતો થાય છે તેની તેમને ખબર પડતી નહિ. એક દિવસ તેઓ રસ્તા પરના ઝરૂખામાં બેસી ચોપાટ ખેલે છે, અને હાંસી મશ્કરી કરે છે. રસ્તે જનારા લોકો આ પ્રમાણે જોઇ નીચું ઘાલી ચાલ્યા જાય છે, પણ રાજાની અને સિંહની ક્રીડા જોઇ જ્યાં ત્યાં વાતો કરી ડાહ્યા થવામાં પરિણામે મજા નહિ, જેથી કોઇ કાંઇ બોલી શકતું નથી.

આ નગરમાં ધનદેવ નામનો નગરશેઠ હતો. તેને ધનવંતી નામની રૂપ અને ગુણે કરી સહિત એક પુત્રી હતી. તેને સોળ વર્ષ થયા પછી તેજ ગામના સુબુદ્ધિ નામના પ્રધાનના દીકરા સાથે પરણાવી હતી, અને તેને એક પુત્ર હતો. પુત્રીને પીયરથી સાસરે વોળાવવા માટે શેઠે મુહુર્ત જોવરાવવા જવાની તૈયારી કરી ત્યારે પુત્રીએ આત્માનુભવ કરતા જાતિ સ્મરણ જ્ઞાન થવાથી કહ્યું કે, હે પીતાજી! મુહૂર્ત્ત જોવરાવવાની જરૂર નથી. આજેજ હું મારે સાસરે પગે ચાલીને જઇશ. વાહનપર બેસી નહિ જવાનો મારે નીયમ છે. આથી શેઠે રથ-પાલખી-મ્યાના સહિત માણસો પાછળ શોભાને માટે મોકલ્યાં, અને બજાર વચ્ચે થઈ તે પુત્રી જવા લાગી. રાજાના મહેલ પાસે આવતા રાજા-રાણીને અત્યંત મોહવશ એક બીજાના ગળામાં હાથ નાખી ક્રીડા કરતા ધનવંતીએ જોયા, એટલે તે જરા ત્યાં ઉભી રહી, અને બન્નેનો મોહનીકર્મનો પ્રેમ જોઇ ઘણીજ હસવા લાગી. પોતાના સામું જોઇ હસતી બાળાને જોઈ રાજાએ વિચાર્યું કે, આ બાળા શું કારણથી હસી હશે, મારે જરૂર તેને બોલાવી તેના મનની વાત જાણવી જોઇએ. જેથી રાજાએ માણસ મોકલી તે બાળાને ઉપર આવવા કહેવરાવ્યું. બાળાએ ભયના કારણથી ઉપર જવા ના પાડી ત્યારે રાજાએ કહેવરાવ્યું કે, તું મારી બેન તુલ્ય છે, માટે

ખુશીથી ઉપર આવી તારા મનની વાત જણાવ. આથી નગર-શેઠની પુત્રી બાળક સાથે રાજ્યમહેલમાં ગઇ, અને વિનય સહિત રાજા પાસે જઈ ઉભી રહી. રાજાએ પૂછયું કે, હે બેન! અમને ક્રીડા કરતા જોઇ તને કેમ હસવું આવ્યું એ બાબત જાણવાની મારી તીવ્ર ઇચ્છા છે, માટે એ બીના જણાવ્યા બાદ તારે જ્યાં જવું હોય ત્યાં જા.

મનવંતીએ કહ્યું કે, હે રાજા! સાંભળો. હાલ કહેવા જેટલી બીના છે, તે કહું છું અને બાકીની વખત આવે કહીશ. હું મારે ઘેરથી આ ત્રણ માસના બાળકને લઈ મારા સાસરે જઉં છું. સાથે માણસો વગેરેનું સાધન છતાં રસ્તામાંજ હું પ્રાણત્યાગ કરીશ. મારો પુત્ર જીવતો રહેશે. હું મરીને આ આપના નગર-માંજ દરવાજા બહાર ભુંડણીના પેટે અવતાર લઇશ. મને ઓળખવાની નીશાની તરીકે મારા કપાળમાં ધોળું તીલક હશે. ત્યાં તમે આવજો એટલે બાકીની બીના જણાવીશ. એમ કહી તે પુત્રી ચાલતી થઈ, રાજાએ તેની સાથે ઘણાં માણસો સંભાળથી ઘેર પહોંચાડવા મોકલ્યા પરંતુ દૈવયોગે રસ્તામાં બે સાંઢ લડતા હતા તેમાં તે પુત્રી કચરાઇને મરણ પામી. છોકરો બચી ગયો. પ્રધાનને તથા શેઠને ખબર પડતાં સૌ ત્યાં આવી પહોંચ્યા અને તે બાઇના શબને અગ્નિ સંસ્કાર કર્યો. રાજાને આ વાતની ખબર પડતાં તે બાઈની વાત તેણે સત્ય માની અને ભુંડણને પેટે અવતાર લીધા પછી બાકીની વાત સાંભળવા તત્પર થઇ રહ્યો. ત્રણ ચાર માસ વિત્યા બાદ હવે ભુંડણને પેટે અવતાર લીધો હશે જાણી રાજા હાથમાં ધનુષ્ય લઇ દરવાજા બહાર બતાવેલ ઠેકાણે ગયા, અને જોયું તો ભુંડણીને પાંચ–સાત બચ્ચા આવ્યા હતા. રાજાને જોઈ સર્વ બચ્ચા નાસવા લાગ્યા, પરંતુ સફેદ તીલકવાળું બચ્ચું ઉભું રહ્યું, અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી નખવડે લખીને રાજાને જણાવ્યું કે, હે રાજન! અહીં મારૂં તેર દિવસનું આયુષ્ય છે, પછે હું આ જંગલમાં હરણીના પેટે અવતાર લઇશ. ત્યાં તું આવજે, એટલે બધી વાત કરીશ.

એમ કહી બચ્ચુ ચાલતું થયું. વાત જાણવાની જીજ્ઞાસાવાળા રાજાને આથી ચેન ન પડયું, અને ફરી તે પ્રસંગની રાહ જોઇ રહ્યો.

તેર દિવસ પછી તે બચ્ચુ મરણ પામી હરણીના પેટે ઉત્પન્ન થયું. વખત થયે રાજા બાણ લઇ જંગલમાં ગયો અને બચ્ચાને જોઈ ઉભો રહ્યો. એટલે જાતિસ્મરણ જ્ઞાન થવાથી બચ્ચું બોલ્યું કે, હે રાજન ! અહિં મારૂં અઢાર દિવસનું આયુષ્ય છે. જેથી કાંઇ વાત કરવાનું બની શકે તેમ નથી. અહિં અઢાર દિવસ પૂર્ણ થયે તારા નગરમાં વાણીયાને ત્યાં દીકરીપણે અવતાર લઇશ. ત્યાં વખત આવે આવી પહોંચજો, એટલે બધી વાત કરીશ, એમ કહી બચ્ચું પલાયન કરી ગયું.

વાત જાણવાની જીજ્ઞાસા અને વખત વધતો ગયો જાણી રાજા ઘણોજ અકળાયો, પણ નિરૂપાયે નવ મહીના પસાર કર્યાં. પછી તપાસ કરાવતા જણાયું કે, એક વણીકને ત્યાં દીકરી અવતરી છે, એટલે ખુશી થઈ ત્યાં જવા તૈયાર થયો. આવી રીતે રાજાને વણીકને ત્યાં દીકરીને જોવા જવાનું જાણી સર્વ અજાયબ થયા, એટલે કાંઇક કારણ સર્વને જણાવવું જોઇએ એમ ધારી રાજાએ કહ્યું કે, જે બાઇને દીકરી અવતરી છે તે બાઇએ, એક દિવસ જંગલમાંથી હું તરસ્યો આવતો હતો અને કુવા કાંઠે ઉભો રહ્યો હતો ત્યારે મને પાણી પાયું હતું, જેથી ત્યારથી મેં તેને બેન કરી માની છે, અને તેને ત્યાં દીકરીનો જન્મ થયો જેથી મારે ભાણીને રમાડવા જવું જોઇએ, આમ વાત કરી સર્વના મનનું સમાધાન કરી રાજા ઘોડાપર સ્વાર થઇ વણીકને ત્યાં ગયો. શેઠે માન પાન આપી રાજાને બેસાડયા, બાદ અવતરેલ દીકરીને પાસે મગાવરાવી એકાંતમાં પૂછયું કે, હે બાળા ! ઠરાવ પ્રમાણે હું આવ્યો છું, માટે બાકીની વાત પૂર્ણ કર, હવે હું તે વાત જાણવાને બહુજ અધીરો બની ગયો છું. તે બાળાએ જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી કહ્યું કે, હે રાજા ! ધીરજ રાખો. કહ્યું છે કે,

દોહરો.–ધીરે ધીરે કીજીએ, ધીરે સબ કુછ હોય;
માલી સીંચે સોગણા, પણ રત વિના ફળ ના હોય.

માટે હે રાજા! ઉતાવળથી જેટલું કામ થાય તેટલું બગડે. ધીરજ રાખવાથી સારૂં થાય છે. મારી સોળ વર્ષની ઉંમર થશે ત્યારે મારા મા-બાપ મને પરણાવશે. તે વખતે ચૅારીની અંદર ચોથું મંગળ વર્તાય ત્યારે હાજર રહેજો. હું સર્વ વાતનો ખુલાસો કરીશ. બાળાનું આ પ્રમાણે કહેવું સાંભળી રાજા ઘણોજ દીલગીર થયો, અને સોળ વર્ષ કેવી રીતે પસાર કરવા તેના વિચારમાં પડી ગયો. પરંતુ જેમ પથ્થર તળે હાથ આવવાથી બળે નહી પણ કળે કાઢી લેવાય છે તો સારૂં થાય છે, તેમ આ કામ પણ હવે ધીરજ રાખી રહેવાય તોજ સારૂં થાય, એમ ધારી તુરત ત્યાંથી રવાના થઈ પોતાને બંગલે આવ્યો, પણ ક્યાંય ચિત્ત ચોટતું નથી, વાત સાંભળવાના વિચારમાં ભોગવિલાસ ભોગવવાનું પણ ભૂલી જવામાં આવ્યું. એમ કરતાં સોળ વર્ષ પુરા થયાં. તે દીકરીની રૂપ કાન્તિ સારી હતી જેથી તે નગરના પ્રધાનના દીકરાનો દીકરો કે જેણે ધનવંતીને પેટ અવતાર લીધો હતો, તેને અત્યારે અઢાર વર્ષ થયાં છે, તેની સાથે તેનો વિવાહ કર્યો. અને લગ્નનો દિવસ નક્કી થયો તે દિવસે પ્રધાનના દીકરાના વરઘોડા સાથે રાજા પણ તે કન્યાને ઘેર આવ્યા. ચૅારીમાં મંગળ વરતાવા શરૂ થયા તે વખતે રાજાએ ઉભા થઈ તે કન્યાને પૂછ્યું કે, હે બેન! હવે અધુરી મૂકેલી વાત ઠરાવ પ્રમાણે આજે પૂર્ણ કરો. કન્યાએ જવાબ આપ્યો કે, હે રાજા! વિચાર કરો કે, અત્યારે હું કોની સાથે પરણું છું! આ પરણનાર કોણ છે તેનો બરાબર વિચાર કરો. બહુ વિચાર કરતાં રાજાને જણાયું કે આ પરણે છે તે આનો પોતાનોજ પાછલા ભવનો દીકરો થાય. મારો અને આ દીકરાનો એકજ ભવ છે, અને આ બાળાનો ચોથોભવ થયો. લગ્ન પ્રસંગ વખતે સર્વ સમક્ષ આ વાત જાહેર થવાથી સૌની અજાયબીનો પાર રહ્યો નહિં, અને કર્મની વિચિત્ર ગતિનો સૌને ખ્યાલ થયો! રાજાએ કહ્યું કે, હે બાળા! આ તો તેં સર્વે

તારી વાત કરી, પરંતુ મારી શી વાત છે, તે જણાવ. બાળાએ કહ્યું કે, જે વખતે હું બજાર વચ્ચે થઈ ચાલી જતી હતી અને તું જે રાણી સાથે આનંદક્રીડા કરતો હતો તે રાણી ચોથા ભવની તારી પોતાની જનેતા એટલે માતા છે. અને તેની સાથે તું ભોગ ભોગવતો હતો જેથી મોહની કર્મની વિચિત્ર ગતિ જોઇ તે વખતે હું હસી હતી. મોહની કર્મને વશ થઇ માણુસ પોતાનું જ્ઞાન ભૂલી જાય છે. આ આશ્ચર્યકારક બીના જાણી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો, જેથી રાજા–રાણી, અને વર–કન્યા એ ચારે જણાં દીક્ષા લઇ સદ્દગતિ પામ્યાં.

મુનિએ કહ્યું હે રાજા! સ્ત્રીસંબંધ આવા પ્રકારનો છે, વળી પુત્ર સંબંધ પણ તેવોજ જાણવો. અને મીત્ર, સજજન, ભાઇ એ સઘળાં જ્યાંસુધી તું જીવતો હઇશ ત્યાંસુધી તારી આગતાસ્વાગતા કરશે, અને જ્યારે આયુષ્ય પૂર્ણ થયું તે વખતે કોઇ સાથે આવનાર નથી. સર્વે અહિંજ રહેવાના અને એકીલા ચાલ્યું જવું પડશે. પાછળ શબને દુનીઆના વહેવાર પ્રમાણે આંખમાં આંસુ લાવી પીતા પુત્રને ઉપાડી લઇ જાય છે, અને પુત્ર પીતાને ઉપાડી લઈ જાય છે. તારા જીવ રહિત શરીરને પણ તારૂંજ કુટુંબ ઉપાડી જઇ અગ્નિ સંસ્કાર કરશે, અને વખત જતાં સૌ તને ભૂલી જશે. માટે હે રાજા! ચીજ માત્ર પરથી મોહ ઉતારી તારા આત્માનું કલ્યાણુ થાય તેમ કર. નહિ તો રાજ્યનો અહંકાર અને લક્ષ્મીનું ઘેલાપણું જરૂર તને છેતરીને દુર્ગતિએ લઇ જશે.

રાજાએ કહ્યું કે, હે મુનિ! લક્ષ્મીનું ઘેલાપણું શું? તે કૃપા કરી જણાવો.

મુનિએ કહ્યું કે, લોકીક શાસ્ત્રમાં સમુદ્રમાંથી મંથન વખતે ચૌદ રત્ન નીકળ્યાં હતાં તે નીચે પ્રમાણેઃ—

**શ્લોકઃ**—लक्ष्मीः कौस्तुभ पारिजातक सुरा धन्वन्तरिश्चंद्रमाः
गावः कामदुधाः सुरेश्वरगजो रंभादि देवागनाः

**अश्वः सप्तमुखो विषं हरिधनुः शंखोमृतं चाम्बुधेः**
**रत्नानि चतुर्दश (प्रतिदिनं कुर्वन्तुनो मंगलम्)॥**

ભાવાર્થ:—૧. લક્ષ્મી, ૨ કૌસ્તુભ મણિ, ૩ પારિજાતકનું ઝાડ, ૪ મદીરા, ૫ ધન્વંતરી, ૬ ચંદ્રમા, ૭ કામધેનુ ગાય, ૮ ઐરાવણુ હાથી, ૯ અપસરા, ૧૦ સાત મુખવાળો ઘોડો, ૧૧ ઝેર, ૧૨ ધનુષ્ય, ૧૩ શંખ. ૧૪ અમૃત. એ ચૌદ.

એ ચૌદ રત્નમાંથી લક્ષ્મી જ્યારે ક્ષીરસાગરમાંથી બ્હાર આવી ત્યારે પારિજાત પલ્લવ પાસેથી રાગ (રક્તતા, પ્રેમ) લીધો; ચંદ્રકળા પાસેથી અતિશય વક્રતા (આડાઇ) લીધી; ઉચ્ચૈઃ શ્રવસ (ઈંદ્રના અશ્વ) પાસેથી ચંચળતા (ચપળતા; અસ્થિરતા) લીધી; વિષ પાસેથી મોહન-શકિત (મૂર્છા પમાડવાની શકિત; મોહ પમાડવાની શકિત) લીધી; મદિરા પાસેથી મદ (કેફ, ગર્વ) લીધો, અને કૌસ્તુભમણિ પાસેથી અતિ કઠિનતા (શરીરની અને મનની) લીધી.

એટલાં વાનાં સહવાસ-પરિચયથી, વિયોગ-સમયે વિનોદ કરનાર ચિન્હ તરીકે લઇનેજ ક્ષીરસાગરમાંથી એ બ્હાર આવી છે.

એ અનાર્યા જેવું બીજું કોઇ અપરિચીત નથી. પ્રાપ્ત થયા પછી પણ મહા કષ્ટે કરીને એ રહી શકે છે. ગુણરૂપી પાસના દૃઢ બંધનથી એને નિશ્ચલ કરી રાખી હોય, તોપણ તે નાસી જાય છે, અતિ ગર્વ ધરાવતા હજારો યોદ્ધાઓના ખુલ્લી તરવારના પહેરામાંથી પણ તે જતી રહે છે, મદઝરતા હાથીઓથી તેને ઘેરી લીધી હોય તોપણ તે પલાયન કરી જાય છે; નથી તે કોઇની સાથે પરીચય રાખતી, નથી ઉંચ કુળને જોતી, નથી રૂપને દેખતી, નથી કુળ કર્મને અનુસરતી, નથી શીલપર દ્રષ્ટિ કરતી, નથી ચતુરાઇને ગણુતી, નથી શાસ્ત્ર વાકય સાંભળતી, નથી ધર્મને માનતી, નથી ઉદારતાનો આદર કરતી, નથી વિશેષ જ્ઞાનનો વિચાર કરતી, નથી આચારને પાળતી, નથી સત્યને

સંભારતી, અને નથી લક્ષણનું પ્રમાણ ગણતી, પણ આકાશમાં ઉત્પન્ન થતા ઈંદ્ર ધનુષ્યની માફક જોતજોતામાં અદ્રશ્ય થઈ જાય છે, હજુ સુધી એને મેરૂના ભ્રમણનો સંસ્કાર રહ્યો હોય એમ તે ભમ્યા કરે છે. પદ્મ સમૂહમાં ચાલવાથી જાણે કમળ ડંડના કાંટા વાગ્યા હોય એમ કોઇ સ્થળે પગ સ્થીર રાખીને રહેતી નથી. મોટા મોટા મહીપાળોના મંદીરમાં એને મહા પ્રયત્ને રાખી મુકે છે, તોપણ વિવિધ ગંધ, ગજના ગંડસ્થળનું મધુ પીવાથી જાણે મત્ત થઇ હોય એમ તે સ્ખલન કરે છે, જાણે કઠીનતા શીખવા સારૂજ ખડ્ગ ધરાઓમાં વાસ કરે છે, જાણે વિશ્વ રૂપત્વ ગ્રહણ કરવાનેજ એણે શ્રી નારાયણનો આશ્રય લીધો છે, કેવળ અવિશ્વાસ રાખીને એ સંધ્યા કાળના કમળની પેઠે અતિ વૃદ્ધ મૂળ દંડ તથા કોષ મંડળવાળા પણ ભૂપતિનો ત્યાગ કરે છે. લત્તાની માફક વિટપ (લંપટ પુરૂષ) સાથે જોડાઇ જાય છે, ગંગા જેવી વશુ જનની છતાં પણ એ તરંગ બુદ્દબુદ્દ જેવી ચપળ છે. એટલે લક્ષ્મી પાણીના પરપોટા જેવી ચંચળ છે, સૂર્યની ગતિની માફક વિવિધ સંક્રાન્તિ પ્રગટ કરે છે, એટલે એકને મુકી બીજાને પકડે છે. પાતાળની ગુફા જેવી અંધકારથી ભરેલી છે, હેડંબાની માફક એનું હૃદય માત્ર ભીમથીજ હરી શકાય છે, વર્ષાઋતુ જેવી એ ક્ષણભંગુર જોતીને ઉત્પન્ન કરનારી છે, એટલે વીજળીના ચમકારા જેવો છે. દુષ્ટ પીશાચણીના સમાન અનેક પુરુષોની ઉંચાઇ દેખાડે છે. અલ્પ પ્રાણીને એ ઉન્મત્ત કરી દે છે! સરસ્વતીના માનીતાને જાણે ઇર્ષાથી આલીંગતી નથી. ગુણવાનને જાણે અપવિત્ર ગણીને સ્પર્શ કરતી નથી. ઉદારતાને જાણે અમંગળ ગણીને માન્ય કરતી નથી. સુજનને કુલક્ષણ હોય એમ જોતી પણ નથી. કુલીનનું સર્પની માફક ઉલ્લંઘન કરે છે, શૂરાને કંટકની પેઠે તજી દે છે, દાતારને દુઃસ્વપ્નની માફક સંભાળતી નથી. વીનીતને ખાટકી સમાન ગણી તેની સમીપ આવતી નથી. મનસ્વીને ઉન્મત્ત ગણી હસી કાઢે છે, ઇંદ્રજાળની માફક પરસ્પર વિરોધ ( જાદુકપટ ) દર્શાવીને જગત્‌માં એ

પોતાનું ચારિત્ર પ્રકટ કરે છે. તેમજ સર્વદા ઉષ્ણતા ઉત્પન્ન કરવા છતાં પણ અજાડય (મૂર્ખતા) આણે છે. ઉન્નતિ આપતાં પણ નીચ સ્વભાવ દર્શાવે છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થએલી છતાં પણ તૃષ્ણા વધારે છે, ઈશ્વરતા આપવા છતાં પણ પ્રકૃત્તિને અઇશ્વરતા કરી દે છે, બળ વધારતાં પણ લઘુતા પમાડી દે છે. અમૃતની બેન છતાં પણ પરીણામે કડવી થઇ પડે છે. મોટા પુરૂષોને વર્યા છતાં પણ ખળ પુરુષો સાથે પ્રીતિ બાંધે છે. પવિત્ર અંતઃકરણને પણ મલીન કરી મૂકે છે, જેમ જેમ મનુષ્ય પાસે તે વધતી જાય છે તેમ તેમ દીવાની જ્યોત માફક એમાંથી કાજળ નીકળે છે. એટલે પુરુષ પૈસે વધે છે, તેમ કાળાં કર્મ કરે છે. એ તૃષ્ણારૂપી વીસ લત્તાઓનું પોષણ કરનારી જળધારા છે. ઈંદ્રિઓરૂપી મૃગોને આકર્ષણ કરનારી વ્યાધ ગીતિ (પારધિનું ગાયન) છે. સચરિત્રરૂપ ચિત્રોને ભુંસી નાખનારી ધુમ લેખા છે; મોહરૂપી દીર્ઘનિદ્રાની વિલાસ શય્યા છે. ધન મદરૂપી પીશાચીકાઓને વસવાની જીર્ણવલભી છે. શાસ્ત્રદ્રષ્ટિની તીમીરોત્પતિ (શાસ્ત્ર જોવાને અંધકારની ઉત્પત્તિ) છે. સર્વ અવિનયોની આગળ ઉડતી પતાકા છે. ક્રોધના આવેગરૂપી મગરોને ઉત્પન્ન કરનાર નદી સમાન છે. વિષયરૂપી મધુપાન કરવાની ભૂમિ છે. ભ્રૂવિકારરૂપી નાટકની સંગીતશાળા છે. દોષરૂપી સર્પોને વસવાની ગુફા છે. સત્ય પુરૂષોનો વહેવાર અટકાવનારી વેત્રલત્તા છે ગુણરૂપી કલહંસોની અકાળ વર્ષાઋતુ છે. લોકાપવાદરૂપી વિષ્ફોટકને વિસ્તાર પામવાની ભૂમિકા છે. કપટરૂપી નાટકની પ્રસ્તાવના છે. કામરૂપી ગજની ધજા છે. સાધુભાવની વધ્યશાળા છે; અને ધર્મરૂપી ચંદ્રમંડળની રાહુ જીવહા છે. એવો કોઈ પુરુષ જોવામાં આવતો નથી કે જેને આ અપરિચિત લક્ષ્મીએ દ્રઢ આલિંગન દેઇને છેતર્યો નહિ હોય, ખરેખર ઓળખી હોય ત્યાંથી પણ જતી રહે એવી છે, પુસ્તકોમાં હોય ત્યાંથી પણ દગો કરી જાય, કોતરેલી હોય તોએ ઠગી જાય, સંભાળતાં પણ છેતરી જાય, અને ચિંતન કર્યાથી પણ વંચન કરે એવી છે.

આવી દુરાચારણી છતાં પણ રાજાઓ કોણજાણે કેમે દૈયયોગે એના પરિગ્રહથી વિકળ બની જઇને સર્વે અવિનયોનું સ્થાન થઇ પડે છે, કેમકે અભિષેક સમયે જાણે મંગળ કળશના જળથી તેઓનું દાક્ષીણ્ય ધોવાઇ જાય છે. જાણે અગ્નિકાર્યના ધૂમથી તેઓના હૃદય મલીન બની જાય છે. પુરોહીતની દરભાગ્રરૂપી સાવરણીથકી તેઓની ક્ષમા દુર જતી રહે છે, મસ્તક ઉપરના જાણે મુગટજ આવનાર વૃદ્ધાવસ્થાના સ્મરણને ઢાંકી નાંખે છે. છત્રમંડળથીજ જાણે તેમને પરલોકનાં દર્શન બંધ થાય છે, જાણે ચમરના પવનથી તેમની સત્યવાદીતા ઉડી જાય છે. જાણે વેત્રલત્તાઓ તેમના સર્વ ગુણો હાંકી કાઢે છે, જયશબ્દના કલકલમાંજ જાણે સાધવાદ ડુબી જાય છે અને ધ્વજ પટના પવનથીજ જાણે તેમનો યશ ભૂંસાઇ જાય છે. તેમજ કેટલાક શ્રમને લીધે સ્થિર બની ગયેલી પક્ષીની ડોક જેવી ચપળ, ખદ્યોતના પ્રકાશ જેવી ક્ષણ મનોહર અને મનસ્વીજનથી નિંદીત સંપત્તિવડે લોભાઇ જઇને જરાક ધન મળવાથી ગર્વિષ્ટ થઈ, સ્વજન્મ ભુલી જઇને અનેક દોષથી વૃદ્ધિ પામેલા દુષ્ટ રુધિર જેવા રાગાવેશથી પીડાઇને વિવિધ વિષયરસ ચાખવાને ઇચ્છતી, પાંચ છતાં પણ અનેક શસ્ત્રજેવી લાગતી, ઈંદ્રિઓને દુઃખ પામતા પામતા ચંચળ પ્રકૃત્તિને લીધે પસાર પામીને એક છતાં પણ સત્ સહસ્ત્ર જેવા થઇ પડેલા મનવડે આકુળવ્યાકુળ થઇ, વિહ્‌વલ બની જાય છે. જાણે ગ્રહ તેમને ઘેરી લે છે, ભૂત જાણે પજવે છે, મંત્રોનો જાણે તેમનામાં આવેશ થાય છે, વિકાળ પ્રાણીઓ જાણે તેમને ગભરાવે છે, વાયુ જાણે તેમની વિટંબણા કરે છે, પીશાચો જાણે તેમનું નિરક્ષણ કરી લે છે, કામબાણથી જાણે મર્મસ્થાન ભેદાયાં હોય તેમ તેઓ હજારો મુખ વિકાર કરે છે. ધનની ઉષ્ણતા જાણે ઉકળતા હોય એમ ચેષ્ટાઓ કરે છે, જાણે ગાઢ પ્રહાર લાગ્યા હોય તેમ અંગધારી શકતા નથી, કરચલાની માફક વાંકા વાંકા ચાલે છે. અધર્મને લીધે સત્ય કર્મ કરવાની વૃત્તિ ભગ્ન થવાથી અપંગની પ્રમાણે તેઓ પરપુરુષથી દોરાય છે.

અસત્યવાદ કરવાથી પરિણામમાં જાણે મુખરોગ થયો હોય તેમ તેઓ મહાકષ્ટે બોલે છે. મૃત્યુ જાણે પાસે આવ્યું હોય તેમ બન્ધુજનોને પણ ઓળખતા નથી. નેત્ર જાણે અંજાઇ ગયા હોય તેમ તેજસ્વી પુરુષને તો દેખતાંજ નથી, કાળા નાગનો જાણે તેમને ડંખ થયો હોય તેમ મહામંત્ર પણ તેમને જગાડી શકતો નથી. એટલે જેમ લાખ પોતાની પાસે ગરમ વસ્તુ સહન કરી શકતી નથી, તેમ તેઓ બીજા કોઈ તેજસ્વી અથવા ધનવાનને ઈર્ષાથી જોઇ શકતા નથી. દુષ્ટ હાથીની માફક મોટા સ્થંભ સાથે બાંધ્યા છતાં પણ પોતે અભિમાનના કારણથી ઉપદેશ ગ્રહણ કરતા નથી. વિષયની મૂર્છામાં પડવાથી સર્વ તેને કનકમયજ જુવે છે. તરવારની માફક તીક્ષ્ણતા વધારીને પરપ્રેરણાથી તે બીજાનો નાશ કરે છે, દંડથી દૂર રહેલા પણ મોટા મોટા કૂળને ફૂલની માફક ચૂંટી કાઢે છે. અકાળ કુસુમ પ્રશલના જેવા તેઓ આકૃત્તિવાન છતાં પણ લોકના વિનાશના હેતુરૂપ થઇ પડે છે, સ્મશાનમાં જાણે અગ્નિ હોય તેમ તેમની વિભૂતિ અતિરૂદ્ર હોય છે. ચક્ષુરોગ ગૃહસ્થ જેવા તેઓ અદૂરદર્શી હોય છે. કામી પુરુષોના જેવા તેઓના ભયન શુદ્રજનથી અધષ્ટિત હોય છે. શ્રવણ કર્યાથી પણ તેઓ પ્રેતપટહની ( સ્મશાનમાં વગાડાતું રણશીંગુ ) માફક ભય ઉત્પન્ન કરે છે. ચિંતન કરવાથી પણ મહાપાતકના કાર્યની સમાન કંઈ કંઇ ઉપદ્રવ કરે છે. દિવસે દિવસે ભરાતા પાપથી તેઓ જાણે ફૂલી જાય છે, અને એવી અવસ્થામાં સેંકડો વ્યસનમાં લપટાઈ જવાથી વાલ્મીક ( રાફડા ) ઉપરના તરણાની ટોચે રહેલા જળના બીંદુ સમાન તેઓને પોતાના પડવાનું પણ ભાન રહેતું નથી. વળી કેવળ સ્વાર્થ સાધનારા ધૂર્ત લોકો ધનરૂપી માંસનો ગ્રાસ ( કોળીઓ ) કરી જનાર, ગૃધ પક્ષીઓ સભા મંડપરૂપી કમલીના બગલાઓ ઠગ વિદ્યામાં પોતે કુશળ હોવાથી બીજા કેટલાક રાજાઓને એમ સમજાવે છે કે, દ્યુત રમવું એ વિનોદ છે. પરસ્ત્રીનો સમાગમ કરવો એ ચતુરાઇ છે, મૃગ્યા ( શીકાર ) એ કેવળ શ્રમ છે. મદ્યપાન કરવું એજ વિલાસ છે,

પ્રમતતાનું નામજ શાર્ય છે. પોતાની સ્ત્રીનો ત્યાગ કરવો એનું નામ અવસનીતા છે. ગુરૂવચનનો અનાદર કરવો એજ સ્વતંત્રતા છે. સેવક જનોને યથેચ્છ વર્તવા દેવું એનું નામજ સુખની સેવા છે. નૃત્ય ગાયન વાજિંત્ર અને વેશ્યાઓમાં આસક્ત રહેવું એજ રસીક પુરૂષોનું લક્ષણ છે. મોટા મોટા અપરાધ ઉપર પણ લક્ષ ન આપવું એનું નામજ મહાનુભાવતા ( મોટું મન ) છે. પરાજય સહન કરવો એજ ક્ષમા, સ્વછંદ વર્તવું એજ પ્રભુતા, દેવની અવગણના કરવી એનું નામજ મહાવીરતા, બંધીજનોના કરેલા વખાણ તેજ જશ મનની અસ્થિરતા, તેજ ઉત્સાહ; અને ખરા ખોટામાં ભેદ ન જાણવો એજ નીષ્પક્ષપાત કહેવાય. આ પ્રકારે સર્વ દોષને પણ એ ધૂર્તો ગુણનું આરોપણ કરી દેખાડે છે. સ્તુતિ કરી કરીને રાજાઓને ઠગે છે. દ્રવ્યના મદથી તેમના ચિત્ત ઉન્મત્ત હોય છે, માટે તેઓ વિચારહીન એ બધું યથાર્થ માનોને મિથ્યા અભિમાન ધરાવે છે. મૃત્યુ છતાં પણ જાણે દેવાંશી હોય તેમ પોતાને સદૈવ તથા અલૌકિક માને છે, અને દિવ્ય પુરુષોને ઉચિત ચેષ્ટા તથા અનુભવ કરવા માંડે છે. જેથી તેઓ સર્વ જનોની હાંસીને પાત્ર થાય છે. સેવકજનો પોતાની વીંટબણા કરે તેને પણ તેઓ અભિનંદન કરે છે, મનમાં પોતાને દેવતાઓને આરોપણ કરીને ઠગાયાથી અસત્ય સંભાવના વડે બુદ્ધિહીન થએલા તેઓ જાણે પોતાના બે હાથની અંદર બીજા બે હાથ પેઠેલા હોય એમ માને છે. લલાટની અંદર ચામડીથી ઢાંકેલું જાણે પોતાને ત્રીજું નેત્ર હોય એમ શંકા કરે છે. કોઇને દર્શન આપવા એ પણ મોટો અનુગ્રહ છે, એવું સમજે છે; કોઇને દૃષ્ટિથી જોવું એ ઉપકાર ગણે છે. મોઢેથી બોલવું તેને દાન સમજે છે. કોઇને આજ્ઞા કરવી એ વરદાન આપવું એમ ધારે છે. અને પોતાના સ્પર્શને પણ પાવન કરે છે. વળી મિથ્યા મહાત્મ્યનાં ગર્વમાં તણાઇને તેઓ દેવોને પણ પગે લાગતા નથી. બ્રાહ્મણો ( બ્રહ્મચારી )ને પુંજતા નથી. નમવા યોગ્યને નમતા નથી તથા ગુરુઓને ઉઠીને સત્કાર કરતા નથી, વિદ્વાનજનો

નિરર્થક શ્રમ લઇ પોતાના વિષયોપભોગ સુખમાં વીઘ્ન લાવે છે, એમ ગણીને તેમની હાંસી કરે છે. વૃદ્ધજનના ઉપદેશને વૃદ્ધાવસ્થાના વૈકલ્યનો પ્રલાપ છે એમ ધારે છે. પ્રધાનના ઉપદેશને અનુવર્તવું એ પોતાની બુદ્ધિનો પરાજય કહેવાય એમ જાણી તેને ધિઃક્કારે છે. હીતવાદી પર કોપાયમાન થાય છે. સર્વથા જે અહરનીશ હાથ જોડીને સર્વ અન્ય કાર્ય ત્યજી દઇ ઘડી ઘડી દેવતાઓની માફક તેમની સ્તુતિ કરે છે, અથવા તેમનું મહાત્મ્ય ઉત્પન્ન કરે છે. તેનુંજ તેઓ અભિનંદન કરે છે. તેની સાથેજ ભાષણ કરે છે, તેનેજ પાસે રાખે છે, તેનુંજ સમવર્ધન કરે છે. તેની સાથેજ સુખે રહે છે, તેનેજ દાન કરે છે, તેનેજ મીત્ર કરીને સ્થાપે છે. તેનુંજ વચન સાંભળે છે, તેના ઉપરજ બધો પ્રસાદ વરસાવે છે, તેનેજ બહુ માન આપે છે, અને તેનેજ પોતાનો બનાવે છે.

ગર્દભાલી મુનિ કહે છે હે રાજા સંજતી! લક્ષ્મી આવી રીતે કામ, ક્રોધને વધારનારી, મોહ ઇર્ષ્યાને પોષણ કરનારી, બન્ધુ વર્ગમાં વૈર વધારનારી, અનેક રાજાઓએ ભોગવેલી, ત્યાગીઓએ તેની દુર્ગચ્છા કરેલી, એવી દગાબાજ લક્ષ્મીએ કોને ઘેલા બનાવ્યા નથી? એના મોહપાસમાં સપડાયલા કોણ દુર્ગતિએ નથી ગયા? હે રાજન! એ ચપળાનો ભરોંસો રાખી બેઠેલા જરૂર ઠગાયા છે. માટે એવી અસ્થિર લક્ષ્મીનો અને તેના આરંભનો ત્હારે ત્યાગ કરવો જોઇએ. આ ત્હારૂં યૌવન અને રૂપ એવી રીતે સાચવવું જોઇએ કે, કોઇ તારી હાંસી કરી શકે નહિં, સાધુ પુરુષો નિંદા કરે નહિ, ગુરુઓ ધિઃક્કારે નહિ, મિત્રો ઠબકો દે નહિ, વિદ્વાન લોક તારે માટે શોકાતુર થાય નહિ, લંપટો તને ઠગે નહિ, કુશળ પુરુષો હસે નહિ, કામીને તારો સ્વાદ લાગે નહિ, સેવક રૂપી વરૂઓ તને વળગે નહિ, ધૂર્તલોકો છેતરે નહિ, લલનાઓ લલચાવે નહિ, લક્ષ્મી તારી વીંટબના કરે નહિ, મદ નચાવે નહિ, મદન ઉન્મત્ત કરી દે નહિ, વિષય ફંદમાં નાખી દે નહિ, રાગ કાંઈ પણ વીકાર કરે નહિ, અને

સુખમાં તણાઈ જવાય નહિ. હે રાજન ! મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે, માટે તેનું સાર્થક કર, એટલે દીક્ષા લઇ તપશ્ચર્યા કર, નહિ તો મનુષ્ય જન્મ એળે ગુમાવીશ.

મુનિ ગર્દભાલીના આવા અપૂર્વ વચન સાંભળી રાજા સંજતી બોલ્યો કે, હે પ્રભુ ! તમારાં વચન સત્ય છે, પણ મને લક્ષ્મી અને સ્ત્રીઓ પરથી મોહભાવ ઓછો થતો નથી.

મુનિએ કહ્યું કે, હે રાજા ! તે મોહ સ્વવશે નહિ ઉતરે તો પરવશે એટલે મૃત્યુ પછી જરૂર ઉતારવો પડશે. ત્હારા મૃત્યુ પછી ત્હારી મેળવેલી લક્ષ્મીના બીજા માલિક થઈ મોજ કરશે. તેમજ ત્હારી સ્ત્રીઓનું તું રક્ષણ કરે છે, તેઓને સારાં સારાં વસ્ત્રાલંકારો ધારણ કરાવે છે, તેપણ ત્હારા મૃત્યુ પછી ત્હારી સ્ત્રીઓ તેંજ કરાવેલા ઘરેણાં–વસ્ત્ર પ્રેમ સહિત પ્હેરી બીજા પુરુષ સાથે ભોગ ભોગવશે. અને ત્હેં કીધેલા શુભાશુભ કર્મ પરભવે ત્હારે પોતાનેજ ભોગવવાં પડશે. માટે સમજીને પહેલેથી જ ત્યાગ કર.

આવાં ગર્દભાલી મહાત્માના વચન સાંભળી સંજતી રાજાએ વૈરાગ્ય પામી સંસારનો ત્યાગ કરી, રાજ્ય ઋદ્ધિપરથી મમત્વ ભાવ દૂર કરી તેજ ગુરૂ પાસે દીક્ષા લીધી. ગુરૂ પાસે વિનય સહિત અગ્યાર અંગ ભણ્યા, અને તપશ્ચર્યા કરતાં છેવટે અવધિ જ્ઞાન ઉત્પન્ન થયું. એટલે પાછલો ભવ જોયો, અને વૈરાગ્યમાં વધારો થયો. પછી ગુરૂને વંદણા નમસ્કાર કરી પૂછયું કે, હે પ્રભુ ! આપની ઈચ્છા અને આજ્ઞા હોય તો હું એકાકીપણે વિચરૂં. યોગ્યતા જાણી ગુરૂએ કહ્યું કે, હે દેવાણુંપ્રિય ! જેમ તમને સુખ થાય તેમ કરો. તપ–સંયમનો વધારો કરજો. આવાં ગુરુનાં વચન માથે ચડાવી લેઈ ગુરૂને નમસ્કાર કરી એકાએકપણે વિચરવા લાગ્યા. રસ્તામાં મહાત્મા ક્ષત્રી રાજ ઋષીશ્વર મળ્યા. તે મહાત્માએ સંજતી મુનિનો વૈરાગ્ય જોઈ પૂછયું કે, હે મુનિ ! તમારી મુખમુદ્રા પરથી તમે વિકાર રાહત જણાવ છો. ત્હમારૂ નામ

શું ? ગોત્ર કયું ? અંતઃકરણપૂર્વક તમે કયો ધર્મ સ્વિકાર્યો છે ? અને તમારા ગુરૂનું નામ શું ? એમ પૂછયું. જવાબમાં સંજતી મુનિએ કહ્યું કે, હે મહાત્મા ! મારૂં નામ સંજતી છે ! મારૂં ગોત્ર ગૌતમ નામે છે. તેમજ ગર્દભાલી નામના આચાર્ય મ્હારા પૂજ્ય, ધર્મગુરુ ભગવાનરૂપ છે. તેઓ જ્ઞાન અને ચારિત્રના પારગામી છે, તે પ્રભુએ મને તાર્યો છે. મેં કયો ધર્મ સ્વિકાર્યો છે તે આપ સાંભળો—

આ દુનીયાપર ચાર વાદીધર્મ છે, તે નકામા જાણી મેં તેનો ત્યાગ કર્યો છે.

૧. ક્રીયાવાદી, તે એવું માને છે કે, આત્માનો, પદાર્થનો અને જગતનો કોઇ પણ કર્ત્તા છે. તે પણ નિષ્કલંકને માથે કલંક મુકે છે. કેમકે કર્ત્તા દયાળુ હોવા જોઇએ. તે દયાળુએ ગાય, હરણ, બકરાં બનાવ્યાં તે તો ઠીક, પરંતુ તેની પાછળ વાઘ, સિંહ, અને કસાઇ લોક બનાવ્યાં તેનું શું કારણ ? આમ કર્ત્તાની નિર્દયતા ઠરે છે. પૂછતાં તેનો બરાબર ખુલાસો મળી શકતો નથી, જેથી મેં તેનો ત્યાગ કર્યો છે. તે કર્ત્તા સાથે નવ પદાર્થ જોડીએ તો એકસોને એંસી ભેદ ક્રિયાવાદીના થાય.

૨. અક્રીયાવાદી, તે એવું માને છે કે, સ્વર્ગલોક નથી, નરક નથી, પુન્ય-પાપનાં ફળ નથી, જગત નથી, હું નથી, તમે નથી, માત્ર પૃથ્વી, પાણી, અગ્નિ આકાશ અને વાયુ એ પાંચ પદાર્થ મળી શરીર બન્યું, તેના પાવરથી શરીર હરે ફરે છે, પણ આત્મા એવો કોઇ પદાર્થ નથી. આ અક્રિયા સાથે નવ પદાર્થ જોડીએ તો ચોરાશી ભેદ થાય.

૩. વિનયવાદી, તે એવું માને છે કે, ગુરૂ, માતા, પિતા સૌનો વિનય કરવો, તેથીજ મોક્ષ મળે છે. તેણે ગુણી–અવગુણી સર્વને સરખા ગણ્યા છે, તેના બત્રીસ ભેદ થાય છે.

૪. અજ્ઞાનવાદી, તે એવું માને છે કે, સૌ જીવોએ અજ્ઞાનતામાંજ રહેવું. તેથીજ મોક્ષ મળે છે, જ્ઞાન ભણવાથી અહંકાર

થાય છે, અને અહંકારથી નરકે જવું પડે છે, તેથી અજ્ઞાન શ્રેષ્ટ છે. તેના સડસઠ ભેદ થાય છે.

એમ ચારેના મળી ત્રણસેં ને ત્રેસઠ ભેદ પાખંડી ધર્મના કહ્યાં છે, તેનો મેં સમજીને ત્યાગ કર્યો છે. અને જ્ઞાનપૂર્વક ક્રિયા એટલે સમદ્રષ્ટિપણે સૌ આત્મા પોતાના આત્મા તુલ્ય સમજી કોઈ જીવને ન હણવો એ ધર્મ મેં મારા ગુરૂના ઉપદેશથી સ્વિકાર્યો છે, અને તેના પ્રતાપે કરી હું મારો પરભવ જાણું છું. પરભવે પાંચમાં દેવલોકથી ચ્યવીને હું અહિં આવ્યો છું. મારૂં આયુષ્ય તથા પરનું આયુષ્ય સાચે પ્રકારે હું જાણું છું, અને મિથ્યાદ્દષ્ટિ લોકો પરલોક છે છતાં પણ તેને માનતા નથી; જેથી હું તેમનો સંગ કરૂં નહિ.

આ પ્રમાણે સંજતી મુનિનું કહેવું સાંભળી ક્ષત્રીરાજ ઋષીશ્વર બોલ્યા કે, હે સંજતી મુનિ! તમે રાજ્યઋદ્ધિ છોડી ભલે દીક્ષા લીધી, અને ભલે તીર્થંકરનો પરૂપેલો માર્ગ અંગિકાર કર્યો. તેજ માર્ગે ચાલજો. પ્રથમના ભરતેશ્વર ચક્રવર્તિ, સગર રાજા, સનન્ત કુમાર, શાંતીનાથ, કુંથુનાથ, અરનાથ, નમીરાજા, કરકંડુ, નીગઈ, દુમઇ, દશાર્ણભદ્ર વગેરે ઘણા પુરુષોએ સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધેલી છે, અને મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે. તમે પણ તેજ પ્રમાણે વર્તિ આત્માનું સાર્થક કરજો. એમ કહી મહાત્મા ચાલી નીકળ્યા, અને સંજતી મુનિ છેવટે તપ, સંયમ પાળી, કર્મક્ષય કરી મોક્ષ પધાર્યા.

# अथ श्री जैन पाठमाला.

## ( પુચ્છિસ્સુણં પ્રસ્તાવીક ગાથાઓ સહીત )

### પુચ્છિસ્સુણં ( કાવ્ય ).

પુચ્છિસ્સુણં સમણા માહણા ય, આગારિણોયા પરતિત્થિયા ય; સે કેઈણેગંત-હિયધમ્મમાહુ, અણેલિસં સાહુસમિખયાએ ૧ કહં ચ નાણં કહં દંસણં સે, સીલં કહં નાયસુયસ્સ આસી; જાણા સિણં ભિખ્ખુ જહાતહેણં, અહાસુયં બૂહિ જહાણિસંતં ૨ ખેયન્ને સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી; જસસ્સિણો ચખ્ખુપહઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઈં ચ પેહા ૩ ઉડ્ઢં અહેયં તિરિયં દિસા સુ, તસા ય જે થાવર જેય પાણા; સે ણિચ્ચણિચ્ચેહિં સમિખ પન્ને, દીવેવ ધમ્મં સમિયં ઉદાહુ ૪ સેસવ્વદંસી અભિભૂયનાણી, ણિરામગંધે ધિઈમં ઠિયપ્પા; અણુત્તરે સવ્વ જગંસિ વિજ્જં, ગંથા અતીતે અભયે અણાઉ ૫ સે ભૂઈપન્યે અણિએઅચારી, ઉહંતરે ધીરે અણંતચખ્ખુ; અણુત્તરે તપ્પઇ સૂરિએવા, વઇરોયણિંદેવ તમંપભાસે ૬ અણુત્તરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણિ કાસવ આસુપન્ને; ઈંદેવ દેવાણ મહાણુભાવે, સહસ્સણેતા દિવિણં વિસિઠે ૭ સે પન્નયા અખય સાગરેવા, મહોદહિવાવિ અણંતપારે; અણાઈલેયા અકસાઇ ભિખ્ખુ, સક્કેવ દેવાહિવઇ જ્જુઈમં ૮ સે વીરિએણં પડિપુન્ન વિરિએ, સુદંસણે વા ણગસવ્વ સેઠે; સુરાલએવાસિમુદાગરે સે, વિરાયએ અણેગગુણોવવેએ ૯ સયંસહસ્સાણઉ જોયણાણં, તિકંડસે પંડગ વેજયંતે; સે જોયણે ણવણવઇ સહસ્સે, ઉદ્ધુસ્સિતો હેઠ સહસ્સમેગં ૧૦ પુઠે ણભે ચિઠઇ ભૂમિવઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ, સેહેમવન્ને બહુ નંદણે ય, જંસી રઈં વેદયંતિ મહિંદા ૧૧ સે પવ્વએ સદ્દ મહપ્પગાસે, વિરાયઇ કંચણ મઠવન્ને, અણુત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરિવરે સે જલિએવ ભોમે ૧૨ મહીએ મઝંમિ ઠિએ ણગિંદે; પન્નાયતે સૂરિય સુદ્ધલેસે; એવં સિરિએઉ સ

ભૂરિવન્ને, મણોરમે જોયઇ અચ્ચિમાલી ૧૩ સુદંસણુંસ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઇ મહતો પવ્વયસ્સ, એતોવમે સમણે નાયપુત્તે, જાઇ જસો દંસણ નાણ સીલે ૧૪ ગિરિવરેવા નિસહાય યાણં, રુયએવ સેઠે વલયાયતાણં; તઉવમે સે જગભૂઇપન્ને, મુણીણ મઝે તમુદાહુ પન્ને ૧૫ અણુત્તરં ધમ્મ-મુઈરિઇતા, અણુત્તરં ઝાણવરં ઝિયાઈ, સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખંદુવેગંતવદાત-સુક્કં ૧૬ અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ વિસોહઇત્તા સિદ્ધિંગઈ સાઇમણંત પત્તે, નાણેણ સીલેણ ય દંસણેણં ૧૭ રુખ્ખેસુ ણાએ જહ સામલીવા, જસ્સિં રઈં વેદયંતિ સુવન્ના વણેસુવા નંદણ-માહુ સેઠં, નાણેણ સીલેણ ય ભૂઇપન્ને ૧૮ થણિયંવ સદાણ અણુત્તરેઉ, ચંદોવ તારાણ મહાણુભાવે, ગંધેસુવા ચંદણ-માહુ સેઠં, એવં મુણીણં અપડિન્ન-માહુ ૧૯ જહા સયંભૂ ઉદહીણ સેઠે, નાગેસુવા ધરણિંદ-માહુ સેઠે; ખઉદએવા રસવેલ-યંતે, તવોવહાણે મુણિ વેજયંત ૨૦ હત્થિસુ એરાવણ-માહુ ણાએ, સીહો મિયાણં સલિલાણ ગંગા; પખ્ખિસુવાગરુલે વેણુદેવે, નિવ્વાણવાદીણિહ ણાયપુત્તે ૨૧ જોહેસુ ણાએ જહ વીસસેણે, પુપ્ફેસુવા જહ અરવિંદ-માહુ; ખત્તીણ સેઠે જહ દંત વક્કે, ઇસીણ સેઠે તહ વદ્ધમાણે ૨૨ દાણાણ સેઠં અભયપ્પયાણં, સચ્ચેસુવા અણવજ્જં વયંતિ; તવે સુત્રા ઉત્તમ બંભચેરં, લોગુત્તમે સમણે નાયપુત્તે ૨૩ ઠિઈણ સેઠા લવસત્તમાવા, સભા સુહમ્માવ સભાણ સેઠા, ણિવ્વાણ સેઠા જહ સવ્વધમ્મા, ણ ણાયપુત્તા પરમ અત્થિ નાણી ૨૪ પુઢોવમે ધુણઈ વિગયગેહિ, ન સણિહિં કુવ્વઈ આસુપન્ને, તરિતુ સમુદ્દં ચ મહાભવોધં, અભયંકરે વીર અણં-તચખુ ૨૫ કોહં ચ માણં ચ તહેવ માયં, લોભં ચઉત્થં અઝ્ઝત્થદોસા, એઆણિ વંતા અરહામહેસી, ણ કુવ્વઈ પાવ ણ કારવેઇ ૨૬ કિરિયાકિરિયં વેણઇયાણુવાયં, અન્નાણિયાણં પડિ-યચ્ચ ઠાણં; સે સવ્વવાયં ઇતિવેદઇત્તા, ઉવઠિએ ધમ્મ સદીહ-રાયં ૨૭ સે વારિયા ઇથિ સરાઇભત્તં, ઉવહાણવં દુખખયઠયાએ લોગં વિદિત્તા આરં પારં ચ, સવ્વં પભૂ વારિય સવ્વવારં ૨૮

સોચ્ચા ય ધમ્મં અરિહંતભાસિયં, સમાહિયં અથપઉવિસુદ્ધં, તં સદ્દહંતા ય જણા અણાઉ, ઈંદેવ દેવાહિઆગમિસ્સંતિ ત્તિબેમિ ૨૯

## પ્રસ્તાવિક ગાથાઓ ( કાવ્ય. )

પંચ મહવ્વય સુવ્વય મૂલં, સમણ મણાઈલિ સાહુ સુચિણ્ણં વેરં વિરામણ પજ્જવસાણં, સવ્વ સમુદ્દ મહોદહિ તિથ્થં ૧. તિથં કરેહિં સુદેસિય મગ્ગં, નરગ તિરિય વિવજ્જિય મગ્ગં; સવ્વ પવિત્ત સુનિમ્મિય સારં, સિદ્ધિ વિમાણ અવંગુય દારં ૨ દેવ નરિંદ નમંસિય પૂઇયં, સવ્વ જગુત્તમ મંગલ મગ્ગં, દુદ્ધરિસં ગુણ નાયક-મેકં, મોખપહસ્સ-વડંસગ ભુયં. ૩

( અનુષ્ટુપવૃત્તમ્. )

ધમ્મા રામેચરેભિખ્ખુ, ધિઇમં ધમ્મ સારહી; ધમ્મા રામે રએ દંતે, બંભચેર સમાહિએ. ૪

દેવ દાણવ ગંધવા, જખ રખસ કિન્નરા, બંભયારિં નમં-. સંતિ, દુક્કરં જે કરિંતિ તે ૫. એસ ધમ્મં ધુવે ણિયએ, સાસએ જિણદેસિએ, સિઝા સિઝંતિ ચાણેણં, સિઝિસ્સતિ તહાવરે ત્તિબેમિ ૬

( આર્યાવૃત્તમ્. )

અરિહંત સિદ્ધ પવયણ, ગુરૂ થેર બહુસ્સુએ તવસ્સીસુ વછલ્લયા ય તેંસિં, અભિખ નાણોવઉગે ય ૭ દંસણ વિણય આવ-સ્સએ ય, સીલવ્વયે નિરઇયારે, ખણુલવ તવ ચ્ચિયાએ, વેયાવચ્ચે સમાહીએ ૮ અપુવ્વ નાણગ્ગહણે, સુયભત્તી પવયણે પભાવણયા, એએહિં કારણેહિં, તિથયરત્તં લહઇ જીવો ૯ જિણ-વયણે અણુરત્તા, જિણવયણં જે કરંતિ ભાવેણં, અમલા અસં-કિલિઠ્ઠા, તે હુંતિ પરિત્તસંસારી ૧૦ એવં ખુ નાણિણો સારં, જં ન હિંસઇ કિંચણં, અહિંસા સમયં ચેવ, એતાવત્તં વિયા-ણિયા ૧૧ જાઈ ચ વુઢ્ઢિં ચ ઈઝ પાસં, ભૂતેહિં જાણે પડિલેહ સાયં, તમ્હાતિવિઝો પરમતિણચ્ચા, સમ્મત્ત દંસી ણ કરેઇ પાવં ૧૨ સારં દસણં નાણં, સારં તવ નિયમ સંજમ સીલં

સારં જિણવર ધમ્મં, સાર સંલેહણા મરણું ૧૩ મઝં વિસય કસાયા, નિદ્દા વિકહા ય પંચમી ભણિયા, એ એ પંચ પમાયા, જીવા પડંતિ સંસારે. ૧૪

( અનુષ્ટુપવૃત્તમ્ )

લભંતિ વિમલા ભોએ, લભંતિ સુરસંપયા; લભંતિ પુત્ત મિત્તં ચ, એગો ધમ્મો ન લભઈ ૧૫ એગો—હંનથિ મે કોઇ, નાહે-મન્નસ્સ કસ્સઇ, એવં અદીણું મણુસો, અપ્પાણુ—મણુ સાસઈ. ૧૬

---

# अथ श्री दशवैकालिक सूत्र मूल पाठ.

---

## ૧ થી ૧૦ અધ્યયન.

( અનુષ્ટુપવૃત્તમ્ )

ધમ્મો મંગલ—મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો, દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો ૧ જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઈ રસં, ન ય પુપ્ફં કિલામેઈ, સો ય પીણેઇ અપ્પયં ૨ એમે એ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો, વિહંગમાવ પુપ્ફેસુ, દાણભત્તેસણે રયા ૩ વયં ચ વિત્તિં લભામો, ન ય કોઈ ઉવહમ્મઇ, અહાગડેસુ રીયંતે, પુપ્ફેસુ ભમરા જહા ૪ મહુકાર સમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિયા; નાણાપિંડ રયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ત્તિબેમિ ૫

ઇતિ દુમ્મપુપ્ફિય નામ પઢમં અઝયણં સમ્મત્તં ૧

કહન્નુ કુઝા સામન્નં, જો કામે ન નિવારએ, પએપએ વિસીયંતો, સંકપ્પસ્સ વસંગઓ ૧ વત્થ ગંધ-મલંકારં, ઇથિઓ સયણાણિ ય, અછંદા જે ન ભુંજંતિ, ન સે ચાઈ ત્તિ વુચ્ચઇ ૨ જેય કંતે પિએ ભોએ લદ્ધે વિપિટ્ઠિ કુવ્વઇ, સાહીણે ચયઇ ભોએ, સે હુ ચાઈ ત્તિ વુચ્ચઇ ૩

( કાવ્યમ્ )

સમાઇ પેહાઇ પરિવ્વયંતો, સિયામણો નિસ્સરઇ વહિદ્ધા, ન સા મહં નોવિ અહંપિ તીસે, ઇચ્ચેવ તાઉ વિણિએજ્ઝ રાગં ૪ આયા વયા હી ચય સોગમલ્લં, કામે કમાહી કમિયં ખુદુખં, છિંદાહિ દોસં વિણિએજ્જ રાગં, એવં સુહી હોહિસિ સંપરાએ

( અનુષ્ટુપવૃત્તમ્ )

પખંદે જલિયં જોઇં, ધુમકેઉં દુરાસયં, નેચ્છંતિ વંતયં ભુત્તં, કુલે જાયા અંગધણે ૬ ધિરત્થુ તે જસોકામી, જો તં જીવિય કારણા વંતં ઇચ્છસિ આવેઉ, સેયં તે મરણં ભવે ૭ અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવન્હિણો, મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઉ ચરં ૮ જઇ તં કાહિસિ ભાવં, જા જા દિછસિ નારીઉ વાયા વિદ્ધોવ હડો, અઠિઅપ્પા ભવિસ્સસિ ૯ તીસે સો વયણં સોચ્ચા, સંજયાએ સુભાસિયં અંકુસેણ જહા નાગો, ધમ્મે સં પડિવાઇઉ ૧૦ એવં કરેંતિ સંબુદ્ધા, પંડિયા પવિયખણા ૧૧ વિણિયટ્ટંતિ ભોગેસુ, જહા સે પુરિસોત્તમો ત્તિબેમિ. ૧૧ ॥૨॥

## અધ્યયન ત્રીજું.

સંજમે સુઠિઅપ્પાણં, વિપ્પ મુક્કાણ તાઇણં તેસિ-મેયમણાઇન્નં, નિગ્ગંથાણં મહેસિણં ૧ ઉદ્દેસિયં કીયગડં, નિયાગં અભિહડાણિ ય રાઇભત્તે સિણાણે ય, ગંધ મલ્લે ય વીયણે ૨ સંનિહી ગિહિમત્તે ય, રાયપિંડે કિ-મિછએ સંવાહણ દંત પહોયણા ય, સંપુચ્છણ દેહ પલોયણા ય ૩ અ ઠાવએ ય નાલિએ, છત્તસ્ય ય ધારણઠાએ તેગિચ્છં પાહણા પાએ, સમારંભં ચ જોઇણો ૪ સિજ્જાયર પિંડં ચ, આસંદી પલિયંકએ ગિહંતર નિસિજ્જા એ, ગાયસ્સુવટ્ટણાણિ ય ૫ ગિહિણો વેયાવડિયં, જાઈઆજીવવત્તિયા તત્તા-નિવ્વુડ ભોઈત્તં, આઉરસ્સરણાણિ ય ૬ મૂલએ સિંગબેરે ય, ઉચ્છુ, ખંડે અનિવ્વુડે કંદે મૂલે ય સચ્ચિત્તે, ફલે બીએ ય આમએ ૭ સોવચ્ચલે સિંધવેલોણે, રોમાલોણે ય આમએ સામુદ્દે પંસુખારે ય, કાલાલોણે ય આમએ ૮ ધુવણિત્તિ

વમણે ય, વથિકમ્મ વિરેયણે અંજણે દંતવણે ય, ગાયાભંગ વિભૂસણે ૯ સવ્વ-મેય-મણાઇન્નં, નિગ્ગંથાણં મહેસિણં સંજમંમિ ય જુતાણં, લહુભૂય વિહારિણં ૧૦ પંચાસવ પરિન્નાયા, તિગુત્તાછસુ સંજયા પંચ નિગ્ગહણા ધીરા, નિગ્ગંથા ઉજ્જુદંસિણો ૧૧ આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિયા ૧૨ પરીસહ રિઉ દંતા, ધુયમોહા જિઈંદિયા, સવ્વ દુઃખ પહીણઠા પક્કમંતિ મહેસિણો ૧૩ દુક્કરાઈ કરિત્તાણં, દુસ્સહાઈં સહિતુ ય, કે ઇત્થે દેવલોએસુ, કે ઈ સિઝંતિ નિરયા ૧૪ ખવિત્તા પુવ્વ કમ્માઈં, સંજમેણ તવેણ ય સિદ્ધિમગ્ગ-મણુપત્તા, તાઇણો પરિનિવ્વુડે ત્તિબેમિ ૧૬

## અધ્યયન ચોથું

### ( ગદ્યમ્ )

સુયં મે આઉસં તેણં ભગવયા એવ-મખાયં ઇહખલુ છજીવણિયા નામઝયણં, સમણેણં ભગવયા મહાવીરેણં, કાસવેણં, પવેઈયા, સુઅખાયા, સુ પન્નત્તા, સેયં મે અહિજિઉં અઝયણં ધમ્મ પન્નત્તિ ૧ કયરા ખલુ સા છ જીવણિયા નામઅઝયણં, સમણેણં ભગવયા મહાવીરેણં, કાસવેણં, પવેઈયિા, સુ અખાયા, સુ પન્નતા, સેયં મે અહિજિઉ અઝયણં ધમ્મ પન્નત્તિ ૨ ઇમા ખલુ સા છ જીવણિયા નામઅઝયણં, સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઇયા, સુ અખાયા સુ પન્નતા, સેયં મે અહિજિઉ અઝયણં ધમ્મ પન્નતિ તંજહા પુઢવિકાઈયા ૧ આઉકાઇયા ૨ તેઉકાઇયા ૩ વાઉકાઈયા ૪ વણસ્સઇકાઇયા ૫ તસ્સકાઇયા ૬ પુઢવિ ચિત્તમંત-મખાયા, અણેગ જીવા, પુઢો સત્તા, અન્નથ સત્થ પરિણએણં ૧ આઉ ચિત્તમંત મખાયા, અણેગ જીવા, પુઢો સત્તા, અન્નથ સત્થ પરિણએણં ૨ તેઉ ચિત્તમંત-મખાયા, અણેગ જીવા, પુઢો સત્તા અન્નત્થ સત્થ પરિણએણં ૩ વાઉ ચિત્તમંત-મખાયા, અણેગ જીવા, પુઢો સત્તા, અનત્થ સત્થ પરિણએણં ૪ વણસ્સઇ ચિત્તમંત મખાયા, અણેગ જીવા, પુઢો સત્તા, અનત્થ સત્થ પરિણએણં; તંજહા-અગ્ગબીયા,

મૂલબીયા, પોરબીયા, ખંધબીયા, બીયરુહા, સમુચ્છિમા, તણ, લયા વણસ્સઇકાઇયા, સ બીયા, ચિત્તમત્તં-મખાયા, અણેગ જીવા, પુઢો સત્તા અન્નત્થ સત્થ પરિણએણં ૫ સે જે પુણ ઇમે અણેગે બહવે તસા પાણા તંજહા-અંડયા, પોયયા, જરાઉયા, રસયા; સંસેઇમા, સમુચ્છિમા, ઉભિયા, ઉવવાઇયા, જેંસિં કેંસિં ચ પાણાણં, અભિક્કંતં, પડિક્કંતં, સંકુચિયં, પસારિયં, રૂયં, ભંતં, તસ્સિયં, પલાઇ યં, આગઇ ગઇ; વિન્નાયા, જે ય કીડ પયંગા, જા ય કુંથુંપિપ્પીલિયા, સવ્વે બેઇંદિયા, સવ્વે તેઇન્દીયા, સવ્વે ચઉરિંદિયા, સવ્વેપંચિંદિયા સવ્વે તિરિખ જોણિયા, સવ્વે નેરઇયા, સવ્વે મણુયા, સવ્વે દેવા સવ્વે પાણા, પર માહમ્મિયા એસો ખલુ છઠ્ઠો જીવનિકાઉ, તસ્સકાઉ ત્તિ પવુચ્ચઇ ૬ ઇચ્ચેસિં છન્હં જીવનિકાયાણં, નેવ સયં દંડં સમારંભિજ્જા નેવઅન્નેહિં દંડ સમા રંભાવિજ્જા, દંડ સમારંભંતેવિ, અન્ને ન સમણુજાણેજ્જા, જાવિજીવાએ, તિવિહંતિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરેંતંપિ અન્નેન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ; નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. પઢમે ભંતે મહવ્વએ પાણાઇવાયાઓ વેરમણં, સવ્વં ભંતે પાણાઇવાયં પચ્ચખ્ખામિ સે સુહુમંવા, બાયરં વા, તસ્સં વા. થાવરં વા. નેવ સયં, પાણે અઇવાએજ્જા ને વન્નેહિં, પાણે અઇવાયાવિજ્જા પાણે અઇવાયંતેવિ અન્ને ન સમણુ જાણેજ્જા જાવજીવાએ; તિવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરેંતંપિ અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. પઢમે ભંતે મહવ્વએ, ઉવઠિઓમિ, સવ્વાઓ પાણાઇવાયાઓ વેરમણં ૧ અહાવરે દુચ્ચે ભંત્તે મહવ્વએ, મુસાવાયાઓ વેરમણં, સવ્વં ભંતે મુસાવાયં પચ્ચખ્ખામિ, સે કોહાવા, લોહાવા, ભયા વા, હાસા વા, નેવ સયં મુસં વાએજ્જા નેવન્નેહિં મુસં વાયાવિજ્જા મુસં વાયંતેવિ અન્ને ન સમણુજાણેજ્જા; જાવજીવાએ, તિવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન

કારવેમિ, કરેતંપિ અન્ને ન સમણુ જાણામિ તસ્સભંતે પડિક્કમામિ, નિંદામિ; ગરિહામિ અપ્પાણં વોસિરામિ. દુચ્ચે ભંતે મહવ્વએ, ઉવઠિઓમિ, સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં ૨ અહાવરે તચ્ચે ભંતે મહવ્વએ, અદિન્નાદાણાઓ વેરમણં, સવ્વ ભંતે અદિન્નાદાણં પચખખામિ, સે ગામે વા; નગરે વા; રન્ને વા, અપ્પં વા, બહુ વા, અણું વા, થુલં વા, ચિત્તમંતં વા, અચિત્તમંતં વા, નેવ સયં અદિન્નં ગિન્હિજ્જા નેવન્નેહિં અદિન્નં ગિન્હાવેજ્જા, અદિન્નં ગિન્હંતેવિ અન્ને ન સમણુજાણિજ્જા, જાવજીવાએ, તિવિહં તિવિહેણું, મણેણું વાયાએ, કાએણું; ન કરેમિ, ન કારવેમિ, કરેંતંપિ અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ. તચ્ચે ભંતે મહવ્વએ, ઉવઠ્ઠિઓમિ, સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં ૩ અહાવરે ચઉત્થે ભંતે મહવ્વએ, મેહુણાઓ વેરમણં, સવ્વે ભંતે મેહુણં પચ્ચખામિ, સે દિવ્વં વા, માણુસ્સં વા, તિરિખજોણિયં વા, નેવ સય મેહુણં સેવિજજા નેવન્નેહિં મેહુણં સેવાવેજ્જા મેહુણં સેવંતેવિ અન્ને ન સમણુ જાણિજ્જા, જાવજીવાએ, તિવિહં તિવિહેણું, મણેણું, વાયાએ, કાએણું, ન કરેમિ, ન કારવેમિ, કરેંતંપિ, અન્નેન સમણુ જાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ. ચઉત્થે ભંતે મહવ્વએ ઉવઠિઓમિ, સવ્વાઓ, મેહુણાઓ વેરમણં. ૪ અહાવરે પંચમે ભંતે મહવ્વએ પરિગ્ગહાઓ વેરમણં, સવ્વં ભંતેપરિગ્ગહં પચ્ચખામિ, સે અપ્પં વા, બહુ વા, અણું વા થુલં વા, ચિત્તમંત્તં વા અચિત્તમંત્તં વા નેવસયં પરિગ્ગહં, પરિગિન્હિજ્જા, ને વન્નેહિં પરિગ્ગહં, પરિગિન્હાવિજ્જા, પરિગ્ગહં પરિગિન્હંતેવિ, અન્ને ન સમણુ જાણિજ્જા, જાવજીવાએ; તિવિહં તિવિહેણું, મણેણું, વાયાએ, કાએણું, ન કરેમિ, નકારવેમિ, કરેંતંપિ અન્નેન સમણુ જાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. પંચમે ભંતે મહવ્વએ, ઉવઠિઓમિ, સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં. ૫ અહાવરે છઠે ભંતેવ્વએ, રાઈભો-

યણાઉ વેરમણં, સવ્વં ભંતે રાઈભોયણં પચ્ચખામિ, સે અસણં વા, પાણં વા, ખાઇમં વા, સાઇમં વા, નેવસયં રાઇભુંજિજ્જા, નેવન્નેહિંરાઇ ભુંજાવિજ્જા, રાઇ ભુંજંતેવિ, અન્નેન, સમણુ જાણિજ્જા, જાવજ્જીવાએ, તિવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરેંતંપિ, અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. છટ્ઠે ભંતે વ્વએ, ઉવઠિઓમિ, સવ્વાઓ રાઇભોયણાઓ વેરમણં. ૬ ઇચ્ચેઇયાઈ, પંચ મહવ્વયાઈં, રાઇભોયણ વેરમણં છઠાઈં, અત્તહિયઠયાએ, ઉવસંપજ્જિત્તાણં વિહરામિ. ૬

સે ભિખ્ખૂ વા, ભિખ્ખૂણી વા, સંજય, વિરય, પડિહય પચ્ચખાય પાવકમ્મે દિયા વા રાઉ વા, એગઉ વા, પરિસાગઉ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે પુઢવિં વા, ભિત્તિં વા, સિલં વા, લેલું વા, સસરખં વા કાયં, સસરખં વા વથં. હત્થેણ વા, પાએણ વા, કઠેણ વા, કિલિચેણ વા, અંગુલિયાએ વા, સિલાગ્ગએ વા, સિલાગહત્થેણ વા નાલિહિજ્જા, ન વિલિહિજ્જા ન ઘટ્ટિજ્જા નભિંદિજ્જા, અન્નં નાલિહાવેજ્જા, ન વિલિહા વિજ્જા, ન ઘટ્ટાવિજ્જા, ન ભિંદાવિજ્જા, અન્નં આલિહંતં વા, વિલિહંત વા, ઘટ્ટંતં વા, ભિંદંતં વા, ન સમણુ જાણિજ્જા, જાણજીવાએ, તિવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરેંતંપિ અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદાભિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ૧ સે ભિખ્ખૂ વા, ભિખ્ખૂણી વા, સંજય, વિરય, પડિહય, પચ્ચખાય, પાવકમ્મે, દિયા વા, રાઉ વા, એગઉ વા, પરિસાગઉ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે ઉદગં વા, ઉસંવા; હિમં વા, મહિયં વા, કરગં વા, હરતણુગં વા. સુદ્ધો દગં વા, ઉદઓલ્લં વા કાયં ઉદઓલ્લં વા વત્થં સસણિદ્ધં વા કાયં સસણિદ્ધં વા વત્થં, નામુ સેજ્જા, ન સંફુસેજ્જા, નાવિલિજ્જા, ન પવીલિજ્જા, ન અખોડિજ્જા, ન પખોડિજ્જા, ન આયાવિજ્જા, ન પયા વિજ્જા, અન્નં નામુસાવિજ્જા, ન સંફુસા વિજ્જા ન આવીલાવિજ્જા. ન પવીલાવિજ્જા; ન અખોડાવિજ્જા,

ન પખોડાવિજ્જા, ન આયાવિજ્જા, ન પયાવિજ્જા, અન્નં આમુસંતં વા, સંકુસંતં વા, આવીલંતં વા, પવીલંતં વા, અખોડંતં વા, પખોડંતં વા, આયાવંતં વા, પયાવંતં વા, ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ, તિવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરેંતપિ અન્ને ન સમણુજાણામિ, તસ્સભંત, પડિક્કમામિ, નિંદામિ. ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥૨॥ સે ભિખ્ખૂ વા, ભિખ્ખૂણી વા, સંજય, વિરય, પડિહય, પચ્ચખાય, પાવકમ્મે, દિયા વા, રાઉ વા, એગઉ વા, પરિસાગઉ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે અગણિં વા, ઇંગાલં વા, મુમ્મુરં વા, અચ્ચિં વા, જાલં વા, અલાયં વા, સુદ્ધાગણિં વા, ઉક્કં વા, ન ઉજ્જિજ્જા, ન ઘટિજ્જા, ન ભિંદિજ્જા, ન ઉજ્જાલિજ્જા, ન પજ્જાલિજ્જા, ન નિવ્વાવિજ્જા, અન્નં ન ઉજ્જાવિજ્જા, ન ઘટ્ટાવિજ્જા, નભિંદાવિજ્જા, નઉજ્જાલાવિજ્જા, નપજ્જાલાવિજ્જા, ન નિવ્વાવિજ્જા, અન્નં ઉજ્જતં વા, ઘટ્ટંતં વા, ભિદંતં વા, ઉજ્જાલંત વા, પજ્જાલંતં વા, નિવ્વાવંતં વા, ન સમણુજાણિજ્જા જાવજ્જીવાએ, તિવિહં તિવિ હેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરેંતપિ અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥૩॥ સે ભિખ્ખૂ વા, ભિખ્ખૂણી વા, સંજય, વિરય, પડિહય, પચ્ચખાય, પાવકમ્મે, દિયા વા, રાઉ વા, એગઉ વા, પરિસાગઉ વા, સુત્તે વા, જાગરમાણે વા, સે સિંએણ વા, વિહુયણેણ વા, તાલિયંટેણ વા, પત્તેણ વા, પત્તભંગેણ વા, સાહાએ વા, સાહાભંગેણ વા, પિહુણેણ વા, પિહુણ હત્થેણ વા, ચેલેણ વા, ચેલ કન્નેણ વા, હત્થેણ વા, મુહેણ વા. અપ્પણો વા કાયં, બાહિરં વા વિ પુગ્ગલં ન ફુમિજ્જા, ન વીએજ્જા, અન્નં ન પુમાવિજ્જા, ન વીયાવિજ્જા, અન્ન પુમંતં વા, વીયંતં વા. ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ; તિવિ હં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરંતંપિ, અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિકમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ૪

સે ભિખ્ખૂ વા, ભિખ્ખૂણી વા, સંજય, વિરય. પડિહય, પચ્ચખાય, પાવકમ્મે, દિયા વા, રાઓ વા; એગાઓ વા, પરિસાગઓ વા, સુતે વા, જાગરમાણે વા, સે બીએસુ વા, બીય પઇઠેસુ વા, રુઢેસુ વા, રૂઢ પઇઠેસુ વા, જાએસુ વા, જાય પયઠેસુ વા; હરિએ સુ વા, હરિય પઇઠેસુ વા, છિન્નેસુ વા, છિન્ન પઇઠેસુ વા, સચિતેસુ વા, સચિત્ત કોલ પડિનિસીએસુ વા. ન ગચ્છિજ્જા; ન ચિઠ્ઠિજ્જા; ન નિસીએજ્જા, ન તુયટ્ટિજ્જા, અન્નં ન ગચ્છાવિજ્જા, ન ચિઠ્ઠાવિજ્જા, ન નિસીયાવિજ્જા, ન તુયટ્ટાવિજ્જા, અન્નં ગચ્છતં વા, ચિઠંતં વા, નિસીયંતં વા, તુયટ્ટંતં વા, ન સમણુજાણિજ્જા, જાવજ્જીવાએ, તિવિહં તિવિહેણું, મણેણું, વાયાએ, કાએણું, ન કરેમિ, ન કારવેમિ; કરંતંપિ, અન્ને ન સમણુજાણામિ, તસ્સ ભંતે, પડિકકમામિ, નિંદામિ; ગરિહામિ, અપ્પાણું વોસિરામિ ॥૫॥ સે ભિખ્ખૂ વા, ભિખ્ખૂણી વા, સંજય વિરય, પડિહય, પચ્ચખાય, પાવકમ્મે, દિયા વા, રાઓ વા, એગઓ વા; પરિસાગઓ વા, સુતે વા, જાગરમાણે વા, સે કીડં વા, પયંગં વા, કુંથું વા, પિપ્પિલિયં વા હત્થંસિ વા, પાયંસિવા, બાહુસિવા, ઉરૂંસિવા, ઉદરંસિવા, સીસંસિ વા, વત્થંસિ વા, પડિગ્ગહંસિ વા, કંબલસિ વા, પાયપુચ્છણું સિ વા, રયહરણું સિ વા, ગુચ્છગં સિ વા, ઉંડગંસિ વા, દંડગંસિ વા, પીઢગંસિ વા, ફલગંસિ વા, સેજ્જંસિ વા, સંથારગં સિવા, અન્નયરંસિ વા, તહપ્પગારે, ઉવગરણ જાએ, તઓસંજયામેંવ, પડિલેહિય, પડિલેહિય, પમજ્જિય, પમજ્જિય, એગંત મવણિજ્જાનોણું સંઘાય–માવજ્જિજ્જા. ૬.

(અનુષ્ટુપવૃત્તમ્)

અજયં ચરમાણો ય, પાણ ભૂયાઈ હિંસઇ,
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં. ૧
અજયં ચિઠમાણો ય, પાણ ભૂયાઈ હિંસઇ,
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં. ૨
અજયં આસમાણો ય, પાણ ભૂયાઇ હિંસઇ,
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં. ૩

અજયં સયમાણો ય, પાણ ભૂયાઈ હિંસઈ,
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં. ૪
અજયં ભુંજમાણો ય, પાણ ભૂયાઇં હિંસઇ,
બંધઇ પાંવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં. ૫
અજયં ભાસમાણો ય, પાણ ભૂયાઇં હિંસઈ,
બંધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં. ૬
કહં ચરે કહં ચિઠે, કહં-આસે કહં સએ,
કહં ભુંજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઇ. ૭
જયં ચરે જયં ચિઠે, જયં-આસે જયં સએ,
જયં ભુંજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ. ૮
સવ્વ ભૂયપ્પભૂયસ્સ, સમ્મં ભૂયાઇં પાસઉ,
પિહિયાસવસ્સ દંતસ્સ, પાવકમ્મં ન બંધઇ. ૯
પઢમં નાણું તઓ દયા, એવં ચિઠઈ સવ્વ સંજએ,
અન્નાણી કિં કાહી, કિં વા નાહીય સેય પાવગં. ૧૦
સોચ્ચા જાણઇ કલ્લાણું, સોચ્ચા જાણઈ પાવગં,
ઉભયંપિ જાણઇ સોચ્ચા, જં સેયં તં સમાયરે. ૧૧
જો જીવેવિ ન યાણાઈ, અજીવેવિ ન યાણઇ,
જીવાજીવે અયાણંતો, કહં સો નાહી ય સંજમં. ૧૨
જો જીવેવિ વિયાણાઇ, અજીવે વિ વિયાણઇ,
જીવાજીવે વિયાણુતો, સો હુ નાહી ય સંજમં. ૧૩
જયા જીવ-મજીવે ય, દોવિ એએ વિયાણઈ,
તયા ગઈ બહુવિહં, સવ્વ જીવાણ જાણઈ. ૧૪
જયા ગઇં બહુવિહં, સવ્વ જીવાણ જાણઇ,
તયા પુન્નં ચ પાવં ચ, બંધ મોખ્ખં ચ જાણઇ. ૧૫
જયા પુન્નં ચ પાવં ચ, બંધ મોખ્ખં ચ જાણઇ,
તયા નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે. ૧૬
જયા નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે,
તયા ચયઈ સંજોગં, સભિંતરં બાહિરં. ૧૭

જયા ચયઈ સંજોગં, સભિંતરં બાહિરં,
તયા મુંડે ભવિત્તાણું, પવ્વઈએ અણુગારિયં. ૧૮
જયા મુંડે ભવિત્તાણું, પવ્વઈએ અણુગારિયં,
તયા સંવર–મુક્કઠં, ધમ્મં ફાસે અણુત્તરં. ૧૯
જયા સંવર–મુક્કઠં, ધમ્મં ફાસે અણુત્તરં,
તયા ધુણાઈ કમ્મ રયં, અબોહિ કલુસં કડં. ૨૦
જયા ધુણઈ કમ્મ રયં, અબોહિ કલુસં કડં,
તયા સવ્વત્તગં નાણં, દંસણંચા ભિગચ્છઈ. ૨૧
જયા સવ્વત્તગં નાણં, દંસણંચા ભિગચ્છઈ,
તયા લોગ–મલોગં ચ, જિણો જાણઈ કેવલી ૨૨
જયા લોગ–મલોગં ચ, જિણો જાણઈ કેવલી,
તયા જોગે નિરૂંભિત્તા, સેલેસિં પડિવજઈ. ૨૩
જયા જોગે નિરૂંભિત્તા, સેલેસિં પડિવજ્જઈ,
તયા કમ્મં ખવિત્તાણું, સિદ્ધિં ગચ્છઈ નીરઓ. ૨૪
જયા કમ્મં ખવિત્તાણું, સિદ્ધિં ગચ્છઈ નીરઓ,
તયા લોગ મત્થયચ્છો, સિદ્ધો હવઈ સાસઓ. ૨૫

( આર્યાગીત વૃતમ્. )

સુહ સાયગસ્સ સમણુસ્સ, સાયા ઉલગસ્સ નિગામસાયસ્સ ઉચ્છોલણા પહોયસ્સ, દુલ્લહા સુગઈતારિસગ્ગસ્સ ૨૬ તવો ગુણ-પ્પહાણસ્સ, ઉજ્જુમઈ ખંતિ સંજમરયસ્સ; પરીસહે જીણં તસ્સ, સુલ્લહા સુગઈ તારિસગ્ગસ્સ. ૨૭ પચ્છાત્તિ તે પયાયા, ખિપં ગચ્છતિ અમર ભવણાઈં, જોસિં પિયો તવોસં–જમોય, ખંતી ય બંભચેરં ચ. ૨૮

( અનુષ્ટુપ વૃત્તમ્. )

ઇચ્ચેય છજીવણિયં, સમ્મદ્દિઠિ સયા જએ, દુલ્લહં લભિતુ સામન્નં, કમ્મુણા ન વિરાહિજ્જા સિ ત્તિબેમિ. ૨૯

## અધ્યયન પાંચમું. ઉદેસો ૧ લો.

સંપત્તે ભિખ કાલંમિ, અસંભતો અમુચ્છિઓ; ઈમેણ કમ્મ

અસંખયં જીવિય મા પમાયએ, જરોવણીયસ્સ હું નત્થિ તાણું, એવં વિયાણાહિ જણે પમતે, કિંણુ વિહિંસા અજયા ગીહિતિ ૧ જે પાવકમ્મેહિ ધણં મણુસા, સમાયયન્તી અન્તિમઇ ગહાય, પહાય તે પાસ પયટ્ઠિએ નરે, વેરાણુબદ્ધા નરયં ઉવેન્તિ ૨ તેણે જહા સન્ધિમુહે ગહીએ, સકમ્મુણા કિચ્ચઇ પાવકારી । એવં પયા પેચ્ચ ઇહિં ચ લોએ કડાણ કમ્માણ ન મુખ્ખ અત્થિ ૩ સંસારમાવન્ન પરસ્ય અઠા, સાહારણં જંચ કરેઇ કમ્મં. કમ્મસ્સ તે તસ્સ ઉ વેયકાલે, ન બન્ધવા બન્ધવયં ઉવેન્તિ ૪ વિત્તેણ તાણં ન લભે પમતે, ઇમમ્મિ લોએ અદુવા પરત્થા. દીવ પ્પણ઼ઠેવ અણન્તમોહે, નેયાઉયં દઠુમદઠુમેવ ૫ સુતેસુયાવી પડિબુદ્ધજીવી, ન વીસસે પંડિએ આસુપન્ને. ઘોરા મુહુત્તા અબલં સરીરં, ભારણ્ડપખ્ખી વ ચરેપ્પમતો ૬ ચરે પયાઇં પરિસંકમાણો, જં.કિંચિ પાસં ઇહ મન્નમાણો. લાભન્તરે જીવિય બૂહઈત્તા, પચ્છા પરિન્નાય મલાવધંસી ૭ છન્દંનિરોહેણ ઉવેઇ મોખ્ખં, આસે જહા સિખયવમ્મધારી પુવ્વાઈ વાસાઈ ચરેપ્પમત્તા, તમ્હા મુણી ખિપ્પ મુવેઇ મોખ્ખં ૮ સ પુવ્વમેવં ન લભેજ પચ્છા, એસોવમા સાસયવાઇયાણં વિસીદઇ સિઢિલે આઉયંમિ, કાલોવણીએ સરીરસ્સ ભેદે ૯ ખિપ્પં ન સક્કેઇ વિવેગમેઉં, તમ્હા સમુઠાય પહાય કામે, સમિચ્ચ લોગં સમયામહેસી અપ્પાણરખ્ખી વચરે અપ્પમત્તા ૧૦ મુહું મુહું મોહગુણે જયન્તં, અણેગરુવા સમણં ચરન્તં; ફાસા ફુસન્તિ અસમંજસં ચ, ન તેસિ ભિખ્ખુ મણસા પઉસ્સે ૧૧ મન્દા ય ફાસા બહુલોહણિજા, તહપ્પગારેસુ મણં ન કુજા; રખ્ખીજ્જ કોહં વિણએજ્જ માણં, માયંન સેવેજ્જ પહેજ્જ લોહં ૧૨ જે સંખયા તુચ્છ પરપ્પવાઇ, તે પિજ્જદોસ-

ણુગયા પરસ્સા, એતે અહમ્મે ત્તિદુગુચ્છ માણો, કંખે ગુણે જાવ શરીર ભેઉ ત્તિબેમિ ૧૩

## પાંચમું અધ્યયન.

[ અનુષ્ટુપ્ વૃત્તમ્. ]

અણવંસિ મહોહંસિ, એગે તિણે દુરુત્તરં, તત્થ એગે મહાપન્ને, ઇમં પન્હમુદ્દાહરે ૧ સન્તિમે ય દુવે ઠાણા, અખ્ખાયા મારણન્તિયા, અકામમરણં ચેવ, સકામમરણં તહા ૨ બાલાણં તુ અકામં તુ, મરણં અસઈ ભવે, પંડિયાણં સકામં તુ, ઉકોસેણ સઈ ભવે ૩ તત્થિમં પઢમં થાણં, મહાવીરેણ દેસિયં, કામગિદ્ધે જહા બાલે, ભિસં કૂરાઇં કુવ્વઇ ૪ જે ગિદ્ધે કામભોગેસુ, એગે કૂડાય ગચ્છઇ, ન મે દિઠે પરે લોએ, ચખ્ખુદિઠા ઇમા રઈ ૫ હત્થાગયા ઇમે કામા, કાલિયા જે અણાગયા, કો જાણઇ પરે લોએ, અત્થિ વા નત્થિ વા પુણો ૬ જણેણ સદ્ધિં હોખ્ખામિ, ઇઇ બાલે પગબ્ભઈ, કામભોગાણુરાએણં; કેસં સંપડિવજ્જઈ ૭ તઓ સે દણ્ડં સમારભઇ, તસેસુ થાવરેસુ ય, અઠાએ ય અણઠાએ, ભૂયગામં વિહિંસઇ ૮ હિંસે બાલે મુસાવાઇ, માઇલ્લે પિસુણે સઢે, ભુજ્જમાણે સુરં મંસં, સેયમેયં તિ મન્નઇ ૯ કાયસા વયસા મત્તે, વિત્તે ગિદ્ધે ય ઇત્થિસુ, દુહઓ મલં સંચિણઇં, સિસુણાગો વ્વ મટ્ટિયં ૧૦ તઓ પુઠો આયંકેણં; ગિલાણો પરિતપ્પઈ, પભીઓ પરલોગસ્સ, કમ્માણુપ્પેહિ અપ્પણો ૧૧ સુયા મે નરએ ઠાણા, અસીલાણં ચ જા ગઈ, બાલાણં કૂરકમ્માણં, પગાઢા જત્થ વેયણા ૧૨ તત્થોવવાઇયં ઠાણં, જહા મે તમણુસ્સુયં, આહાકમ્મેહિં ગચ્છન્તો, સો પચ્છા પરિત્તપ્પઇ ૧૩ જહા સાગડિઓ જાણં, સમં હિચ્ચા મહાપહં, વિસમં મગ્ગમોઇણો, અખ્ખે ભગ્ગમ્મિ સોયઇ ૧૪ એવં ધમ્મં વિઉક્કમ્મં, અહમ્મં પડિવજ્જિયા, બાલે મચ્ચુમુહં પતે, અખ્ખે ભગ્ગે વ સોયઇ ૧૫ તઓ સે મરણંન્તમિ, બાલે સન્તસઇ ભયા, અકામમરણં મરઇ, ધુતે વ કલિણા જિએ ૧૬ એયં અકામ-

મરણં, બાલાણં તુ પવેઈયં, એત્તો સકામમરણં, પંડિયાણં સુણેહ મે ૧૭ મરણં પિ સપુણ્ણાણં, જહા મેયમણુસ્સુયં, વિપ્પ-સન્નમણાઘાયં, સંજયાણ વુસીમઓ ૧૮ ન ઇમં સવ્વેસુ ભિ-ખ્ખુસુ, ન ઇમં સવ્વેસુગારિસુ, નાણાસીલા અગાર ત્થા, વિસમ-સીલાય ભિખ્ખુણો ૧૯ સન્તિ એગેહિં ભિખ્ખુહિં, ગારત્થા સંજ-મુત્તરા, ગારત્થેહિ ય સવ્વેહિં, સાહવો સંજમુત્તરા ૨૦ ચીરા-જિણં નગિણિણં, જડીસઘાડિમુણ્ડિણં, એયાણિ વિ ન તાયન્તિ, દુસ્સીલં પડિયાગયં ૨૧ પિણ્ડોલ એવ દુસ્સીલે, નરગાઓ ન મુચ્ચઇ, ભિખ્ખાએ વા ગિહત્થે વા, સુવ્વએ કમ્મઇ દિવં ૨૨ અગા-રિસામાઇયંગાણિ, સદ્ધી કાએણ ફાસએ, પોસહં દુહઓ પખ્ખં, એગરાયં ન હાવએ ૨૩ એવં સિખ્ખાસમાવન્ને, ગિહિવાસે વિ સુવ્વએ છવિપવ્વાઓ મુચ્ચઇ, ગચ્છે જખ્ખસલોગયં ૨૪. અહ જે સંવુડે ભિખ્ખુ, દોણ્હં અન્નયરે સિયા, સવ્વદુખ્ખપહીણે વા, દેવે વાવિ મહિઢીએ ૨૫. ઉત્તરાઇં વિમોહાઇં, જુઇમન્તાણુપુવ્વસો; સમાઇણ્ણાઇં, જખ્ખેહિં, આવાસાઇં જસંસિણો ૨૬. દીહાઉયા ઇઢ્ઢિમન્તા સમિદ્ધા કામરૂવિણો, અહુણોવવન્નસંકાસા, ભુજ્જો અચ્ચિમલિપ્પભા ૨૭. તાણિ ઠાણાણિ ગચ્છન્તિ, સિખ્ખિત્તા સંજમં તવં, ભિખ્ખાએ વા ગિહિત્થેવા, જે સન્તિ પડિનિવ્વુડા ૨૮. તેંસિં સોચ્ચા સપુજ્જાણં, સંજયાણ વુસીમઓ, ન સંતસન્તિ મરણન્તે, સીલવન્તા બહુ-સ્સુયા ૨૯. તુલિયા વિસેસમાદાય, દયાધમ્મસ્સ ખન્તિએ, વિપ્પસી-એજ્જ મેહાવી, તહાભૂએણ અપ્પણા ૩૦ તઓ કાલે અભિપ્પેએ, સદ્ધી તાલિસમન્તિએ, વિણએજ્જ લોમહરિસં, ભેયં દેહસ્સ કંખએ ૩૧ અહ કાલમ્મિ સંપત્તે, આઘાયાય સમુસ્સયં, સકામમરણં મરઇ, તિણ્હમન્નયરં મુણિ, ત્તિબેમિ ૩૨

## છઠું અધ્યયન.

જાવન્તિ વિજ્જાપુરિસા, સવ્વે તે દુખ્ખસંભવા, લુપ્પન્તિ બહુસો મૂઢા, સંસારમ્મિઅણન્તએ ૧ સમિખ્ખ પંડિએ તમ્હા, પાસ-જાઇપહે બહૂ, અપ્પણા સચ્ચમેસેજ્જા, મિત્તિં ભૂએસુ કપ્પએ ૨

માયા પિયા ન્હુસા ભાયા, ભજ્જા પુત્તા ય ઓરસા, નાલં તે મમ તાણાય, લુપ્પન્તસ્સ સકમ્મુણા ૩ એયમટ્ઠં સપેહાએ, પાસે સમિયદંસણે, છિન્દ ગેદ્ધિં સિણેહં ચ, ન કંખે પુવ્વસંથવં ૪ ગવાસં મણિકુણ્ડલં, પસવો દાસપોરુસં, સવ્વમેયં ચઇત્તાણં, કામરુવી ભવિસ્સસિ ૫ (થાવરં જંગમં ચેવ, ધણં ધન્નં ઉવક્ખરં, પચ્ચમાણસ્સ કમ્મેહિં, નાલં દુક્ખાઓ મોયણે) અજ્ઝત્થં સવ્વઓ સવ્વં, દિસ્સ પાણે પિયાયએ, ન હણે પાણિણો પાણે, ભયવેરાઓ ઉવરએ ૬ આદાણં નરયં દિસ્સ, નાયએજ્જ તણામવિ દોગુંછી અપ્પણો પાએ, દિન્નં ભુઞ્જેજ્જ ભોયણં ૭ ઇહમેગે ઉમન્નતિ, અપ્પચ્ચક્ખાય પાવગં, આયરિયં વિદિત્તાણં, સવ્વદુક્ખાણ મુચ્ચઇ ૮ ભણન્તો અકરેન્તા ય, બન્ધમોક્ખપઇણિણો, વાયાવિરિયમેત્તેણ, સમાસાસેન્તિ અપ્પયં ૯ ન ચિત્તા તાયએ ભાસા, કુઓ વિજ્જાણુસાસણં, વિસન્ના પાવકમ્મેહિં, બાલા પણ્ડિયમાણિણો ૧૦ જે કેઇ સરીરે સત્તા, વણ્ણે રુવે ય સવ્વસો, મણસા કાયવક્કેણં, સવ્વે તે દુખસંભવા ૧૧ અવન્ના દીહમદ્ધાણં, સંસારમ્મિ અણન્તએ; તમ્હા સવ્વદિસં પસ્સ, અપ્પમત્તો પરિવ્વએ ૧૨ બહિયા ઉદ્ધમાદાય, નાવ કંખે કયાઇ વિ, પુવ્વકમ્મખયટ્ઠાએ, ઇમં દેહં સમુદ્ધરે ૧૩ વિગિંચ્ચ કમ્મુણો હેઉં, કાલકંખી પરિવ્વએ, માયં પિણ્ડસ્સ પાણસ્સ, કડં લદ્ધુણ ભક્ખએ ૧૪ સન્નિહિં ચ ન કુવ્વિજ્જા, લેવમાયાએ સંજએ, પક્ખીપત્તં સમાદાય, નિરવેક્ખો પરિવ્વએ ૧૫ એસણાસમિઓ લજ્જૂ, ગામે અણિયઓ ચરે, અપ્પમત્તો પમત્તેહિં, પિણ્ડવાયં ગવેસએ ૧૬

(કાવ્યમ્.)

એવં સે ઉદાહુ અણુત્તરનાણી, અણુત્તરદંસી અણુત્તરનાણદંસણધરે. અરહા નાયપુત્તે ભગવં, વેસાલિએ વિયાહિએ ત્તિબેમિ ૧૭

## સાતમું અધ્યયન.

(અનુષ્ટુપ વૃત્તમ્)

જહા એસં સમુદ્દિસ્સ, કોઇ પોસેજ્જ એલયં, ઓદણં

જવસં દેજ્જા, પોસેજ્જા વિ સયંગણે ૧ તઓ સે પુઠે પરિવૂઢે,
જાયમેદે મહોદરે, પીણિએ વિઉલે દેહે, આએસં પરિકંખએ ૨
જાવ ન એઇ આએસે, તાવ જીવઇ સો દુહી અહ પત્તંમિ આએસે,
સીસં છિત્તૂણ ભુજ્જઈ ૩ જહા સે ખલુ ઉરબ્ભે, આએસાએ
સમીહિએ, એવં બાલે અહમ્મિઠે, ઇહઇ નરયાઉયં ૪ હિંસે બાલે
મુસાવાઈ, અદ્ધાણમ્મિ વિલોવએ, અન્નદત્તહરે તેણે, માઇ કં નુ હરે
સઢે ૫ ઇત્થી વિસયગિદ્ધે ય, મહારમ્ભપરિગ્ગહે, ભુંજમાણે સુરં
મંસં, પરિવૂઢે પરંદમે ૬ અયકક્કરભોઇ ય; તુન્દિલ્લે ચિયલો-
હિએ, આઉયં નરએ કંખે, જહાએસં વ એલએ ૭ આસણં
સયણં જાણં, વિત્તં કામાણિ ભુંજિયા, દુસ્સાહડં ધણં હિચ્ચા,
બહું સંચિણિયા રયં ૮ તઓ કમ્મગુરુ જન્તુ, પચ્ચુપ્પન્નપરા-
યણે, અએ વ્વ આગયાએસે, મરણન્તમ્મિ સોયઇ ૯ તઓ આઉ-
પરિક્ખીણે, ચુયા દેહા વિહિંસગા, આસુરીયં દિસં બાલા,
ગચ્છન્તિ અવસા તમં ૧૦ જહા કાગિણિએ હેઉં. સહસ્સં
હારઇ નરો, અપત્થં અમ્બગં ભોચ્ચા, રાયા રજ્જં તુ હારએ
૧૧ એવં માણુસ્સગા કામા. દેવકામાણ અન્તિએ, સહસ્સગુણિયા
ભુજ્જો, આઉ કામા ય દિવ્વિયા ૧૨ અણેગવાસાનઉયા, જા સા
પન્નવઓ ઠિઇ, જાણિ જીયન્તિ દુમ્મેહા, ઊણવાસસયાઉએ ૧૩
જહા ય તિન્નિ વાણિયા, મૂલં ઘેતૂણ નિગ્ગયા, એગોત્થ લહએ
લાભં, એગો મૂલેણ આગઓ ૧૪ એગો મૂલં પિ હારિત્તા,
આગઓ તત્થ વાણિઓ, વવહારે ઉવમા એસા, એવં ધમ્મે
વિયાહણ ૧૫ માણુસત્તં ભવે મુલં, લાભો દેવગઇ ભવે, મૂલ-
ચ્છેએણ જીવાણં, નરગતિરિક્ખત્તણં ધુવં ૧૬ દુહઓ ગઇ બાલ-
સ્સ, આવઇ બહમૂલિયા, દેવત્તં માણુસત્તં ચ, જં જિએ લો-
લયાસઢે ૧૭ તઓ જિએ સઈ હોઇ, દુવિહં દોગ્ગઈં ગએ;
દુલ્લહા તસ્સ ઉમ્મગ્ગા, અદ્ધાએ સુઇરાદવિ ૧૮ એવં જિયં
સપેહાએ. તુલિયા બાલં ચ પંડિયં, મૂલિયં તે પવેસન્તિ,
માણુસિં જોણિમન્તિ જે ૧૯ વેમાયાહિં સિખાહિં જે નરા
ગિહિસુવ્વયા, ઉવેન્તિ માણુસં જોણિં, કમ્મસચ્ચા હુ પાણિણો

૨૦ જેસિં તુ વિઉલા સિખા, મૂલિયં તે અઇચ્છિયા, સીલવન્તા સવીસેસા, અદીણા જન્તિ દેવયં ૨૧ એવમદીણવં ભિખ્ખું આગારિં ચ વિયાણિયા, કહુએણ્ણુ જિચ્ચમેલિખં, જિચ્ચમાણો ન સંવિદે ૨૨ જહા કુસગ્ગે ઉદયં, સમુદ્દેણ સમં મિણે, એવં માણુસ્સગા કામા, દેવકામાણ અન્તિએ ૨૨ કુસગ્ગમેત્તા ઇમે કામા, સન્નિરુદ્ધમ્મિ આઉએ, કસ્સ હેઉં પુરાકાઉં, જોગખેમં ન સંવિદે ૨૪ ઇહિ કામાણિયટ્ટસ્સ, અત્તઠે અવરજ્જઈ, સુચ્ચા નેયાઉયં મગ્ગં, જં ભુજ્જો પરિભસ્સઇ ૨૫ ઇહ કામનિયટ્ટસ્સ, અત્તેઠ્ઠે નાવરજ્જઈ, પૂઇદેહનિરોહેણં, ભવે દેવે ત્તિ મે સુયં ૨૬ ઈટ્ઠી જુઇ જસો વણ્ણો, આઉં સુહમણુત્તરં, ભુજ્જો જત્થ મણુસ્સેસુ, તત્થ સે ઉવવજ્જઈ ૨૭ બાલસ્સ પસ્સ બાલત્તં, અહમ્મં પડિવજ્જિણો, ચિચ્ચા ધમ્મં અહમ્મિઠે, નરએ ઉવવજ્જઇ ૨૮ ધીરસ્સ પસ્સ ધીરત્તં, સચ્ચધમ્માણુવત્તિણો. ચિચ્ચા અધમ્મં ધમ્મિઠે, દેવેસુ ઉવવજ્જઈ ૨૯ તુલિયાણ બાલભાવં, અબાલં ચેવ પંડએ, ચઇઊણ બાલભાવં, અબાલં સેવએ મુણિ. ત્તિબેમિ ૩૦

## આઠમું અધ્યયન.

( અનુષ્ટુપ્ વૃત્તમ્. )

અધુવે અસાસયમ્મી, સંસારમ્મિ દુખ્ખપઉરાએ, કિં નામ હોજ્જ તં કમ્મયં, જેણાહં દોગ્ગઇં નગચ્છેજ્જા ૧ વિજહિતુ પુવ્વસંજોગં ન સિણેહં કહિંચિ કુવ્વેજ્જા, અસિણેહસિણેહ કરેહિં, દોસપઓસેહિં મુચ્ચએ ભિખ્ખુ ૨ તો નાણદંસણસમગ્ગો, હિયનિસ્સેસાએ સવ્વ જીવાણં, તેસિંવિમોખ્ખણટ્ઠાએ, ભાસઇ મુણિવરોવિગયમોહો ૩ સવ્વં ગન્થં કલહંચ, વિપ્પજહે તહાવિહં ભિખ્ખુ, સવ્વેસુ કામજાએસુ, પાસમાણો ન લિપ્પઇ તાઇ ૪ ભોગામિસદોસવિસન્ને, હિયનિસ્સેયસબુદ્ધિવોચ્ચત્થે, બાલે ય મન્દિએ મૂઢે, બજ્ઝઇ મચ્છિયા વ ખેલમ્મિ ૫ દુપરિચ્ચયા ઇમે કામા, નો સુજહા અધીરપુરિસેહિં, અહ સન્તિ સુવ્વયા સાહૂ, જે તરન્તિ અતરં વણિયા વા ૬ સમણાતુ એગે વદમાણા, પાણવહં

મિયા અયાણન્તા, મન્દા નિરયં ગચ્છન્તિ, બાલા પાવિયાહિં દિઠીહિં ૭ ન હુ પાણુવહં અણુજાણે, મુચ્ચેજ્જ કયાઇ સવ્વ-દુખ્ખાણું, એવાયરિએહિં અખ્ખાયં જેહિં ઇમો સાહુધમ્મો પન્નત્તો ૮ પાણે ય નાઇવાએજ્જા, સે સમીએ ત્તિ વુચ્ચઇ તાઈ, તઓ સે પાવયં કમ્મં, નિજ્જાઇ ઉદગં વ થાલીઓ ૯ જગનિ-સ્સિએહિં ભૂએહિં, તસનામેહિં થાવરેહિં ચ, નોતેસિમારંભે દંડં, મણસા વયસા કાયસા ચેવ ૧૦ સુદ્ધેસણા ઉનચ્ચાણં, તત્થ ઠવેજ્જ ભિખ્ખુ અપ્પાણં, જાયાએ ઘાસમેસેજ્જા, રસગિદ્ધેનસિયા-ભિખ્ખાએ ૧૧ પન્તાણિ ચેવ સેવેજ્જા, સીયપિંડં પુરાણકુમ્માસં, અદુ વ બુક્કસં પુલાગં વા, જવણઠાએ નિસેવએ મંથું ૧૨ જે લખ્ખણું ચ સુમિણું, અંગવિજ્જં ચ જે પઉંજન્તિ. ન હુ તે સમણા વુચ્ચન્તિ, એવં આયરિએહિં અખ્ખાયં ૧૩ ઇહ જીવિયં અણિયમેત્તા, પબ્ભઠ્ઠા સમાહિ જોગેહિં, તે કામભોગરસગિદ્ધા, ઉવવજ્જન્તિ આસુરે કાએ ૧૪ તત્તો વિ ય ઉવ્વટ્ટિત્તા, સંસારં બહું અણુપરિયડન્તિ, બહુકમ્મલેવલિત્તાણં, બોહી હોઇ સુ દુલ્લહા તેસિં ૧૫ કસિણં પિ જો ઇમં લોયં, પડિપુણ્ણં દલેજ્જ ઇક્ક-સ્સ, તેણાવિ સે ન સંતુસે. ઇઇ દુપ્પૂરએ ઇમે આયા ૧૬ જહા લાહો તહા લોહો, લાહા લોહો પવડ્ઢઈ, દોમાસકયં કજ્જં, કોડીએ વિ ન નિટ્ઠિયં ૧૭ નો રખ્ખસીસુ ગિજ્જેજ્જા, ગણ્ડવચ્છાસુ ણેગચિત્તાસુ, જાઓ પુરિસં પલોભિત્તા, ખેલન્તિ જહા વ દાસેહિં ૧૮ નારીસુ નોવગિજ્જેજ્જા, ઇત્થી વિપ્પજહે અણગારે, ધમ્મં ચ પેસલં નચ્ચા, તત્થ ઠવિજ્જ ભિખ્ખુ અપ્પાણં ૧૯ ઇઇ એસ ધમ્મે અખ્ખાએ, કવિલેણં ચ વિસુદ્ધપન્નેણં, તરિહિન્તિ જેઉ કાહિન્તિ, તેહિં આરાહિયા દુવે લોગ. ત્તિબેમિ ૨૦

## નવમું અધ્યયન.

ચઇઊણ દેવલોગાઓ, ઉવવન્નો માણુસમ્મિ લોગંમિ, ઉવ-સન્તમોહણિજ્જો, સરઇ પોરાણીયં જાયં ૧ જાઈ સરિતુ ભયવં; સહસંબુદ્ધો અણુત્તરે ધમ્મે, પુત્તં ઠવિતુ રજ્જે, અભિણિખ્ખમઈ નમી રાયા ૨ સો દેવલોગસરિસે અન્તેઉરવરગઓ વરે ભોએ

ભુંજીતુ નમી રાયા, બુદ્ધો ભોગે પરિચ્ચયઇ ૩ મિહિલં સપુરજણવયં, બલમારોહં ચ પરિયણું સવ્વં, ચિચ્ચા અભિનિખ્ખન્તો, એગન્તમહિઠ્ઠઓ ભયવં ૪ કોલાહલસંભૂયં, આસી મહિલાએ પવ્વયન્તમ્મિ. તઇયા રાયરિસિમ્મિ, નમિમ્મિ અભિણિખ્ખમન્તમ્મિ ૫ અબ્ભુઠિયં રાયરિસિં, પવ્વજ્જાઠાણુમુત્તમં, સક્કો માહણરૂવેણં, ઇમં વયણુમબ્બવી ૬ કિંણુ ભો અજ્જ મિહિલાએ, કોલાહલગસંકુલા, સુચ્ચંન્તિ દારુણા સદ્દા, પાસાએસુ ગિહેસુ ય ૭ એયમઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણુમબ્બવી ૮ મિહિલાએ ચેઇએ વત્થે, સીયચ્છાએ મણોરમે, પત્તપુપ્ફફલોવેએ, બહૂણં બહુગુણે સયા ૯ વાએણ હીરમાણંમિ, ચેઇયંમિ મણોરમે, દુહિયા અસરણા અત્તા, એએ કન્દન્તિ ભો ખગા ૧૦ એયમઠ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણુમબ્બવી ૧૧ એસ અગ્ગી ય વાઊ ય, એયં ડજ્જઇ મન્દિરં, ભયવં અન્તેઉરંતેણં, કીસણં નાવપિખ્ખહ ૧૨ એયમઠ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણુમબ્બવી ૧૩ સુહં વસામો જીવામો, જેસિં મો નત્થિ કિંચણં, મિહિલાએ ડજ્જમાણીએ, ન મે ડજ્જઈ કિંચણં ૧૪ ચત્તપુત્તકલત્તસ્સ, નિવ્વાવારસ્સ ભિખ્ખુણો, પિયં ન વિજ્જઈ કિંચિ, અપ્પિયં પિ ન વિજ્જઇ ૧૫ બહું ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિખ્ખુણો, સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્ત માણુપસ્સઓ ૧૬ એયમઠ્ઠં નિસામિત્તા, હેઉકારણ ચોઈઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણુમબ્બવી ૧૭ પાગારં કારઈત્તાણું; ગોપુરટ્ટાલગાણિ ય, ઉસ્સૂલગસયગ્ઘીઓ, તઓ ગચ્છસિ ખત્તિયા ૧૮ એયમઠ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણુમબ્બવી ૧૯ સદ્ધં નગરં કિચ્ચા, તવસંવરમગ્ગલં, ખન્તીનિઉણપાગારં, તિગુત્તં દુપ્પધંસયં ૨૦ ધણું પરક્કમં કિચ્ચા, જીવં ચ ઇરિયં સયા, ધીઈં ચ કેયણં કિચ્ચા, સચ્ચેણ પલિમન્થએ ૨૧ તવનારાયજુત્તેણં, ભિતૂણં કમ્મકંચુયં, મુણી વિગયસંગામો, ભવાઓ પરિમુચ્ચએ ૨૨ એયમઠ્ઠં

નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી ૨૩ પાસાએ કારઇત્તાણં, વદ્ધમાણગિહાણિ ય, બાલગ્ગપોઇયાઓ ય, તઓ ગચ્છસિ ખત્તિયા ૨૪ એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી ૨૫ સંસયં ખલુ સો કુણઇ, જો મગ્ગે કુણઇ ઘરં, જત્થેવ ગન્તુમિચ્છેજ્જા, તત્થ કુવ્વેજ્જ સાસયં ૨૬ એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી ૨૭ આમોસે લોમહારે ય, ગંઠિભેએ ય તક્કરે, નગરસ્સ ખેમં કાઊણ, તઓ ગચ્છસિ ખત્તિયા ૨૮ એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી ૨૯ અસઇં તું મણુસ્સેહિં, મિચ્છા દણ્ડો પજુંજઈ, અકારિણોત્થ બજ્જન્તિ, મુચ્ચઇ કારઓ જણો ૩૦ એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી ૩૧ જે કેઇ પત્થિવા તુઝં, નાનમન્તિ નરાહિવા, વસે તે ઠાવઇત્તાણં, તઓ ગચ્છસિ ખત્તિયા ૩૨ એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ; તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી ૩૩ જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિણે, એગં જિણેજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ ૩૪ અપ્પાણમેવ જુજ્જાહિં, કિં તે જુજ્જેણ બજ્જઓ, અપ્પાણમેવપ્પાણં, જઇત્તા સુહમેહએ ૩૫ પંચિન્દિયાણિ કોહં, માણં માયં તહેવ લોહંચ, દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વં અપ્પે જિએ જિયં ૩૬ એયમઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી ૩૭ જઇત્તા વિઉલે જને, ભોઇત્તા સમણમાહણે, દચ્ચા ભોચ્ચા ય જિઠા ય, તઓ ગચ્છસિ ખત્તિયા ૩૮ એયમઠં નિસામિત્તા, હેઊકારણ ચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી ૩૯ જો સહસ્સં સહસ્સાણં, માસે માસે ગવં દએ, તસ્સાવિ સંજમો સેઊ, અદિન્તસ્સ વિ કિંચણ ૪૦ એયમઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી ૪૧ ઘોરાસમં ચઇત્તાણં, અન્નં પત્થેસિ

આસમં, ઇહેવ પોસહરઓ, ભવાહિ મણુયાહિવા ૪૨ એયમઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણુમબ્બવી ૪૩ માસે માસે તુ જો બાલો, કુસગ્ગણું તુ ભુંજએ, ન સો સુયખ્ખા યસ્સ, ધમ્મસ્સ કલં અગ્ગઇ સોલંસિ ૪૪ એય મઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણુમબ્બવી ૪૫ હિરણું સુવણું મણિમુત્તં, કંસં દૂસં ચ વાહણું, કોસં વઢ્ઢાવઇત્તાણું, તઓ ગચ્છસિ ખત્તિયા ૪૬ એયમઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણુમબ્બવી ૪૭ સુવન્નરુપ્પસ્સ ઉ પવ્વયા ભવે, સિયા હુ કે લાસ સમા અસંખયા, નરસ્સ લુદ્ધસ્સ ન તેહિં કિંચિ, ઇચ્છા ઉ આગાસસમા અણુન્તિયા ૪૮ પુઢવી સાલી જવા ચેવ હિરન્નં પસુભિસ્સહ, પડિપુન્નં નાલમેગસ્સ, ઇઇ વિજ્જા તવં ચરે ૪૯ એવમઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ; તઓ નમિં રાયરિસિ દેવિન્દો ઇણુમબ્બવી ૫૦ અચ્છેરયમબ્ભુદએ ભોએ ચયસિ પત્થિવા, અસન્તે કામે પત્થેસિ, સંકપ્પેણ વિહન્નસિ ૫૧ એયમઠં નિસામિત્તા, હેઊકારણ ચોઇઓ, તઓ નમી રાયરિસી, દેવેન્દ ઇણુમબ્બવી ૫૨ સલ્લં કામા વિસં કામા, કામા આસીવિસોવમા, કામે ય પત્થેમાણા, અકામા જન્તિ દુગ્ગઇ ૫૩ અહે વયઇ કોહેણું, માણેણું અહમા ગઇ, માયા ગઇપડિગ્ઘાઓ, લોભાઓ દુહઓ ભયં ૫૪ અવઉજ્ઝિઊણ માહણરુવં, વિઉરુવિઊણ ઇન્દત્તં, વન્દઇ અભિત્થુણન્તો ઇમાહિ મહુરાહિં વગ્ગુહિં ૫૫ અહો તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ, અહો તે નિરક્કિયા માયા, અહો લોભો વસીકઓ ૫૬ અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં, અહો તે ઉત્તમા ખન્તી, અહો તે મુંત્તિ ઉત્તમા ૫૭ ઇહં સિ ઉત્તમો ભન્તે, પચ્છા હોહિસિ ઉત્તમો, લોગુત્તમુત્તમં ઠાણું, સિદ્ધિં ગચ્છસિ નીરઓ ૫૮ એવં અભિત્થુણન્તો, રાયરિસિં ઉત્તમાએ સદ્ધાએ, પાયાહિણું કરેન્તો, પુણો પુણો વન્દઇ સક્કો ૫૯ તો વન્દિઊણ પાએ, ચક્કુકુસલખ્ખણે મુણિવરસ્સ, આગા-

સેણુપ્પઇઓ, લલિયચવલકુંડલતિરીડે ૬૦. નમી નમેઇ અપ્પાણું સખ્ખં સક્કેણ ચોઇઓ, ચઇઊણ ગેહં ચ વિદેહી, સામણ્ણે પજ્જુવટ્ઠિઓ ૬૧ એવં કરન્તિ સંબુદ્ધા, પંડિયા પવિયખ્ખણા, વિણિયટ્ટન્તિ ભોગેસુ, જહા સે નમી રાયરિસિ ત્તિબેમિ. ૬૨

ઇતિ નમી પવજ્જાઝયણું નવમં સમ્મત્તં ॥ ૯ ॥

# अथ श्री भक्तामर स्तोत्र.

(વસંતતિલકાવૃત્તમ્.)

ભક્તામર પ્રણતમૌલિ મણિ પ્રભાણા, મુદ્યોતકંદલિતપાપ તમોવિતાનમ્, સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા,વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ૧ યઃસંસ્તુતઃસકલવાઙ્મયતત્વબોધા, દુદ્ભુતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ, સ્તોત્રૈર્જગતિતયચિત્તહરૈરુદારૈ, સ્તોષ્યે કિલાહમપિતં પ્રથમં જિનેંદ્રમ્ ૨ બુદ્ધયા વિનાપિ વિબુધાર્ચિત્તપાદપીઠ સ્તોતું સમુદ્યતમતિર્વિગ તત્રપોહમ્, બાલં વિહાય જલસંસ્થિતમિંદુ બિંબ, મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ૩ વક્તું ગુણાન્ ગુણસમુદ્ર શશાંકકાંતાન્, કસ્તે ક્ષમઃ સુર ગુરુપ્રતિમોપિ બુદ્ધયા, કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્રં, કો વા તરીતુમલમંબુનિધિં ભૂજાભ્યામ્ ૪ સોહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ, કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ, પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગી મૃગેંદ્રમ્, નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ૫ અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ, ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્, યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુચામ્રકલિકાનિકરૈકહેતુ ૬ ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્, આક્રાંતલોકમલિનીલમશેષમાશુ, સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ૭ મત્વેતિ નાથ તવ સંસ્તવનંમયેદ, મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્, ચેતોહરિ-

ષ્યતિ સતાં નલિનીદલલેષુ મુકતા ફલદ્યુતિમુપૈતિ નનૂર્દાબિંદુઃ ૮ આસ્તાં તવ સ્તવનમંસ્તસમસ્તદોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ, દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ૯ નાત્યદ્ભુતં ભુવનભૂષણ ભૂતનાથ, ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંતમભિષ્ટુવંતઃ, તુલ્યા ભવંતિ ભવતો નનુ તેન કિં વા, ભૂત્યાશ્રિતં ય ઇહિ નાત્મસમં કરોતિ ૧૦ દૃષ્ટવા ભવંતમનિમેષવિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ, પીત્વા પયઃ શશિકરદ્યુતિદુગ્ધસિંધોઃ, ક્ષારં જલં જલનિધેર સિતું ક ઇચ્છેત્ ૧૧ યૈઃ શાંતરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિભૂવનૈકલલામભૂત, તાવંત એવ ખલુ તેપ્યણુવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં ન હિ રુપમસ્તિ ૧૨ વકત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ, નિઃશેષનિર્જિતજગતિતયોપમાનમ્, બિંબં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય, યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ ૧૩ સંપૂર્ણમંડલ શશાંકકલાકલાપ, શુભ્રા ગુણા સ્ત્રિભુવનં તવ લંઘયન્તિ, યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર નાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ૧૪ ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ, ર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્, કલ્પાંતકાલમરુતા ચલિતાચલેન, કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ૧૫ નિર્ધુમવર્તિરપવર્જિતતૈલપૂરઃ, કૃત્સ્નં જગત્રયમિદં પ્રકટીકરોષિ, ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં, દીપોપરસ્ત્વમસિ નાથ જગત્પ્રકાશઃ ૧૬ નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ, નાંભોધરોદરનિરુદ્ધમહાપ્રભાવઃ સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીંદ્ર લોકે ૧૭ નિત્યોદયં દલિતમોહમહાંધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનાં, વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ વિદ્યોતયજ્જગદ્પૂર્વશશાંકબિંબમ્ ૧૮ કિં શર્વરીષુ શશિનાન્તિ વિવસ્વતાવા, યુષ્મન્મુખેંદુદલિતેષુ તમસ્સુ નાથ, નિષ્પન્નશાલિવનશાલિનિજીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ ૧૯ જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ તેજઃ સ્ફૂરન્મણિષુ યાતિ યથા મહત્વં, નૈવં તુ કા ચશકલે કિર-

ણાકુલેપિ ૨૦ મન્યે વરં હરિહરા દય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ, કિં વીક્ષિતેન ભવતા ભવિ યેન નાન્યઃ કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેપિ ૨૧ સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા, સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ૨૨ ત્વામામનંતિ મુનયઃ પરમં પુમાંસ, માદિત્યવર્ણમમલં તમસઃ પુરસ્તાત્; ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીંદ્ર પંથાઃ ૨૩ ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણમીશ્વરમનંતમનંગકેતુમ્, યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાનસ્વરુપમમલં પ્રવદંતિ સંતઃ ૨૪ બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત, ત્વં શંકરોસિ ભુવનત્રયશંકરત્વાત્, ધાતાસિ ધીર શિવમાર્ગવિધેર્વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોસિ ૨૫ તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ, તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય, તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય ૨૬ કો વિસ્મયોત્ર યદિ નામ ગુણૈરશેષૈ, સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ, દોષરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ, સ્વપ્નાંતરેપિ ન કદાચિદપીક્ષિતોસિ ૨૭ ઉચ્ચૈરશોક તરુસંશ્રિતમુન્મયૂખ, માભાતિ રુપમમલં ભવતો નિતાંતમ્, સ્પષ્ટોલ્લસત્ કિરણમસ્તતમોવિતાનં, બિંબ રવેરિવ પયોધરપાર્શ્વવર્તિ ૨૮ સિંહાસને મણિમયૂખ શિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્, બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ ૨૯ કુંદાવદાતચલચામરચારુશોભં, વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાંતમ્, ઉદ્યચ્છશાંક શુચિનિર્ઝરવારિધાર, મુચ્ચૈસ્તટં સુરગિરેરિવશાતકૌંભમ્ ૩૦ છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત, મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકર પ્રતાપમ્, મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધશોભં, પ્રખ્યાપયત્ ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ૩૧ ગંભીરતારરવપૂરિતદિગ્વિભાગ, સ્ત્રૈલોક્યલોકશુભસંગમભૂતિદક્ષઃ, સદ્ધર્મરાજજયઘોષણઘોષકઃસન્, ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ૩૨ મંદારસુંદર નમેરુસુપારિજાત, સંતાનકાદિ

કુસુમોત્કરવૃષ્ટિરુદ્ધા, ગંધોદબિંદુશુભમંદમરુત્પ્રપાતા, દિવ્યા દિવઃ પતતિ તે વચસાં તતિર્વા ૩૩ શુંભત્પ્રભાવલયભૂ રિવિભા વિભોસ્તે, લોકત્રયદ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી, પ્રોદ્યત્ દિવાકર નિરંતરભૂરિસંખ્યા, દીપ્ત્યાજયંત્યપિ નિશામપિ સોમસૌમ્યામ્ ૩૪ સ્વર્ગાપવર્ગગમમાર્ગવિમાર્ગણેષ્ટ, સદ્ધર્મતત્વકથનૈકપટુસ્ત્રિલોકયામ્, દિવ્યધ્વનિર્ભવતી તે વિશદાર્થસર્વ, ભાષાસ્વભાવપરિણામગુણૈઃપ્રયોજ્યઃ ૩૫ ઉન્નિંદ્રહેમનવપંકજપુંજકાંતી, પર્યુલ્લસન્નખમયૂખશીખાભિરામૌ; પાદૌ પદાની તવ યત્ર જિનેંદ્ર ધત્ત; પદ્માની તત્ર વિબુધાઃ પરીકલ્પયાન્તિ ૩૬ ઇત્થં યથા તવ વિભૂતીરભૂ જ્જિનેંદ્ર, ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય, યાદૃક્પ્રભા દીનકૃતઃ પ્રહતાંધકારા, તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાસિનોપિ ૩૭ શ્ચ્યોતન્મદાવિલવિલોલકપોલમુલં, મત્તભ્રમદ્ ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્; ઐરાવતાભમિભમુદ્ધતમાપતંતં, દૃષ્ટવા ભયં ભવતી નો ભવદાશ્રિતાનામ્ ૩૮ ભિન્નેભકુંભગલદુજ્વલ શોણિતાક્ત, મુકતાફલપ્રકર ભૂષિતભૂમિભાગઃ બદ્ધક્રમઃક્રમગતં હરિણાધિપોપિ; નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ૩૯ કલ્પાંતકાલ પવનોદ્ધતવન્હિકલ્પં, દાવાનલં જ્વલિતમુજ્વલ મુત્સ્ફુલિંગમ્ વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતંતં, ત્વન્નામકીર્તનજલં શમયત્ય શેષમ્ ૪૦ રકતેક્ષણં સમદ કોકિલકંઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતંતમ્; આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક, સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ૪૧ વલ્ગત્તુરંગ ગજગર્જિત ભીમનાદ, માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ઉદ્યદ્દિવાકર મયૂખશિખાપવિદ્ધં, ત્વત્કીર્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ૪૨ કુંતાગ્રભિન્ન ગજશોણિત વારિવાહ, વેગાવતારતરણાતુરયોધભીમે, યુદ્ધે જયં વિજિતદુર્જયજેય પક્ષા, સ્ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભંતે ૪૩ અંભો નિધૌ ક્ષુભિતભીષણ નક્રચક્રં, પાઠીનપીઠ ભયદોલ્વણવાડવાગ્નૌ રંગત્તરંગશિખરસ્થિત યાનપાત્રા, સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્વ્રજન્તિ ૪૪ ઉદ્ભુતભીષણ જલોદરભારભુગ્નાઃ, શોચ્યાંદશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ ત્વત્પાદપંકજરજોમૃતદિગ્ધદેહા, મર્ત્યા ભવંતિ મકરધ્વજતુલ્યરુપાઃ ૪૫ આપાદકંઠમુ-

રુશૃંખલવેષ્ટિતાંગા, ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ ત્વન્નામમંત્ર-મનીશં મનુજાઃ સ્મરંતઃ, સદ્યઃ સ્વયં વીગત બંધભયા ભવંતી ૪૬ મત્તદ્વિપેંદ્રમૃગરાજદવાનલાહિ, સંગ્રામવારિધિમહોદર બંધનોત્થમ્ તસ્યાશુ નાશ મુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતી-માન ધીતે ૪૭ સ્તોત્રસ્રજં તવ જિનેંદ્ર ગુણૈર્નિબદ્ધાં, ભકતયા મયા વિવિધવર્ણવિચિત્રપુષ્પામ્ ધત્તે જનો ય ઈહિ કંઠગતામજસ્ત્રં, તં માનતુંગમવશા સમુપૈતિલક્ષ્મી ૪૮

॥ ઇતિ શ્રી ભક્તામર સ્તોત્ર સમાપ્તં ॥

# अथ श्री चिन्तामणि पार्श्वनाथ स्तोत्र.

કિં કર્પૂરમયં સુધારસમયં, કિં ચન્દ્રશેચિર્મયં, કિં લાવણ્યમયં મહામણિમયં કારૂણ્યકેલિમયમ્; વીશ્વાનન્દમયં મહોદયમયં શોભામયં ચીન્મયં, શુકલધ્યાનમયં વપુર્જીનપતેર્ભૂયાદ્ભવાલમ્બનમ્ ૧ પાતાલં કલયન્ ધરાં ધવલયન્નાકાશમાપૂરયન, દીક્ચક્રં ક્રમયન સુરાસુરનરશ્રેણી ચ વીસ્માપયન્; બ્રહ્માણ્ડં સુખયન જલાની જલધેઃ ફેનચ્છલાલ્લોલયન, શ્રી ચિન્તામણિપાર્શ્વ સંભવયશોહંસશ્ચિરંરાજતે. ૨ પુણ્યાનાં વીપણીસ્તમોદીનમણીઃ કામેભકુમ્ભે શ્રૃણી મોક્ષે નીસ્સરણીઃ સુરેન્દ્રકરીણી જ્યોતીઃ પ્રકાશારણીઃ દાને દેવમણીર્નતોત્તમજનશ્રેણીઃ કૃપાસારીણી, વીશ્વાનન્દ સુધાધણીર્ભવભીદે શ્રીપાર્શ્વચીન્તામણીઃ ૩ શ્રી ચીન્તામણીપાર્શ્વ વીશ્વજનતાસંજીવનસ્ત્વં મયા, દૃષ્ટસ્તાત તતઃ શ્રીયઃ સમભવન્નાશ ક્રમાચ્ચક્રીણમ્; મુકતીઃ ક્રીડતી હસ્તયોર્બહુવીધ સીદ્ધં મનોવાંચ્છીતં, દુર્દૈવં દુરિતં ચ દુર્દીનભયં કષ્ટં પ્રણષ્ઠં મમ. ૪ યસ્ય પ્રૌઢતમઃ પ્રતાપતપનઃ પ્રોદ્દામધામા જગજ્જઙ્ઘાલઃ કલીકાલકેલીદલનો મોહાન્ધવીધ્વંસકઃ નીત્યોદ્યોતપરં સમસ્તકમલાકેલીગૃહં રાજતે, સ શ્રીપાર્શ્વજીનો જનેહીતકૃતે ચીન્તામણીઃ પાતુ મામ્. ૫ વીશ્વ-

વ્યાપીતમો હીનસ્તી તરણીબાલોપી કલ્પાંકુરો, દારીદ્રાણી ગજાવલીં હરીશીશુ: કાષ્ઠાની વહ્નેઃ કણુ: પીયૂષસ્ય લવાપી રોગનીવહં યદ્વત્તથા તે વીભો, મૂર્તીઃ સ્ફુર્તીમતી સતી ત્રીજગતીકષ્ટાની હર્તું ક્ષમા. ૬ શ્રી ચીન્તામણીમન્ત્રમોંકુતીયુતં હ્રીંકારસારાશ્રીતં, શ્રીમર્હંનમીઉણુપાશકલીતં ત્રલોકયવશ્યાવહમ્; દ્વેધાભૂતવીષાપહં વીષહરં શ્રેય:પ્રભાવાશ્રયં, સોલ્લાસં વસહાંકીતં જીનપુલીંગાનન્દદં દેહીનામ્. ૭ હ્રીંશ્રીકારવરં નમોક્ષરપરં ધ્યાયન્તી યે યોગીનો-હૃત્પદ્મે વીનીવેશ્ય પાર્શ્વમધીપં ચીન્તામણીસંજ્ઞકમ્; ભાલે વામભુજે ચ નાભિકરયોર્ભૂયો ભુજે દક્ષીણે, પશ્ચાદષ્ટદલેશુ તે શીવપદં દ્વીત્રૈર્ભવૈર્યાન્ત્યહો. ૮ નો રોગા નૈવ શોકો ન કલહકલના નારીમારીપ્રચારો નૈવાધીર્નાસમાધીર્ન ચ દરદુરીતે દુષ્ટદારીદ્રતા નો; નો શાકીન્યો ગ્રહાનો ન હરીકરીગણા વ્યાલવૈતાલજાલા જાયન્તે પાર્શ્વચીન્તામણીનતીવશત:પ્રાણીનાંભકતીભાજામ્. ૯ ગીર્વાણદ્રુમધેનુકુમ્ભમણયસ્તસ્યાંગણે રંગીણો-દેવા દાનવમાનવા: સવીનયં તસ્મૈ હીતધ્યાયીન: લક્ષ્મીસ્તસ્ય વશા વશેવ ગુણીનાં બ્રહ્માણ્ડસંસ્થાયીની, શ્રી ચીન્તામણી પાર્શ્વનાથમનીશં સંસ્તૌતી યો ધ્યાયતે. ૧૦ ઇતી જીનપતીપાર્શ્વ: પાર્શ્વપાર્શ્વાખ્યયક્ષ: પ્રદલીતદુરીતૌઘ: પ્રીણીતપ્રાણીસાર્થ: ત્રીભુવનજનવાંચ્છાદાનચીન્તામણીક: શીવપદતરૂબીજં બોધીબીજં દદાતુ. ૧

॥ ઇતી શ્રી ચીન્તામણીપાર્શ્વનાથ સ્તોત્રં સમાપ્તમ્. ॥

---

# अथ श्री उत्तराध्ययन सूत्रना १ थी ९ अध्ययन सुधीनो भावार्थ.

---

## અધ્યયન ૧ લું—વિનયનું.

ભાવાર્થ—પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી, જંબૂ સ્વામીને ઉદ્દેશીને બીજા શિષ્યોને પણ કહે છે કે, હે શિષ્યો! ધન, ધાન્ય, પુત્ર, મિત્ર અને સ્ત્રીઆદિક સચિત્ત અચિત્ત રૂપ

બાહ્ય સંયોગથી તથા મિથ્યાત્વ, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકદેવ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા, ક્રોધ, માન, માયા અને લોભરૂપ અભ્યંતર સંયોગ, એ બે પ્રકારના સંયોગથી વિશેષે મૂકાએલા, અણગાર એટલે ઘર વિનાનો અર્થાત્ નિયત વાસ રહિત અને માધુકરી વૃત્તિથી આહાર ગ્રહણ કરી શરીરને ધારણ કરનારો જે ભિક્ષુ ( મુનિ ) છે, તેના વિનય ( જે જૈન-શાસનનું મૂળ છે તે ) ને હું અનુક્રમે પ્રગટ કરીશ, તે તમે મ્હારા વચનને સાંભળો. ( ૧ )

ભાવાર્થ—જે શિષ્ય તીર્થંકરપ્રણીત સિદ્ધાંતની વાણીને અથવા ગુરૂના વચનને પ્રમાણ કરનારો છે; તે ગુરૂની સમીપે રહેનારો હોય અને પ્રવૃત્તિ નિવૃત્તિ સૂચવનારી કાંઈક ભ્રકુટી અને શિરકંપનાદિક ગુરૂની માનસિક ચેષ્ટાને તથા ચલન વિગેરેને સૂચવનારી તથા કોઈ પણ દિશામાં જોવું, એ વિગેરે ગુરૂના શરીરની બાહ્યચેષ્ટાને જાણનારો છે, તે શિષ્ય વિનીત કહેવાય છે. (૨)

ભાવાર્થ—જે શિષ્ય તીર્થંકર તથા ગુરૂના વચનને પ્રમાણ કરતો નથી, તથા જે “ જાણે ગુરૂ કાંઇ કામ બતાવશે ” એવા ભયથી ગુરૂની પાસે રહેતો નથી, તેમજ જે ગુરૂનાં છિદ્ર જૂએ છે, અને પોતે કાંઈ પણ તત્વને જાણતો નથી, તે શિષ્ય અવિનીત કહેવાય છે. ( ૩ )

ભાવાર્થ—જેવી રીતે સડી ગએલા કાનવાળી અર્થાત્ જેના સર્વ અંગમાં કીડા પડેલા છે, એવી કૂતરી ઘર વિગેરે સર્વ સ્થાનકમાંથી બહાર કાઢી મૂકાય છે, તેવી રીતે દુષ્ટ આચારવાળો, ગુરૂનો દ્વેષી અને જેમ તેમ બકવાદ કરનારો અથવા વૈરીના જેવા મુખવાળો અવિનીત શિષ્ય સંઘાડામાંથી બહાર કાઢી મૂકાય છે. એમ જાણીને દુાવનીતપણું તજવું. ( ૪ )

ભાવાર્થ—જેવી રીતે ભૂંડ ચોખાથી ભરેલા પાત્રનો ત્યાગ કરીને વિષ્ટાને ખાય છે, તેવી રીતે ભૂંડ સમાન મૂર્ખ સાધુ ચોખા જેવા રૂડા આચારને છોડીને વિષ્ટા સમાન દુષ્ટ આચારમાં રમે છે. ( ૫ )

ભાવાર્થ—એવી રીતે (ઉપર કહ્યા પ્રમાણે) કૂતરાના, ભૂંડના અને મૂર્ખ પુરૂષના નિંદા કરવાયોગ્ય દૃષ્ટાંતને સાંભળીને આત્માનું હિત ઇચ્છનાર પુરૂષે પોતાના આત્માને વિનયમાં સ્થાપન કરવો, અર્થાત્ વિનય કરવો. (૬)

ભાવાર્થ—તે કારણ માટે આચાર્યને પુત્ર સરખા અને મોક્ષના અભિલાષી એવા સાધુએ વિનય કરવો. વિનય કરવાથી શીલ (શુભ આચાર) પ્રાપ્ત થાય છે. પછી વિનયવાન અને શીલવાન થએલો શિષ્ય તે કોઇ સ્થાનકમાંથી કાઢી મૂકાતો નથી. અર્થાત્ સર્વ ઠેકાણે તેનો આદર થાય છે. (૭)

ભાવાર્થ—સાધુએ હંમેશાં ક્રોધ રહિત થવું જોઇએ, વિશેષ વાચાળ થવું નહી, તેમજ તત્વને જાણનારા આચાર્યોની પાસેથી ત્યાગ કરવાયોગ્ય અને ગ્રહણ કરવાયોગ્ય એવી વસ્તુઓને સૂચવનારાં સિદ્ધાંત વાકયો શીખવાં અને પ્રયોજન વિનાનાં તથા ધર્મ રહિત એટલે સ્ત્રીઓનાં લક્ષણને સૂચવનારાં કોકશાસ્ત્ર અને વાત્સ્યાયન શાસ્ત્ર વિગેરેનાં વચનો વર્જવાં. (૮)

ભાવાર્થ—વિનીત સાધુને જો કદાપિ ગુરૂ કઠોર વચનોથી તિરસ્કાર કરે, તો પણ "આત્માનું હિત માની" તેણે કોપ કરવો નહિ, પણ તત્ત્વને જાણનારા તે સાધુએ ક્ષમા રાખવી. તેમજ ક્ષુદ્ર બાળકોની સાથે અથવા ધર્મથી ભ્રષ્ટ થએલા પાસત્થાઓની સાથે સંગ, હાસ્ય અને ક્રીડા વર્જવી. (૯)

ભાવાર્થ—હે શિષ્ય! ક્રોધને વશ થઇને તું મિથ્યા અને વધારે પડતું ભાષણ પણ કરીશ નહિ. "કારણકે, ઘણું ભાષણ કરવાથી ઘણા દોષ થાય છે." તેમજ પ્રથમ પોરશીના સમયમાં શાસ્ત્રનું અધ્યયન કરીને પછી બીજી પોરશીમાં પૂર્વે જે અધ્યયન કરેલું હોય તેને "દ્રવ્યથી પશુ પંડકાદિ રહિત ઉપાશ્રયમાં રહીને અને ભાવથી રાગ દ્વેષ રહિત થઇને" અર્થાત્ એકલો રહીને ચિંતવન કરજે. (૧૦)

ભાવાર્થ—જો કદાપિ ક્રોધાદિ કષાયને વશ્ય થઇને કાંઇ પણ દુષ્કૃત્ય થઇ ગયું હોય તો વિનીત સાધુએ ગુરૂની આગળ

ગોપવવું નહી. જો કર્યું હોય તો "મેં કર્યું છે" એમ કહેવું. અને ન કર્યું હોય તો "મેં નથી કર્યું" એમ કહેવું. અર્થાત્ વિનીત શિષ્યે ગુરૂની આગળ સત્ય બોલવું. (૧૧)

ભાવાર્થ—વિનીત સાધુ સુશિક્ષિત અશ્વની પેઠે "કરવા યોગ્ય કાર્યની પ્રવૃત્તિ સૂચવનારૂં અને નહિ કરવાયોગ્ય કાર્યની નિવૃત્તિ સૂચવનારૂં" જે ગુરૂનું શિક્ષારૂપ વચન, તેને વારંવાર ઇચ્છતો નથી. અર્થાત્ ગુરૂએ ફક્ત એકવાર કહ્યું હોય, તો તેનું સર્વ કાર્ય તથા ગુરૂનું ચિત્ત જાણી જાય છે. જેમ દુર્વિનીત અશ્વ પોતાના સ્વારની ચાબુકને વારંવાર ઇચ્છે છે; તેમ વિનીત શિષ્ય ગુરૂના વચનરૂપ તિરસ્કારને વારંવાર ઇચ્છતો નથી. અર્થાત્ સુવિનીત શિષ્યે આચાર્યનો મનોગત ભાવ આકૃતિથી જાણીને પાપાચરણ વર્જવું. (૧૨)

ભાવાર્થ—ગુરૂના વચનમાં નહિ રહેનારા, અવિચાર્યું ભાષણ કરનારા અને દુષ્ટાચારવાળા અવિનીત શિષ્યો પોતાના સરળ એવા ગુરૂને ક્રોધ યુક્ત કરે છે, તેમજ ગુરૂના ચિત્તને અનુસરનારા અને શીઘ્ર ચાતુર્યને ધારણ કરનારા વિનીત શિષ્યો પોતાના ક્રોધી ગુરૂને પણ પ્રસન્ન કરે છે. (૧૩)

ભાવાર્થ—વિનીત શિષ્ય ગુરૂએ અણપૂછયો સતો, અથવા અલ્પ પૂછયો સતો કાંઈ પણ બોલે નહિ, તથા ગુરૂએ પૂછયો સતો અસત્ય પણ ન બોલે. અને કદાપિ ગુરૂએ તિરસ્કાર કર્યો હોય, તો તેથી થએલ; ક્રોધને નિષ્ફળ કરે, તેમજ જો ગુરૂએ કહેલું વચન અપ્રિય હોય; તો પણ તેને પોતાના આત્માને હિતકારી માની મનમાં ધારણ કરે. (૧૪)

ભાવાર્થ—વિનીત સાધુએ આત્માને વશ્ય કરવો. કારણકે, આત્મા ઘણોજ દુર્દમ છે. આત્માને વશ્ય કરનારો જીવ આ લોક અને પરલોકમાં સુખી થાય છે. (૧૫)

ભાવાર્થ—સંયમ અને તપથી મેં મ્હારો આત્મા (દેહ) વશ્ય કર્યો તે સારૂં કર્યું "અર્થાત્ સત્તર પ્રકારના સંયમથી અને

બાર પ્રકારના તપથી આ આત્મા જે પંચેંદ્રિય રૂપ, તેને સારા માર્ગમાં લઇ જવો." જેમ દુર્વિનીત અશ્વ અથવા વૃષભ ચાબુક વડે ઉન્માર્ગથી સારે રસ્તે લઈ જવાય છે, તેવી રીતે આ આત્માને પણ જાણવું. તેમજ મનમાં એમ ચિંતવવું કે, "હું અન્ય લોકોથી બંધન જે બેડી વિગેરેથી અને વધ જે લાકડી તથા અંકુશ વિગેરેના મારથી દમન કરેલો ન થઉં." અર્થાત્ બીજા પુરૂષો જો મને તાડન, તિરસ્કારથી દમન કરશે, તો મ્હારૂં શ્રેય (કલ્યાણ) નથી. આવી શિક્ષાથી આત્માને વશ્ય કરવો. [૧૬]

ભાવાર્થ—વિનીત શિષ્યે લોકોની સમક્ષ અથવા એકાંતમાં કોઇ વખતે ગુરૂનો વચનથી પણ શત્રુભાવ એટલે "તમે શું જાણો છો?" એવો તિરસ્કાર અને ક્રિયાથી એટલે ગુરૂના સંથારાનું ઉલ્લંઘન અથવા ચરણના સંઘટ્ટનથી અવિનય નજ કરવો. શાસ્ત્રમાં કહ્યું છે કે-શત્રુના ગુણ ગ્રહણ કરવા, પણ ગુરૂના અવગુણ ન પ્રકાશવા. [ ૧૭ ]

ભાવાર્થ—વિનીત શિષ્યે ગુરૂની પડખે ન બેસવું. "કારણ કે, તેમ બેસવાથી ગુરૂની સાથે એક પંક્તિ થતાં સમાનપણું થાય છે." ગુરૂની આગળ પણ ન બેસવું. "કારણ કે, તેમ બેસવાથી વંદના કરેનાર પુરૂષને ગુરૂનું મુખ જોઈ શકાતું નથી, ગુરૂની પાછળ પણ ન બેસવું "કારણ કે, તેમ બેસવાથી ગુરૂ તથા શિષ્ય એ બન્નેનું મુખ સાથે જોવામાં આવે તેથી રસ ભંગ થાય છે." ગુરૂની સાથળ સાથે સાથળનો સંઘટ્ટો કરવો નહિ. "કારણ કે, અતિ સ્પર્શથી અવિનય થાય છે. તેમજ ગુરૂનું વચન સૂતાં અથવા બેસતાં સાંભળવું નહી. અર્થાત્ જ્યારે ગુરૂ કાંઇ કહે, ત્યારે સૂતાં કે બેસતાં "અમે આમ કરીશું" એવો પ્રત્યુત્તર આપવો નહી, પણ પોતે જાતે ઉઠી ગુરૂની પાસે આવી તેમનું વચન સાંભળવું. ( ૧૮ )

ભાવાર્થ—વિનીત શિષ્યે ગુરૂની પાસે પગ ઉપર પગ ચઢાવીને, પગની જંઘાને વસ્ત્ર વીંટીને અથવા બે હાથથી શરીરને બંધન કરીને અને ગુરૂની સામા પગ લાંબા કરીને બેસવું નહીં. ( ૧૯ )

ભાવાર્થ—ગુરૂના સ્નેહને ઇચ્છનાર અને મોક્ષના અર્થી વિનીત શિષ્યને જો ગુરૂ બોલાવે, તો તેણે ક્યારે પણ મૌન રહેવું નહી. "કદાપિ બોલવાની શકિત હોય અથવા ન હોય તો પણ મૌન રહીને સાભળ્યું ન સાંભળ્યું કરી બેસી રહેવું નહી." એટલુંજ નહી પણ "આટલા શિષ્યો છતાં ગુરૂ મનેજ બોલાવે છે તેથી મ્હારૂં મ્હોટું ભાગ્ય." એમ સમજી વિનીત શિષ્યે એ પ્રમાણે ગુરૂની સેવા કરવી. ( ૨૦ )

ભાવાર્થ—બુદ્ધિમાન્ અને ગુરૂનાં કાર્ય કરવામાં તત્પર એવા વિનીત શિષ્યે જો ગુરૂએ એક વખત થોડું કહ્યું હોય, અથવા વારંવાર કહ્યું હોય, તો પણ તે વખતે બેસી નહિ રહેતાં આસન છોડી ગુરૂ પાસે જઈ ગુરૂ જે કાર્ય કહે, તે એકાગ્રચિત્તે સાંભળીને અંગીકાર કરવું. ( ૨૧ )

ભાવાર્થ—વિનીત શિષ્યે આસન ઉપર બેસીને ગુરૂને સૂત્રાર્થાદિક ન પૂછવાં, તેમજ "રોગાદિ ઉપદ્રવ વિના" ક્યારે પણ શય્યા ઉપર બેસીને પણ ન પૂછવાં. પરંતુ પોતાનું આસન મૂકી ગુરૂની પાસે આવી શાંત થઈ બે હાથ જોડી સૂત્રાર્થાદિક પૂછવાં. [ ૨૨ ]

ભાવાર્થઃ—એવી રીતે વીનયથી યુકત તથા સૂત્ર, અર્થ અને સૂત્રાર્થને પૂછનાર વીનીત શીષ્યને ગુરૂ જેવી રીતે ગુરૂ પરંપરાથી સાંભળ્યું હોય અને જાણ્યું હોય તેવી રીતે કહે (૨૩)

ભાવાર્થઃ—વીનીત સાધુએ મૃષાભાષા ન બોલવી, તેમજ નિશ્ચયાત્મક એટલે "આ તો આમજ છે." એવી ભાષા પણ ન બોલવી તથા ભાષાના દોષ જે સાવદ્ય કૃત્યને અનુમોદન કરવું તે પણ ત્યાગ કરવું; તેમજ માયા ( કપટ ) ઉપલક્ષણથી ક્રોધ, માન અને લોભ એ સર્વને નીરંતર વર્જવા ( ૨૪ )

ભાવાર્થઃ—વીનીત સાધુ પોતાને અર્થે, પરને અર્થે, અથવા બન્નેને અર્થે, અથવા પ્રયોજન વીના કોઇએ પૂછયાં છતાં સાવદ્ય વચનને, નીરર્થક વચનને, અને જેથી મનુષ્યનું મરણ થાય તેવાં રાજ્ય વિરૂદ્ધાદિ મર્મ વચનને ન બોલે (૨૫)

ભાવાર્થ:—લુહારની શાળા, સૂનું ઘર, બે ઘરની વચ્ચેનો ભાગ અને રાજમાર્ગ ( જાહેર રસ્તો ) એટલા સ્થાનોમાં વીનીત સાધુએ એકલા, એકલી સ્ત્રી સાથે ઉભા રહેવું નહી, તેમ બોલવું પણ નહીં. (૨૬)

ભાવાર્થ:—"ગુરૂ મને શીતળ વચનથી અથવા કઠોર વચનથી જે શીખામણ આપે છે, તે મ્હારા લાભને માટે થશે." એવી બુદ્ધિથી પ્રયત્નવાન્ થએલા વીનીત શીષ્યે, ગુરૂનું વચન અંગીકાર કરવું, પણ ગુરૂના કઠોર વચનથી કોપ ન કરવો. (૨૭)

ભાવાર્થ:—બુદ્ધિમાન શીષ્ય "આવું દુષ્ટ કામ કેમ કર્યું ?" એવી ગુરૂની ઠબકા રૂપ, કોમળ અથવા કઠોર વચન-રૂપ શીખામણને આલોક અને પરલોકમાં હીતકારી માને છે અને કુશીષ્યને આવું ગુરૂનું તે કઠોર વચન, દ્વેષ ઉત્પન્ન કરનારૂ થાય છે. ( ૨૮ )

ભાવાર્થ:—સાત પ્રકારના ભયથી રહીત, અને તત્વને જાણનારા વીનીત શીષ્યો ગુરૂએ શીખામણને માટે કહેલું કઠોર વચન પણ હીતકારી માને છે. અને મૂર્ખ શીષ્યોને ક્ષમાને કર-નારૂ, આત્માની શુદ્ધિ કરનારૂં અને જ્ઞાનાદિકના સ્થાનરૂપ ગુરૂનું શીક્ષા વચન દ્વેષનું કારણ થાય છે. ( ૨૯ )

ભાવાર્થ:—કારણ છતાં પણ વારંવાર નહી ઉઠનારો, કા-રણ વીના નહી ઉઠનારો અર્થાત્ સ્થીર થઇને બેસનારો તથા હાથ પગ અને મસ્તક વીગેરે શરીરના અવયવોને નહી કંપાવ-નારો, તેમજ નીશ્ચળ થઇને બેસનારો વીનીત શીષ્ય, દ્રવ્ય અને ભાવથી ઉંચું નહી તેવું અર્થાત્ ગુરૂના આસનથી નીચું, તેમજ ચિત્કાર શબ્દ વીનાનું કારણકે, ચિત્કાર શબ્દવાળું આસન શૃંગા-રનું અંગ ગણાય છે. અને જેના ચારે પાયા સરખા હોય, તેવા સ્થીર આસન ઉપર બેસે. ( ૩૦ )

ભાવાર્થ:—સાધુએ યોગ્ય અવસરે ભીક્ષાને માટે જવું, યોગ્ય અવસરે ભીક્ષા લઇને પોતાને સ્થાનકે પાછું આવવું; તેમજ ક્રીયાનો જે કાળ ન હોય, તે વર્જીને યોગ્ય કાળમાંજ સર્વ ક્રીયા કરવી. ( ૩૧ )

ભાવાર્થ:—સાધુએ ગૃહસ્થને ઘેર જમણવારમાં ભોજન કરવા માટે બેઠેલી પુરૂષોની પંક્તીમાં ઉભા રહેવું નહી. કારણકે તેથી અપ્રીતિ શંકાદિક દોષ ઉત્પન્ન થવાનો સંભવ છે. તેમજ ગૃહસ્થે આપેલા આહારમાં એષણા એટલે આહારના દોષનું અવલોકન કરવું; પણ જીંહા ઇંદ્રીયની લોલુપતાથી સદોષ આહાર ગ્રહણ કરવો નહી. અને જે શુદ્ધ આહાર મળે, તેને પૂર્વે થઇ ગએલા સ્થીવરકલ્પી મુનીઓએ જેવી રીતે પાત્રમાં નિર્દોષ આહાર ગ્રહણ કરેલો છે, તેવી રીતે ફક્ત ઉદરપૂર્ત્તી માત્ર આહાર ગ્રહણ કરીને તેને વીધીપૂર્વક એટલે સીદ્ધાંતમાં કહેલા નમસ્કાર પૂર્વક પચ્ચખ્ખાણ પારી ભક્ષણ કરવો; કારણકે. અમીત ભોજન કરવાથી ઘણા દોષ થવાનો સંભવ છે. ( ૩૨ )

ભાવાર્થ:—સાધુએ ભીક્ષા માટે ગૃહસ્થને ઘેર જવું ત્યાં અતિ દૂર ન ઉભા રહેવું. કારણકે, તેથી પ્રથમ આવેલા બીજા ભીક્ષુઓને નીકળવામાં વીરોધ આવે. અથવા આહારના દોષ પણ જોઇ શકાય નહી. તેમ અતિ નજીક પણ ન ઉભા રહેવું. કારણકે, તેથી ભીક્ષુઓને અપ્રીતિ થાય. તેમજં બીજા ભીક્ષુકની પેઠે જેવી રીતે ગૃહસ્થના નેત્રનો સ્પર્શ થાય, તેવી રીતે પણ ન ઉભા રહેવું, પરંતુ ગૃહસ્થના ઘરના એકાંત પ્રદેશ (ભાગ)માં ઉભા રહેવું; જેથી ગૃહસ્થ એમ ન જાણે કે, આ સાધુ બીજા સાધુઓને નીકળવાનું ઇચ્છે છે. તેમજ એકલા થઇ અગાઉ ભીક્ષાને માટે આવેલા બીજા ભીક્ષુકને ઉલ્લંઘન કરીને પણ પ્રવેશ કરવો નહી. ( ૩૩ )

ભાવાર્થ—જિતેંદ્રિય એવા સાધુએ અતિ ઉંચે માળેથી આહાર ગ્રહણ કરવો નહી. કારણ કે, તેથી આહાર અથવા આહાર આપનારને પડી જવાનો સંભવ છે. તેમજ અતિ નીચે સ્થાનેથી પણ આહાર ગ્રહણ કરવો નહી. કારણકે, ત્યાં એષણાસમિતિનો અસંભવ છે, અથવા આપનારને કષ્ટાદિકનો સંભવ છે, અથવા ઉંચે એટલે 'મને સરસ આહાર મળ્યો માટે હું લબ્ધિવંત છું' એવા અભિમાનથી અને નીચે એટલે 'આહાર ન મળવાથી હું

ગરિબ છું, મને કોઇ આપતું નથી ’ એવી દીનબુદ્ધિથી રહિત થવું. અર્થાત્ ઉંચાપણું, નીચાપણું, નજિકપણું અને દૂરપણું છોડી યથાયોગ્ય સ્થાને રહી પ્રાસુક [ નિર્દૂષણ ] નવકોટિએ વિશુદ્ધ અને ગૃહસ્થે પોતાને માટે કરાવેલો શુદ્ધ આહાર ગ્રહણ કરવો. [૩૪]

ભાવાર્થ:—વીનીત સાધુએ બીજા સાધુઓની સાથે જ્યાં બેઇંદ્રીયાદિ જીવો ન હોય, જ્યાં બીજ અલ્પ હોય એટલે એકેંદ્રિયાદિ જીવો પણ ન હોય, અને જે સંપાતીમ જીવોની રક્ષાને માટે ઉપરથી ઢાંકેલ હોય તથા સાદડી વીગેરેથી આચ્છાદીત હોય, કારણકે, તેથી રંક અને ગરીબ યાચકો આવી શકે નહી. જો તેઓ આવી ચઢે અને તેઓને જો દાન ન આપે તો નીંદા તથા દ્વેષનો સંભવ રહે છે અને જો દાન આપે તો પુણ્યબંધ થવાનો સંભવ છે માટે તેવા નિર્દોષ સ્થાનમાં સુર સુર, ચવચવ અને કરડ કરડ શબ્દ કર્યા સિવાય સડયો ન હોય તેવો નિર્દોષ આહાર કરવો.. ( ૩૫ )

ભાવાર્થ—મુનિએ સાવદ્ય વચન બોલવું નહી. જેમકે, આ અન્ન વિગેરે સારૂં કર્યુ છે, આ ઘેબર સારાં પાકયાં છે, આ શાકાદિક સારા છેદ્યાં છે, આ કારેલાની કડવાશ સારી નાશ થઇ છે, અથવા મગસ, શીરો અને કંસારમાં ઘી ઠીક હરણ થયું છે. આ મગ વિગેરેમાં ઘી ઠીક મરી ગયું છે, આ આહાર સારી રીતે સરસ થયો છે, અખંડ ઉજ્વળ ચોખાશી અને લીલા મગથી આ ભોજન ઘણું ઉત્તમ થયું છે, ઇત્યાદિક સાવદ્ય ભાષણ છોડી દેવું. પણ અનુક્રમે નિર્વદ્ય ભાષણથી બોલવું. જેમ કે, ધર્મ ધ્યાન સારી રીતે કર્યું છે, વચન તથા વિજ્ઞાન સારાં પાકયાં છે, સ્નેહ પાસાદિ સારો છેદ્યો છે, મિથ્યાત્વાદિપણું સારી રીત હરણ થયું છે. પંડિતપણે ઠીક મરણ થયું છે. સારો સાધુનો આચાર તથા વ્રત ગ્રહણ સારી રીતે સંપાદન કરેલું છે. આવી રીતે નિર્વદ્ય વચન બોલવાં. ( ૩૬ )

ભાવાર્થ—જેમ ઘોડાનો સ્વાર પોતાના સુશિક્ષિત અશ્વને ખેડવામાં ખુશી થાય છે, તેમ ગુરૂ પોતાના વિનીત શિષ્યોને

શીખામણ આપતાં ખુશી થાય છે, તથા જેમ ઘોડાનો સ્વાર દુર્વિનીત (તોફાની) ઘોડાને ખેડવામાં દુઃખી થાય છે, તેમ દુર્વિનીત શિષ્યને શીખામણ આપતાં ગુરૂ પણ દુઃખી થાય છે. (૩૭)

ભાવાર્થઃ—દુર્વિનીત શિષ્ય, જો ગુરૂ તેને આલોકનું કાંઇ પણ હિત થવાને શીખામણ આપે તો તે શિષ્ય એવું માને છે કે, 'આ ગુરૂ પાપી છે,' કારણ કે, તે મને ટકોરા અને ચપેટા (લપડાકો) મારે છે. મને દુર્વચનો સંભળાવે છે, તેમજ સોટી વિગેરેનો માર મારે છે. આમાં કાંઇ પણ હિત જોવામાં આવતું નથી. આવું ધારી તે પોતાના ગુરૂને હિતકારી માનતો નથી. (૩૮)

ભાવાર્થઃ—વિનીત શિષ્ય પોતાના ગુરૂને તથા તેમના વચનને હિતકારી માને છે અર્થાત્ જ્યારે આચાર્ય કાંઇ પણ શિક્ષા આપે, ત્યારે વિનીત શિષ્ય મનમાં એમ ધારે છે કે, આ ગુરૂ પોતાના પુત્રની પેઠે, ભાઇની પેઠે, તથા સ્વજનની પેઠે પોતાની સુબુદ્ધિથી મને શિક્ષા આપે છે. અને દુર્વિનીત શિષ્ય જ્યારે ગુરૂ શિક્ષા કરે, ત્યારે તે પોતાને એક દાસની પેઠે માને છે. અર્થાત્ આ ગુરૂ મને એક દાસની પેઠે તિરસ્કાર કરે છે એમ ધારી ગુરૂની નિંદા કરે છે. (૩૯)

ભાવાર્થઃ—વિનીત શિષ્ય આચાર્યને તથા બીજાને કોપ કરાવે નહી. તેમજ પોતાના આત્માને પણ કોપ કરાવે નહી. અને યુગપ્રધાન આચાર્યના કુશિષ્યની પેઠે ગુરૂની ઘાત કરનારો થાય નહી. તેમજ દુર્વિનીત અશ્વની પેઠે ગુરૂ પાસે (દ્રવ્યથી, લપડાક વિગેરે અને ભાવથી પીડાકારી વચન રૂપ ચાબુકને) બોલાવનારો પણ થાય નહી. (૪૦)

ભાવાર્થઃ—વિનીત શિષ્યે ગુરૂને કોપ પામેલા જાણી પ્રીતિભરેલા વચનોથી તેમને પ્રસન્ન કરવા અને ગુરૂની પાસે બે હાથ જોડીને કહેવું કે, હે ભગવન! હવે ફરીથી હું એવું નહી કરૂં, મ્હારો આ અપરાધ ક્ષમા કરો, એમ કહી ગુરૂને શાન્ત કરવા. (૪૧)

ભાવાર્થઃ—તત્ત્વને જાણનારા પુરૂષોએ આચરેલો, સાધુ ધર્મથી ઉત્પન્ન થએલો અને પાપને નાશ કરનારો જે વ્યવહાર

છે, તે આચરણ કરનારો સાધુ નિંદાને પામતો નથી, અર્થાત્ પ્રાણાતિપાતાદિક આશ્રવને નિવારણ કરનારો જે સાધુનો આચાર પાળે છે, તેની કદાપિ નિંદા થતી નથી. ( ૪૨ )

ભાવાર્થ:--વિનીત શિષ્યે ગુરૂના મનમાં રહેલું અને વચનમાં રહેલું કાર્ય પ્રથમ જાણીને પછી 'તે કાર્ય હું કરીશ' એમ અંગીકાર કરી તુરત તે કામ કરવું. ( ૪૩ )

ભાવાર્થ:--વિનયાદિ ગુણોએ પ્રસિદ્ધ એવા સુશિષ્યે ગુરૂની પ્રેરણા વિના પણ પ્રથમ એક વખત કહ્યા પ્રમાણે સર્વ કાર્યોમાં નિત્ય પ્રવર્ત્તવું. કદાપિ પોતે કોઇ કાર્ય કરતો હોય, અને તેવામાં જો આચાર્ય પ્રેરણા કરે તો તે કાર્ય શીઘ્રતાથી કરવું. પણ તે વખતે એમ ન બોલવું કે, 'હું કામ કરૂં છું તો પણ તમે વ્યર્થ શા માટે કહ્યા કરો છો.' પરંતુ ગુરૂ એક અથવા વધારે જે કાર્યો કહે, તે કરવાં અને તે કામમાં બિલકુલ આળસ રાખવી નહી. અર્થાત્ ખુશી થઇને તે કાર્ય તુરતજ કરવું. ( ૪૪ )

ભાવાર્થ:—જે બુદ્ધિમાન સાધુ વિનયની શિક્ષા જાણીને વિનય કરે છે, તો તેની લોકમાં કીર્ત્તિ થાય છે, તેમજ જેમ પૃથ્વી વૃક્ષોની આશ્રય રૂપ છે, તેમ તે વિનયી સાધુ પણ સર્વ સાધુ. કાર્યોનો આશ્રય રૂપ થાય છે. ( ૪૫ )

ભાવાર્થ:—સમ્યક્ પ્રકારે તત્ત્વને જાણનારા અને ભણવા અગાઉ વિનયથી રંજીત કરેલા ( કારણ કે, ભણવાની વખતે જો વિનય કરવામાં આવે, તો સ્વાર્થિપણું જણાય, તેથી તેવી પ્રસન્નતા ન થાય ) એવા પૂજ્ય આચાર્ય, જે શિષ્ય ઉપર પ્રસન્ન થાય છે, તે શિષ્યને ઘણું વાંચ્છિત અને મોક્ષને ઉત્પન્ન કરનારૂં શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરાવે છે. ( ૪૬ )

ભાવાર્થ:—આચાર્ય થકી પ્રાપ્ત થયેલા શ્રુત ધર્મવાળો શિષ્ય નિર્મળ મનનો રૂચીવાળો થાય છે અથવા ગુરૂના ચિત્તની બુદ્ધિ યુક્ત થાય છે. દશ પ્રકારની સમાચારી કરવાની સંપત્તિ તેને પ્રાપ્ત થાય છે, ગુરૂના મુખથી અધ્યયન કરેલા પૂજ્ય શાસ્ત્રથી તે સંપન્ન થાય છે રહસ્યને પ્રાપ્ત કરી તે સંશય રહિત થાય

છે, તપનું આચરણ અને ચિત્તની સ્વસ્થતાથી તે આશ્રવનો નિરોધ કરનારો થાય છે તેમજ તેજોલેશ્યા તથા પુલાકલબ્ધિને પ્રાપ્ત કરે છે, તેવો તે સુશિષ્ય પંચ મહાવ્રત પાળીને બાર દેવલોકવાસી દેવતા, ગાંધર્વો અને મનુષ્યોએ પૂજેલો થાય છે, છેવટ તે આયુષ્યનો ક્ષય થતાં તે મલીન અને વીર્યથી ઉત્પન્ન થએલા શરીરનો ત્યાગ કરીને શાશ્વત એવો સિદ્ધ થાય છે. અથવા મોહનીય કર્મથી રહિત અથવા તો રજોગુણ રહિત એવો મહર્દ્ધિક દેવતા થાય છે. એ પ્રકારે સુધર્મસ્વામી કહે છે કે, હે જંબૂ! શ્રી ગણધરાદિકના ઉપદેશથી હું વિનયશ્રુત નામનું પ્રથમ અધ્યયન કહું છું, પણ મ્હારી બુદ્ધિથી કાંઇ કહેતો નથી. (૪૭)-(૪૮) (ઇતિ પહેલું અધ્યયન સંપૂર્ણ.)

## અધ્યયન બીજું-બાવીસ પરિસ્સહનું.

હે આયુષ્મન્ જંબુ! મેં શ્રમણ ભગવંત શ્રી મહાવીર પાસેથી બાવીસ પરીસ્સહ નીચે પ્રમાણે સાંભળ્યા છે, કાશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થએલાં શ્રમણ ભગવંત શ્રી મહાવીર દેવે જૈન શાસનને વિષે બાવીશ પરીસ્સહ કહ્યા છે, તે ભિક્ષાને અર્થે વિચરતા સાધુએ શીખવા, જાણવા, જીતવા, સર્વ પ્રકારે સહન કરવા અને તેનાથી હારી જવું નહિ. તે બાવીસ પરીસ્સહ નીચે પ્રમાણે છેઃ—

ભાવાર્થઃ—૧. ક્ષુદ્ધાનો, ૨. તૃષાનો, ૩. ટાઢનો, ૪. તાપનો, ૫. ડાંસ મચ્છરનો, ૬. વસ્ત્રનો, ૭. અરતિનો, ૮. સ્રીનો, ૯. ચાલવાનો, ૧૦. બેસવાનો, ૧૧. સેજાનો, ૧૨. આક્રોષ (અશુભ વચન) નો, ૧૩. વધનો, ૧૪. યાચવાનો, ૧૫. અલાભનો, ૧૬. રોગનો, ૧૭. તૃણ સ્પર્શનો. ૧૮. જળમેલનો, ૧૯. સત્કારનો, ૨૦. પ્રજ્ઞાનો, ૨૧. અજ્ઞાનનો, ૨૨. દર્શનનો, એ બાવીસ પરિસહના સ્વરૂપ કાશ્યપ ગોત્રી મહાવીર ભગવાને મને કહ્યાં છે તે હે જંબુ! તું અનુક્રમે સાંભળ. (૧)

શરીરને વિષે ક્ષુધા વ્યાપી હોય છતાં તપ અને સંયમને

વિષે દૃઢ સાધુએ પોતે ફૂળ વગેરે છેદવાં નહિ, તેમજ બીજાં પાસે છેદાવવાં નહિ. પોતે અન્ન પકવવું નહિ, તેમજ બીજા પાસે પકાવવું નહિ. ( ૨ )

ભાવાર્થ:—કાગડાના પગ જેવા દુર્બળ ગાત્ર થઇ ગયાં હોય અને શરીર હાડકાના માળા જેવું બની ગયું હોય, છતાં પોતાના ઉદર પોષણને માટે અન્ન પાણીનું પ્રમાણ સાધુએ જાણવું અને ( આકુળ વ્યાકુળ ન થતાં ) પ્રસન્ન મનથી સંયમ માર્ગે પ્રવર્ત્તવું. ( ૩ )

ભાવાર્થ:—તૃષાએ પીડાયા છતાં અનાચારનો ત્યાગી સાધુ લજ્જાએ કરીને સચેત જળ પીતો નથી; પણ અચેત પાણી મેળવવાનો પ્રયત્ન કરે છે. ( ૪ )

ભાવાર્થ:—વન, અટવી, આદિ નિર્જન રાનમાં તૃષાથી અતિ પીડાતો હોય, મ્હોં સુકાઇ જતું હોય, અત્યંત વ્યાકુળ થતો હોય, છતાં સાધુએ તૃષાનો પરીસ્સહ સહન કરવો. ( ૫ )

ભાવાર્થ:—શીત કાળને વિષે એક ગામથી બીજે ગામ જતાં શરીરે ટાઢ વાય તો પણ સાધુએ, જૈન શાસનની શિક્ષા લક્ષમાં લઇને, કવેળાએ સ્થાનાન્તર ( વિહાર ) કરવો નહિ. (૬)

ભાવાર્થ:—ટાઢ દૂર કરવાને માટે મારે ઘર નથી, શરીર ઢાંકવાને વસ્ત્ર પણ નથી, માટે હું અગ્નિ સેવું એવો વિચાર પણ સાધુએ કરવો નહિ. ( ૭ )

ભાવાર્થ:—તાપે કરીને તપેલી જમીનથી, બાહ્ય ( પરસેવો; મેલ વગેરે ) અને અભ્યંતર ( તૃષા વગેરે ) ગરમીની થતી પીડાથી, ગ્રીષ્મ ૠતુના સૂર્યના તાપથી પીડાવા છતાં, સાધુએ શીતળતાની વાંચ્છના કરવી નહિ. ( ૮ )

ભાવાર્થ:—તાપની અત્યંત પીડા પામવા છતાં મર્યાદાવંત-સાધુ સ્નાનની ઇચ્છા કરે નહિ; શરીર ઉપર પાણી રેડે નહિ, અથવા પંખાવતિ પવન નાંખે નહિ. ( ૯ )

ભાવાર્થ:—ડાંસ મચ્છરાદિની પીડા મહાન સાધુએ સહન કરવી જોઇએ. જેવી રીતે હાથી સંગ્રામને મોખરે રહીને શત્રુને

હણે છે, તેમ મહા મુનિએ ક્રોધાદિ અભ્યંતર શત્રુને હણવા જોઇએ. (૧૦)

ભાવાર્થ:—ડાંસ મચ્છરને ત્રાસ ઉપજાવવો નહિ; ચટકો ભરતાં અંતરાઇ ન કરવી; તેમજ મને કરીને પણ તેના ઉપર ક્રોધ કરવો નહિ. પોતાનું માંસ અને લોહી તેઓ ખાઇ જાય, છતાં સર્વ સહન કરવું પણ તેમને હણવા નહિ. ( ૧૧ )

ભાવાર્થ—મહારાં વસ્ત્ર જીર્ણ થઇ ગયાં છે, તેથી હું વસ્ત્ર રહિત ફરીશ અથવા તો મ્હારાં ફાટેલાં કપડાં જોઇને 'કોઇ ધર્માત્મા દાતા મને નવાં કપડા આપે તો ઠીક' એવો વિચાર સાધુએ કરવા નહિ.(૧૨)

ભાવાર્થ—કોઇ વખત ( જીન કલ્પાવસ્થા પ્રમાણે ) વસ્ત્ર રહિત થઇ જાય, અથવા કોઇ વખત (સ્થવિર કલ્પાવસ્થા પ્રમાણે) વસ્ત્ર સહિત હોય, તો વસ્ત્ર રહિત અને વસ્ત્ર સહિતપણાના બન્ને ધર્મો હિતકારી જાણીને જ્ઞાની સાધુએ ખેદ કરવો નહિ, [૧૩]

ભાવાર્થ—પરિગ્રહે રહિત અણગારને ગામોગામ વિચરતાં સંયમ માર્ગ તરફ અધીર ઉત્પન્ન થાય તો તે પરિસ્સહ તેણે સહન કરવો. (૧૪)

ભાવાર્થ—ડાહ્યા સાધુએ આવું અધીરપણું ત્યાગવું; અને હિંસાદિકથી દૂર રહીને, દુર્ગતિના માર્ગથી આત્માને દૂર રાખીને, ધર્મ રૂપી આરામને વિષે આનંદ માનીને આરંભ રહિત થઇ, સંપૂર્ણ શાંતિથી સંયમ માર્ગને વિષે વિચરવું. (૧૫)

ભાવાર્થ—આ સંસારમાં મનુષ્યોને સ્ત્રીની કુદરતી ઇચ્છા હોય છે, તે જાણીને જે કોઈ તેનો પરિત્યાગ કરે છે તેજ ખરા શ્રમણ તરીકે પોતાનો સાધ્વાચાર સફળ કરી શકે છે. (૧૬)

ભાવાર્થ—જે બુદ્ધિવંત પુરૂષ સ્ત્રીને ખુંચી જવાય એવા કાદવ સમાન, ( મુક્તિ માર્ગને વિષે બંધનરૂપ ) માને છે, તેને તેનાથી કાંઇ ઇજા થતી નથી, પણ તે આત્માના ઉદ્ધારને અર્થે ધર્માનુષ્ઠાન આચરે છે. (૧૭)

ભાવાર્થ—એકલો રાગ દ્વેષ રહિત, નિર્દોષ આહાર ઉપર નિર્વાહ કરીને, અને સઘળા પરિસ્સહ સહન કરીને, સાધુએ ગામ, નગર, નિગમ અથવા રાજધાનીને વિષે વિહાર કરવો. (૧૮)

ભાવાર્થ—ગૃહસ્થાદિકથી (સંસારથી) અલગ રહીને સાધુએ વિહાર કરવો. પરિગ્રહને વિષે મમતા કરવી નહિ; પણ ગૃહસ્થનો પરિચય ત્યાગીને ઘર રહિત થઇને વિચરવું. (અમુક સ્થળેજ વિના કારણ પડી રહેવું નહિ.) (૧૯)

ભાવાર્થ—સ્મશાનમાં, સૂના ઘરમાં, અથવા તો વૃક્ષ નીચે, રાગ દ્વેષ, અને કુચેષ્ટા રહિત બનીને બેસવું અને અન્ય જીવને (ઉંદર વગેરેને) ત્રાસ ઉપજાવવો નહિ. (૨૦)

ભાવાર્થ—એવાં સ્થળે રહેતાં સાધુને ઉપસર્ગ ઉપજે તે સહન કરવો, પણ તે ઉપસર્ગથી ડરીને ત્યાંથી ઉઠીને બીજે સ્થાનકે જવું નહિ. (૨૧)

ભાવાર્થ—તપસ્વી અને ધિરજવાન સાધુ સારી શય્યા મળવાથી અતિ હર્ષ પામતો નથી, તેમજ ખરાબ શય્યા મળવાથી અતિ વિષાદ પામતો નથી; પણ પાપ દૃષ્ટિવાળો આચારહીન સાધુ એવે પ્રસંગે હર્ષ-વિષાદ પામે છે. (૨૨)

ભાવાર્થ—સ્ત્રી રહિત સારા અથવા નરસા મકાનમાં આશ્રય મળતાં તેમાં તેણે રહેવું અને વિચારવું કે, 'મારે તો આમાં એક રાત રહેવું છે, તેમાં સુખ દુઃખ શું થવાનું છે?' (અર્થાત્ સમભાવ રાખવો) (૨૩)

ભાવાર્થ—કોઈ ગૃહસ્થ સાધુને દુર્વચન કહે, તો પણ તેણે તેના ઉપર ક્રોધ કરવો નહિ; તેને અજ્ઞાન બાળક જેવો સમજીને સાધુએ તેના ઉપર કોપ કરવો નહિ. (૨૪)

ભાવાર્થ—કઠોર કંટક સમાન ભાષા સાંભળીને, મૌન્ય ધારણ કરીને તેને કાંઇ હિસાબમાં ગણવી નહિ, અને એવી ભાષા બોલનાર ઉપર દ્વેષ કરવો નહિ. (૨૫)

ભાવાર્થ—સાધુને કોઇ માર મારે તો પણ તેણે કોપ કરવો નહિ, તેમજ મનથી પણ તેનું બૂરૂં ઇચ્છવું નહિ; પરંતુ

ક્ષમા એ ઉત્કૃષ્ટ ધર્મ છે એમ જાણીને દશવિધ યતિ ધર્મનું ચિંતવન કરવું. (૨૬)

ભાવાર્થ—કોઇ અન્યાય, સંયમમાં દ્રઢ અને જિતેંન્દ્રિય સાધુને માર મારે તો તેણે એમ વિચારવું કે 'એથી કાંઇ મારા આત્માનો નાશ થતો નથી.' (અર્થાત્-પણ જો શરીર નાશના અવસરે હું ક્રોધ કરીશ તો મારા ધર્મરૂપ જીવીતનો નાશ થશે એટલે મારો ધર્મ હારી જઇશ.) (૨૭)

ભાવાર્થ—સંકેતરહિત સાધુને યાચવાથી સર્વ વસ્તુ મળવી દોહિલી છે, તેમજ યાચન સિવાય કાંઇ મળી શકતું નથી. (૨૮)

ભાવાર્થ—ગૌચરીને વિષે ફરતા સાધુ તરફ (સર્વ દાતા, ગૃહસ્થનો ) હાથ હમેશાં ખુશીથી લંબાતો નથી; પણ તેથી સાધુએ એમ ન ધારવું કે આથી ગૃહસ્થાશ્રમ વધારે સારો. (૨૯)

ભાવાર્થ:—ગૃહસ્થને ઘેર તેમને માટે ભોજન તૈયાર થયું હોય તેમાંથી તેણે આહારને માટે માગી લેવું; આહાર મળે યા ન મળે તેને માટે પંડિત મુનિએ ખેદ કરવો નહિ. (૩૦)

ભાવાર્થ—"આજે કાંઈ આહાર ન મળ્યો, તો કાલે કાંઇ મળી રહેશે" જે સાધુ આ પ્રમાણે વિચાર કરે છે તેને અલાભ પરિસ્સહથી કાંઇ દુઃખ ઉપજતું નથી. (૩૧)

ભાવાર્થ:—જો મંદવાડ અથવા વેદના આવી પડે તો પીડાતા મુનિએ પ્રસન્ન મુખે મનને સ્થિર રાખવું અને રોગ પરીસ્સહ સહન કરવો. [૩૨]

ભાવાર્થ—રોગ ટાળવાના ઉપાયને માટે તેણે આતુર બનવું નહિ [ વૈદક સારવારની રાહ ન જોવી ]; પણ આત્માના ગવેષક સાધુએ આત્મહિત માટે પોતાનું ચારિત્ર પાળવું; પોતે રોગની ચિકિત્સા કરે નહિ અને બીજા પાસે કરાવે નહિ તે સાચો શ્રમણ [સાધુ] કહેવાય. [૩૩]

ભાવાર્થ—જો કે વસ્ત્ર રહિત અથવા અલ્પ વસ્ત્રવાળા, સંયમવંત, તપસ્વી સાધુને તૃણને વિષે સૂતાં બેસતાં શરીરે પીડા થાય છે, અને તાપ પડવાથી તેને અસહ્ય વેદના થાય છે, તો-

પણ તૃણ સ્પર્શથી પીડાવા છતાં જીન કલ્પી સાધુ વસ્ત્ર ભોગવતો નથી. (૩૪-૩૫)

ભાવાર્થ—ઉન્હાળાના તાપે કરીને શરીરે પરસેવો થાય, અથવા મેલ અને રજથી શરીર ભરાય તોપણ મર્યાદાવંત સાધુએ સુખ શાતાની હાનિ માટે શોચ કરવો નહિ. (૩૬)

ભાવાર્થ—કર્મનો ક્ષય કરવા અને સર્વોત્કૃષ્ટ ચારિત્ર ધર્મ પાળવા સાધુએ આ સઘળું સહન કરવું; અને શરીરનો નાશ થતાં સુધી કાયાએ મેલ ધારણ કરવો. (૩૭)

ભાવાર્થ—કોઇ ગૃહસ્થ સાધુને અભિવંદન કરે અથવા તેને આવતો જોઇને પોતાના આસનેથી ઉઠીને તેનું સન્માન કરે, અથવા ભિક્ષાને માટે આમંત્રણ કરે; આવી રીતે સત્કાર કરનાર તરફ સાધુએ અનુરાગ રાખવો નહિ. (૩૮)

ભાવાર્થ—ક્રોધ રહિત અલ્પ ઇચ્છાવાળો, અ તણ્યાને ત્યાંથી ( આપનારનું જાતિ, કૂળ, દ્રવ્ય વગેરે જાણ્યા સિવાય ) આહાર લેનાર, સ્વાદિષ્ટ ભોજનને માટે લાલચ રહિત, પ્રજ્ઞાવંત સાધુ રસ, સ્વાદની ઇચ્છા કરતો નથી અને પોતાનો સત્કાર ન થવાથી કોપ કરતો નથી. (૩૯)

ભાવાર્થ—પ્રજ્ઞાવંત સાધુ એમ જાણે છે કે નિશ્ચે મેં પૂર્વ જન્માન્તરે, જેનું ફૂળ અજ્ઞાન છે એવાં કૃત્યો કરેલાં હોવાં જોઇએ; કારણ કે કોઇ માણસ કોઇ સ્થાનકમાં કાંઇ સુગમ પ્રશ્ન મને પૂછે છે, તેનો ઉત્તર હું આપી શકતો નથી. (૪૦)

ભાવાર્થ—હવે વળી પૂર્વ જન્માંતરે કીધેલાં કૃત્યો, જેનું ફૂળ અજ્ઞાન છે; તેનું શુભાશુભ પરીણામ આગળ ઉપર આવશે; તે મારાં એ કૃત્યોનુંજ ફૂળ છે એમ માનીને મારા આત્માનું મારે આશ્વાસન કરવું જોઈએ, (૪૧)

ભાવાર્થ—મેં મૈથુનનો ત્યાગ કરેલો છે, અને ઇન્દ્રિઓને નિયમમાં રાખેલી છે, છતાં હું શુભ અને અશુભ ( ધર્મનો સ્વભાવ અને મોક્ષ નર્કનો હેતુ ) બરાબર જાણી શકતો નથી,

તો પછી મારો ત્યાગ અને સંયમ નિરર્થક જ છે. ( માટે જ્ઞાનને આવરણ કરનારાં કર્મનો મારે ક્ષય કરવો જોઇએ. ) (૪૨)

ભાવાર્થ—હું તપ કરૂં છું, સિદ્ધાંત ભણું છું અને દ્વાદશ વિધિએ સાધુ ધર્મ પાળું છું, છતાં જ્ઞાનાવર્ણિ કર્મ ટળતાં નથી. ( માટે જ્ઞાનને આવરણ કરનારાં કર્મ મારે ખપાવવાં જોઇએ.)(૪૩)

ભાવાર્થ—'પરલોક છેજ નહિ, તપ કરવાથી લબ્ધિરૂપ રિદ્ધિ પણ મળવાની નથી; આતો હું ઠગાઉં છું.' એવું ચિંત્વન સાધુએ કદિ કરવું નહિ. (૪૪)

ભાવાર્થ—'પૂર્વે સર્વજ્ઞ જિન થઇ ગયા છે, વર્તમાનકાળે (મહાવિદેહ ક્ષેત્રને વિષે) સર્વજ્ઞ જિન (કેવળી) છે, અને ભવિષ્ય કાળમાં સર્વજ્ઞ જિન થશે એમ જિનની હસ્તી કહેનાર, માનનાર જુઠા છે' એવું ચિંત્વન સાધુએ કરવું નહિ. (૪૫)

ભાવાર્થ—ઉપર કહ્યા તે બાવીસે પરીસ્સહ કાશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થએલા શ્રી મહાવીર ભગવાને પરૂપ્યા છે. એમાંના કોઇક પરીસ્સહથી કોઈક સ્થાનકને વિષે પીડાવા છતાં ધીરજવાન સાધુએ પોતાના સંયમનો ભંગ કરવો નહિ. (૪૬)

## અધ્યયન ૩ જું—મોક્ષનાં ચાર અંગ.

ભાવાર્થ—આ સંસારમાં મનુષ્યને પરમ ઉત્કૃષ્ટ, મોક્ષ સાધનના ઉપાયરૂપ ચાર વસ્તુ પ્રાપ્ત થવી દુર્લભ છે:—૧ મનુષ્ય જન્મ, ૨ ધર્મનું શ્રવણ, ૩ ધર્મ ઉપર શ્રદ્ધા; અને ૪ ચારિત્ર ( સંયમ ) ને વિષે વીર્ય-સ્ફોરણ ( ઉત્સાહ ) (૧)

ભાવાર્થ—જગત અનેક જીવોથી ભરપૂર છે.તેમાં જીવ જૂદા જૂદા ગોત્ર અને વિવિધ પ્રકારના કર્મે કરીને ઉત્પન્ન થાય છે. (૨)

ભાવાર્થ—જીવ પોતાની કરણીએ કરીને કોઈવાર દેવલોક જાય છે, કોઇ વાર નર્કે જાય છે અને કોઇવાર અસુર યોનિમાં ઉપજે છે, ( અર્થાત્-જેવાં કર્મ જીવે કર્યાં હોય તેવી ગતિએ જાય છે ) (૩)

ભાવાર્થ—કોઇવાર જીવ મરીને ક્ષત્રી થાય છે, તેમજ ચાંડાળ અને બુક્કસ પણ થાય છે; અથવા તો કીડા, પતંગિયાં

અથવા કુંથુ અને કીડી થાય છે. (૪)

ભાવાર્થ—એવી રીતે અધમ પ્રાણી જીવ યોનિને વિષે પરિભ્રમણ કરવા છતાં ઉદ્વિગ્ન થતાં નથી. જેમ ક્ષત્રી યુદ્ધથી અને રાજ્ય રિદ્ધિથી સંતોષ પામતો નથી, તેમ એ જીવ સંસારમાં ફરતાં સંતોષ પામતો નથી. (૫)

ભાવાર્થ—કર્મે કરીને મૂઢ થઇ ગએલા જીવ દુઃખી થાય છે અને ( સંસારમાં ફરતાં ) ઘણી વેદના સહન કરે છે, અને અમાનુષિક (નારકી, તીર્યંચ) ગતિને વિષે ઘણું દુઃખ વેઠે છે. (૬)

ભાવાર્થ—પણ અશુભ કર્મનો નાશ થવાથી, કદાચિત અનુક્રમે ફરતાં ફરતાં, શુભ કર્મનો ઉદય થવાથી જીવ નિર્મળ થઇને, મનુષ્ય ગતિમાં આવે. (૭)

ભાવાર્થ—કદાચ મનુષ્ય દેહ મળે તો પછી ધર્મનું શ્રવણ દુર્લભ થઇ પડે છે; જે ધર્મનું શ્રવણ કરવાથી જીવ તપ, ક્ષમા દયા આદિ અંગિકાર કરી શકે છે. (૮)

ભાવાર્થ—કદાચિત ધર્મનું શ્રવણ કર્યું, તોપછી ધર્મ ઉપર શ્રદ્ધા ધરવી પરમ દુર્લભ થઇ પડે છે; અને ઘણાંજીવ શુદ્ધ માર્ગ ( જિન ધર્મ ) સાંભળીને અંગિકાર કર્યા પછી તે થકી ભ્રષ્ટ થાય છે (-જમાલીની પેઠે ). (૯)

ભાવાર્થ—જીવે કદાચ ધર્મનું શ્રવણ કર્યું, તે સાંભળીને તે ઉપર તેની શ્રદ્ધા બેઠી, તો પછી ઉત્સાહથી ચારિત્ર પાળવું દુર્લભ થઇ પડે છે. ( શ્રેણીકની પેઠે ). ઘણાં જીવ જાણે છે કે ધર્મ તો સારો, પણ પળાતો નથી. (૧૦)

ભાવાર્થ—મનુષ્યપણું પામીને, ધર્મનું શ્રવણ કરીને, તે ઉપર શ્રદ્ધા રાખીને, તપ, જપ ( ચારિત્ર ) ને વિષે વીર્યબળ દાખવીને સાધુ પુરૂષે આશ્રવદ્વારને રૂંધવું જોઇએ અને કર્મરૂપી મેલને ફેડવો જોઇએ (૧૧)

ભાવાર્થ—માયા-રહિતને નિર્મળતા પ્રાપ્ત થાય છે; અને નિર્મળ [ પુરૂષ ] શુદ્ધ ધર્મને વિષે દ્રઢ રહે છે; અને ઘીથી સીંચાયેલો અગ્નિ જેમ નિર્મળ દેખાય છે, તેમ જીવ નિર્મળ

[ કર્મ-રહિત ] થઈને પરમ ઉત્કૃષ્ટ નિર્વાણને પામે છે. (૧૨)

ભાવાર્થ—કર્મના હેતુ ( મિથ્યાત્વ આદિ દૂર કરીને ક્ષમાથી યશ ઉપાર્જન કર. આ પ્રમાણે વર્તનાર પુરૂષ પાર્થિવ [ ઉદારિક ] શરીર ત્યાગીને ઉર્ધ્વ દિશામાં [ ઉંચા દેવ લોકમાં ] જાય છે. (૧૩)

ભાવાર્થ—સદ્‌ગુણોથી શોભતા યક્ષ લોક [ દેવતા ] તપ, જપ આદિ ક્રિયાએ કરીને એક એકથી ચઢીઆતા નિર્માણ થએલા વિમાન ( દેવલોક ) ને વિષે જાય છે, અને ચંદ્ર, સૂર્યની પેઠે તેજથી દેદીપ્યમાન [ દીપતા ] જણાય છે, અને તેઓ પોતાના મનથી એમ નથી માનતા કે અમારે અહિંથી ચવીને કદી નીચે જવું પડશે. (૧૪)

ભાવાર્થ—દેવતાઇ સુખ ભોગવતાં અને પોતાની ઇચ્છા પ્રમાણે નવાં નવાં રૂપ ધારણ કરતાં, તેઓ [ યક્ષ લોકો ] ઉંચા દેવ લોકને વિષે અસંખ્ય પૂર્વનું આયુષ્ય ભોગવે છે. (૧૫)

ભાવાર્થ—તેઓ [ યક્ષો ] તે સ્થાનક [ દેવલોક ] ને વિષે પોતાનું આયુષ્ય પુરૂં કરીને, પોતાના અવશેષ પૂણ્ય કર્મ બાકી રહ્યાં હોય તે ભોગવવા દશાંગ મનુષ્ય યોનીમાં જન્મે છે. (૧૬)

ભાવાર્થ—ક્ષેત્ર અને ગૃહ, સુવર્ણ, પશુ અને દાસ તથા સેવકો એ ચાર કામ સ્કન્ધ ( ચાર પ્રકારની દોલત ) જ્યાં હોય એવા સકુળમાં એ પુણ્યાત્મા જન્મ લે છે. [૧૭]

ભાવાર્થ:—મિત્ર, સ્વજન, ઉચ્ચગોત્ર, સદ્વર્ણ (સુંદર શરીર), આરોગ્ય બુદ્ધિ, (પ્રજ્ઞા), વિનય, યશ અને બળને તે પામેછે. (૧૮)

ભાવાર્થ—મનુષ્ય ભવનાં એવાં અનુપમ સુખ જાવ જીવ (જીંદગી પર્યંત)ભોગવીને પૂર્વજન્મના વિશુદ્ધ સદ્ધર્મ (ચારિત્ર) ને અંગે યથાકાળે, તે પાછો શુદ્ધ સમકિત લઇ પ્રતિબુઝે. (૧૯)

ભાવાર્થ—ચાર અંગ ધર્મ પ્રાપ્ત કરવાં દુર્લભ છે એમ જાણીને તે સંયમનું પ્રતિપાદન (ધારણ) કરે છે; અને બારે ભેદે તપથી કર્મ રજને દૂર કરીને તે શાશ્વત સિદ્ધ થાય છે.(૨૦)

## અધ્યયન ચોથું.

ભાવાર્થ—આયુષ્ય તૂટયા પછી સાંધી શકાતું નથી. (જીંદગી લંબાવી શકાતી નથી); માટે હે ભવ્ય જીવ! પ્રમાદ ન કર. જરા પ્રાપ્ત થયા પછી કોઈનું શરણ રહેશે નહિ, તેનો વિચાર કર. જે પ્રમાદી મનુષ્યો જીવ હિંસા કરે છે અને ઇન્દ્રિઓને વશ રાખી શકતા નથી તેઓ કોને શરણે જશે? (૧)

ભાવાર્થ—જે મનુષ્યો કુમતિ ગ્રહણ કરીને પાપ કર્મથી (દગા કપટથી) ધન ઉપાર્જન કરે છે, તે ધન છાંડીને (સ્ત્રી, પુત્ર, કલત્રાદિ) પાસમાં ફસાઇ ઘણાં પાપ કરીને, અને ઘણા જીવથી વૈર બાંધીને નરકે જાય છે. (૨)

ભાવાર્થ—જેમ કોઇ ચોર ખાતર પાડતાં ખાતરને મોઢેજ પોતે કરેલાં પાપ કર્મથીજ (ખોદેલી ભીંત તૂટી પડવાથી) દબાઇ મરે છે; તેમ હે લોકો! આ લોક અને પરલોકે કરેલાં કર્મના ફળ ભોગવ્યાં વિના છૂટકો નથી. (૩)

ભાવાર્થ—કોઇ મનુષ્ય સંસારને વિષે પોતાના [ મિત્ર, પુત્ર, કલત્ર, બાંધવાદિ ] અર્થે અથવા પારકાને અર્થે કાંઈ કૃત્ય કરે છે તે કર્મ ફળના વિપાક સમયે [ ફળ ભોગવવા ટાણે ] સગા સગાપણું સાચવતા નથી પણ અળગા જઇને ઉભા રહે છે. [ અર્થાત્-પોતાની કમાઇ જીવને પોતાનેજ ભોગવવી પડે છે] (૪)

ભાવાર્થ—વિત્ત અથવા દ્રવ્યથી આ લોકે કે પરલોકે પ્રમાદી પુરૂષ પોતાનું રક્ષણ કરી શકતો નથી. જેમ કોઇ મનુષ્ય હાથમાં દીવો લઇને (રસ કુપિકા લેવા માટે) જાય, પણ દીવો બુઝાઇ જવાથી જેમ તેને માર્ગ ન સુઝે, તેમ જીવે મુક્તિ માર્ગ દીઠેલો છે, પણ મોહની કર્મને લીધે તે દીઠો અણદીઠો થઈ જાય છે. [૫]

ભાવાર્થ—મૂર્ખ લોક [દ્રવ્યે અને ભાવે] નિદ્રામાં સૂતા છે, પણ પંડિત એવી નિદ્રાનો ત્યાગ કરે છે. પ્રજ્ઞાવંત પારકે વિશ્વાસે રહેતા નથી; [પારકી આશા પણ રાખતા નથી] સદા જાગૃત રહે છે, કારણ કે કાળ અઘોર છે, અને શરીર દુર્બળ છે, ભારંડ પક્ષીની માફક તે સદા અપ્રમત્ત-જાગૃત રહે છે. [૬]

ભાવાર્થ:—સાધુ પાપથી સંકોચાઇને સંયમ માર્ગે સંભાળથી વિચરે છે અને સંસારનાં કામકાજ અને ગૃહસ્થીના પરિચયને પાસરૂપ માને છે. જ્યાં સુધી જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનો લાભ પ્રાપ્ત થાય ત્યાં સુધી સંભાળપૂર્વક જીવિત ધારણ કરવું. પછીથી પ્રજ્ઞા બુદ્ધિએ કરીને સર્વ વસ્તુનો ત્યાગ કરી, અણસણ લઇ, પાપરૂપ મળને ફેડવો. (૭)

ભાવાર્થ:—સ્વચ્છંદતાનો નિરોધ કરવાથી સાધુ મોક્ષે જાય છે. જેમ સુશિક્ષિત કવચધારી અશ્વ (અસ્વારની સુચના મુજબ ચાલે તો) યુદ્ધમાં શત્રુને જીતી આવે છે (તેમ સાધુ પણ ઇચ્છાને રૂંધે તો મોક્ષ પામે છે). જે સાધુ પૂર્વકાળમાં (જુવાનીમાં) અપ્રમત્ત રહીને વિચરે તે સાધુ જલદીથી મોક્ષે જાય છે. (૮)

ભાવાર્થ:—પૂર્વકાળમાં અપ્રમત્તત્વ પ્રાપ્ત ન થયું તો તે પશ્ચાત કાળમાં થશે. (અર્થાત-હમણાં તો ખાઉં, પીઉં, પછી મરણકાળે ધર્મ કરીશ) એવો વાદ શાશ્વતવાદી આયુષ્યના ધણીને શોભે, પણ જેમ જેમ આયુષ્ય શિથિલ થતું જાય છે, અને મરણકાળ નિકટ આવતો જાય છે, તેમ તેમ તેવા મનુષ્યોને દુઃખ ઉપજે છે. (કે મેં ધર્મ ન કર્યો, હવે મારી શી ગતિ થશે ?) (૯)

ભાવાર્થ:—પ્રાણી મરણ સમયે એકદમ ત્યાગરૂપ વિવેક પાળી શકે નહિ; તેટલા માટે કામ ભોગ છાંડીને ધર્મને વિષે ઉદ્યમ કરવો, આ લોકનું સ્વરૂપ ઓળખવું, જ્ઞાની પુરૂષની માફક (શત્રુ, મિત્ર તરફ) સમભાવ રાખવો, આત્માનું રક્ષણ કરવું અને કદિ પ્રમાદ કરવો નહિ. (૧૦)

ભાવાર્થ:—જે શ્રમણ (સાધુ) વારંવાર મોહીની કર્મને જીતે છે અને સંયમ માર્ગે વિચરે છે તેને નાના પ્રકારના બાહ્ય સ્પર્શ દુઃખ નડે છે, છતાં સાધુએ મનમાં તેનો હર્ષ-શોક કરવો નહિ. (૧૧)

ભાવાર્થ:—એવા પ્રકારના સ્પર્શ બુદ્ધિને મૂઢ કરી નાંખે છે અને ઘણાને લોભાવે છે, માટે તે (સ્ત્રી-સ્પર્શ વગેરે) તરફ

લક્ષ લગાડવું નહિ. માયાથી દૂર રહેવું, ક્રોધ કરવો નહિ, માનને ફેડવું અને લોભને ટાળવો. (૧૨)

ભાવાર્થ:—જે મિથ્યાત્વી (અન્યધર્મી) સદા રાગ દ્વેષને લીધે પરવશ પડેલા છે અને તેમાં સદાકાળ મચ્યા રહે છે, એવાઓને અપવિત્ર માની તેમનો અનાદર કરવો અને શરીર પડતાં સુધી જ્ઞાન મેળવવાની આકાંક્ષા રાખવી. ( અથવા સંયમ-ધર્મને વિષે પ્રવર્તવું. ) (૧૩) ચોથું અધ્યયન સંપૂર્ણ.

## અધ્યયન પાંચમું.

ભાવાર્થ—આ સંસાર સમુદ્ર જેના મહાન પ્રવાહથી ( જન્મ-મરણથી ) પાર ઉતરવાનું કામ અતિ કઠિન છે, તેના સામા તીરે માત્ર એકજ મહા પુરૂષ ( તીર્થંકર ) પહોંચ્યા છે ( અર્થાત્-જન્મ મરણથી મુક્ત થયા છે. ) અને તે મહા બુદ્ધિવંત પુરૂષે નીચેના પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. (૧)

ભાવાર્થ:—પ્રત્યક્ષ રીતે બે પ્રકારે જીવ મરણાવસ્થાને પ્રાપ્ત થાય છે. ૧ અકામ મરણ, અને ૨ સકામ મરણ (૨)

ભાવાર્થ:—મૂર્ખ અને વિવેક રહિત મનુષ્યને અકામ મરણ વારંવાર પ્રાપ્ત થાય છે; પંડિત અને ધાર્મિક પુરૂષને સકામ મરણ એકજવાર પ્રાપ્ત થાય છે. (૩)

ભાવાર્થ—અકામ અને સકામ મરણમાં પ્રથમ અકામ મરણ વિષે શ્રી મહાવીર દેવે કહ્યું છે કે કામભોગને વિષે મચ્યો રહીને મૂર્ખ માણસ અતિ ક્રૂર હિંસાદિક કર્મ કરે છે. (૪)

ભાવાર્થ:—જે મનુષ્ય કામભોગને વિષે આસક્તિ રાખે છે, તે કુટિલતાની જાળમાં ફસાય છે, [ જુઠું બોલે છે અને ક્રૂર કર્મ કરે છે ]. તે એમ માને છે કે, 'પરલોક તો મેં જોયું નથી, પણ કામભોગાદિ સુખ તો પ્રત્યક્ષ દેખાય છે.' (૫)

ભાવાર્થ:—' એ કામભોગ અત્યારે મારા હાથમાંજ છે, ' પણ ભવિષ્યનાં સુખ તો અનિશ્ચિત છે; પરલોક છે કે નહિ એ કોણ જાણે છે ? (૬)

ભાવાર્થ:—એવો લંપટ બડાઈ કરે છે કે, ' જેવી ગતિ

બીજાની થશે એવી મારી પણ થશે,' પણ એવા મૂર્ખ માણુસ કામભોગના રાગે કરીને અંતે કલેશ [દુઃખ] પામે છે. (૭).

ભાવાર્થઃ—આવી અજ્ઞાનતાથી એ મૂર્ખ માણુસ ત્રાસ અને સ્થાવર જીવને દુઃખ દેવાનું આરંભે છે અને નિરર્થક કાર્યને અર્થે ઘણા જીવોનો નિરર્થક વધ કરે છે. [૮]

ભાવાર્થઃ—એવા મૂર્ખ માણુસ હિંસા કરે છે, મૃષાવાદ [જુઠું] બોલે છે, કપટ આદરે છે, પારકી નિંદા કરે છે, ઠગબાજી રમે છે, મદ્ય માંસ સેવે છે, અને એમ માને છે કે આ બધું હું બહુ સારૂં કરૂં છું. [૯]

ભાવાર્થઃ—જેમ અળસીઆં માટી ખાય છે, માટીમાં રહે છે અને અંતે માટીમાંજ સૂકાઇને મરે છે તેમ કાયે અને વચને કરીને ઉન્મત્ત તથા દ્રવ્ય અને સ્ત્રીને વિષે લુબ્ધ માણુસ, રાગદ્વેષ કરીને બન્ને પ્રકારે (મનથી અને કાયાથી) પાપ બાંધે છે. [૧૦]

ભાવાર્થઃ—પછી તે ગ્લાનિ પામે છે અને રોગથી ઘેરાય છે; અને પોતાનાં દુષ્ટ કર્મનું ચિંત્વન કરતો તે પરલોકથી ડરે છે. [ ૧૧ ]

ભાવાર્થઃ—નરકનાં સ્થાન, અને પાપી જીવની ગતિ ( એ બન્ને ) વિષે મેં સાંભળ્યું છે; જ્યાં ક્રૂર કર્મ કરનાર મૂર્ખ માણુસને દારૂણ દુઃખ વેઠવાં પડે છે. [૧૨].

ભાવાર્થઃ—પછી તે પોતે ઉપાર્જેલાં કર્મ પ્રમાણે જન્મ ધારણ કરવાને માટે [નરકના] ઉત્પત્તિસ્થાનમાં જાય છે અને ત્યાં પશ્ચાતાપ કરે છે, [ કે અરેરે! મેં બહુ ભુંડું કર્યું ]. એમ મેં [ શ્રી મહાવીર દેવ પાસેથી ] સાંભળ્યું છે. [૧૩]

ભાવાર્થઃ—જેમ કોઇ ગાડીવાન રાજમાર્ગ [ ધોરી સડકનો રસ્તો ] જાણુવા છતાં તે છોડીને વિષમ માર્ગે ગાડું ચલાવે છે, અને પછી ગાડાની ધરી ભાંગી જવાથી શોચ કરે છે, તેમ જે મૂર્ખ માણુસ શ્રી તીર્થંકર દેવનો ભાખેલો ધર્મ છોડીને અધર્મ માર્ગ અંગીકાર કરે છે તે મરણુકાળે ( ધરી ભાંગવાથી જેમ ગાડીવાન શોચ કરતો હતો તેમ ) શોચ કરે છે. (૧૪-૧૫)

ભાવાર્થઃ—પછી જ્યારે મરણનો સમય આખરે આવી પહોંચે છે ત્યારે તે મૂર્ખ ભયથી કંપે છે, અને તે 'અકામ મરણે' મરે છે અને દાવ (દ્યુત દોષ) થી જીતાયેલો જુગારી જેમ શોચ કરે છે તેમ તે પાપી જીવ (તક ગુમાવવાથી) શોચ કરે છે. (૧૬)

ભાવાર્થઃ—મૂર્ખનું અકામ મરણ (બાલ મરણ) આ પ્રમાણે સમજાવ્યા પછી હવે ડાહ્યા પુરૂષના સકામ મરણ (પંડિત મરણ) વિષે કહું છું તે સાંભળો. (૧૭)

ભાવાર્થઃ—પુણ્યવંત મનુષ્યો જે સંયમથી પોતાના આત્માને અને વિકારોને વશ રાખી શકે છે તેવા પંડિતનું સકામ મરણ વ્યાકુળતા અને વિઘ્ન રહિત હોય છે, એમ મેં ગુરૂ મુખેથી સાંભળ્યું છે. (૧૮)

ભાવાર્થઃ—એવું મરણ સઘળા સાધુને તેમજ સઘળા ગૃહસ્થને પ્રાપ્ત થતું નથી. કારણ કે ગૃહસ્થના આચાર વિવિધ પ્રકારના હોય છે અને સાધુના આચાર અતિ વિષમ છે. (૧૯)

ભાવાર્થઃ—કોઇ કોઇ સંસારી કેટલાક [નામધારી] સાધુ કરતાં સંયમ શ્રેષ્ટ હોય છે. પણ [ખરા] સાધુ સઘળા સંસારી કરતાં સંયમમાં ઉત્કૃષ્ટ હોય છે. (૨૦)

ભાવાર્થઃ—ચીર, વલ્કલ, મૃગચર્મ ધારણ કરવાથી, યા તો નગ્ન રહેવાથી, જટા રાખવાથી, કંથા ધારણ કરવાથી, માથું મુંડાવવાથી અને એવાં એવાં બાહ્ય આચાર-નિશાનો ગ્રહણ કરવાથી કાંઇ દુરાચારી કુમાર્ગી [સાધુ] પોતાને દુર્ગતિથી બચાવી શકતા નથી. (૨૧)

ભાવાર્થઃ—દુઃશીલ ભિક્ષા માગીને આજીવિકા કરે પણ અનાચાર સેવે અને પાપકર્મ વર્જે નહિ તો તે નરકથી છુટે નહિ; પણ પવિત્ર વર્તન રાખનાર (પોતાનાં વ્રત રૂડી રીતે પાળનાર) સાધુ હોય કે સંસારી હોય પણ સ્વર્ગે જાય છે. (૨૨)

ભાવાર્થઃ—શ્રદ્ધાવંત શ્રાવકે સામાયિકના અંગ કાયાએ કરીને પાળવા જોઇએ. શુકલ અને કૃષ્ણ પક્ષમાં (આઠમ, પાખી વગેરેના) શુદ્ધ ભાવે પોષા કરવા જોઇએ. કોઇ દિવસ તે કર-

વાનું ચૂકવું ન જોઇએ. (૨૩)

ભાવાર્થ:—આ રીતે શિક્ષા ગ્રહણ કરીને જે કોઇ ગૃહવાસમાં ( ગૃહસ્થાશ્રમમાં ) રહીને પણ સુવ્રત પાળે છે તે ઔદારિક શરીર છાંડીને યક્ષ લોકમાં જાય છે. (૨૪)

ભાવાર્થ:—પોતાના આત્માને સંવરે કરીને વશ રાખનાર સાધુ એમાંથી એક ગતિને પ્રાપ્ત થાય છે; કાંતો સર્વ કર્મનો ક્ષય કરીને તે સિદ્ધ થાય છે ( મોક્ષે જાય છે ); અથવા ( જુજ કર્મ બાકી રહ્યાં હોયતો ) મહા રિદ્ધિવાન દેવતા થાય છે. (૨૫)

ભાવાર્થ:—અનુત્તર વિમાન જ્યાં મોહની કર્મ રહેલાં નથી, જે જ્યોતિ ( તેજ ) થી ભરપૂર છે, જ્યાં યશસ્વી દેવતાઓનો વાસ છે, તેઓ દીર્ઘાયુષી, રિદ્ધિવંત, સમૃદ્ધિવાન, અતિ તેજસ્વી છે, જેઓ નવાં નવાં રૂપ ધારણ કરીને સુખ ભોગવે છે, તત્કાળ ઉપજ્યા હોય એવું [ તરતના જન્મેલા બાળકના જેવું ] જેનું સ્વરૂપ છે, જેની અનેક સૂર્યના જેવી કાન્તિ છે; એવા દેવલોકને વિષે હરકોઇ ત્યાગી અથવા ગૃહસ્થ, જેણે બારે ભેદે તપ અને સત્તરે ભેદે સંયમ પાળ્યો હોય અને પોતાના આત્માને વશ રાખ્યો હોય, તે જઇ શકે છે. ( ૨૬-૨૭-૨૮ )

ભાવાર્થ:—જે પુજ્ય સાધુ પુરૂષો પોતાના આત્માને વશ રાખે છે અને દૃઢ સંયમ પાળનારા છે તેમની પાસેથી આ ( બોધ ) સાંભળ્યા પછી, બહુ શ્રુત અને શીલવંત પુરૂષો મરણ કાળે ભય પામતા નથી. (૨૯)

ભાવાર્થ:—બુદ્ધિવાન પુરૂષ ( બન્ને પ્રકારના મરણનું ) તોલ ( પરીક્ષા ) કરીને અને ( સકામ અને અકામ મરણ ) એમાંથી વધારે સારૂં હોય તે પસંદ કરીને, દયા, ધર્મ, ક્ષમાદિ આદરે તો તે ( મરણકાળે ) પોતાના આત્માને શાન્ત અને ક્ષમાશીલ રાખી શકે છે. (૩૦)

ભાવાર્થ:—મરણ કાળ પ્રાપ્ત થાય ત્યારે શ્રદ્ધાવંત સાધુએ પોતાના ગુરૂની સમીપે મરણ-ભયને ત્યાગીને ( હર્ષ-શોક તજીને ) શરીર ત્યાગ ( દેહ-ક્ષય ) ને ઇચ્છવો. (૩૧)

ભાવાર્થઃ—દેહ ત્યાગ કરવાનો સમય આવી પહોંચે ત્યારે પ્રજ્ઞાવાન પુરૂષને ત્રણમાંથી એક પ્રકારે સકામ મરણ પ્રાપ્ત થાય છે. (૩૨) પાંચમું અધ્યયન સંપૂર્ણ.

## અધ્યયન છઠું.

ભાવાર્થઃ—જે મનુષ્યો તત્વના અજાણ છે તે સઘળા દુઃખના વિભાગી થાય છે. અનન્ત સંસારમાં તે મૂઢ પુરૂષો અનેક પ્રકારની પીડા પામે છે. (૧)

ભાવાર્થ—પુત્ર કલત્રાદિ મોહપાસ અને ( એકેન્દ્રિયાદિ ) યોનિમાં ભ્રમણનું સ્વરૂપ સમજીને, તત્વજ્ઞ પુરૂષ પોતાના આત્માને સંયમને વિષે સ્થાપે છે, અને સર્વ જીવ તરફ મિત્રભાવ રાખે છે. (૨)

ભાવાર્થઃ—( તે એમ વિચારે છે કે )-માતા, પિતા, પુત્રવધુ, ભ્રાતા, ભાર્યા અને પુત્રાદિ જ્યારે હું મારાં પોતાનાં કર્મને લીધે દુઃખ ભોગવીશ ત્યારે તે થકી, તેમાંનું કોઇ મારૂં રક્ષણ કરવાને સમર્થ થશે નહિ. (૩)

ભાવાર્થઃ—આ સત્ય તત્ત્વરૂપી અર્થ બુદ્ધિવાન પુરૂષે સમ્યગ્ દ્રષ્ટિથી વિચારવો-સ્મરવો; મિથ્યાત્વ અને સ્નેહને છાંડીને પૂર્વ પરિચયનાં [ ગૃહસ્થાશ્રમનાં ] સુખ યાદ ન કરવાં. (૪)

ભાવાર્થઃ—ગાય, અશ્વ, મણિ, કુંડલ, પશુ, દાસ, સેવક ઇત્યાદિ સર્વ વસ્તુ છાંડવાથી [ હે શિષ્ય ! અથવા હે જીવ ! ) તું સ્વેચ્છારૂપધારી દેવતા થઇશ. [૫]

ભાવાર્થ—સ્થાવર પરિગ્રહ [ ઘર, હાટ વિગેરે ] અને જંગમ પરિગ્રહ ( ધન, ધાન્ય વિગેરે ) જીવને પોતાનાં કર્મનાં દુઃખથી મૂકાવવાને સમર્થ નથી. [૬]

ભાવાર્થ—સર્વ પ્રકારનાં સુખ દુઃખ સૌ સૌના આત્માનેજ લાગુ પડે છે. માટે પ્રાણીમાત્રને પોતપોતાનો જીવ વહાલો છે એમ જાણીને કોઇ જીવને હણવા નહિ; અને તેમને ભય ઉપજાવવાથી તથા તેમના ઉપર વેર લેવાથી સાધુએ દૂર રહેવું. [૭]

ભાવાર્થઃ—અદત્તને નર્કના હેતુ જાણીને સાધુએ અણદીધું

તૃણ માત્ર પણ લેવું નહિ; શરીરના નિભાવઅર્થે કાષ્ઠ પાત્રમાં ગૃહસ્થનો દીધેલો સુઝતો આહાર જમવો. [૮]

ભાવાર્થ—આ સંસારમાં કેટલાક [ કપીલાદિ જ્ઞાનવાદીઓ ] એમ માનેછે કે 'હીંસાદિક પાપકર્મ તજ્યાવિના પણ પોતાના મતના આચાર પાળવાથીજ સર્વ દુઃખથી મુકત થવાય છે. [૯]

ભાવાર્થઃ—આ જગતમાં કેટલાક એમ માને છે કે જ્ઞાન-થીજ મુકિત છે, ક્રિયાની કાંઈ જરૂર નથી. એવા મનુષ્યો બન્ધ મોક્ષના સાધનનો સ્વીકાર કરવા છતાં તે પ્રમાણે ક્રિયા કરતા નથી, અને માત્ર વચનના આડમ્બરથી પોતાના આત્માને આ-શ્વાસન આપે છે. [૧૦]

ભાવાર્થ—[ પણ જ્ઞાનનો અહંકાર રાખનાર એમ નથી જાણતા કે ] ભાષા જ્ઞાન જીવને નરકે જતો બચાવી શકશે નહિ. વિદ્યા-પઠન [ ન્યાય, મીમાંસા વગેરે ] માત્ર જીવનું પાપથી ર-ક્ષણ શી રીતે કરી શકે ? પાપ કર્મને વિષે મચ્યા રહેનાર મૂર્ખ માણસો પાપમાં ઉંડાને ઉંડા ડુબતા જાય છે તો પણ પોતાને પંડિત માની બેસે છે. [૧૧]

ભાવાર્થ—જે પ્રાણી મન, વચન અને કાયાએ કરીને શરીર વર્ણ અને રૂપને વિષે આસકત રહે છે તે દુઃખી થાય છે. [૧૨]

ભાવાર્થઃ—તેઓ આ અંતરહિત સંસારમાં લાંબે માર્ગે ભવ-ભ્રમણ કરે છે; માટે સાધુએ ગતાગતનું સ્વરૂપ ઓળખીને સંસારમાં પાપ કર્મથી દૂર રહીને વિચરવું. [૧૩]

ભાવાર્થઃ—સંસારથી અતિ ઉત્તમ જે મોક્ષ [ મુકિત ] તે મેળવવા મનોરથ કરીને રિદ્ધિ વિષયાદિકની કદિ વાંચ્છના કરવી નહિ; પણ પૂર્વ કર્મના ક્ષયને અર્થે કાયા નિભાવવી. [૧૪]

ભાવાર્થઃ—કર્મ બન્ધનનાં કારણ દૂર કરવાં અને અવસરે [ યોગ્ય કાળે ] સ્વક્રિયા-અનુષ્ઠાન કરતાં વિચરવું [ અવસરજ્ઞ થવું ] આહાર પાણીની માત્રા [ કેટલું વ્હોરવું તે ] જાણીને, ગ્રહસ્થે પોતાને માટે બનાવ્યો હોય તેવો સૂઝતો આહાર લેવો.[૧૫]

ભાવાર્થ:—સાધુએ અન્નાદિકનો મુદ્દલ સંગ્રહ કરવો નહિ; પાતરાને લેપ થાય એટલું ઘી વગેરે રાખવું નહિ. પણ પક્ષી જેમ પત્ર [ પાંખ ] એકઠી કરીને ઉડે છે, તેમ સાધુએ પાત્ર [ પાતરાં ] એકઠાં કરીને કશી પણ અપેક્ષા રાખ્યા સિવાય વિચરવું.

ભાવાર્થ:—લજ્જાવાન સાધુ નિર્દોષ આહાર વ્હોરતો સંયમ માર્ગે વિચરે છે, અને ગામ યા નગરમાં નિત્ય [ સ્થિર ] વાસ કરતો નથી; અને પ્રમાદી ગૃહસ્થના સમુહમાં અપ્રમાદી રહીને સૂઝતો આહાર ગ્રહણ કરે છે. [૧૭]

ભાવાર્થ:—સર્વોત્કૃષ્ટ જ્ઞાની, સર્વાધિકદર્શી અને અનુત્તર જ્ઞાન, દર્શનના ધારણ કરનાર અરિહંત જ્ઞાતપુત્ર વૈશાલિક [ સિદ્ધાર્થ અને ત્રિશલાના પુત્ર ] શ્રી મહાવીર ભગવાને આ પ્રમાણે કહ્યું છે. [૧૮] છઠ્ઠું અધ્યયન સંપૂર્ણ.

## અધ્યયન સાતમું.

ભાવાર્થ:—પરોણાને નિમિત્તે કોઇ [ માંસાહારી ] માણસ મેંઢાને ઉછેરે, તેને જવ, મગ, મઠ વિગેરે ખવડાવે છે અને પોતાના ઘરના આંગણે તેને પાળી પોષીને પુષ્ટ કરે. [૧]

ભાવાર્થ:—પછી જ્યારે તે રાતો માતો, મોટા પેટવાળો અને પુષ્ટ શરીરવાળો થાય ત્યારે ઘરનો ધણી એમ ઈચ્છે છે કે હવે પરોણો આવે તો સારૂં. [૨]

ભાવાર્થ:—જ્યાં સુધી પરોણો ન આવે ત્યાં સુધી તે બિચારૂં પ્રાણી ( માંસાહારીને ઘેર ) જીવવા પામે છે, પણ પરોણો આવ્યો કે તરતજ તેનું માથું છેદાય છે અને તે ખવાય છે. [૩]

ભાવાર્થ:—જેવી રીતે પરોણાની ખાતર મેંઢાનું સારી રીતે પાલનપોષણ થાય છે, તેવી રીતે મૂર્ખ અને અજ્ઞાની મનુષ્યો નરકની જીંદગી માટે પાપોનું પોષણ કરે છે. (૪)

ભાવાર્થ:—એવો પ્રાણઘાતક મૂર્ખ માણસ જીવહિંસા કરે છે, મૃષાવાદ બોલે છે, વાટપાડુનો ધંધો કરે છે, ચોરી કરે છે, અદત્તાદાન લે છે અને કોઇનું ધન હરવાનું ચિંત્વન મનમાં કર્યા કરે છે. (૫)

ભાવાર્થઃ—તે મૂર્ખ, સ્ત્રી અને વિષયમાં લુબ્ધ રહે છે, મહા આરમ્ભ અને પરિગ્રહમાં મચ્યો રહે છે, મદ્ય પીએ છે, માંસ ખાય છે અને મસ્ત બનીને અન્યને દમે છે. (૬)

ભાવાર્થઃ—તેવા [ વિષયાસકત ] અન્ન માંસ અતિ સ્વાદથી ખાય છે, તેનું ઉદર પ્રૌઢ થાય છે, તેની નાડોમાં લોહી ઉછાળા મારે છે, પણ મેંઢો જેમ અંતે પરોણાને માટે હણાય છે તેમ તેને અંતે નરકનું આયુષ્ય પ્રાપ્ત થાય છે. (૭)

ભાવાર્થ—સુખાસન, છત્તર પલંગ, ગાડી ઘોડા, દ્રવ્ય કામભોગાદિ ભોગવીને, મહા મહેનતે ઉપાર્જન કરેલા ધનનો વ્યય કરીને, અનેક પાપ રૂપી મળ ભેગો કરીને, આ જગનેજ સર્વસ્વ સમજીને, ભારેકર્મી જીવ, જેમ મેંઢો, પરોણો આવવાથી દુઃખ પામે છે તેમ તે મરણ કાળ આવી પહોંચવાથી શોચ કરે છે. દુઃખી થાય છે. (૮–૯)

ભાવાર્થ—પછી પ્રાણી હિંસા-કરનાર પાપી મનુષ્ય પોતાના આયુષ્યના અંતે મનુષ્ય દેહથી ભ્રષ્ટ ( માનવ ભવથી વિમુખ ) થાય છે, અને ( પાપ કર્મને લીધે ) પરવશ પડેલો હોવાથી અંધકારમય અસુર લોક ( નરક ગતિ )માં જાય છે. (૧૦)

ભાવાર્થ—જેમ કોઇ માણસ એક કોડીને માટે હજાર દીનાર હારી જાય, જેમ પેલો રાજા અહિતકારી આમ્રફળ ખાવાથી પોતાનું આખું રાજ્ય હારી ગયો હતો, તેમ દેવતાના કામભોગ આગળ મનુષ્યનાં કામભોગ કોડી સમાન છે, વળી દેવતાનાં કામભોગ અને આયુષ્ય મનુષ્યનાં કામભોગ અને આયુષ્ય કરતાં સહસ્ત્રગણાં અધિક છે. (૧૧–૧૨)

ભાવાર્થ—ઉત્તમ જ્ઞાનવાળા પુણ્યશાળી દેવતા અનેક નિયુતનું ( અસંખ્ય વર્ષનું ) આયુષ્ય ભોગવે છે; દુર્બુદ્ધિવાળો મનુષ્ય સો વર્ષથી ઓછા આયુષ્યવાળી જીંદગીમાં દેવતાના લાંબા આયુષ્યનો લાભ ગુમાવે છે, (૧૩)

ભાવાર્થ—ત્રણ વેપારી પુંજી લઇને ઘેરથી વેપાર કરવાને નીકળે છે. તેમાંનો એક લાભ મેળવીને, બીજો મૂળગી મુઠી લઇને

અને ત્રીજો પોતાની સઘળી પુંજી ગુમાવીને પાછો આવે છે. આ વ્યવહારિક દૃષ્ટાન્ત જીંદગીને લાગુ પાડતાં શીખવું જોઇએ. ૧૫

ભાવાર્થ—મનુષ્ય ભવ એ પુંજીરૂપ છે; દેવગતિ લાભરૂપ છે. તે પુંજી ગુમાવવાથી માણસને નરક અથવા તિર્યંચ યોનિમાં (પશુ યોનિમાં) જન્મવું પડે છે. (૧૬)

ભાવાર્થ—પાપી મનુષ્ય માટે બે ગતિ (નરક અને તિર્યંચ) નિર્માણ છે; જે બન્ને ગતિ દુ:ખદાયક અને પીડાકારક છે. કારણ કે (સ્ત્રીને વિષે) લુબ્ધ રહેવાથી એ શઠ પુરૂષ મનુષ્યપણું અને દેવપણું હારી બેઠો છે. (૧૭)

ભાવાર્થ—એ બન્ને [દેવપણું અને મનુષ્યપણું] હારી બેઠેલો હોવાથી તેને બેવડી દુર્ગતિ (નરક અને તિર્યંચ) વેઠવી પડે છે; અને એ અધોગતિથી નીકળીને લાંબે કાળે પણ ઉચ્ચ [દેવ યા મનુષ્ય] ગતિ પ્રાપ્ત કરવી દુર્લભ થઈ પડે છે. (૧૮)

ભાવાર્થ—મૂર્ખને આ પ્રમાણે હારેલો દેખીને પ્રત્યેક મનુષ્યે મૂર્ખપણાના અને પંડિતપણાના સારાસારની વિચારપૂર્વક તુલના કરવી જોઇએ. જે મનુષ્ય ધર્મ અંગીકાર કરીને મનુષ્ય યોની પામે છે તેની તુલના મૂળ મૂડી લઇ પાછા આવનાર વેપારી સાથે થાય છે. (૧૯)

ભાવાર્થ—જે ગૃહસ્થો વિનિતપણાની વિવિધ પ્રકારની શિક્ષાએ કરીને સદાચાર પાળે છે તે મનુષ્ય યોનીને પામે છે; કારણ કે પ્રાણી માત્રને પોતપોતાનાં કર્મનું ફળ મળે છે. (૨૦)

ભાવાર્થ—પણ જે મનુષ્ય વિપુલ અને વિસ્તીર્ણ શિક્ષા [પચ મહાવ્રત રૂપ] ગ્રહણ કરીને તે પાળે છે તેની તુલના પુંજી ઉપરાંત લાભ મેળવનારની સાથે થઇ શકે છે, એવા સર્વોત્તમ આચારવાળો સદાચારી પુરૂષ આનંદથી દેવપણું પામે છે.

ભાવાર્થ—એવી રીતે સદાચારી સાધુ તથા ગૃહસ્થ પોતાના સાધુપણાના અને ગૃહસ્થપણાના લાભ સમજે છે. તેથી પંડિત પુરૂષોએ સાવધાન રહીને ધર્મ માર્ગે પ્રવર્તવું જોઇએ. [૨૨]

ભાવાર્થ—મનુષ્યનાં કામભોગની તુલના કુશાગ્રે (દર્ભની

અણી ઉપર ) રહેલા જળ બિન્દુ સાથે થઇ શકે છે, જ્યારે દેવતાનાં સુખની સરખામણી સમુદ્રના (અગાધ) જળની સાથે કરી શકાય છે. ( અર્થાત્ દેવતાના પ્રમાણમાં મનુષ્યનાં સુખ નહિ સરખાં છે. ) (૨૩)

ભાવાર્થ—મનુષ્યનાં અતિ અલ્પ આયુષ્યનાં કામભોગ કુશાગ્રે રહેલા જળ બિન્દુ સમાન છે તો પછી ( દેવતાના અપાર સુખનો અલભ્ય લાભ પ્રાપ્ત કરીને તે સાચવી રાખવાને કયો મનુષ્ય ન ઇચ્છે ?

ભાવાર્થ—જે જીવ કામભોગથી નિવૃત્ત થતો નથી તે આત્માનો ખરો હેતુ ( મુક્તિ ) ગુમાવે છે, જો કે મોક્ષનો દેનાર શુદ્ધ માર્ગ સાંભળીને તે તેણે અંગીકાર કરેલો છે, છતાં તે થકી તે વારંવાર ભ્રષ્ટ થાય છે. (૨૫)

ભાવાર્થ—જે જીવ કામભોગથી નિવૃત્ત થયેલો છે તે આત્માનો ખરો હેતુ ( દેવલોકાદિ ) ગુમાવતો નથી. તે એમ માને છે કે આ અપવિત્ર શરીર ત્યાગીને હું દેવતા અથવા સિદ્ધ થઇશ.

ભાવાર્થ—જે લોકમાં રિદ્ધિ, કાન્તિ, યશ, કીર્તિ, દીર્ઘાયુ અને સર્વોત્તમ સુખ રહેલાં છે ત્યાં તે ઉત્પન્ન થાય છે. (૨૭)

ભાવાર્થ—અધર્મ અંગીકાર મૂર્ખની મૂર્ખાઇ તો તમે જુઓ ! શુદ્ધ ધર્મનો ત્યાગ કરવાથી એ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે. [ ૨૮ ]

ભાવાર્થ—સત્ય ધર્મને અનુસરીને ચાલનાર ધીર પુરૂષનું ધૈર્ય તમે જુઓ ! તે અધર્મ માર્ગ ત્યાગીને ધર્મ માર્ગે ચાલવાથી દેવલોકને વિષે ઉત્પન્ન થાય છે. (૨૯)

ભાવાર્થ—ડાહ્યો પુરુષ મૂર્ખની મૂર્ખાઇ અને પંડિતના પંડિતપણાની પોતાના મનથી તુલના કરે છે. સાધુ મૂર્ખપણું છાંડીને પંડિતપણું સેવે છે. (૩૦) સાતમું અધ્યયન સંપૂર્ણ.

## અધ્યયન આઠમું.

ભાવાર્થ—આ અધ્રુવ અને અસાશ્વત સંસાર જે અનેક દુઃખોથી ભરેલો છે, તેમાં કેવા કર્ત્તવ્યથી-કયા ધર્મનો અંગીકાર કરવાથી દુર્ગતિને વિષે ન જાઉં, (૧)

ભાવાર્થ—પૂર્વ સંબંધ છાંડીને કોઇ વસ્તુ ઉપર મોહ ન કર, પોતાના ઉપર મોહ રાખનાર ઉપર પણ જે સાધુ મોહ ન રાખે, તે આ લોક અને પરલોકના દુઃખથી છૂટે. (૨)

ભાવાર્થ—તે મુનિવર [ કપિલ કેવળી ] જે પોતે મોહ રહિત છે અને જ્ઞાન દર્શને કરી સહિત છે, તે સર્વ જીવોનું હિત અને મોક્ષ ઇચ્છી, કર્મ બન્ધ ટાળવાને કહે છે. (૩)

ભાવાર્થ—(આત્માના) સર્વ બંધન, ક્રોધાદિક પ્રકારના કર્મ બન્ધનના હેતુઓ સાધુએ છોડી દેવા જોઇએ. વિષય (શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ) જાણુવા છતાં, તેમાં તેણે લુબ્ધ થવું નહિ.

ભાવાર્થ—જેની બુદ્ધિ મંદ, મૂંઢ, નિચ્ચ કર્મ કરનારી અને આત્મહિત કરનાર મોક્ષથી વિમુખ છે, તે ધર્મને વિષે આળસ કરે છે, નિચ્ચ કર્મ કરે છે અને માખી જેમ શ્લેષ્મમાં બંધાઇ જાય છે તેમ સંસારમાં બંધાઇ રહે છે. (૫)

ભાવાર્થ—એ કામ ભોગ છાંડવાનું કાર્ય કઠિન છે; કાયર પુરૂષો એ કામભોગ સહેલાઇથી છાંડી શકતા નથી, પણ વ્યાપારી ( વાણીઆ ) જેમ વહાણુથી સમુદ્ર તરે છે, તેમ સાધુ પુરૂષ સંસાર સમુદ્ર તરી જાય છે. (૬)

ભાવાર્થ—જો કે પોતે પશુની માફક અજ્ઞાનતાથી જીવહત્યા કરતા હોય, તો પણ કેટલાક પરતીર્થિ એમ કહે છે કે અમે શ્રમણ-સાધુ છીએ; આવા વિવેકહીન પાપ દૃષ્ટિવાળા મનુષ્ય મિથ્યાત્વે કરી નર્કે જાય છે. (૭)

ભાવાર્થ—કોઇએ પ્રાણીવધના કોઇ પણ કાર્યમાં અનુ· મોદન આપવું ન જોઇએ; આથી બહુધા બીજાં દુઃખો-પાપ કર્મોમાંથી મુક્ત થઇ શકાય છે,-એમ તીર્થંકર ગણધરોએ સાધુ ધર્મ પરૂપ્યો (કહ્યો) છે. (૮)

ભાવાર્થ—જે પુરૂષ પ્રાણી-જીવને મારે નહિ તે સમિત [ સાવધ ] કહેવાય છે, જેવી રીતે પ્રાણી ઉચ્ચ પ્રદેશપરથી ઢળી જાય છે તેવી રીતે તે પુરૂષને પાપ કર્મ લાગતું નથી. (૯)

ભાવાર્થ—જે જે ત્રસ અને સ્થાવર જીવો પૃથ્વિપર

વસેલા છે, તેને મન, વચન, કર્મે કરીને પિડા ઉપજાવવી નહિ.

ભાવાર્થ—સાધુએ શુદ્ધ નિર્દોષ આહારને જાણવો, કેવો આહાર કલ્પે તેનું જ્ઞાન મેળવવું, અને તેના નિયમ બરાબર પાળવા. શરીર નિર્વાહને અર્થેજ આહાર લેવો અને સ્નિગ્ધ આહારમાં લોલુપતા ન રાખવી. ( ૧૧ )

ભાવાર્થ--ઠરેલો આહાર, જીર્ણ દાળ [ મગ, અડદ, ચણાની ] બક્કસ, પુલ્લાક, જે નિરસ હોય તે ખાવું અને શરીર નર્વાહ અર્થે મંથુ [ બદર ચૂર્ણ ] ખાવું. (૧૨)

ભાવાર્થ—પુરૂષ લક્ષણ, સ્વપ્નના ખુલાસા, અને શરીર ફરકે તેના ખુલાસા–એટલાં વાનાં જે કોઇ કહે તેને સાધુ ન કહેવા એમ તીર્થંકર ભગવાનની આજ્ઞા છે [ ૧૩ ]

ભાવાર્થ—જેઓ પોતાના આત્માને અનિયંત્રિત રાખે, તપ વિધાન આદિમાં અનિયમિત રહે, સમાધી યોગથી ભ્રષ્ટ થાય, કામ, રસ, ભોગ અને ભોજનમાં લુબ્ધ રહે, એ અસુર યોનિમાં જન્મે છે. (૧૪)

ભાવાર્થ—જ્યારે તે અસુર યોનિમાંથી નીકળે છે, ત્યારે તેને સંસારમાં ઘણો વખત સુધી પરિભ્રમણ કરવું પડે છે. જેના આત્માને કર્મ મળનો લેપ લાગેલો છે, તેવા પુરૂષોને જૈન ધર્મ અને સમ્યકત્વની પ્રાપ્તિ દુર્લભ છે. ( ૧૫ )

ભાવાર્થ—આ આખી પૃથ્વિ દ્રવ્ય વીગેરેથી ભરી, કોઇને આપીએ તો પણ જેવી રીતે તૃષ્ણાનો અંત આવતો નથી–સંતોષ થતો નથી, એવી રીતે કોઇ જીવને સંતોષવો મહા મુશ્કેલ છે. ( ૧૬ )

ભાવાર્થ—'યથા લાભ સ્તથા લોભ:' જેમ લાભ થાય તેમ લોભ વધતો જાય છે. બે માસાથી જરૂરીઆત પૂરી પડતી હોય, છતાં કોટિ ધનથી પણ સંતોષ થતો નથી. ( ૧૭ )

ભાવાર્થ—સ્ત્રી રાક્ષસીને વિષે લુબ્ધ થવું નહિ. તેના હૃદય ઉપર કુચ રૂપી માંસના બે લોચા છે, તેનું ચિત્ત અનેક

સ્થળે ભટકે છે, તે પુરૂષને લલચાવે છે, લોભાવે છે અને તેને (પાસમાં લઈ) દાસ બનાવી રમાડે છે. (૧૮)

ભાવાર્થ—સાધુએ સ્ત્રીને ઇચ્છવી નહિ. તેણે સ્ત્રીનો પરિત્યાગ કરવો. સાધુ ધર્મ બરાબર જાણીને પોતાના કર્ત્તવ્યમાં આત્માને દ્દઢ કરવો. (૧૯)

ભાવાર્થ—વિશુદ્ધ જ્ઞાની કપિલ કેવળીએ આ ધર્મ (પાંચસો ચોર પાસે) કહ્યો છે. જે તે ધર્મ કરશે તે તરશે અને બન્ને લોક આરાધશે. આ લોક અને પરલોક બન્નેનું સાર્થક કરશે. ( ૨૦ ) આઠમું અધ્યયન સંપૂર્ણ.

## અધ્યયન નવમું.

ભાવાર્થ—સાતમા દેવલોકથી ચવીને મનુષ્ય લોકને વિષે જન્મ લીધા પછી નમિ રાજા મોહની કર્મથી મુકત થયા અને તેમને પોતાના પૂર્વ ભવનું જાતિ સ્મરણ જ્ઞાન થયું. (૧)

ભાવાર્થઃ—જાતિ સ્મરણ જ્ઞાન ઉપજવાથી નમિ રાજા સર્વોત્કૃષ્ટ જીન ધર્મને વિષે સ્વયં સમ્બુદ્ધ થયા. [પોતાની મેળે ધર્મનો પ્રતિબોધ પામ્યા]; તેથી પોતાના પુત્રને રાજ્ય સોંપીને પોતે દિક્ષા ગ્રહણ કરી. (૨)

ભાવાર્થઃ—પોતાના અંતઃપુરની દેવાંગના સરખી સ્ત્રીઓ સંગાથે દેવલોક સરખા ભોગ ભોગવ્યા પછી, પોતાને જ્ઞાન ઉપજવાથી નમિ રાજાએ ભોગ છોડી દીધા. (૩)

ભાવાર્થ—મિથિલા નગરી તથા દેશ, ચતુરંગ સેના, અંતઃપુર તથા પોતાનો સઘળો પરીવાર છોડીને મહાત્મા નમિ રાજા દિક્ષા લઇને એકાંતવાસમાં જઈ રહ્યા. (૪)

ભાવાર્થ—જ્યારે નમિ રાજર્ષિ પ્રવર્જ્યાર્થે (દિક્ષાર્થે) નગર થકી બહાર નીકળ્યા તે વખતે મિથિલા નગરીમાં સર્વ સ્થાને કોલાહલ મચી રહ્યો. (૫)

ભાવાર્થ—સર્વોત્તમ પ્રવર્જ્યા સ્થાનને વિષે પહોંચેલા નમિ રાજર્ષિ પાસે શક્ર (ઇન્દ્ર) દેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા અને તેમને નીચે પ્રમાણે પ્રશ્ન કર્યાઃ—[૬]

ભાવાર્થ:—' હે રાજર્ષિ ! મિથિલા નગરીમાં આ કોલાહલ શાનો મચી રહ્યો છે ? અને મહેલ તથા મંદિરોમાં આ હૃદય-ભેદક આક્રન્દ શાનું સંભળાય છે ? ' (૭)

ભાવાર્થ—એ સાંભળીને દેવેન્દ્રના પ્રશ્નનો હેતુ અને કારણ સમજી લઈને નમિ રાજર્ષિએ નીચે પ્રમાણે ઉત્તર આપ્યો. (૮)

ભાવાર્થ—' હે બ્રાહ્મણ ! મિથિલા નગરીના ઉદ્યાનમાં પત્ર, ફળ, ફુલે કરી સહિત શીતળ છાયાવાળું મનોરમા નામે એક પવિત્ર વૃક્ષ છે, અને તે ઘણાં પક્ષીઓનું આશ્રય સ્થાન છે; વાયરાથી એ પવિત્ર વૃક્ષ મનોરમા ચલાયમાન થવાથી દુઃખથી પીડાતા અને શરણ રહિત પક્ષીઓ આક્રન્દ કરે છે. '

ભાવાર્થ—એ સાંભળીને રાજર્ષિ નમિના હેતુ અને કારણે પ્રેરિત એવા દેવેન્દ્રે નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો. [૧૧]

ભાવાર્થ—' હે ભગવાન ! આ અગ્નિ અને વાયુ પ્રત્યક્ષ દેખાય છે, તમારો મહેલ બળે છે, છતાં તમે તમારાં અંતઃપુર સામું કેમ જોતા નથી ? ' [૧૨] [પ્રમાણે) બોલ્યા. (૧૩)

ભાવાર્થ—એ સાંભળીને નમિ રાજર્ષિ ( ગાથા ૮ મી

ભાવાર્થ—' હે બ્રાહ્મણ ! એમાં મારૂં કોઇ નથી એમ સમજીને હું સુખી છું અને સુખે રહું છું. મિથિલા નગરી બળી જવાથી મારૂં કાંઈ બળતું નથી. ( ૧૪ )

ભાવાર્થ—' જેણે પુત્ર કલત્રાદિનો ત્યાગ કરેલો છે, ગૃહસ્થના વ્યાપારથી જે રહિત છે, તેવા સાધુને કોઇ વસ્તુ પ્રિય નથી તેમ અપ્રિય પણ નથી. ( ૧૫ )

ભાવાર્થ:—' જે મુનિ અથવા ઘર રહિત ભિક્ષુક ગૃહસ્થના વ્યાપારથી અને સઘળા આરમ્ભથી મુક્ત છે, અને જે એકાન્તમાં રહીને મોક્ષ માર્ગનું ચિંત્વન કરે છે તેનું કલ્યાણ થાય છે. '

ભાવાર્થ—એટલે દેવેન્દ્ર ( ગાથા ૧૧મી પ્રમાણે ) બોલ્યા.

ભાવાર્થ—' હે ક્ષત્રિય ! પ્રથમ નગરના રક્ષણાર્થે કોટ બંધાવ, તેને દરવાજા મૂકાવ, તેના ઉપર બુરજો બનાવ, તેના

ફરતી ખાઇ ખોદાવ, યુદ્ધ સ્થાન ઉપર શતધ્ન યંત્ર ( સો સુભટને એકી સાથે મારી શકે એવાં યંત્ર ) ગોઠવ; ત્યાર પછી ( દિક્ષાર્થે ) જાજે. ' (૧૮) [પ્રમાણે] બોલ્યા. ( ૧૯ )

ભાવાર્થ:--એ સાંભળીને નમિ રાજર્ષિ [ ગાથા ૮

ભાવાર્થ--ધર્મ તત્ત્વ ઉપર શ્રદ્ધારૂપી નગર વસાવી, તેના ફરતો ક્ષમારૂપી કોટ બાંધી, તપ સંયમરૂપી ભૂંગળવાળા દરવાજા મૂકી, એ ત્રણે પ્રકારે કિલ્લાને અભેદ બનાવવો. પછી પરાક્રમરૂપી ધનુષ્ય ધારણ કરીને, ઇરિયાસુમતિરૂપી તેની પ્રત્યંચા ( તાંત ) કરીને, સંતોષરૂપી તેની મૂઠ બનાવીને, સત્યરૂપી બંધનથી તેની મૂઠ લપેટીને તપરૂપી લોહબાણ ચઢાવીને, કર્મરૂપી કવચને ભેદવાથી, બુદ્ધિમાન સાધુ વિજય મેળવીને સંસારથી મુક્ત થાય છે. ( ૨૦-૨૧-૨૨ )

ભાવાર્થ-એ સાંભળીને દેવેન્દ્ર (ગાથા ૧૧ મી પ્રમાણે)બોલ્યા.

ભાવાર્થ--' હે ક્ષત્રિય ! પ્રથમ મહેલ, વર્દ્ધમાન ગૃહ ( ભવ્ય મકાનો ) અને ક્રીડા સ્થાન બંધાવ; ત્યાર પછી તું ( દિક્ષાર્થે ) જાજે. ' ( ૨૪ ) [બોલ્યા. ( ૨૫ )

ભાવાર્થ-એ સાંભળીને નમિ રાજર્ષિ (ગાથા ૮ મી પ્રમાણે)

ભાવાર્થ-' હે બ્રાહ્મણ ! જે માર્ગને વિષે ઘર કરે છે, તેને ભય ઉપજે છે. જે નગરને વિષે જવું છે ત્યાંજ શાશ્વતું ઘર (મુક્તિરૂપ) કરવું. [ વચ્ચે ઘર કોણ કરે ? '] ( ૨૬ )

ભાવાર્થ-એ સાંભળીને દેવેન્દ્ર ( ગાથા ૧૧ મી પ્રમાણે ) બોલ્યા.

ભાવાર્થ—ચોર, લૂંટારા, તસ્કર, વાટપાડુ વગેરેને શિક્ષા કરીને, નગરને તેમના ભયથી મુક્ત કર, ત્યાર પછી હે ક્ષત્રિય ! ( દિક્ષાર્થે ) જાજે. [૨૮] [ બોલ્યા. (૨૯)

ભાવાર્થ--એ સાંભળીને નમિ રાજર્ષિ [ગાથા ૮ મી પ્રમાણે]

ભાવાર્થ--' હે બ્રાહ્મણ ! મનુષ્યો વારંવાર ખોટી શિક્ષા કરે છે. નિરપરાધી વિના કારણ માર્યા જાય છે અને ચોરી કરનારા છુટી જાય છે. ' (૩૦)

ભાવાર્થ--એ સાંભળીને દેવેન્દ્ર (ગાથા ૧૧મી પ્રમાણે) બોલ્યા.

ભાવાર્થ:—' હે રાજન! તને જે રાજાઓ નમતા નથી તેમને વશ કર, ત્યાર પછી હે ક્ષત્રિય! તું દિક્ષાર્થે જાજે.' (૩૨)

ભાવાર્થ:—એ સાંભળીને નમિ રાજર્ષિં (ગાથા ૮ પ્રમાણે) બોલ્યા.૩૩

ભાવાર્થ:—' કોઇ સુભટ રણસંગ્રામને વિષે હજારો યોદ્ધાને જીતે, તેના કરતાં કોઇ પુરૂષ પોતાના આત્માને જીતે તે સૌથી મ્હોટો સુભટ કહેવાય.'

ભાવાર્થ:— પોતાના આત્મા સાથે યુદ્ધ કર. બાહ્ય યુદ્ધ કરવાની શી જરૂર છે! આત્મા પોતે પોતાનેજ જીતે તેથી તે સુખ પામે છે.' (૩૫)

ભાવાર્થ:—' પાંચે ઇન્દ્રિઓ અને ક્રોધ, માન, માયા, લોભથી આત્માને જીતવો (મુકાવવો) એ અતિ દુર્લભ છે; જેણે પોતાના આત્માને જીત્યો છે, તેણે સર્વ જીત્યું છે એમ સમજવું.' (૩૬)

ભાવાર્થ:—એ સાંભળીને દેવન્દ્ર (ગાથા ૧૧ મી પ્રમાણે) બોલ્યા. (૩૭)

ભાવાર્થ:—' હે ક્ષત્રિય! મહા યજ્ઞો કર; શ્રમણ-બ્રાહ્મણને જમાડ, સુવર્ણાદિનાં દાન દે, તું પોતે ભોગ ભોગવ, અને હોમ હવન કર. ત્યાર પછી દિક્ષાર્થે જાજે. (૩૮)

ભાવાર્થ:—એ સાંભળીને નમિ રાજર્ષિં (ગાથા ૮ પ્રમાણે બોલ્યા.)

ભાવાર્થ:—' કોઇ માણુસ પ્રતિ માસે દશ લાખ ગાયોનાં દાન દે, તથાપિ સાધુ પુરૂષો જેઓ કાંઇ દાન દેતા નથી તેમનો સંયમ એ દાન કરતાં પણ શ્રેષ્ટ છે. (૪૦)

ભાવાર્થ:—એ સાંભળીને દેવેન્દ્ર (ગાથા ૧૧ મી પ્રમાણે) બોલ્યા. (૪૧)

ભાવાર્થ:—' હે રાજન! ઘોર આશ્રમ (ગૃહસ્થાશ્રમ) છોડીને તું અન્ય આશ્રમમાં દાખલ થવા ઇચ્છે છે;' પણ ઘરમાં રહીનેજ પોષધ વ્રત કરીને સંતોષ માન.' (૪૨)

ભાવાર્થ:—એ સાંભળીને નમિ રાજર્ષિં (ગાથા ૮ પ્રમાણે બોલ્યા.)

ભાવાર્થ:—કોઇ અજ્ઞાન માણુસ માસખમણને પારણે માત્ર કુશાગ્ર (દર્ભની અણી ઉપર રહે એટલો) આહાર લઇને સંતોષ માને, તોપણ તેના તપનું ફળ શ્રી ભગવંતે ભાખેલા ચારિત્રરૂપ ધર્મના સોળમા ભાગના ફળને પણ પહોંચે નહિ.' (૪૪)

ભાવાર્થ:—એ સાંભળીને દેવેન્દ્ર (ગાથા ૧૧મી પ્રમાણે બોલ્યા.) (૪૫)

ભાવાર્થ:—' રૂપું, સોનું, મણિ, મોતી, ત્રાંબું, સુંદર વસ્ત્રો, રથાદિક વાહન અને ભંડાર વધાર, ત્યાર પછી હે ક્ષત્રિય! તું (દિક્ષાર્થે) જાજે.'

ભાવાર્થ:—એ સાંભળીને નમિ રાજર્ષિં [ગાથા ૮મી પ્રમાણે] બોલ્યા.

ભાવાર્થ:—' સોના રૂપાના કૈલાસ પર્વત જેવડા અસંખ્ય ઢગલા હોય, તો પણ લોભી માણુસને તેથી સંતોષ થતો નથી. કારણકે તેની તૃષ્ણા આકાશની પેઠે અનંત છે.' (૪૮)

ભાવાર્થ:—' ચોખા, જવ વિગેરે ધાનથી તથા સોના, રૂપા અને પશુથી ભરપૂર કરીને સઘળી પૃથ્વી એકજ માણુસને આપી દઇએ તો પણ તેની તૃષ્ણા તૃપ્ત થતી નથી, એમ જાણીને તપ કરવું.' [૪૯]

ભાવાર્થ:—એ સાંભળીને દેવેન્દ્ર [ગાથા ૧૧ મી પ્રમાણે] બોલ્યા. ૫૦

ભાવાર્થ:—હે પાર્થિવ! આશ્ચર્યની વાત છે કે, આવા અદ્‌ભુત ભોગ છાંડીને તું કલ્પનિક [ અદૃશ્ય ] ભોગની ઇચ્છા કરે છે. સ્વર્ગીય અદૃષ્ટ સુખના લોભથી તું પ્રત્યક્ષ સુખ તજી દે છે તેથી તને પશ્ચાતાપ થશે.' ૫૧

ભાવાર્થ:—એ સાંભળીને નમિ રાજર્ષિ [ગાથા ૮ મી પ્રમાણે] બોલ્યા.

ભાવાર્થ:—' હે બ્રાહ્મણ! એ કામભોગ ક્ષણે ક્ષણે પીડા ઉત્પન્ન કરે એવા શલ્ય [ કંટક ] સમાન છે, એ કામભોગ [ ધર્મ જીવિત વિનાશક ] વિષમ વિષ સમાન છે, એ કામભોગ ઝેરી નાગ સમાન છે; માણુસો કામ ભોગની અભિલાષા કરે છે પણ તેમના મનોરથ પૂરા થતા નથી અને આખરે કામી પુરૂષની દુર્ગતિ થાય છે.' [૫૩]

ભાવાર્થ:—ક્રોધ કરીને તે અધોગતિને વિષે જાય છે, માને કરીને અધમ ગતિને પામે છે, માયા સદ્‌ગતિનો નાશ કરે છે અને લોભે કરીને આલોકે અને પરલોકે ભય ઉપજે છે.' [૫૪]

ભાવાર્થ:—બ્રાહ્મણનું રૂપ છાંડીને, પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકટ કરીને, ઇન્દ્રે આદરપૂર્વક રાજર્ષિને નમન કર્યું અને મધુર વચને કરીને તેમની સ્તુતિ કરવા લાગ્યો. [૫૫]

ભાવાર્થ:—' અહો મહાનુભાવ! આપે ક્રોધને જીત્યો છે. અહો પુણ્યાત્મા! આપે માનનો પરાભવ કર્યો છે. અહો નમિ રાજર્ષિ! આપે માયાને જીતી છે. અહો સાધુ પુરૂષ! આપે લોભને વશ કર્યો છે.' [૫૬]

ભાવાર્થ:—' અહો સાધુ પુરૂષ! આપની સરલતા વિસ્મય પમાડે એવી છે! આપનો મૃદુભાવ [ કોમળતા ] આશ્ચર્યકારક છે! ધન્ય છે આપની ઉત્તમોત્તમ ક્ષમાને! ધન્ય છે આપના શ્રેષ્ઠ નિર્લોભતાને [૫૭]

ભાવાર્થ:—' હે પુજ્ય! આ ભવને વિષે આપ ઉત્તમ પુરૂષ છો. હવે પછીના ભવમાં [પરલોકે] પણ આપ ઉત્તમ થશો, અને સર્વ લોકમાં સર્વોત્તમ સ્થાન જે મોક્ષ તેને વિષે કર્મ રહિત થઇને આપ નિશ્ચે જશો.

ભાવાર્થ:—આ પ્રમાણે સ્તુતિ કરીને શક્ર ( ઇન્દ્ર ) પૂર્ણ શ્રદ્ધાની પ્રદક્ષિણા દેતો નમિ રાજર્ષિને વંદવા લાગ્યો. [૫૯]

ભાવાર્થ:—મુનિવરના [ નમિ રાજાના ] ચક્ર અંકુશ કરી સહિત [ શાસ્ત્રોક્ત શુભ લક્ષણ યુક્ત ] પગને વંદન કરીને, જેણે મનોહર ચપલ કુંડલ કિરીટ ધારણ કરેલાં છે એવા ઇન્દ્ર આકાશ માર્ગે ઊડયા. [૬૦]

ભાવાર્થ:—નમિ રાજર્ષિએ પોતાના આત્માને વિનય ધર્મને વિષે સ્થાપ્યો. ઇન્દ્રે જેની પ્રત્યક્ષ પરીક્ષા કરી એવાં નમિ વિદેહ દેશાધિપે ઘર-બાર છોડીને ચારિત્ર [ શ્રમણુત્વ ] ધારણુ કર્યું. [ ૬૧ ]

ભાવાર્થ:—સ્વયંસમ્બુદ્ધ, પંડિત અને વિચિક્ષણુ પુરૂષો આ પ્રમાણે વર્તે છે. અને જેવી રીતે નમિ રાજર્ષિએ કામભોગને છાંડયા તેવી રીતે તેઓ કામભોગથી નિવર્તે છે. [ ૬૨ ] ઇતિ નવમું અધ્યયન સંપૂર્ણું.

## અથ શ્રી જ્યોતીષ સુભીક્ષ યોગ લક્ષણ.

૧. વૈશાખ શુદ ૩ ની સવારમાં પૂર્વ દીશાનો પવન હોય તો અશ્લેષામાં ઘણો વરસાદ થાય, પણુ કાંઇક રોગનો ઉપદ્રવ થાય, ૨. રોહિણી તપે અને કૃત્તિકામાં વરસાદ વરસે તો બહુ શ્રેષ્ટ સુભિક્ષ થાય, પણુ જો રોહિણીમાં ગાજે અને કૃતિકામાં ન વરસે તો દુર્ભિક્ષ થાય. ૩ કર્ક સંક્રાન્તિ બેસે તે દિવસે મેષ, મીથુન, કે મીનનો ચંદ્રમા હોય તો ૧૦૦ આઢા [ પાણીનું માપ ] વરસાદ વરસે; જો સીંહ કે ધનનો ચંદ્ર હોય તો ૫૦; કન્યા અને મકરનો ચંદ્ર હોય તો ૨૫; અને કર્ક તુલા, વૃશ્ચિક કે કુંભનો ચંદ્ર હોય તો ૧૨ આઢા વરસાદ થાય. ૪. જો કર્ક સંક્રાન્તિ શ્રાવણુ વદમાં બેસે, અને તે દિવસે વરસાદ વરસે તો ૭ મહીના સુકાળ રહે. ૫. કર્ક સંક્રાન્તિ બેસે તે દિવસથી દસમે દિવસે જો બુદ્ધનો ઉદય હોય તો શ્રાવણુ માસમાં સારો વરસાદ વરસે. ૬. સિંહ સંક્રાન્તિ બેસે તે દિવસથી દસમે દિવસે બુદ્ધનો ઉદય થાય તો ઘણો વરસાદ થાય. ૭. દીવાળી રવીવારી હોય તો આવતા ચોમાસામાં ૫૦ દિવસ વરસાદ વરસે; સોમવારી હોય તો ૧૦૦ દિવસ; મંગળવારી હોય તો ૪૦ દિવસ; બુધવારી હોય તો ૬૦ દિવસ; ગુરૂવારી હોય તો ૮૦ દિવસ; શુક્રવારી હોય તો ૯૦ દિવસ; અને શનીવારી હોય તો ૨૦ દિવસ વરસાદ થાય. ૮. કાર્તિક શુદ ૫ ને સોમવાર હોય તો સુભિંક્ષ યોગ જાણુવો. ૯. કાર્તિક શુદ ૧૧ ને દિવસે વાદળ હોય તો આગળ આષાઢ માસમાં વરસાદ ઘણો થાય. ૧૦. જેઠ શુદ બીજે ગાજે તો શીયાળામાં બંધાએલો ગર્ભ નાશ પામે, જેથી વરસાદ થોડો થાય. ૧૧. અષાઢ શુદ ૫ ને રવીવાર હોય તો વરસાદ થોડો; સોમવાર હોય તો ઘણો વરસાદ; મંગળવાર હોય તો યુદ્ધ; બુધવાર હોય તો સુભિંક્ષ; ગુરૂવાર હોય તો ક્ષેમ; શુક્રવાર હોય તો સુખ અને શનીવાર હોય તો વિનાશ થાય. ૧૨. અષાઢ શુદ ૯ કે ૧૦ ને દિવસે વાદળ કે ગર્જના હોય તો ચારે માસ સારી વૃષ્ટિ થાય. ૧૩. જે વર્ષમાં લીંબડાની

લીંબોળી પાકીને ગરી પડે તો સુભિક્ષ અને ઝાડ ઉપર સુકાઈ જાય તો દુર્ભિક્ષ. ૧૪. જે વર્ષમાં કેરા, બોર, પીલુ, લીંબડા અને આંબા સારા પાકે તો ૧ હીં, દુધ આદિ રસ ઘણું થાય. ૧૫. જે વર્ષમાં જેઠ માસમાં થોરને નવા પાંદડાં સારાં આવે તો વરસાદ સારો થાય.

## અથ શ્રી દુર્ભિક્ષ યોગ લક્ષણ.

૧. જે વર્ષમાં એક રાશી ઉપર નવે ગ્રહ હોય તે વર્ષમાં દુર્ભિક્ષ યોગ જાણવો, અથવા રાજ વીગ્રહ થાય. ૨ જે વરસમાં ૧૩ મહીના હોય, અને સૂર્યની રાશીની આગળ મંગળ રહે, એ યોગ જો વર્ષાઋતુમાં હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૩ જે વરસમાં રાહુ કેતુનો ઉદય હોય તો ભૂમી કંપે, અથવા તેજ વરસમાં તારા ખરે, અને પુંછડીઓ તારો ઉગે તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૪ જે વરસમાં ચઈતર, વૈશાખ અને જેઠ માસમાં વરસાદ વરસે, અને શ્રાવણ, ભાદરવા માસમાં ટાઢ વાય અને પવન ઘણો કુંકાય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૫ જે વર્ષમાં રાત્રે કાગડા બોલે અને દિવસે શીયાળ બોલે તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૬ જે વર્ષમાં અસાડ સુદ ૧૫ નો ક્ષય હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૭ જે વર્ષમાં કર્ક સંક્રાન્તિ, શની, રવી, સોમ અને મંગળવારી હોય, તેમજ વરસનો રાજા શની, રવી કે મંગળ હોય તો તે વર્ષમાં દુર્ભિક્ષ અથવા લોહીવકારનો રોગ ચાલે. ૮ જે વર્ષમાં દીવાળીના દિવસે સ્વાંતિ નક્ષત્ર હોય, અને શની, રવી કે મંગળવાર હોય તેમજ આયુષ્યમાન યોગ હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૯ જે વર્ષમાં મહા સુદ ૫ ને દિવસે શની કે મંગળવાર હોય તો દુભિક્ષ અથવા પૃથ્વી ડોલે અથવા કોઇ દેશ ઉજડ થાય. ૧૦ જે વર્ષમાં ચંદ્ર, સૂર્યના ગ્રહણ એક માસમાં બે હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૧ જે વર્ષમાં મીન રાશીમાં શની હોય અને કર્કરાશીમાં ગુરૂ હોય, તેમજ તુલા રાશીમાં મંગળ હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૨ જે વર્ષમાં કાર્તિક શુદ ૧ ને બુધવાર હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૩ જે વર્ષમાં અષાડ સુદ ૯ ને દિવસે વાદળ ન હોય તથા ચંદ્ર, સૂર્ય નિર્મળ અસ્ત થાય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૪ જે વર્ષમાં ઉત્તરા ભાદ્રપદ, રેવતી, ભરણી, મૂળ, અને મઘા, એ નક્ષત્ર ઉપર ગુરૂ હોય, અને વિશાખા, સ્વાંતિ, પૂર્વાષાઢા ઉપર મંગળ હોય તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૫ જે વર્ષમાં પોષ, માહ, ફાગણ, માસમાં ટાઢ થોડી પડે તથા ચૈત્ર અને જેઠ માસમાં વરસાદ વરસે તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૬ જે વર્ષમાં માથે પુંછડીવાળો તારો ઉગે તો દુર્ભિક્ષ યોગ જાણવો. ૧૭ જે વર્ષમાં અષાડ સુદ ૮ ને દિવસે કૃત્તિકા નક્ષત્ર અથવા મૃગશર

હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૧૮ જે વર્ષમાં સૂર્યના નક્ષેત્ર સ્ત્રી અને નપુંસક નક્ષત્રથી શરૂ થાય તે વર્ષમાં વરસાદ થોડો થાય અને ધાન્ય મોંઘુ થાય. ૧૯ જે વર્ષમાં અમાસ મંગળવારી હોય અને સોમવારી એક પણુ ન હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૦ જે વર્ષમાં જેઠ સુદ ૧૦ સુધી વરસાદનો છાંટો પણુ ન પડયો હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૧ જે વર્ષમાં અષાડ માસમાં ધુમર વરસે, વાદળ શીતળ હોય અને ખાલી ગાજે તેમજ પૃથ્વી ડોલે તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૨ જે વર્ષમાં શ્રાવણુ તથા ભાદરવા માસનો ગુરૂ, મંગળ વક્રી હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૩ જે વર્ષમાં જેઠ વદી અમાસને દિવસે સાંજે સૂર્ય આથમતો જોવો અને તે કઇ જગ્યાએ આથમે છે તેની નીશાની રાખવી, અને અસાડ સુદ બીજનો ચંદ્ર આથમતો જોવો, જો તે ચંદ્રમાં સૂર્યની ડાબી બાજુએ આથમે તો કાળ પડે. જમણી બાજુએ આથમે તો ઘણું સારૂં અને માથે આથમે તો મધ્યમ જાણુવો. ૨૪ જે વર્ષમાં ગાય, ભેંસ, કુરૂપ બચ્ચાંનો જન્મ આપે, અને પોષ મહિનામાં વાદળ વીના વીજળી થાય તો દુર્ભિક્ષ કાળ જાણુવો. ૨૫ જે વર્ષમાં શ્રાવણુ, ભાદરવા માસમાં કોઈ ગ્રહ ઉદય અસ્ત ન થાય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૬ જે વર્ષમાં શ્રાવણુ ભાદરવામાં વાયરો વાય, વાદળાં થાય અને વરસાદ ન વરસે તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૭ જે વર્ષમાં રોહીણી નક્ષત્ર પર્વતપર પડે તથા વરસનો રાજા, મંત્રી શની, મંગળ હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૮ જે વર્ષમાં મહા સુદ ૧ નો ક્ષય હોય તથા વાર બુધ, શની અને ભોમ હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૨૯ જે વર્ષમાં અષાડ સુદ ૧૧ નો ક્ષય હોય તથા શની રવી મંગળ હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૩૦ જે વર્ષમાં બારે સંક્રાન્તિ પંદર મુહુર્તની હોય તથા શની, રવી, મંગળ હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૩૧ જે વર્ષમાં સમયનો રાજા હસ્ત હોય, શની રાહુ કે મંગળ યુકત હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૩૨ જે વર્ષમાં પોષ, માહ, ફાગણુ, ચૈત્ર, વૈશાખ, જેઠ, કારતક અને માગશર એ મહીનામાં તારા ખરે તથા તારામંડળ ફરતા દેખાય અને તે અગ્નિ સરખા દેખાય તો પૃથ્વી પ્રલયકાળ જેવો દુર્ભિક્ષ પડે. ૩૩ જે વર્ષમાં ચૈત્ર, વૈશાખ, કારતક, આસો અને અષાડની પુનમના દિવસે ચંદ્રમાના બિમ્બનો રોહીણીનો તારો વેધ કરીને નીકળે તો મહાકાળ છત્રભંગ યોગ જાણુવો. ૩૪ જે વર્ષમાં અષાડ, ચૈત્ર, ફાગણુ અને કારતક મહીનામાં એક માસમાં ચંદ્ર સૂર્યના ગ્રહણુ થાય તો અને તે સંપુર્ણ ગ્રહણુ હોય તો ભયભ્રાન્ત કાળ પડે. ૩૫ જે વર્ષમાં ધન, મીન, સીંહ અને કન્યા રાશી ઉપર ક્રૂર

ગ્રહ બેઠો હોય તો દુર્ભિક્ષ જાણુવો. ૩૬ જે વર્ષમાં રેવતી, સતભીષા, અશ્લેષા, અને મૂળ એ નક્ષત્ર ઉપર ગુરૂ, શની અને રાહુ હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૩૭ જે વર્ષમાં શીયાળામાં ટાઢ ન પડે, ઉનાળામાં ટાઢ પડે અને ચૈત્રમાં વરસાદ વરસે તો દુર્ભિક્ષ જાણુવો. ૩૮ જે વર્ષમાં રાજા-મંત્રી હસ્ત હોય અથવા વક્રી હોય, અતિચારી હોય તો તે વર્ષમાં મધ્યમ દુકાળ જાણુવો. ૩૯ જે વર્ષમાં વરસનો રાજા ક્રૂર ગ્રહ સહિત હોય તો મહા વિપત્તિ પડે. ૪૦ જે વર્ષમાં રાજા, મંત્રિ અને કોટવાળ અને ત્રણે ક્રૂર ગ્રહ હોય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૪૧ જે વર્ષ ક્રૂર સંવત્સર નામ હોય અને વરસનો રાજા-મંત્રી પણ ક્રૂર હોય તો વર્ષ નેષ્ટ, વહેપારી દુઃખી. ૪૨ જે વર્ષમાં તેર મહીના હોય, એક મહિનામાં બે તીથિ ટુટેલી હોય તો અકાળ રાજ્ય વિગ્રહ થાય. ૪૩ જે વર્ષમાં શુદ ૫ શુભ વારી ન હોય, સોમવતી અમાસ ન હોય તો મધ્યમ સમય જાણુવો, અથવા તીડનો ઉપદ્રવ થાય. ૪૪ જે વર્ષમાં ત્રણુ ગ્રહણુ હોય તો પૂર્વ દીશા અને મેવાડમાં દુર્ભિક્ષ યોગ જાણુવો. ૪૫ જે વર્ષમાં રોહીણીનો તારો વેધ કરે તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૪૬ જે વર્ષમાં શની, રાહુ અને મંગળ એક રાશીપર હોય તો વર્ષ ભયંકર, કાળપડે અને પુત્ર પુત્રી વેચે. ૪૭ જે વર્ષમાં પાંચે ગ્રહ એક રાશી ઉપર આવે અને ગુરૂ, શની હસ્ત હોય તો રોગ ચાલે. ૪૮ જે વર્ષમાં શ્રાવણુમાં નૈઋત્ય ખૂણામાં અગસ્તનો તારો ઉગે અને રાતનો ઠંડો પવન વાય તો સમય બહુજ ખરાબ, રાજ્ય વિગ્રહ, ફળ ફુલનો નાશ, અને ગર્ભપાત થાય. ૪૯ જે વર્ષમાં ગુરૂ, શની, રાહુ અને ભોમ એક નક્ષત્ર ઉપર આવે તો છત્રભંગ, રાજ્ય-વિગ્રહ અને હિંદુ-મુસલમાનમાં લડાઇ થાય. ૫૦ જે વર્ષમાં તારા બહુ ખરે, વાદળ વીના વીજળી થાય તો દુર્ભિક્ષ યોગ જાણુવો. ૫૧ જે વર્ષમાં સમયનો રાજા સંવત્સરની રાશીને ન દેખે, ક્રૂર ગ્રહ સંયુક્ત હોય તો ચોમાસામાં પવન ચાલે, અને વરસાદ થોડો થાય.

૫૨ જે વર્ષમાં સીંહ રાશીનો ગુરૂ હોય, અને કુંભરાશી ઉપર રાહુ મંગળ હોય તો નિશ્ચે કાળ પડે.

૫૩. જે વર્ષમાં બે શ્રાવણુ કે બે ભાદરવા હોય તો મોંઘવારી, અને લોકો દુઃખી થાય. ૫૪, જે વર્ષમાં મીનરાશી ઉપર રાહુ, શની હોય તો રોગની પીડા થાય. ૫૫. જે વર્ષમાં એક મહીનામાં ત્રણુ ગ્રહ વક્રી થતા હોય અને શની, મંગળ, ગુરૂ, શુક્ર હોય તો દુકાળ પડે. ૫૬. જે વર્ષમાં સમયનો રાજા હસ્ત હોય, મંત્રિ વક્ર હોય, કોટવાળ ક્રૂર હોય તો છત્ર ભંગ ને જળનો નાસ્તી થાય. ૫૭. જે વર્ષમાં તારામંડળ ફરે, ચંદ્રમામાં એકઠા

તારા હોય તો કાળ પડે. ૫૮. જે વર્ષમાં ચૈત્ર, વૈશાખ અને જેઠ માસમાં વરસાદ વરસે; પોષ માસમાં તડકો પડે અને ચોમાસામાં પવન ચાલે તો શ્રાવણ-ભાદરવામાં કુવે પાણી ભરવું પડે. ૫૯. જે વર્ષમાં બહુજ તાપ પડે; શ્રાવણ શુદ પુનમના રોજ શ્રવણ નક્ષત્ર ન હોય, અખાત્રીજે રોહીણી ન હોય અને પોષ વદ અમાસનો રોજ મૂળ નક્ષત્ર ન હોય તો દુકાળ પડે.

## મનુષ્યના શરીરપરથી જન્મપત્રિકામાં પડેલા ગ્રહ જોવા.

જે માણસના ગાલ બેઠેલા હોય, તેના લગ્નસ્થાનમાં સૂર્ય અથવા મંગળ અવશ્ય હોય. જેની આંખો મોટી હોય તેનું લગ્ન વરખ, તુલા, ધન, મીન અને કર્ક એ લગ્નમાંથી કોઇપણ લગ્નમાં એનો જન્મ હોવો જોઇએ; અથવા લગ્નમાં શુક્ર કે ગુરૂ સ્થિત રહેલો હોય, અગર લગ્નને જોતો હોય.

જેની નાસીકા ઉંચી, ભમર મોટી હોય, નેત્ર મોટાં, કૂર, પહોળા અને ધોળાં હોય તો તેને નવમે શુક્ર કહેવો. જેની છાતી પાતળી હોય તેની જન્મકુંડળીમાં ચોથા ઘરમાં પાપગ્રહ હોય, વક્ષઃસ્થળ જાડું અથવા પહોળું હોય તો ચોથા ઘરમાં સૌમ્યગ્રહ હશે; જો સુસ્ત ચિત્ત હોય, શાન્ત સ્વભાવ હોય, બુદ્ધિમંદ હોય અને અવાજ મોટો હોય તો તેને ચોથો ગુરૂ હશે; જો બાળપણથી કંગાલ હોય તો તેના અગીયારમા ઘરમાં સૂર્ય હશે. જેના અગીયારમા ઘરમાં મંગળ અથવા સૂર્ય હોય તેની ભૂજા પાતળી અને ખભા ઉંચા હોય. જેને શનીલગ્ને હોય તેના માથા ઉપર વાળની ભમરી હોય, કેટલાકને તલ પણ હોય છે. જો કેવળ તલેજ હોય તો શનીની રાશી લગ્નપર હોવી જોઇએ. જેને ત્રીજે મંગળ હોય તેને ભાઈ ન હોય. જો શની ત્રીજે હોય તો તેને પાછળના ભાઇઓ ન જીવે, અને રવી ત્રીજે હોય તો મોટો ભાઈ ન જીવે. ગુરૂ અને બુધથી ભાઈ હોય, શુક્રથી બહેન હોય. રાહૂનું ફળ શનીના જેવું હોય.

જેના પાંચમાં ઘરમાં રવી હોય તેના પેટ ઉપર અગ્નિદગ્ધ હોય, મંગળથી વિષ્ફોટાકાદિક અથવા કોઈ પણ લાંબુ-પહોળું ચાંદુ હોય. શની હોય તો પેટપર તલ હોય, બુધથી ચંચળતા હોય. ગુરૂથી પંડીત હોય. શુક્રથી ગાનારો હોય, રાહુ-કેતુથી કમ્મરમાં દાદર અથવા ગોળાનો બીમારી અને પેટની ખાલ પાતળી હોય. જેના છઠ્ઠા ઘરમાં સૂર્ય, મંગળ અને શુક્ર પડયો હોય તો જમણો-ડાબો પગ ટુટેલો હોય, સાતમા ઘરમાં સૂર્ય હોય તો વૃષણ મોટાં અને વ્યભિચારી હોય. મંગળથી ઇંદ્રિમાં બીમારી, બુધ, ગુરૂથી સ્વરૂપવાન, શનીથી ઇંદ્રિપર તલ, અથવા સ્વરૂપવાન સ્ત્રીની

પ્રાપ્તિ થાય. રાહુ-કેતુથી સ્વરૂપ ભયંકર હોય. આઠમા ઘરમાં સૂર્ય હોય તો ગુદા રોગ, ડાબા પગમાં સૂર્યના પૂર્વોક્ત ચિન્હ હોય, મંગળથી ઉંચેથી પડવાની ઘાત હોય.

જેના પગમાં વધારે વાળ હોય તેના આઠમા ઘરમાં શની અથવા પાપ ગ્રહ હોય, ગુરૂથી અંગ જાડું. બુધથી સારૂ. શુક્રથી વિષ્ફોટકાદિક ગુમડા થાય. શનીથી ડાબા પગમાં કાંઈક વાગેલું હોય. જેના નવમા ઘરમાં ગુરૂ હોય તે ભજનમાં આનંદ માનનારો અથવા કાંઈક સ્વરૂપવાન હોય. શુક્રથી મંદભાગી. જો શુક્ર સ્વરાશીનો હોય અથવા સૌમ્ય રાશીનો હોય તો વડભાગી; પરંતુ અવાજ તીણો અને મન સાંકડું હોય, રવીથી ક્રોધી, આંખો તીક્ષ્ણ, મંગળથી દુર્બસ અને મૂર્ખ, આંખોમાં લાલ દોરા, ખભા-પર વિષ્ફોટકના ચિન્હ, શનીથી ડાબા કપાળ ઉપર તલનું ચિન્હ હોય.

જેના દસમા ઘરમાં રવી હોય તો ડાબા પડખે વિષ્ફોટક અથવા અગ્નિનું ચિન્હ હોય. જો સુર્ય પાપાક્રાંત હોય તો પીતાનું સુખ ઓછું મધ્યમ શુદ્ધિનો ચંદ્રમાં હોય તો ભાગ્ય સારૂં પણ જો પાપાક્રાંત હોય તો પીતાનું સુખ ખરાબ, મંગળથી રાજ્યમાં માન, ડાબે પડખે નીશાની વધારે હોય. પીઠ ઉપર નીશાની થોડી, મંગળનો દ્રષ્ટિ પેટપર પડે છે. બુધ, ગુરૂ, શુક્રથી ફળ સારૂં પણુ કાંઈક ભાગ્યહીનતા ગુરૂથી થાય છે. શનીથી ડાબે પડખે તલ અને શની સ્વગ્રહો હોય તો ભેંસોના ધંધાથી આજીવીકા ચલાવે.

જેના અગીયારમા ઘરમાં સૂર્ય હોય તો ભુજા પાતળી, ખંધ ભુજાથી ઊંચા, હાથ લાંબા, આંગળીઓ પાતળી, નસો દેખાતી હોય તો મુસ્કેલીથી લાભ મળે. મંગળ હોય તો લાભ સૂર્યની માફક જાણવો. ખભે કાંઈક ચાઠાનું ચિન્હ, બુધથી ભુજા પાતળી અને સ્વરૂપવાન શુક્રથી મોટી. ગુરૂથી સારી. શનીથી તલાદિક ચિન્હ આવી રીતે રાહુ-કેતુનું પણ સમજવું.

જેના બારમા ઘરમાં સૂર્ય હોય તો નેત્રમાં રોગ. સૂર્ય અને રાહુ હોય તો ડાબા નેત્રમાં ફુલ હોય. ડાબા કાનની અને આંખની નીચે વિષ્ફોટકાદિક ચિન્હ હોય. ચન્દ્રથી આંખનો રોગ, અને શરીરે શરદીની પીડા રહે. મંગળથી સ્ત્રીનું મૃત્યુ થાય. સ્ત્રી જીવે તો કર્કશા હોય. આંખની પાસે વિષ્ફોટકાદિક ચિન્હ. મીથુનનો બુધ હોય તો નેત્ર ચંચળ અને સારા. ગુરૂથી પુષ્ટ અને ભલા. શુક્ર હોય તો કાન બ્હેરા. સ્વક્ષેત્રીથી કાન ફાટેલા. શનીથી મંદ દૃષ્ટિ, રાત્રે ડાબી તરફ અંધ. કાન આગળ તલનું ચિન્હ; ડાબી તરફ ચિન્હ ઓછું, વધારે હોય તો રાજનો ભય.

સમાપ્ત.